

# नयामृतम्-२

(नयविषयक लघु कृतिओनो संग्रह)

# नयामृतम्-२

(नयविषयक लघु कृतिओनो संग्रह)

श्रुतभवन संशोधन केन्द्र
पुणे

ग्रंथनाम : **नयामृतम्-२**

विषय : **द्रव्यनुयोग** (नयविषयक लघु कृतिओनो संग्रह)

कर्ता : **विविध विद्वान**

संपादक : **मुनि वैराग्यरति विजय गणी**

प्रकाशक : **शुभाषिलाषा ट्रस्ट** (E-18511, Ahmedabad)


**© श्रुतभवन संशोधन केन्द्र**


आवृत्ति : प्रथमा, वि.सं. २०७२ (ई. २०१६)

पत्र : २२ + १७८

मूल्य : १००/-

**~: प्राप्तिस्थल :~**

पूना : **श्रुतभवन संशोधन केन्द्र,**
४७/४८ अचल फार्म, आगममंदिर से आगे,
सच्चाइ माता मंदिर के आगे, कात्रज, पुणे-४११ ०४६
Mo. 7744005728 (9-00 a.m. to 5-00 p.m.)

अहमदाबाद : **श्रुतभवन (अहमदाबाद शाखा)**
उमंग शाह, अर्हम् फ्लेक्सीपेक, २०१, तीर्थराज कोम्प्लेक्स, एलीसब्रीज,
वी. एस. हॉस्पिटल के सामने, मादलपुर, अहमदाबाद-६
Mo. 9825128486

मुंबई : **श्री गौरवभाई शाह**
सी/१११, जैन एपार्टमेंट, ६० फीट रोड,
देवचंद नगर रोड, भायंदर (वेस्ट)
मुंबई-४०११०१. मो.०९८३३१३९८८३

सुरत : **श्री मितुलभाई धनेशा**
C/o. सिया मेन्युफेक्चरींग, सुखदेव कोम्प्लेक्स, २ री मंझिल,
टोरंट पॉवर हाऊस के पास, वास्तादेवी रोड, कतारगाम, सुरत-३९५००४
मो. ०९३७७०५९६७३

मुद्रण : **धर्मेश पटेल,** अहमदाबाद

# પ્રકાશકીય

વિ.સં.૨૦૫૮(ઈ.સ. ૨૦૦૨)માં પ્રવચન પ્રકાશન દ્વારા 'નયામૃતમ્' પુસ્તક પ્રગટ થયું હતું. તેમાં સાત નયોનો પરિચય આપતી દસ કૃતિઓ પ્રગટ થઈ હતી. હકિકતમાં તે કૃતિઓના અંશ હતા. તે દરેક કૃતિઓ પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં હતી. વિ.સં.૨૦૭૧(ઈ.સ. ૨૦૧૫)માં પૂજ્ય ગુરુદેવ શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવરે પૂજ્ય ઉપાધ્યાય શ્રીમાનવિજયજી મ.કૃત 'સપ્તનયવિવરણ રાસ'નુ સંપાદન કર્યું. તે દરમ્યાન સાત નય વિષેની પ્રાચીન-અર્વાચીન ગુજરાતી ભાષામાં મળતી કૃતિઓ વિષે તપાસ કરી. ઘણી ઉપયોગી સામગ્રી મળી. વિશેષ રૂપે પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા વતી શ્રી હિરેનભાઈ દોશીએ આ વિષયની ઘણી જ માહિતી પૂરી પાડી. તેના આધારે એક વિશિષ્ટ સંકલન તૈયાર થયું.

આ તબક્કે **આ.શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબા**નો ખૂબ ખૂબ આભાર માનું છું. અહીંના મુદ્રિત પુસ્તકોના સૂચિપત્રમાં નિયતકાલીન શોધપત્રોમાં છપાયેલા અભ્યાસ નિબંધોની પણ નોંધ થાય છે. તેથી શોધવામાં અઘરા પડે તેવા વિષયોના લેખો સહેલાઈથી ઉપલબ્ધ થાય છે. સંદર્ભાન્વેષી સંપાદકો માટે આવી ઝીણી ઝીણી માહિતી ખૂબ અગત્યની હોય છે. મહેનત માંગી લે તેવું આ કામ કરીને, સંસ્થા સંપાદન કાર્યને સમૃદ્ધ બનાવવામાં જે સહાય કરે છે તે અનન્ય છે.

આ સંકલનમાં સંસ્કૃત ભાષામાં, પ્રાચીન ગુજરાતી ભાષામાં અને અર્વાચીન ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થતા નય વિષયની પદ્યરચનાઓ અને ગદ્ય નિબંધોનો સંચય છે. તેનાથી નયનો અભ્યાસ કરવા ચાહતા જિજ્ઞાસુઓને ઘણી સ્પષ્ટતાઓ મળશે.

શ્રુતભવનમાં કાર્યરત સંપાદકગણ તેમજ શ્રુતભવન સંશોધન કેંદ્રની તમામ પ્રવૃત્તિનાં મુખ્ય આધારસ્તંભ **માંગરોળ (ગુજરાત) નિવાસી માતુશ્રી ચંદ્રકલાબેન સુંદરલાલ શેઠ પરિવાર** પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરૂ છું

**ભરત શાહ**

૨૩-૮-૧૫ (માનદ અધ્યક્ષ)

# શ્રુતપ્રેમી

**તપોવન સંસ્કાર પીઠ,**
**અમદાવાદ**

**તપોવન સંસ્કાર ધામ,**
**નવસારી**

# अनुक्रमः


**खंड-१ संस्कृत** १

**(१.१)** **नयकर्णिका सटीका सह बालावबोध।** मूल-उपाध्यायश्रीविनयविजयगणि, टीका-मुनिश्रीगंभीरविजयजी ३

**(१.२)** **सप्तनयविवरणम्।** मुनिश्रीमतिचन्द्रजी १२

**(१.३)** **सप्तनयसमाधातविवर्णतम् सह बालावबोध।** शीलाङ्काचार्य। १७

**खंड-२ गुजराती पद्य कृति** २५

**(२.१)** **सप्तनयविवरण रास सह बालावबोध।** उपाध्यायश्रीमानविजयगणि २७

- **प्रस्तावना** ढाल-१ (कंडिका १-११)
- **द्रव्यार्थिक-पर्यायार्थिकस्वरूपम्** ढाल-२(कंडिका१२-२५)
- **मूलनयजातिभेदकथनम्** ढाल-३(कंडिका२६-३६)
- **सप्तनयदृष्टान्तकथनम्** ढाल-४(कंडिका३७-४७)
- **नैगमनयलक्षणस्वरूपकथनम्** ढाल-५ (कंडिका४८-६३)
- **नामादिचतुर्निक्षेपस्वरूपकथनम्** ढाल-६(कंडिका६४-७७)
- **सङ्ग्रहनयस्वरूपकथनम्** ढाल-७(कंडिका७८-८६)
- **व्यवहारनयस्वरूपकथनम्** ढाल-८(कंडिका८७-९६)
- **ऋजुसूत्रनयस्वरूपकथनम्** ढाल-९(कंडिका९७-१०४)
- **शब्दनयस्वरूपकथनम्** ढाल-१०(कंडिका१०५-११८)
- **सप्तभङ्गीस्वरूपकथनम्** (११०-११८)
- **समभिरूढनयस्वरूपकथनम्** ढाल-११(कंडिका११९-१२९)
- **एवम्भूतनयस्वरूपकथनम्** ढाल-१२(कंडिका१३०-१५७)
- **नयानां परस्परविरोधः** ढाल-१३(कंडिका१५८-१६८)
- **नयानां परस्परविरोधपरिहारः** ढाल-१४(कंडिका१६९-१८१)
- **रासप्रशस्तिः** ढाल-१५(कंडिका१८२-१८९)

**(२.२)** **नयवचनगर्भित वीरजिन स्तवन सह बालावबोध।** पण्डितश्रीन्यायसागरगणि। ६३

**(२.३)** **नयविचारस्वाध्याय।** उपाध्यायश्रीयशोविजयगणि ८०

**(२.४)** **नयनी अपेक्षाए सामायिक।** उपाध्यायश्रीयशोविजयगणि ८१

**(२.५)** **सप्तनयदृष्टांतिक सीमंधरजिन स्तवन।** हीराचंद शेषकरण भंसाली ८२

**खंड-३ गुजराती गद्य कृति** ८५

(३.१) **नयस्वरूप।** मुनिश्रीमतिचन्द्रजी ८७

(३.२) **सप्तनयविचार-१।** आचार्यश्रीपार्श्वचन्द्रसूरि १००

(३.३) **सप्तनयविचार-२।** अज्ञात १०४

(३.४) **सप्तनयविचारपत्र।** अज्ञात १०८

(३.५) **सप्तनयअधिकार।** अज्ञात ११०

(३.६) **सप्तनयविचार-३।** अज्ञात १२०

(३.७) **सप्तभंगीस्वरूप।** अज्ञात १२१

**खंड-४ अर्वाचीन गुजराती कृति (निबंध)** १२३

(४.१) **गुजराती पद्यात्मक दार्शनिक कृतिओ।** प्रो. हीरालाल रसिकदास कापडिया १२५

(४.२) **सप्तनयनुं संक्षिप्त स्वरूप।** मुनिश्रीकर्पूरविजयजी १३०

(४.३) **सप्तनयादि अधिकार।** मुनिश्रीपुण्यविजयजी १३६

(४.४) **सप्तनयविचार।** मुनिश्रीसंयमसागरजी 'लघुश्रमण' १६१

**परिशिष्ट**

(१) **सूचि** १६३

(२) **विशेषनामसूचि** १६६

(३) **सप्तनयरासगतपारिभाषिकशब्दसूचि** १६९

(४) **संदर्भग्रन्थसूचि** १७३

## संपादकमंडल

**मुनिश्री वैराग्यरतिविजयगणि** (अभिवीक्षक),

**अमित उपाध्ये** (संपादन सहायक) **भूपत वंश** (प्रकल्प प्रमुख) **तुषार सुर्वे** (सहायक)

**अतुल मस्के** (सहायक) **विनय गायकवाड** (सहायक) **दिनेश उदागे** (अनुवाद सहायक)

**कृष्णा माळी** (सहायक) **गणेश खेडकर** (सहायक) **भालचंद्र रोडे** (सहायक)

**भरत शिंदे** (सहायक)

**सिद्धनाथ गायकवाड** (प्रबंधन सहायक) **वर्धमानजिनरत्नकोश विभाग** (सहायक)

# સંપાદકીય

નયામૃતમ્-૨માં નય વિષયની પ્રાથમિક માહિતી આપતી કૃતિઓનું સંકલન છે. આ પૂર્વે 'નયામૃતમ્'માં નય વિષેની કૃતિઓનું સંકલન કર્યું હતું. તેમાં સંસ્કૃત પ્રાકૃત કૃતિઓ હતી. નયામૃતમ-૨માં ગુજરાતી કૃતિઓનું પણ સંકલન છે. પ્રગટ અને અપ્રગટ બંને પ્રકારની કૃતિઓનું અહીં સંકલન છે. ઘણી ખરી પ્રગટ કૃતિઓ અપ્રચલિત છે એટલે તેમ જ વિષયને સર્વાંગીણ રૂપે સમજવામાં ઉપયોગી બને તેવી છે તેથી પુનઃ પ્રગટ કરી છે. સ્વરૂપ પરત્વે કૃતિઓને ચાર ખંડમાં વિભાજિત કરી છે. પહેલા ખંડમાં સંસ્કૃત કૃતિઓ છે. બીજા ખંડમાં પદ્યાત્મક ગુજરાતી કૃતિઓ છે. ત્રીજા ખંડમાં પ્રાચીન ગુજરાતીમાં રચાયેલી ગદ્ય કૃતિઓ છે. ચોથા ખંડમાં અર્વાચીન ગુજરાતી કૃતિઓમાં લખાયેલા નિબંધો છે. અર્વાચીન ગુજરાતી નિબંધાત્મક કૃતિઓને અહીં સ્થાન આપવાનાં બે કારણ છે. એક, આ નિબંધ નયના વિષયને સમજવામાં સહાયક થાય તેવા સબળ છે. બીજું, ત્રીજા ખંડમાં જે પ્રાચીન ગુજરાતી કૃતિઓનું સંકલન છે તેનો આધાર લઇને આ નિબંધો લખાયા છે. આથી પ્રાચીન ગુજરાતી પણ જલ્દી સમજમાં ન આવે તેવા વાચકો માટે તેમનો અભ્યાસ સરળ થઇ શકશે. અહીં દરેક કૃતિનો ક્રમશઃ પરિચય પ્રસ્તુત છે.

## ખંડ : ૧ - સંસ્કૃત કૃતિ

(૧.૧) **નયકર્ણિકા સહ ટીકા**

પૂજ્ય ઉપાધ્યાયશ્રી વિનય વિજયજી મ. રચિત નયકર્ણિકા ઉપર પૂ.મુનિરાજશ્રી ગંભીર વિજયજી મ.એ ટીકા રચી છે. પૂજ્યશ્રી વિદ્વાન હતા તેમણે અનેક ગ્રંથોના સંપાદન કર્યા છે. આ ટીકા યશોવિજય જૈન પાઠશાળા તરફથી વિ.સં.૧૯૬૩માં પ્રકાશિત થઈ છે.

**હસ્તપ્રત માહિતી-**

**૧) નયકર્ણિકા સટીક** (ટીકાકર્તા-પૂ.ગંભીરવિ.મ.). શ્રીમોહનલાલજી મ. જૈન લાયબ્રેરી, મુંબઇ.ક્રમાંક-૮૭૬. તેના ૬ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૨ પંક્તિ છે. શ્રીહર્ષમુનિજીએ પ્રત નવી લખાવી લાગે છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત સુ.નીતિતભાઇ સોનાવાલા દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૨) નયકર્ણિકા ટબાર્થ :** શ્રીલબ્ધિ ભુવન જૈન સાહિત્ય સદન, છાણી ક્રમાંક-૮. તેના ૬ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૪ પંક્તિ છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત મુનિશ્રી પદ્મકીર્તિવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે. ટબાર્થ કૃતિ નવી લાગે છે.તેમાં દરેક શ્લોકનો શબ્દાર્થ અને ભાવાર્થ છે. કર્તા અજ્ઞાત છે.

(૧.૨) **સપ્તનયવિવરણમ્**

**સપ્તનયવિવરણમ્**ના કર્તા શ્રી મતિચંદ્રજી છે. પૂજ્ય મતિચંદ્રજી નામે ત્રણ વિદ્વાન થયા છે. તેમાનાં કયા વિદ્વાને આ કૃતિ રચી તે નિશ્ચિત કહી શકાતું નથી.[૧] આ કૃતિ પૂ.આ.શ્રીશીલચંદ્રસૂરિજી મ.નાં સંપાદનપૂર્વક અનુસંધાન-૨૧માં પ્રગટ થઇ છે. પ્રતની પુષ્પિકાના આધારે સપ્તનયવિવરણં ચૂર્ણમ્ એ નામ દર્શાવ્યું છે અને કૃતિને અજ્ઞાતકર્તૃક જણાવી છે. તેમણે સ્વયં ગુર્જર ભાષામાં બાલબોધાત્મક કૃતિ પણ રચી છે. અહીં તે ત્રીજા ખંડમાં મુદ્રિત થઇ છે. (૩.૧) વિષય સમાન છે.

**હસ્તપ્રત માહિતી-**

**૧) સપ્તનયવિવરણ :** પ્રવર્તકશ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ, છાણી. ક્રમાંક-૯૦. તેના ૫ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૫ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૭ અક્ષર છે.સંવત ૧૯૫૪ આસો સુદ ૨ ના દિવસે પ્રત લખાઇ છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત મુનિશ્રી પદ્મકીર્તિવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૨) સપ્તનયવિવરણ તથા ષડ્દર્શનસમુચ્ચય :** પ્રવર્તકશ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ, છાણી. ક્રમાંક-૧૦૨૧. તેના ૧૦ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૬ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૩૭ અક્ષર છે. સંવત ૧૯૫૪ આસો સુદ ૨ ના દિવસે પ્રત લખાઇ છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રતમાં પત્ર ૧થી ૫અ સુધી **સપ્તનયવિવરણ** છે. પછી **ષડ્દર્શનસમુચ્ચય** નામની પેટાકૃતિ છે. આ પ્રત મુનિશ્રી પદ્મકીર્તિવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

(૧.૩) **સપ્તનયસમાધાનવિવર્ણનમ્**

આ એક અંશકૃતિ છે. એટલે કે કર્તાની સ્વતંત્ર રચના નથી પણ અન્ય કૃતિનો એક ભાગ છે. સૂત્રકૃતાંગસૂત્ર પર પૂ.આ. શ્રીશીલાંકસૂરિજી મ.એ ટીકા રચી છે. તેના નાલંદા નામના અધ્યયનને અંતે તેમણે સાત નયોનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેટલા ભાગને અલગ તારવી કોઇક અજ્ઞાત મુનિવરે તેનો અક્ષરાનુવાદ કરી **સપ્તનયસમાધાનવિવર્ણનમ્** નામથી અલગ કૃતિ રચી છે. આ કૃતિમાં સાતે નયોના વિષયનું સંક્ષેપમાં વર્ણન છે. અનુવાદમાં सव्वेसिं पि णयाणं बहुविहवत्तव्वयं णिसामेत्ता। આ ગાથાના वत्तव्वयं પદનો અર્થ વક્તવ્યતાને બદલે વર્તવ્યતા કર્યો છે, જે પ્રચલિત નથી.

**હસ્તપ્રત માહિતી- સપ્તનયવિવરણ :** શ્રીલબ્ધિ ભુવન જૈન સાહિત્ય સદન, છાણી ક્રમાંક-૨૫. તેના ૧૩ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૪ પંક્તિ છે. વીજાપુરવાસી પં.અમૃતવિ. દ્વારા વેજલપુરમાં આ પ્રત લખાઇ છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત મુનિશ્રી પદ્મકીર્તિવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

## ખંડ : ૨ - પદ્યાત્મક ગુજરાતી કૃતિ

વિક્રમની ૧૬-૧૭મી શતાબ્દીમાં સંસ્કૃત-પ્રાકૃત શાસ્ત્રોને અથવા તેના એક ભાગને ગુજરાતી પદ્યમાં ઢાળવાનો પ્રયાસ થયો. વિપુલ સાહિત્યને કારણે જૈન પરંપરામાં વિપુલ પ્રમાણમાં સર્જન થયું. ખાસ કરીને

૧. જૂઓ ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧ પૃ.૨૯૨

ઉપદેશ અને કથાસાહિત્ય બહુ મોટા પ્રમાણમાં ગુજરાતી પદ્યમાં અવતર્યું. સાથે જ નય જેવા ગંભીર વિષયનું સાહિત્ય પણ સરળ ગુજરાતી પદ્યમાં ઉતર્યું. એ ગૌરવ લેવા જેવી ઘટના છે.

(૨.૧) **સપ્તનય વિવરણ રાસ સહ બાલાવબોધ**

આ દ્રવ્યાનુયોગ વિષયક કૃતિ છે. આ કૃતિના કર્તા પૂ. ઉપા. શ્રી માન વિ.મ. છે. તેઓ ધર્મસંગ્રહના રચયિતા છે. તેમની નાની મોટી ૨૪ કૃતિઓ ઉપલબ્ધછે.

૧) 'ભવભાવના બાલાવબોધ' આ. શ્રી હેમચંદ્રસૂરિકૃત 'ભવભાવના' પર (ગ્રંથાગ્ર-૩૬૦૦) (ર. ઇ. ૧૬૬૯),

૨) 'સુમતિકુમતિ (જિનપ્રતિમા) સ્તવન' (કડી- ૧૭) (ર.ઇ. ૧૬૭૨),

૩) 'ગુરુતત્ત્વપ્રકાશ રાસ'(કડી- ૨૧) (ર.ઇ. ૧૬૭૫, મુદ્રિત),

૪) 'તત્ત્વવિચારબોધક સપ્તનયવિચારગર્ભિત સ્તવન/સપ્તનયવિવરણરાસ' (૧૫ ઢાળ અને ૧૮૯ કડી) (ર.ઇ. ૧૬૭૫ આસપાસ, મુદ્રિત),

૫) 'નવતત્ત્વપ્રકરણ બાલાવબોધ'(ગ્રંથાગ્ર- ૧૩૫૦) (ર.ઇ. ૧૬૬૯),

૬) 'ઉત્તરાધ્યયનસૂત્ર બાલાવબોધ' (ર.ઇ. ૧૬૮૩/સં.૧૭૪૧, પોષ સુદ ૧૩),

૭) 'આઠ મદની સજ્ઝાય' (કડી-૧૦) (મુદ્રિત),

૮) 'આદિનાથ સ્તવન'(૪ ઢાળ),

૯) 'આંબિલતપ શ્રીસિદ્ધચક્ર સ્તવન' (કડી- ૨૫, ઢાળ ૪) (મુદ્રિત),

૧૦) 'ગુણસ્થાનગર્ભિત શાંતિનાથવિજ્ઞપ્તિરૂપ સ્તવન' (કડી-૮૫),

૧૧) 'ચોવીશ જિનનમસ્કાર',

૧૨) 'ચોવીશી' (મુદ્રિત),

૧૩) 'નમસ્કારછંદ' (કડી- ૩૦), (મુદ્રિત),

૧૪) 'નમસ્કાર સજ્ઝાય' (કડી- ૫૬),

૧૫) 'પચ્ચક્ખાણ સજ્ઝાય',

૧૬) 'પાર્શ્વનાથસ્થવિર સજ્ઝાય' (કડી- ૯),

૧૭) 'માર્ગાનુસારી ગુણ સજ્ઝાય' (કડી- ૧૭) (મુદ્રિત),

૧૮) 'મોહરાજકથાગર્ભિત જિનવિનતિરૂપ મહાવીરજિન સ્તવન'(કડી-૫૩, ઢાળ-૬) (મુદ્રિત),

૧૯) 'શ્રાવકના એકવીશગુણની સજ્ઝાય' (કડી- ૧૧) (મુદ્રિત)

૨૦) 'શ્રાવકના બારવ્રતની સજ્ઝાય' (કડી- ૫૬) (મુદ્રિત),

૨૧) 'શ્રી સજ્ઝાય' (કડી- ૧૭),

૨૨) 'સાધુગુણ સજ્ઝાય' (કડી- ૭)

૨૩) 'ભગવતીસૂત્રની સજ્ઝાયો/સજ્ઝાયસંગ્રહની પોથી' (મુદ્રિત-૩૩, આમાંની કેટલીક સજ્ઝાયો સ્વતંત્રરૂપે પણ મુદ્રિત છે),

૨૪) 'ધર્મસંગ્રહ'. (સંસ્કૃત, મુદ્રિત)[૧]

સપ્તનયવિવરણ રાસની રચના મુખ્યત્વે વિશેષાવશ્યકભાષ્યના આધારે થઈ છે. આ કૃતિમાં કર્તાએ સાતે નયનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત કર્યું છે. દરેક નયનું લક્ષણ, તેની માન્યતા, પોતાના સમર્થન માટે દરેક નય-એ રજૂ કરેલા દષ્ટાંત, પૂર્વ પૂર્વ નય કરતા ઉત્તર ઉત્તર નય કેવી રીતે સૂક્ષ્મ છે? તેની સ્પષ્ટતા, દરેક નય કેટલા નિક્ષેપ સ્વીકારે છે? તે, તથા પ્રસંગથી સપ્તભંગીનું સ્વરૂપ, આટલા વિષયો આવર્યા છે. પ્રસ્તુત કૃતિ પર બાલાવબોધની પણ રચના થઇ છે. મૂળ કૃતિના શબ્દાર્થ અને ભાવાર્થ સ્પષ્ટ કરવા બાળકોને સમજાય તેવી ગુજરાતી ભાષામાં જે વિવરણ થાય તેને બાલાવબોધ કહેવાય છે. બાલાવબોધમાં મૂળ ગાથામાં અર્થ સ્પષ્ટ કર્યા છે. જ્યાં જરૂર જણાઇ ત્યાં પદાર્થની સ્પષ્ટતા કરી છે. અનેક સ્થળે મૂળમાં પ્રયોજાયલા સંદર્ભોમાં મૂળ ઉદ્ધરણ સ્થળ મૂક્યા છે. આ જોતાં બાલાવબોધ પણ મૂળ રાસકાર શ્રી માન વિ.મ.ની રચના છે. તેવું અનુમાન થઇ શકે છે.

પ્રસ્તુત કૃતિ આ પૂર્વે બે વાર પ્રકાશિત થઇ છે.

(૧) જૂની પ્રતમાં બાલાવબોધ સાથે પ્રગટ થઇ છે. તેમાં સંપાદક કે પ્રકાશકનો કોઇ ઉલ્લેખ નથી આ પ્રતમાં બાલાવબોધ પણ છે. બાલાવબોધને તત્કાલીન ગુજરાતી ભાષામાં રજૂ કરવા સંપાદકે બાલાવબોધની ભાષા તેમજ વાક્યરચનામાં ફેરફાર કર્યા છે.

(૨) વકીલ મોહનલાલ દલીચંદ દેસાઈએ જૈન શ્વેતાંબર કોન્ફરંસ હેરાલ્ડમાં મે ૧૯૧૭ના અંકમાં આ કૃતિ પ્રગટ કરી છે. આમાં કેવળ મૂળ રાસ છે, બાલાવબોધ નથી.

**હસ્તપ્રત માહિતી-**

**૧) સપ્તનયવિવરણ રાસ મૂલ :** આ પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક-૨૭૧૭. આ પ્રતમાં કેવળ મૂળ રાસ છે, બાલાવબોધ નથી. પ્રત શુદ્ધ છે અને સંશોધિત છે. તેના ૧૬ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૨ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૧ અક્ષર છે. મૂળ કૃતિની પાઠ શુદ્ધિ માટે આ પ્રત બહુ ઉપયોગી બની છે.

**૨) સપ્તનયવિવરણ રાસ સહ બાલાવબોધ :** આ પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર

---

૧. જૂઓ-ગુજરાતી સાહિત્યકોશ,ખંડ:૧,મધ્યકાળ. પત્ર-૩૦૮. સં.જયંત કોઠારી આદિ. પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ઈ.૧૯૮૯

મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક- ૧૦૭૭૮. આ પ્રત બાલાવબોધ સાથેની છે. તેના ૨૪ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૬ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૩૯ અક્ષર છે. શુદ્ધપ્રાયઃ છે.

**૩) સપ્તનયવિવરણ રાસ સહ બાલાવબોધ :** આ પ્રત જૈન સંઘ હસ્તપ્રતસંગ્રહ, માંડલમાં છે. ક્રમાંક- પોથી-૩૩, પ્રત-૪૩૮. પ્રત શુદ્ધ છે. તેના ૨૯ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૬ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૪ અક્ષર છે. આ પ્રત પૂજ્ય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.(પાર્શ્વચંદ્ર ગચ્છ)ની પ્રેરણા દ્વારા પ્રાપ્ત થઇ છે.

નય જેવા ગંભીર વિષયને સરળ ભાષામાં રજૂ કરતી આ કૃતિનો વર્તમાન ગુજરાતી ભાષામાં અનુવાદ થાય તો વર્તમાન જિજ્ઞાસુઓને ઘણો લાભ થશે. સમયાભાવે એ કામ અહીં થઇ શક્યું નથી.

પરિશિષ્ટમાં ઉદ્ધરણ સૂચિ તેમ જ શબ્દસૂચિ પ્રસ્તુત કરી છે. તેથી પ્રસ્તુત કૃતિના અભ્યાસમાં સહાય થશે.

### (૨.૨) સપ્તનયવિચાર ગર્ભિત વીર જિનસ્તવન સહ બાલાવબોધ

આ કૃતિ પૂજ્ય તપગચ્છના પંડિત ઉત્તમસાગરના શિષ્ય શ્રી ન્યાયસાગરજી મ.એ રચી છે. બાલાવબોધની રચનાશૈલી જોતા તે સ્વોપજ્ઞ જણાય છે. તેના કર્તા વિષે ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧માં ન્યાયસાગર નામના પાંચ કૃતિકારોનો ઉલ્લેખ મળે છે. તેમાં આ કૃતિના કર્તા ન્યાયસાગરજી બીજા છે.

ન્યાયસાગર—૨ [ જ. ઇ. ૧૬૭૨/ સં. ૧૭૨૮, શ્રાવણ સુદ ૮- અવ. ઇ. ૧૭૪૧/સં. ૧૭૯૭ ભાદરવા વદ ૮] તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર ઉપાધ્યાયની પરંપરામાં ઉત્તમસાગરના શિષ્ય. મૂલ નામ નેમિદાસ. ભિન્નમાલમાં ઓસવાલ જ્ઞાતિમાં જન્મ, પિતાનું નામ મોટો સાહ. માતાનું નામ રૂપા. તેમણે કેસરિયાજીમાં દિગંબર સંપ્રદાયના નરેન્દ્રકીર્તિ સાથે વાદવિવાદ કરી તેમનો પરાભવ કરેલો. ઢૂંઢકોનો પણ તેમણે પરાભવ કરેલો. તેમનું અવસાન અમદાવાદમાં થયેલું.

(૧) ‘સમ્યકત્વ વિચારગર્ભિત મહાવીર-સ્તવન’ (૬ ઢાલ,ર.ઇ.૧૭૧૦/ સં. ૧૭૬૬, ભાદરવા સુદ ૫, મુ.),

(૨) ‘સમ્યકત્વ વિચારગર્ભિત મહાવીર-સ્તવનનો બાલાવબોધ (ર.ઇ.૧૭૧૮),

(૩) ‘સપ્તશતિજિન-સ્તવન’ (૫૬ કડી,ર.ઇ.૧૭૨૪),

(૪) ‘પિંડદોષવિચાર-સજ્ઝાય’ (ર.ઇ. ૧૭૨૫),

(૫) ‘મહાવીર રાગમાલા-પ્રશસ્તિ’ (ર.ઇ.૧૭૨૮/ સં.૧૭૮૪, આસો વદ ૧૩),

(૬) ‘બારવ્રત-રાસ’ (ર.ઇ.૧૭૨૮/૧૭૩૩/ સં.૧૭૮૪/૧૭૮૯, આસો વદ ૩૦),

(૭) ‘આશાતના-સઝાય’(૬ કડી),

(૮) ‘આદિજિન-વિનતિ’ (૨૭ કડી, મુ.)

(૯) ‘ચૈત્યદ્રવ્યભક્ષણ/રક્ષણ ફલદષ્ટાંત-સજ્ઝાય’,

(૧૦) બે ચોવીસી (મુ.),

(૧૧) નેમરાજુલગુણ વર્ણન'(૧૧ કડી),

(૧૨) 'નિગોદવિચારગર્ભિત મહાવીર-સ્તવન' ટબા સાથે,

(૧૩) 'પાર્શ્વનાથ દશગણધર-સજ્ઝાય'(૮ કડી),

(૧૪) 'પાર્શ્વનાથના એકાદશ ગણધરની સજ્ઝાય'(૬ કડી),

(૧૫) 'મહાવીર-ગણધરસજ્ઝાય' (૭ કડી),

(૧૬) 'વીશી' (મુ.),

(૧૭) 'વિંશતિ સ્થાનક વિધિગર્ભિત-સજ્ઝાય', (૨૪ કડી, ર.ઇ. ૧૭૨૪),

(૧૮) 'વીરભક્તિ' નામક બે રચનાઓ (૪ અને ૫ કડી,મુ.) તથા

(૧૯) 'સૂર્યમંડન પાર્શ્વનાથ-સ્તવન' (મુ.)

આ કવિની રચનાઓ છે. આ ઉપરાંત તેમણે હિન્દી અને સંસ્કૃત ભાષામાં પણ સ્તવન, સજ્ઝાયની રચના કરી છે.

અહીં કૃતિસૂચીમાં સપ્તનયવિચાર ગર્ભિત વીર જિનસ્તવનનો ઉલ્લેખ નથી તેથી આ કૃતિ અપ્રગટ છે તેમ માનવાને કારણ છે. આ કૃતિમાં નયોનો સામાન્ય પરિચય પ્રસ્તુત છે. સાતનયના અર્થો પ્રસ્થક, વસતિ અને પ્રદેશ દૃષ્ટાંત દ્વારા અહીં સમજાવ્યા છે. અંતે સાતેય નયનો સામાન્યાર્થ જણાવતા આઠ સંસ્કૃત શ્લોક નવા રચીને પ્રસ્તુત કર્યા છે. તે આ કૃતિની વિશેષતા છે.

**હસ્તપ્રત માહિતી-સપ્તનય સહ બાલાવબોધ :** આ પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક- ૧૫૭૮૧. આ પ્રત બાલાવબોધ સાથેની છે. તેના ૧૨ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૭ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૭ અક્ષર છે. શુદ્ધપ્રાયઃ છે.

(૨.૩) **નયવિચાર સજ્ઝાય**

આ કૃતિ પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ.એ રચી છે. તેની તેર કડી છે (તેની પ્રત ૧૭૮૮માં મા.સુ ૨ના દિવસે કર્તાના શિષ્યે લખી છે.[૧]) આ કૃતિમાં નયોનો સામાન્ય પરિચય પ્રસ્તુત છે. ગુર્જર સાહિત્ય સંગ્રહમાં મુદ્રિત થઈ છે.[૨]

**હસ્તપ્રત માહિતી-સપ્તનયસજ્ઝાય** (કર્તા- પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ.) આ પ્રત શ્રી જૈનશાલા સંસ્થાપિત શ્રીનીતિવિજય શાસ્ત્રસંગ્રહ, ખંભાતમાં છે. ક્રમાંક-૪૭૮/૩૯૮૫ છે. તેનું ૧ પત્ર છે. પત્રમાં ૧૦ પંક્તિ છે. આ પ્રત સુ. બાબુભાઇ કોલસાવાલા દ્વારા પ્રાપ્ત થઇ છે.

---

૧. જૂઓ ગુર્જર સાહિત્ય સંગ્રહ આવૃત્તિ-૩ સં.પ્રદ્યુમ્ન સૂ.મ.વિ.સં-૨૦૬૧ પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા પૃ.૪૮૯

૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ આવૃત્તિ-૩ સં.પ્રદ્યુમ્ન સૂ.મ.વિ.સં-૨૦૬૧ પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા પૃ.૪૮૯

(૨.૪) **નયની અપેક્ષાએ સામાયિક (સામાયિક નય) સ્વાધ્યાય**

આ કૃતિ પણ પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ.એ રચી છે. તેની આઠ કડી છે. સાત નયની અપેક્ષાએ સામાયિક કોને કહેવાય? તેનું વિવરણ અહીં કર્યું છે. ગુર્જર સાહિત્ય સંગ્રહમાં મુદ્રિત થઈ છે.[૧]

(૨.૫) **સપ્તનય દૃષ્ટાંતિક સીમંધર જિનસ્તવન**

આ એક પદ્યાત્મક કૃતિ છે. તેની તેર કડી છે. તેના કર્તા હીરાચંદ શેષકરણ ભણસાલી છે. અહીં નયની વ્યાખ્યા તેમ જ દૃષ્ટાંત પ્રસ્તુત થયા છે. દાર્શનિક પૃષ્ઠભૂમિ પર નયનું વિવરણ કરવાનો કર્તાએ પ્રયાસ નથી કર્યો. પણ ધાર્મિક-આધ્યાત્મિક ભૂમિકાએ નય રજૂ કર્યા છે. જેથી ધર્મ કોને કહેવાય? ક્યા ધર્મને કયો નય માને? કયો નય પરિણામ રૂપ ધર્મ માને વગેરે બાબતો સ્પષ્ટ થઈ છે.

આ સ્તવન શ્રીચતુર્વિંશતિ જિન સ્તવનાવલી વિ. સં. ૧૯૬૩માં પેજ નં. ૮૮-૯૫ નંબરના પેજ ઉપર પ્રકાશિત થયું છે. આ કૃતિ આ. શ્રી કૈલાસસાગરસૂ. જ્ઞાનમંદિર, કોબાથી પ્રાપ્ત થઇ છે.

## ખંડ ૩ ગદ્યાત્મક ગુજરાતી કૃતિ

(૩.૧) **સપ્તનયસ્વરૂપ**

આ કૃતિ સપ્તનયવિચાર, સપ્તનયસ્વરૂપ વિચાર, સપ્તનય બાલાવબોધ જેવા અનેક નામે મળે છે. તેના કર્તા શ્રી મતિચંદ્રજી છે. પૂજ્ય મતિચંદ્રજી નામે ત્રણ વિદ્વાન થયા છે. તેમાનાં કયા વિદ્વાને આ કૃતિ રચી તે નિશ્ચિત કહી શકાતું નથી.[૨]

આ એક નિબંધાત્મક કૃતિ છે. તેમાં ઉદાહરણ સાથે નય સમજાવ્યા છે. પ્રસ્થક, વસતિ અને પ્રદેશ દૃષ્ટાંતની ઘટના કરી છે. અંતિમ શ્લોકમાં પોતાનું અભિધેય સપષ્ટ કર્યું છે કે સપ્તનયના અર્થો સદૃષ્ટાંત અહીં સમજાવ્યા છે.

**હસ્તપ્રત માહિતી-**

**૧) સપ્તનયસ્વરૂપ (કર્તા-પૂ.મતિચંદ્ર) :** શ્રીમોહનલાલજી મ. જૈન લાયબ્રેરી, મુંબઇ. ક્રમાંક-૮૭૬. તેના ૧૪ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૩ પંક્તિ છે. પ્રત નવી લખેલી લાગે છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત સુ. પ્રદીપભાઇ સોનાવાલા દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૨)** આ જ કૃતિની બીજી પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક-૦૬૪૪૯. સૂચિપત્રમાં સપ્તનયક્રમના નામે છે. ખરી રીતે સપ્તનયચક્ર નામ હોવાની સંભાવના વધુ છે. મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇની પ્રત કરતા આ પ્રતમાં પાઠ અલગ અને વધુ છે. કૃતિના

---

૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ આવૃત્તિ-૩ સં.પ્રદ્યુમ્ન સૂ.મ.વિ.સં-૨૦૬૧ પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા પૃ.૪૯૧

૨. જૂઓ ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧ પૃ.૨૯૨

પ્રારંભવાક્ય અનુસાર અહીં સપ્તનયસ્વરૂપ નામ નિર્ધારિત કર્યું છે. તેનાં ૧૨ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૫ પંક્તિ છે. પ્રત વિ.સં.૧૭૮૩માં પં.રત્નવિજયજી દ્વારા ભૂજમાં લખાઇ છે.

**૩)** આ જ કૃતિની ત્રીજી પ્રત જૈનાનંદ પુસ્તકાલય, સુરતમાં છે. ક્રમાંક-૪૩૫૧ છે. તેના ૫ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૫ પંક્તિ છે. પ્રત વિ.સં.૧૭૫૬માં આ. શ્રી સુખમલજી ઋષિના શિષ્ય ઉદ્ધવજી ઋષિના શિષ્ય રામચંદ્રજી ઋષિ દ્વારા લખાઇ છે. આ પ્રત પૂ.આ.શ્રીમુનિચંદ્રસૂરિજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૪) નયસ્વરૂપ :** પ્રવર્તકશ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ જૈન પુસ્તકાલય, છાણીમાં છે. ક્રમાંક-૯૯૮ છે. તેના ૯ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૭ પંક્તિ છે. પ્રતને અંતે भाषाबद्धनयचक्रं समाप्तम् એવો ઉલ્લેખ છે. આ પ્રત મુનિશ્રી પદ્મકીર્તિવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

(૩.૨) **સપ્તનયવિચાર** (૧)

આ કૃતિમાં અનુયોગદ્વારસૂત્રની વ્યાખ્યા રૂપે ગુજરાતી ભાષામાં નયનો વિચાર પ્રસ્તુત છે. તેના કર્તા આ.શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી વિષે ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧માં આ પ્રમાણે જણાવ્યું છે.

પાર્શ્વચંદ્ર-૨[જ.ઈ.૧૪૮૧/સં.૧૫૩૭, ચૈત્ર સુદ ૯, શુક્રવાર-અવ.ઈ.૧૫૫૫/સં.૧૬૧૨, માગસર સુદ ૩, રવિવાર] બૃહત્ નાગોરીગચ્છના જૈન સાધુ. પાયચંદ/પાર્શ્વચંદ્રગચ્છના સ્થાપક. આ.શ્રી પદ્મપ્રભસૂરિની પરંપરામાં બા.શ્રી સાધુરત્નસના શિષ્ય. જન્મ આબુની તળેટીમાં આવેલા હમીરપુરમાં. જ્ઞાતિએ વિસા પોરવાડ. પિતા વેલગ/ વેલ્હગ/વેલા નરોત્તમ શાહ. માતા વિમલાદેવી. બાળપણનું નામ પાસચંદકુમાર.ઈ.૧૪૯૦/સં.૧૫૪૬, વૈશાખ સુદ ૩ના રોજ સાધુરત્ન દ્વારા દીક્ષા પ્રાપ્ત કરી. દીક્ષા પછી પાર્શ્વચંદ્ર નામ. ષડાવશ્યક પ્રકરણાદિ, વ્યાકરણ, કાવ્ય, કોશ, નાટક, ચંપૂ, સંગીત, છેદ, અલંકાર, ન્યાય, યોગ, જ્યોતિષ, શ્રુતિ, સ્મૃતિ, ષડ્દર્શનો તથા જૈન ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને તપસ્વી. તેમને ઉપાધ્યાયપદ ઈ.૧૪૯૮/સં.૧૫૫૪, વૈશાખ સુદ ૩ના રોજ નાગોરમાં અને આચાર્યપદ ઈ.૧૫૦૯/સં.૧૫૬૫, વૈશાખ સુદ ૩ના રોજ સલક્ષણ(શંખલ)પુરમાં શ્રીમન્નાગપુરીય તપાગચ્છાધિરાજ સોમવિમલસૂરિ દ્વારા આપવામાં આવેલું. ઈ.૧૫૧૩માં તેઓ યુગપ્રધાનપદ પામ્યા હતા. તેમણે વ્યાપક રીતે વિહાર કરી જૈન ધર્મનો બહોળો પ્રચાર કર્યો હતો. તેમનો શિષ્યસમુદાય વિશાળ હતો. તેમનું અવસાન જોધપુરમાં થયું હતું.

ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧માં આ કૃતિ સંભવતઃ 'ષડ્દ્રવ્ય સ્વભાવ નય વિચાર' નામે નોંધાયેલી છે અને તે મુદ્રિત હોવાનો ઉલ્લેખ છે. કૃતિનું અંતરંગ કલેવર જોતા તેમાં ષડ્દ્રવ્યનો સંદર્ભ દેખાતો નથી.

**હસ્તપ્રત માહિતી-**

**૧) સપ્તનયવિચાર (કર્તા-પૂ.આ.પાર્શ્વચંદ્રસૂરિ) :** મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ. ક્રમાંક-૬૦૬. તેના ૭ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૧ પંક્તિ છે. આ પ્રત સુ.બાબુભાઇ સરેમલજી દ્વારા પ્રાપ્ત થઇ છે. પ્રત શુદ્ધપ્રાયઃ છે.

**૨)** આ જ કૃતિની અન્ય પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક-૦૬૩૯૯૯. આ પેટાકૃતિ છે. સૂચિપત્રમાં ગુણસ્થાનક-ષડ્દ્રવ્યાદિવિચારના નામે છે. પત્રાંક ૨-અથી ૫-અ સુધી આ કૃતિ છે. તેને અંતે કર્તા તરીકે પૂ.આ.શ્રીપાર્શ્વચંદ્રસૂરિજીમ.નો ઉલ્લેખ છે. તેના ૭ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૮ પંક્તિ છે. શુદ્ધપ્રાય: છે.

**૩)** આ જ કૃતિની ત્રીજી પ્રત સંવેગી ઉપાશ્રય હસ્તપ્રતસંગ્રહ, વઢવાણમાં છે. ક્રમાંક-ડા.૬, પો.૧૮, પ્ર.૪૭૨. તેના ૩ પત્ર છે.પ્રત્યેક પત્રમાં ૧૮ પંક્તિ છે. પ્રત વિ.સં.૧૭૭૧માં વૈશાખ સુદ છઠના દિવસે ઋષિ વેલજીના શિષ્ય ઋષિ કાનજીના શિષ્ય ઋષિ ભોજાજી દ્વારા ધોરાજીમાં લખાઇ છે. આ પ્રત. પૂજ્ય મુનિરાજ શ્રીનયનરત્નવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૪)** આ જ કૃતિની ચોથી પ્રત સંવેગી ઉપાશ્રય હસ્તપ્રતસંગ્રહ, વઢવાણમાં છે. ક્રમાંક-પોથી-૪૦ પ્રત-૨૧. તેના ૫ પત્ર છે. પ્રથમ પત્ર નથી. પ્રત્યેક પત્રમાં ૧૩ પંક્તિ છે. આ પ્રત. પૂજ્ય મુનિરાજ શ્રીનયનરત્નવિજયજી મ. દ્વારા પ્રાપ્ત થઇ છે. પ્રત સંશોધિત અને શુદ્ધપ્રાય: છે.

(૩.૩) **સપ્તનય વિચાર** (૨)

આ કૃતિમાં પણ અનુયોગદ્વાર સૂત્રના આધારે સપ્તનયનું સંક્ષિપ્ત વિવરણ છે. અહીં અલગ અલગ દૃષ્ટાંતોમાં નયોની યોજના કરી છે. નવતત્ત્વમાં નયોની યોજના કરી છે. છ દ્રવ્યોમાં નયોની યોજના કરી છે. તેમ જ અંતે સાત નયથી આઠ પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. જીવ કર્મનો કર્તા કેવી રીતે?, ભોક્તા કેવી રીતે?, સ્વરૂપનો કર્તા કેવી રીતે?, સ્વરૂપનો ભોક્તા કેવી રીતે? જીવ કર્મનો અકર્તા કેવી રીતે?, કર્મનો અભોક્તા કેવી રીતે?, સ્વરૂપનો અકર્તા કેવી રીતે?, સ્વરૂપનો અભોક્તા કેવી રીતે?. કૃતિના કર્તા અજ્ઞાત છે. કૃતિમાં અત્ર તત્ર તેમની નમ્રતા ઉડીને આંખે વળગે છે. અંતમાં કર્તા કહે છે. *'આ નયોની યોજના મે મારી બુદ્ધિ અનુસાર કરી છે. તેમાં કંઈ ખોટું લાગે તો જ્ઞાનીને પૂછી લેજો. તમે જો મારા કરતા સારી=સવાઈ યોજના કરો તો મારૂં જ્ઞાન વધશે. મારૂં જ્ઞાન તો પૂછતાં વાંચતાં જ ખૂલે છે. નયનું જ્ઞાન ગહન છે. મને સમજ પડી તેમ લખ્યું છે.'* કૃતિની ભાષા મારવાડી છાંટ ધરાવે છે.

**હસ્તપ્રત માહિતી-સપ્તનયવિચાર (કર્તા-અજ્ઞાત) :** આ પ્રત શ્રીજૈનશાલા સંસ્થાપિત શ્રીનીતિવિજયશાસ્ત્રસંગ્રહ, ખંભાતમાં છે. ક્રમાંક- ૪૬૮/૩૮૨૧ તેના ૫ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૩ પંક્તિ છે. પ્રત વિ.સં.૧૯૦૬માં શ્રીદોલતવિજયજી દ્વારા લખાઇ છે. આ પ્રત સુ. બાબુભાઇ કોલસાવાલા દ્વારા પ્રાપ્ત થઇ છે.

(૩.૪) **સપ્તનયવિચારપત્ર**

આ કૃતિમાં નયોનું સામાન્ય વર્ણન છે. જીવદ્રવ્યમાં સાતે નયોની યોજના કરી છે. આ કૃતિના કર્તા અજ્ઞાત છે.

**હસ્તપ્રત માહિતી-સપ્તનયવિચારપત્ર (કર્તા-અજ્ઞાત) :** આ પ્રત શ્રીવર્ધમાન જૈનઆગમમંદિર તીર્થ,

પૂણેમાં છે. ક્રમાંક-૦૭૯ તેનું ૧ પત્ર છે. પત્રમાં ૧૬ પંક્તિ છે. આ પ્રત પૂ.આ.શ્રીહર્ષસાગરસૂરિજી દ્વારા પ્રાપ્ત થઇ છે.

(૩.૫) **સપ્તનયઅધિકાર**

આ કૃતિમાં નયોનું અલગ રીતે વર્ણન છે. તેમાં સર્વ પ્રથમ દેવસેન પંડિતે દર્શાવેલ દસ દ્રવ્યાર્થિક અને ત્રણ પર્યાયાર્થિક નયોનું નિરૂપણ કર્યું છે. ત્યાર પછી સાત નયોનું વર્ણન છે. અહીં પણ ધાર્મિક પૃષ્ઠભૂમિને નજર સમક્ષ રાખી દૃષ્ટાંત વર્ણન કરવામાં આવ્યું છે. અનુયોગદ્વાર સૂત્રના આધારે વસતિ અને પ્રદેશ દૃષ્ટાંતનું વર્ણન છે. જીવમાં સાતે નયોની યોજના કરી છે. સાતે નયની દૃષ્ટિએ ધર્મની વ્યાખ્યા કરી છે. સાતે નયથી સિદ્ધની વ્યાખ્યા કરી છે. અંતમાં પ્રમાણનું નિરૂપણ કર્યું છે.

સમગ્રપણે જોતાં આ કૃતિ સ્વતંત્ર નથી જણાતી. કોઈ કૃતિનો અંશ હોય તેમ જણાય છે. આ કૃતિના કર્તા અજ્ઞાત છે.

**હસ્તપ્રત માહિતી-**

**૧) સપ્તનયઅધિકાર (કર્તા-અજ્ઞાત) :** આ પ્રત શ્રોફ શાંતિલાલ મણિલાલ સંગૃહીત શેઠ મણિલાલ પીતાંબરદાસ હસ્તલિખિત શાસ્ત્રસંગ્રહ, ખંભાતમાં છે. ક્રમાંક-૧૧૩/૫૦૩ છે. તેના ૧૦ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૩ પંક્તિ છે. આ પ્રત સુ. બાબુભાઇ કોલસાવાલા દ્વારા પ્રાપ્ત થઇ છે.

**૨)** આ જ કૃતિની અન્ય પ્રત વાડીના ઉપાશ્રયમાં છે. ક્રમાંક-પોથી નં.૧૬૦-પ્રત નં-૧૧૯૪. તેના ૧૫ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૨ પંક્તિ છે. પ્રતના પ્રારંભના ૭ પત્ર નથી. આ પ્રત પૂ.આ.શ્રીમુનિચંદ્રસૂરિજી દ્વારા પ્રાપ્ત થઇ છે.

(૩.૬) **સપ્તનયવિચાર-(૩)**

આ કૃતિમાં નયોનું એક એક વાક્યમાં સામાન્ય વર્ણન છે. આ કૃતિના કર્તા અજ્ઞાત છે.

**હસ્તપ્રત માહિતી-** પટ્ટાવલી વા વિવિધ વિષયસંગ્રહ (કર્તા-અજ્ઞાત) આ પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં છે. ક્રમાંક- ૩૨૩૦૩. પટ્ટાવલી સાથે પેટાકૃતિરૂપે છે.

(૩.૭) **સપ્તભંગીસ્વરૂપ**

વિષયને સંલગ્ન હોવાથી પ્રસ્તુત સંપાદનમાં સપ્તભંગીસ્વરૂપ નામની લઘુકૃતિનો પણ સમાવેશ કર્યો છે. તેમાં સંક્ષેપમાં સાત ભાંગાનું વર્ણન છે. તેના કર્તા અજ્ઞાત છે.

**હસ્તપ્રત માહિતી-સપ્તભંગીસ્વરૂપ (કર્તા-અજ્ઞાત) :** આ પ્રત શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ સંચાલિત હસ્તલિખિત ભંડાર, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તામાં છે ક્રમાંક-૨૦૧૦ તેનું ૧ પત્ર છે. પત્રમાં ૧૭ પંક્તિ છે. આ પ્રત સુ.બાબુભાઇ સરેમલજી દ્વારા પ્રાપ્ત થઇ છે.

## ખંડ ૪ અર્વાચીન ગુજરાતી કૃતિ

### (૪.૧) ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ

આ પરિચયાત્મક લેખ જાણીતા વિદ્વાન પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ (એમ.એ) લખ્યો છે. તે જૈનધર્મપ્રકાશ ઈ. સ.૧૯૬૮ના વર્ષ વૈશાખ મહિનાના સાતમા અંકમાં છપાયો છે. લેખમાં પ્રો. હીરાલાલભાઈએ ૨૬ કૃતિઓનો પરિચય આપ્યો છે. તેમાં સપ્તનયવિવરણ રાસનો ઉલ્લેખ છે. અહીં બાવીસમી કૃતિ તરીકે નયચક્રરાસનો ઉલ્લેખ છે. તે વસ્તુતઃ ગુજરાતી પદ્યકૃતિ નથી પણ દિગંબર પંડિત દેવસેન કૃત નયચક્ર પર નિબંધ જેવી કૃતિ છે. તેની હસ્તપ્રત જોતાં આ માહિતી મળી છે. લેખમાં હીરાલાલભાઈને દાર્શનિક શબ્દ દ્વારા તત્ત્વજ્ઞાનાત્મક કૃતિઓ અભિપ્રેત હશે તેમ જણાય છે. કેમ કે જે કૃતિઓનો પરિચય પ્રસ્તુત થયો છે. તેમાંની મોટા ભાગની કૃતિઓ પ્રકરણ ગ્રંથનો વિષય ધરાવે છે.આ લેખ શ્રી મહાવીર જૈન આરાધના કેંદ્ર કોબા સંચાલિત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરથી પ્રાપ્ત થયો છે.

### (૪.૨) સપ્તનયનું સંક્ષિપ્ત સ્વરૂપ.

આ લેખ પૂજ્ય મુનિરાજ શ્રીકર્પૂરવિજયજી મ.એ લખ્યો છે અને તે આત્માનંદ પ્રકાશ વિ.સં. ૧૯૬૬ અંક ૭માં છપાયો છે. આ લેખમાં પૂજ્યશ્રીએ ઉપા. શ્રી વિનયવિજયજી મ.રચિત ‘નયકર્ણિકા’ના આધારે સાત નય, સપ્તભંગી, નિક્ષેપ અને પ્રમાણનું નિરૂપણ કર્યું છે. આ લેખ પણ આ. શ્રી કૈલાસસાગરસૂ. જ્ઞાનમંદિર, કોબાથી પ્રાપ્ત થયો છે.

### (૪.૩) સપ્તનયાદિ અધિકાર

આ લેખ ’શ્રીઆત્મબોધ સંગ્રહ’ નામના પુસ્તકમાં છપાયો છે. (પત્ર ૪૧૩થી૪૫૩) આના લેખકનું નામ લેખ સાથે દેખાતું નથી. પરંતુ પુસ્તકના પ્રારંભના પૃષ્ઠ ઉપર સંગ્રાહક તરીકે “આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજીના શિષ્ય આ. શ્રીચંદ્રસૂરિજીના શિષ્ય મુનિપુંગવ શ્રી ધર્મવિજયજી મ.ના શિષ્ય પુણ્યવિજય” આ પ્રકારનો ઉલ્લેખ મળે છે. (પ્ર.શ્રી યેવલા જૈન સંઘ વિ. સં.૧૯૯૪) આ લેખમાં નયોનું કંઇક વિસ્તારથી વર્ણન છે. મધ્યકાળમાં રચાયેલી નય વિષયક ગુજરાતી કૃતિઓનો આધાર લીધો છે. સાથે જ દ્રવ્યાનુયોગનો વિષય પણ આવરી લીધો છે. ઉપા.શ્રી દેવચંદ્રજી કૃત નયચક્રાલાપ પદ્ધતિમાં નયોના દિગંબર પદ્ધતિએ દર્શાવેલ ભેદનું વિવરણ પણ અહીં પ્રસ્તુત છે. અભ્યાસુઓ માટે આ લેખ ખાસ મનનીય સાબિત થશે. આ લેખ આ. શ્રી કૈલાસસાગરસૂ. જ્ઞાનમંદિર, કોબાથી પ્રાપ્ત થયો છે.

### (૪.૪) સપ્તનયવિચાર

નયનો સામાન્ય પરિચય આપતા આ લઘુનિબંધના લેખક લઘુશ્રમણ છે. ’લઘુશ્રમણ’ આ ઉપનામ પૂજ્ય આ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા.ના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રીસંયમસાગરજી મ.નું છે. એમ કોબાની સૂચિ જોતા જણાય છે.

આ લેખ સાગર નામની પત્રિકાના ઈ. સ.૧૯૧૮ના વર્ષમાં પ્રકાશિત થયેલ અંક નં. ૨માં પ્રકાશિત થયેલ છે. આ લેખ આ. શ્રી કૈલાસસાગરસૂ. જ્ઞાનમંદિર,કોબાથી પ્રાપ્ત થયો છે.

## અપ્રાપ્ય કૃતિઓ

આ સિવાય અજ્ઞાત કર્તૃક સપ્તનય રાસ અને તેનો બાલાવબોધ, સપ્તનયક્રમ આદિ કૃતિઓના નામ ઉપલબ્ધ થાય છે. પણ તેની અન્ય વિગતો મળતી નથી.

૧) **સપ્તનય વિચાર સ્તવન :** આ.શ્રી વિ.જ્ઞાનવિમલ સૂ.મ.એ આ નામે કૃતિ રચી છે તેવી નોંધ જ્ઞાનવિમલભક્તિપ્રકાશમાં પણ છે. ગુજરાતી સાહિત્ય કોશ(ખંડ ૧)માં આ કૃતિને ગદ્ય જણાવાઇ છે.[૧] તેની એક પ્રત પાટણના ભંડારમાં છે. તેનો ક્રમાંક ૧૪૪૦૭ છે. (પાક્ષિકખામણા બાલાવબોધ સાથે) આ પ્રતમાં સપ્તનયવિચાર સ્તવન નામની અપ્રગટ કૃતિ દેખાતી નથી. પ્રત મળે ત્યારે આ અપ્રગટ કૃતિ વિષે વધુ જાણકારી મળશે.

૨) **નયપ્રકાશ રાસ :** આ નામની કૃતિની નોંધ મધ્યકાલીન ગુજરાતી કૃતિ સૂચિમાં તેમ જ ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧ માં છે. તેના કર્તા પીંપલગચ્છના મુ.પુણ્યસાગરજી છે. તેઓ સત્તરમી સદીમાં આ.શ્રીલક્ષ્મીસાગર સૂ.ના શિષ્ય આ.શ્રીવિનયરાજ સૂ.ના શિષ્ય આ.શ્રીકર્મસાગર સૂ.ના શિષ્ય હતા. કૃતિનો રચનાકાળ વિ.સં.૧૬૨૧ છે. આ કૃતિની હસ્તપ્રત વિષે માહિતી મળી નથી. શ્રીપુણ્યસાગર નામના ત્રણ વિદ્વાનની માહિતી ઉપલબ્ધ છે. તેમાં બે ખરતર ગચ્છના છે અને એક પીંપલગચ્છના છે.[૨]

૩) **નયરાગગીત** કર્તા- અજ્ઞાત. આ પ્રત શ્રી સિદ્ધિ મેઘ મનોહર હસ્તલિખિત શાસ્ત્રસંગ્રહ ભાગ-૨, અમદાવાદમાં છે. ક્રમાંક-ડા.૧૦૬/પ્ર.૫૨૪૧ છે.

કોબાથી પ્રાપ્ત થયેલ સૂચિમાં નય વિષે અન્ય કૃતિઓની નોંધ મળી છે. તેની પ્રત કે સ્થળની માહિતી મળી નથી તેથી અહીં તેમનો કેવળ નામોલ્લેખ કરીને જ સંતોષ માનવો રહ્યો.

૪) **સપ્તનયવિચારઃ** કર્તા-અજ્ઞાત જૈન શ્રમણ, આદિવાક્ય-**પ્રથમ પ્રમાણ નય લક્ષણ.**

૫) **સપ્તનયસંક્ષિપ્તસ્વરૂપઃ** કર્તા- અજ્ઞાત જૈન શ્રમણ, આદિવાક્ય-**અનંત ધર્માત્મક વસ્તુનઉ**

૬) **નૈગમાદિ સપ્તનય વિવરણઃ** કર્તા- અજ્ઞાત આદિવાક્ય-**નૈગમ,સંગ્રહ, વ્યવહાર.**

## કૃતજ્ઞતા

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા,** પિતૃગુરુદેવ પરમ પૂજ્ય **મુનિપ્રવરશ્રી સંવેગરતિ વિજયજી મ.સા.**ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી

---

૧. જૂઓ-પૃ.૧૪૭

૨. જૂઓ ગુજરાતી સાહિત્ય કોશ ખંડ ૧.પૃ-૨૪૯

**પ્રશમરતિવિજયજી મ.**નો સ્નેહભાવ તેમજ તપસ્વી મુનિરાજ **શ્રીસંયમરતિવિજયજી મ., પ.પૂ.આ.દેવશ્રીવિજય રામસૂરીશ્વરજી મ.** (ડહેલાવાળા)ના શિષ્યરત્ન **પ.પૂ.આ.દેવશ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.** (ડહેલાવાળા)ના શિષ્યરત્ન મુનિરાજ **શ્રી જિનરત્નવિજયજી મ.**ના શિષ્યરત્ન મુનિરાજ **શ્રી પ્રભુશાસનરત્નવિજયજી મ.** તથા પરમ પૂજ્ય **સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.**ના શિષ્યા **સાધ્વીજી શ્રીજિનરત્નાશ્રીજી મ., સા.શ્રી મધુરહંસાશ્રીજી મ., સા.શ્રી ધન્યહંસાશ્રીજી મ.**નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

સંપાદનના આ કાર્યમાં મને **પૂજ્ય આ.શ્રી મુનિચંદ્રસૂ.મ.**તરફથી માર્ગદર્શન, પ્રેરણા તેમજ સહાયતા પ્રાપ્ત થતી જ રહે છે. તેમની ઉદારચિત્તતાને શત શત નમન. જે મહાત્માઓ તેમ જ સંચાલકોએ ઉદારભાવે હસ્તપ્રત મેળવી આપી તેમનો ઋણી છું. સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા સંશોધન સહકર્મિઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે. આ ગ્રંથનું યથામતિ શુદ્ધ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં પણ પ્રમાદવશ કોઇ અશુદ્ધિઓ રહી ગઇ હોય તો વિદ્વાન પાઠકગણ સંપાદકના પ્રમાદને અને ભૂલને ક્ષમા પ્રદાન કરશે તેવી વિનમ્ર પ્રાર્થના છે.

વિ.સં. ૨૦૭૧, ભાદરવા વદ ૧૦ - વૈરાગ્યરતિવિજય

શ્રુતભવન, પૂણે

# સાત નયનું સ્વરૂપ

શ્રી જૈનશાસનમાં આચાર્ય ભગવંતોએ તત્ત્વને યથાર્થરૂપે સમજવા માટે બે ઉપાય બતાવ્યા છે. પ્રમાણ અને નય. તત્ત્વાર્થસૂત્રમાં વાચક શ્રીઉમાસ્વાતિજીએ નયોને પ્રમાણ સમકક્ષ સ્થાન આપ્યું છે. પ્રમાણની જેમ નય પણ તત્ત્વાર્થના અધિગમનો ઉપાય છે. દર્શનશાસ્ત્રમાં પરીક્ષા માટે 'પ્રમાણ'ને ખૂબજ આવશ્યક માન્યું છે. વસ્તુતત્ત્વની પરીક્ષામાં પ્રમાણ જ્યાં ઉપયોગી છે ત્યાં નય સૂક્ષ્મ સૂક્ષ્મતમ સ્વરૂપને સમજવામાં સહાયક થાય છે.

પ્રત્યેક વસ્તુ સ્વભાવથી જ અનંતધર્માત્મક છે. વસ્તુતત્ત્વના અનંત ધર્મોનું એક સાથે જ્ઞાન કરવું છદ્મસ્થની સીમિત જ્ઞાનશક્તિથી પર છે. છદ્મસ્થ જ્ઞાતાના પ્રત્યેક બોધ અને પ્રત્યેક વચન નયની સહાયતાથી જ બોધજનક થાય છે. એટલે જ કહ્યું છે કે- 'જેટલા નયવાદ છે એટલા વચનપથ છે.' એટલા માટે જ વસ્તુતત્ત્વના જુદા જુદા પરિમાણને યથાતથ સમજવા માટે નયજ્ઞાન અતીવ આવશ્યક છે.

અનંતધર્માત્મક વસ્તુતત્ત્વના કોઈ એક ધર્મના પ્રાધાન્ય સાથે અભિપ્રાય રાખતી દૃષ્ટિ 'નય' કહેવાય છે. સામાન્ય રીતે નયના સાત પ્રકાર છે.

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય.

## (૧) નૈગમનય

નૈગમનય વસ્તુતત્ત્વના વિભિન્ન અંશોને ગૌણમુખ્ય ભાવથી ગ્રહણ કરનારી દૃષ્ટિ છે. આ અર્થગ્રાહી નય છે. મોટે ભાગે લોકમાં પ્રચલિત ઔપચારિક વ્યવહાર આ નયના આધારે પ્રવૃત્ત થાય છે. પંકજ નામના ફૂલનો અન્ય ફૂલો પર ઉપચાર કરવો નૈગમનયથી સંભવ છે.

## (૨) સંગ્રહનય

સંગ્રહનય વસ્તુતત્ત્વના સત્ કે અનુસ્યૂત ધર્મનો સંગ્રહ કરે છે. આકારાદિથી જુદા જુદા પદાર્થોમાં સમાનતા અને એકતા શોધવી એ સંગ્રહનયનું કાર્ય છે. 'जातौ एकवचनम्' જેવા ન્યાય સંગ્રહનયની દૃષ્ટિ છે. સમૂહાંતર્ગત પ્રત્યેક પંકજોને એક રૂપથી જાણવા એ સંગ્રહનય છે. આ પણ અર્થગ્રાહી નય છે. વિશેષરૂપથી દ્રવ્ય અંશનો ગ્રાહક છે. (દ્રવ્ય = સમવાયી કારણ)

## (૩) વ્યવહારનય

લોકમાં પ્રચલિત અનૌપચારિક વ્યવહાર, વ્યવહાર નયની દૃષ્ટિ છે. આ પણ અર્થગ્રાહી નય છે. આ નયના અભિપ્રાયથી અતીતકાળમાં નષ્ટ અને આજે પણ અનુત્પન્ન પંકજનો પણ પંકજ પદથી વ્યવહાર થાય છે.

## (૪) ઋજુસૂત્રનય

વસ્તુતત્ત્વના વર્તમાન અને સ્વકીય (અનુપચરિત) સ્વરૂપનું ગ્રહણ કરનારી દૃષ્ટિ ઋજુસૂત્ર નય છે. આ પણ અર્થગ્રાહી નય છે. પરંતુ માત્ર પર્યાય જ આનો વિષય બને છે. આ નયના અભિપ્રાયથી અતીતમાં વિનષ્ટ અને આજે પણ અનુત્પન્ન પંકજ વર્તમાનકાળમાં વિદ્યમાન નથી, એટલા માટે અવસ્તુ છે. પંકજ તે જ છે જે વર્તમાનમાં દશ્યમાન છે.

પરવર્તી ત્રણ નય શબ્દપ્રધાન હોવાથી શબ્દગ્રાહી નય કહેવાય છે.

## (૫) શબ્દનય

શબ્દનય દરેક શબ્દોમાં દરેક અર્થોની વાચકતા શક્તિનો સ્વીકાર કરે છે. 'सर्वः सर्वार्थवाचकः' આ નયની ઉદ્‌ઘોષણા છે. મોટે ભાગે વિભિન્ન શબ્દો એક અર્થના વાચક હોય છે. તથા વિભિન્ન અર્થો એક શબ્દથી વાચ્ય બની શકે છે આ વાત શબ્દનયને માન્ય છે. પંકજ-કુમુદ-કમલ વગેરે શબ્દો એક જ અર્થના વાચક છે એ આ નયનો અભિપ્રાય છે.

## (૬) સમભિરૂઢનય

દરેક શબ્દને પોતાની વાચકતા શક્તિ હોય છે, આવી દૃષ્ટિ સમભિરૂઢનયની છે. વ્યુત્પત્ત્યર્થથી ભલે ને 'પંકે જાયમાન' અન્ય પદાર્થ હોય પરંતુ 'પંકજ' પુષ્પવિશેષનો જ વાચક છે. એવી રીતે કુમુદ તેને કહીશું જે રાત્રિને આનંદિત કરે. પંકજ-કુમુદ-કમલ આ પ્રત્યેક પદની અર્થવાચકતા શક્તિ જુદી જુદી છે.

## (૭) એવંભૂતનય

પ્રત્યેક વસ્તુને પોતાનો ધર્મ અને પોતાની ક્રિયા હોય છે. અર્થપૂર્તિ માટે વસ્તુની વર્તનાને અર્થક્રિયા કહેવાય છે. વસ્તુનું નામાભિધાન પણ આ જ અર્થક્રિયાના આધારે થાય છે. એવંભૂતનયનો અભિપ્રાય છે કે વસ્તુ જ્યારે પોતાની નિયત અર્થક્રિયામાં પ્રવર્તમાન હોય ત્યારે જ તેના વાચક શબ્દનો પ્રયોગ સાન્વર્થ થઇ શકે છે, નહીંતર ન થઇ શકે. પંકજપદ પંકજનામક પુષ્પવિશેષરૂપ અર્થનું વાચક ત્યારે કહેવાય જ્યારે તે

'પંકે જાયમાનં' હોય. તેના પહેલા કે પછી તે પદ પંકજપદવાચ્ય નથી. આ નય તમામ ઔપચારિકતાને પાછળ રાખીને શુદ્ધ વસ્તુતત્ત્વને જૂએ છે. આ કારણે સૂક્ષ્મતમ છે.

નયોની આ સંક્ષિપ્ત તેમજ સ્થૂલ પરિભાષા છે. સાતે નય ભલે ને એક બીજાથી જુદા હોય, કે વિરુદ્ધ લાગતા હોય પરંતુ અંતર્ગત રૂપથી પ્રત્યેક બીજા નયની સાથે અપેક્ષા સંબંધ રાખે છે. આને જ સાપેક્ષભાવ કહેવાય છે. સાપેક્ષભાવનો અભાવ હોય તો નય સુનય ન રહેતા નયાભાસ થઇ જાય છે.

પોતાની દૃષ્ટિનું પ્રાધાન્ય રાખવા છતાં પણ વિરોધી દૃષ્ટિનો સ્વીકાર કરવો તેમ જ એ દૃષ્ટિને નકારી ન દેવી એટલે સાપેક્ષભાવ. આ સાપેક્ષભાવ જ નયવાદનું હાર્દ છે. સાપેક્ષતા જ સંવાદિતાની જનેતા છે. રાગદ્વેષના વિલય સ્વરૂપ માધ્યસ્થ ભાવની સંપ્રાપ્તિ સંવાદિતાથી થાય છે. જેમાં મુખ્ય હેતુ સાપેક્ષ દૃષ્ટિકોણ હોય છે. દરેક દર્શન જો પ્રમાણ સાથે નયને જોડી દે તો આપમેળે જ વિરોધ ખતમ થઇ જશે અને વસ્તુતત્ત્વનું યથાર્થ તેમજ સંપૂર્ણ દર્શન થઇ શકશે. જરૂરત છે કે દરેક દર્શન નયોની ઉપયુક્તતાનો સ્વીકાર કરે.

વિ.સં. ૨૦૭૧, ભાદરવા વદ ૧૦ — - વૈરાગ્યરતિવિજય

**શ્રુતભવન, પૂણે**

# खंड - १

# संस्कृत कृति

(१.१)

उपाध्यायश्रीविनयविजयगणिकृत

## ॥नयकर्णिका॥

(गंभीरविजयकृतटीका अज्ञातकर्तृक टबार्थ सहित)

[मूल] **वर्धमानं स्तुमः सर्वनयनद्यर्णवागमम्। सङ्क्षेपतस्तदुन्नीतनयभेदानुवादतः॥१॥**

[टीका] नीयन्ते=प्राप्यन्ते सदंशाङ्गीकारेणेतरांशौदासीन्यतया वस्तुबोधमार्गं यैस्ते नयाः नैगमादयः। सर्वे च ते नयाश्च सर्वनयास्त एव नद्यः सरितः तासामर्णवः समुद्रतुल्यः आगमो वाक्पथो यस्य स तथा। तं वर्धमानं = चरमजिनवरं वयं स्तुमः = स्तुतिविषयीकुर्मः। कुतः कस्मात्? तदुन्नीतनयभेदानुवादतः तत् =तस्य श्रीवर्धमानस्य उत् = प्राबल्येन नीताः = वचनरूपेण प्राप्ताः ये नयानां भेदाः = विशेषा: तेषामनुवादतः कथितस्यैव यत्कथनं तदनुवादस्तस्मात् अनुवादतः कुर्म इति शेषः कथम्? सङ्क्षेपतोऽल्पविस्तरत इति॥१॥

[टबार्थ] **[शब्दार्थ]** श्रीवीरभगवान प्रते स्तवियें छे सर्व नयरूप नदीयोना समुद्ररूप छे सिद्धांत आगम जेनुं एवा प्रते संक्षेपथी तेना प्ररूपेला एवा नयोना भेदोना अनुवादथी॥१॥

**भावार्थः-** श्रीवर्धमानस्वामीने संक्षेपथी तेमना प्ररूपेला नयोना भेदोना अनुवादथी अमे स्तवित करिये छे। केवा वर्धमानस्वामिने? सर्व नयरूप नदीयोना आश्रयरूप समुद्र समान छे जेना सिद्धांतो एवा वीर भगवानने प्रशंसित करिये छे ए भावार्थ॥१॥

[मूल] **नैगमः सङ्ग्रहश्चैव व्यवहारर्जुसूत्रकौ। शब्दः समभिरूढैवम्भूतौ चेति नयाः स्मृताः॥२॥**

[टीका] **नैगमेति।** न एको गमो = विकल्पो यस्य स नैगमः पृथक् पृथक् सामान्यविशेषयोर्ग्रहणात्।(१)
सङ्गृह्णाति विशेषान् सामान्यतया सञ्ज्ञायां क्रोडीकरोति यः सङ्ग्रहः।(२)
वि = विशेषतयैव सामान्यम् अवहरति = मन्यते योऽसौ व्यवहारः।(३)
ऋजु = वर्तमानमेव सूत्रयति = वस्तुतया विकल्पयति यः स ऋजुसूत्रकः।(४)
द्वन्द्वे व्यवहारर्जुसूत्रकौ। काललिङ्गवचनैर्वाचकेन = शब्देन समं = तुल्यं पर्यायभेदेऽपि एकमेव वाच्यं मन्यमानः शब्दो नयः।(५)
सम् = सम्यक्प्रकारेण यथा पर्यायैरारूढं अर्थं तथैव भिन्नवाच्यं मन्यमानः समभिरूढो नयः।(६)
भूत-भूतशब्दोऽत्र तुल्यवाची, एवं =यथा वाचके शब्दे यो व्युत्पत्तिरूपो विद्यमानोऽर्थोऽस्ति तथाभूततत्तुल्यार्थक्रियाकारिणमेव वस्तु वस्तुवन्मन्यमान एवम्भूतो नयः।(७) द्वन्द्वे [द्वि]वचनम्।
इत्यमुना प्रकारेण हे! विभो! त्वया नयाः स्मृताः = स्वागमे कथिता इति शेषः॥२॥

[टबार्थ] **[शब्दार्थ]** नैगमनय (१) संग्रहनय (२) वलि एम व्यवहारनय (३) ऋजुसूत्रनय (४) शब्दनय (५) समभिरूढनय (६) एवंभूतनय (७) वलि ए सात नयो कह्या॥२॥

**भावार्थः-** हव नयकर्णिका ग्रंथकर्ता विनयविजयजी उपाध्याय प्रथम नयोनो उपदेश करे छे। नैगम (१) संग्रह (२) व्यवहार (३) ऋजुसूत्र (४) शब्द (५) समभिरूढ (६) एवंभूत (७) ए सात नयो नामथी भगवाने कहेला छे ए भावार्थ॥२॥

**[मूल]** **अर्थाः सर्वेऽपि सामान्यविशेषा उभयात्मकाः। सामान्यं तत्र जात्यादि विशेषाश्च विभेदकाः॥३॥**
**ऐक्यबुद्धिर्घटशते भवेत्सामान्यधर्मतः। विशेषाच्च निजं निजं लक्षयन्ति घटं जनाः॥४॥**

**[टीका]** **अर्था** इति। सर्वेऽपि निर्विशेषाः अर्थाः = जीवादयः पदार्थाः। सामान्यं च विशेषश्च तावेव सामान्य-विशेषौ उभौ अवयवौ आत्मा = स्वरूपं येषां ते सामान्यविशेषाः। उभयात्मकाः सन्ति नान्यथा इति त्वया प्रतिपादितम्। तत्र = तयोर्द्वयोर्मध्ये यद्वस्तुनो जात्यादिकरूपं तत्सामान्यम्। जातिर्जीवत्वा-जीवत्वरूपा सा आदिर्यस्य तत् जात्यादि, आदिशब्दाद् द्रव्यत्वप्रमेयत्वादयो ग्राह्याः। वि = विशेषेण भेदकाः = पृथक्त्वस्य ज्ञापकाः ये चेतनत्वाचेतनत्वादयोऽसाधारणरूपा विशेषधर्मास्ते त्वया विभेदकाः विशेषाः प्रोक्ता इत्यर्थः॥३॥

हे! विभो! त्वदुक्तसामान्यधर्मतः एकाकारप्रतीतिः = एकशब्दवाच्यता सामान्यं जीवत्वघटत्वचेतन-त्वादिकम्, सामान्यमेव धर्मः सामान्यधर्मस्तस्मात् घटशतेऽपि घटानां शतं घटशतं तस्मिन्नपि एकाकारा या बुद्धिर्मतिः सा जाता यस्य स ऐक्यबुद्धिरीदृशो जनो भवेत् त्वदुक्तसामान्यधर्मतः घटशतेऽपि घटत्वं लक्षयेदिति भावः। च = पुनः विशेषात्= त्वदुक्तविशेषधर्मतः जनाः = सर्वे नृसुरादयः प्राणिनो निजं निजं = स्वकीयं रक्तपीतवर्णादिविशेषणविशिष्टं घटं लक्षयन्तीत्यर्थः। समुदायमध्येऽपि भेदकलक्षणैर्विभिद्य गृह्णन्ति न मुह्यन्तीति सम्मोहहारी महांस्तवोपकारः॥४॥

**[टबार्थ]** हवे ते साते नयोनां लक्षणो प्रत्येकना उदाहरणो साथे दर्शावे छे। परंतु इहां संक्षेपथी छे।

**[शब्दार्थ]** अर्थो सर्वे पण सामान्य तथा विशेष ए बे युक्त अर्थो एवा। सामान्य ते तेमां जाति आदि विशेषो वली तेना भेद दर्शावनारा॥३॥

एकपणानी बुद्धि घटना सैकडोमां थाय सामान्यधर्मथी, विशेषथी वली पोताना पोताना ओलखे छे घट प्रते लोको॥४॥

**भावार्थः-** प्रथम मुख्यताये अर्थो सर्वे पण सामान्य तथा विशेषण ए उभयात्मक छे। ते बेमां सामान्य ते जाति प्रमुख। जाति ते मनुष्य, गाय, घोडो, वृक्ष इत्यादि विशेषो। ते सामान्यना एटले जाति प्रमुखना भेद प्रते दर्शावनारा जेम मनुष्य, क्षत्री, ब्रांमण, वाणियो, यवन प्रमुख। जेम गाय वली कपिला, गोरी, कालि प्रमुख। जेम घोडो वली पंचकल्याणी, आरबी, पांणीपंथो प्रमुख। वृक्ष जेम आम्र, कदंब, निंब प्रमुख। एम प्रत्येक पदार्थोनी व्यक्ती दर्शावे ते विशेष सो घडा लोकोना एकठा करेला होय तेमांथी सामान्यधर्मे करी —भो! देवदत्त! घटमानय एम कहे ते कीयो घडो लावो?—विप्रस्य श्वेतं मृन्मयं घटं समानय। एम विशेषयुक्त केवाथी विप्रनो श्वेतघडो ते लावी सके छे। एम सामान्य तथा विशेष बे प्रकारना अर्थो छे। तेमां जे जे प्रकारे जे नय अर्थ ग्रहण करे छे प्रत्येके करी ते व्याख्या करे छे ए भावार्थ॥३॥४॥

**[मूल]** **नैगमो मन्यते वस्तु तदेतदुभयात्मकम्। निर्विशेषं न सामान्यं विशेषोऽपि न तद्विना॥५॥**

**[टीका]** तदेतत् त्वदुक्तपूर्वो नैगमो = नैगमनामा नयः उभयात्मकं वस्तु मन्यते। उभौ द्वौ सामान्यविशेषौ अवयवौ आत्मा = स्वरूपं यस्य वस्तुनस्तदुभयात्मकं तत्तादृग्रूपं वस्तु = पदार्थं मन्यते = स्वीकरोति। कुतः? त्वदाज्ञायां निर्विशेषं सामान्यं न। निर्गतो = दूरीभूतो विशेषो = विशेषणं पर्यायो वा यस्य तन्निर्विशेषम्, ईदृग्रूपं सामान्यं न विद्यते। तद्विना = सामान्यं विशेष्यं वा द्रव्यं विना रहितो विशेषो न विद्यते। अतः उभयात्मकं गृह्णाति।(शं) तर्हि सम्यग्दृष्टिरयमिति चेन्न, अयं हि द्रव्यं पर्यायं च द्वयमपि सामान्यविशेषयुक्तं मन्यते ततो नायं सम्यग्दृष्टिरित्यर्थः॥५॥

**[टबार्थ]** **[शब्दार्थ]** नैगमनय माने वस्तु ते आ सामान्य विशेषे युक्त एवुं विशेष विनानुं न हि सामान्य तथा विशेष ते पण नहि तेना विना॥५॥

**भावार्थः-** नैगम पेलो। ते वस्तुने सामान्य तथा विशेषे सहित छे एम माने छे कारण के सामान्य छे ते विशेष रहित होय नहि तेम ज विशेष पण सामान्य रहित न होय। जेम वृक्ष विना शाखाओ नहि, शाखाओ विना वृक्ष नहि एम स्वाभाविक संबंधे करी अभेदपणे बेने माने छे ए नैगम। एटले तैणे कालने वर्तमान कालरूपे मांने छे ए भावार्थ॥५॥

**[मूल]** **सङ्ग्रहो मन्यते वस्तु सामान्यात्मकमेव हि। सामान्यव्यतिरिक्तोऽस्ति न विशेषः खपुष्पवत्॥६॥**
**विना वनस्पतिं कोऽपि निम्बाम्रादिर्न दृश्यते। हस्ताद्यन्तर्भाविन्यो नाङ्गुल्याद्यास्ततः पृथक्॥७॥**

**[टीका]** सङ्ग्रहः = सङ्ग्रहनामा नयस्तु सामान्यं = द्रव्यसत्तामात्रं जातिमात्रं वा यत्तत्सामान्यं तदेवात्मा = स्वरूपं यस्य तत्तथा। तद्वस्तु एव वस्तुतया मन्यते। कस्माद्? हि = यस्मात् सामान्यव्यतिरिक्तः = सामान्यात्पृथक्भूतो विशेषो नास्ति = न विद्यते, तद्विना विशेषः खपुष्पवत् = आकाशकुसुमतुल्योऽस्तीति तवोपदेशो वर्तते तस्मात्॥६॥

अस्यैवाभिप्रायं दृष्टान्तेन दृढयन्नाह—वनस्पतिं =सामान्याभिधानाया वनस्पतेर्जातिस्तां विना तरुत्वत्यागेन निम्बाम्रादिः निम्बश्च आम्रश्च निम्बाम्रौ तावादी यत्र दृग्व्यापारे स निम्बाम्रादिः कोऽपि न दृश्यते= दृग्मार्गे नावतरति। यत्र यत्र वृक्षे दृग् व्याप्रियते तत्र तत्र वनस्पतित्वमेव दृश्यते। अतः सामान्यमेव वस्तु। एनमेव दृढयति— हि= यस्माद् हस्तादिष्वङ्गेष्वन्तर्भाविन्यः अङ्गुल्यः, आदिशब्देन हस्ततललेखानखदन्ताक्षिपत्रादीनि यथा ततः हस्ताद्यङ्गतः पृथग् न भवन्ति तथा सामान्यतः पृथग् विशेषो नास्तीत्यर्थः॥७॥

**[टबार्थ]** **[शब्दार्थ]** संग्रहनय माने छे वस्तु सामान्ययुक्त ज जे माटे सामान्यथी भिन्न (जुदो) छे नहि विशेष ते आकाशना पुष्प जेवो ॥६॥

विना वनस्पतिना कोइ पण लेंबडा, आंबा प्रमुखोने न देखे हस्तादिना अंतर्भूत एवी जे माटे नहि अंगुलि आदि तेथी जुदी॥७॥

**भावार्थः-** संग्रह नय बीजो। सामान्ययुक्त एवी ज वस्तु माने छे। कारण के सामान्यथी जुदो विशेष ते आकाशना पुष्प जेवो छे ज नहि। जेम आकाशना पुष्पनो अभाव छे तेम सामान्यथी जुदो विशेष अभाव छे।

उदाहरण दाखवे छे। जेम कोइ पण वनस्पति विना लेंबडो, आंबो न देखे कारण के लेंबडा प्रमुखो वनस्पति जातिथी जुदा नथी। तेम वली बीजुं उदाहरण। तथा जेम हाथमां अंतर्भूत एवी आंगलीयो ते हाथथी जुदी नथी तेम। तात्पर्यार्थ जे के हाथ प्रमुख सामान्य छे आंगलीयो ते विशेष छे, पण एक विना एकनी संज्ञा ठरे नहि माटे एक ज छे ते बे पण। माटे संग्रहनय वस्तुने सामान्यात्मक ज माने छे इति भावार्थ॥६॥७॥

[मूल] **विशेषात्मकमेवार्थं व्यवहारश्च मन्यते। विशेषभिन्नं सामान्यमसत् खरविषाणवत्॥८॥**
**वनस्पतिं गृहाणेति प्रोक्ते गृह्णाति कोऽपि किम्?।**
**विना विशेषान्नाम्रादीँस्तन्निरर्थकमेव तत्॥९॥**
**व्रणपिण्डीपादलेपादिके लोकप्रयोजने। उपयोगो विशेषैः स्यात्सामान्ये न हि कर्हिचित्॥१०॥**

[टीका] व्यवहारश्च =व्यवहारनामा नयः विशेषात्मकं =पर्यायस्वरूपमेवार्थं पदार्थं मन्यते= कक्षीकुरुते। कुतः? जिनोपदेशे विशेषभिन्नं =विशेषात्पृथग्भूतं सामान्यमसत् =नास्ति खरविषाणवद् रासभशृङ्गवत्। तर्हि विशेषमात्र एव पदार्थः॥८॥

एनमेवोदाहरति— यदा केनचिद्वक्त्रा कश्चिदादिष्टः —भो! त्वं वनस्पतिं गृहाण इति प्रोक्ते=कथिते सति किं कोऽपि निम्बाम्रादीन् विशेषान् विना गृह्णाति? न कोऽपि गृण्हाति तत्= तस्मात्कारणाद् ग्रहणाभावात् तत्= सामान्यं निरर्थकं =निष्फलमेवेति॥९॥

तथा च व्रणपिण्डीव्रणं मनुष्यादीनां शरीरे प्रहारादि जातक्षतं तस्मै पिण्डीपट्टिकादि करणं तथा पादलेपः पादलेपकरणं तयोर्द्वन्द्वे आदिपदाच्चक्षुरञ्जनादिके लोकानां जनानां प्रयोजनं कार्यं तस्मिन् विशेषैः पर्यायैरुपयोगः साधनं स्याद्भवति सामान्ये सत्तामात्रे सति कर्हिचित्कदाचिदपि न हि कार्यसिद्धिर्भवतीत्यतो विशेष एव वस्तु॥१०॥

[टबार्थ] **[शब्दार्थ]** विशेष युक्त एवो ज अर्थ प्रते व्यवहारनय वली माने छे विशेषथी भिन्न एवुं सामान्य ते नथी गर्दभना सेंघडाना जेवुं॥८॥

वनस्पतिने झाडने ग्रहण कर एम कहे प्रकर्षे ग्रहण करे ते स्युं? ते माटे विना विशेषथी नहि आंबा प्रमुखने ते व्यर्था(नकामुं) ते माटे॥९॥

व्रणपिंडि (पोटिश) पादलेप (मलिम) आदिक एवा लोकना प्रयोजनमां कार्यमां उपयोग जे ते विशेषोए करी थाय छे सामान्ये करी नहि थाय क्यांहिं पण॥१०॥

**भावार्थः-** हवे व्यवहार नय तीजो। ते विशेषात्मक एवा अर्थने माने छे। एना मतमां विशेषथी भिन्न एवुं सामान्य ते गर्दभना सेंघडा जेवुं सर्वथा नथी। उदाहरण दर्शावे छे— जेम कोइ पुरुषने कोइ पुरुषे कह्युं के - वनस्पतिने ग्रहण कर। कहीने आंबा प्रमुख मंगावेला पण ते आंबादिक विशेषदर्शक शब्दोना कह्या विना केवल वनस्पति केहवा मात्रथी आंबा प्रमुखने लेइ न शक्यो। माटे विशेष विना सामान्य ते निरर्थक छे। बीजुं उदाहरण— जेम लोकमां कोइने व्रणपिंडी (नारु प्रमुख रोग उपर बांधवानुं औषध अथवा पोटीश) तथा पादलेप (पगे चोपडवानुं औषध अथवा गोटको पादलिप्ताचार्यजी करता तेवो)

तेनो उपयोग लोकना कार्यमां विना विशेष औषधियो नाम ये विशेषपणे औषधियोनुं नाम दीधा विना सामान्यथी कार्यसिद्धि कोइ प्रकारे न थाय। माटे व्यवहारनय ते विशेष ज प्रधान मांने छे ए व्यवहारनय ए भावार्थ ॥८॥९॥१०॥

[मूल] **ऋजुसूत्रनयो वस्तु नातीतं नाप्यनागतम्। मन्यते केवलं किन्तु वर्तमानं तथा निजम्॥११॥**
**अतीतेनानागतेन परकीयेन वस्तुना। न कार्यसिद्धिरित्येतदसद्गगनपद्मवत्॥१२॥**
**नामादिषु चतुःस्वेषु भावमेव च मन्यते। न नामस्थापनाद्रव्याण्येवमग्रेतना अपि॥१३॥**

[टीका] ऋजुसूत्रनयस्तु ऋजु = सरलं वर्तमानं सूत्रयति = सङ्कल्पयतीति ऋजुसूत्रः स चासौ नयश्च। नातीतम् अतीतः = पूर्वानुभूतपर्यायस्तं वस्तुतया न मन्यते, तस्य विनष्टत्वात्। नापि अनागतं = भविष्यभावम्, तस्याद्याप्यनुत्पन्नत्वात्। किन्तु केवलम् = एकं वर्तमानपर्यायम्, तथा निजं = स्वकीयं च भावं वस्तुतया मन्यते, कार्यकारित्वात्॥११॥

कस्मादेवम्? इत्यतः आह —अतीतो = विगतो भावस्तेन अनागतो = भविष्यमानो यो भावस्तेनापि। परकीयो यथा सामान्यनरस्य पूर्वतनो वा भविष्यत्पुत्रजीवोऽधुना राजपुत्रत्वं प्राप्तः, परं सः परकीयस्तेन वस्तुना जिनैः कार्यसिद्धिर्नोक्ता इति कृत्वा एतदतीतानागतपरकीयपर्यायरूपं वस्तु गगनपद्मवद् = आकाशारविन्दवद् असद् = अविद्यमानं मन्यते॥१२॥

अयम् = ऋजुसूत्रनयः एषु = अनन्तरवक्ष्यमाणेषु चतुर्षु निक्षेपेषु एकं भावनिक्षेपमेव वास्तवं मन्यते, नामस्थापनाद्रव्याणि न मन्यते, तेषां परकीयत्वादनुत्पन्नविनष्टत्वाच्च। तत्र नाम वक्तु...रुपरूपं वा गोपालदारकादिषु गतमिन्द्राभिधानं परकीयम्। स्थापना चित्रपटादिरूपा परकीया। द्रव्यं पुनर्भाविभावस्य कारणं तच्चानुत्पन्नम्, भूतभावस्य कारणं तु विनिष्टम्। एवमग्रेतनाः शब्दादयस्त्रयो नयाः भावनिक्षेपमेव स्वीकुर्वन्तीत्यर्थः॥१३॥

[टबार्थ] **[शब्दार्थ]** ऋजुसूत्रनय जे ते वस्तु प्रते नहि अतीत(गयेला) नहि पण वली अनागत(आवनारुं) माने छे। केवल(एकलुं) स्युं? तो(फक्त) वर्तमान एवुं (चालतुं) एवुं तेम वलि पोतानुं॥११॥

अतीते भूतकालने करि अनागते भविष्यत्कालने पारके एवे करी वस्तुयो करी नहि कार्यनी सिद्धि एम आ जे तें अछतुं नथी आकाशना कमल जेवुं जेम नथी तेम॥१२॥

नाम, स्थापना, द्रव्य, भाव एम निक्षेपामां चारेमांथी भावनिक्षेपाने वली माने छे। नहि नाम, स्थापना, द्रव्य एम आगलना नयो पण॥१३॥

**भावार्थः-** हवे ऋजुसूत्रनय चोथो ते त्रणकालमां भूत तथा भविष्यत् ए बे कालात्मक नथी मानतो केवल (एकलो) वर्तमानकालात्मक ज माने छे। तथा भूत भविष्यत् एवी परायी वस्तुये करि कार्यसिद्धि आकाश कमल जेवी नथी मूलथी जे एम। तथा वली चार निक्षेपा नाम (१) स्थापना (२) द्रव्य (३) भाव (४) ए चार निक्षापाओमां एकला भाव निक्षेपाने ज माने छे। एम आगलना नयो ते पण एकला भावनिक्षेपाने ज माने छे ए चोथो ऋजुसूत्रनय ए भावार्थ॥११॥१२॥१३॥

**[मूल]** **अर्थं शब्दनयोऽनेकैः पर्यायैरेकमेव च। मन्यते कुम्भकलशघटाद्येकार्थवाचकाः॥१४॥**

**[टीका]** शब्दनामा नयः शब्दः = पुंस्त्रीनपुंसकाद्यभिधायकोल्लापस्तत्प्रधानो नयः शब्दनयः। स अनेकैः शब्दपर्यायैरुक्तोऽपि अर्थं = वाच्यं पदार्थमेकमेव मन्यते। कुतः? हि = यस्मात् कुम्भः कलशो घटः एते शब्दाः सर्वदर्शिभिर्जिनैरेकस्य घटाख्यपदार्थस्य वाचकाः कथितास्ततः सिद्धमनेकैः पर्यायैरुक्तोऽप्यभिधेय एकम् एवेत्यर्थः॥१४॥

**[टबार्थ]** **[शब्दार्थ]** अर्थ प्रते शब्द जे नय ते अनेकोए पर्यायो एव एवो ज वलि माने छे। कुंभ, कलश, घट जे ते घट तथा प्रमुख एक ज पदार्थने कहेनारा छे॥१४॥

**भावार्थः-** हवे शब्द नय पांचमो। जे ते अनेक पर्यायो एकार्थ प्रति ज माने छे। उदाहरण— जेम कुंभ, कलश, घट ते सर्वे शब्दो एक घटरूप पदार्थने ज देखाडे छे। अर्थात् जेम घट, कलश, कुंभ एवा पर्याय जुदा जुदा छे पण वस्तुताये घडो ज छे तेम पट, चीवर, चैल, वस्त्र एवा पर्याय जुदा छे तथापि वस्तुताये वस्त्र ज छे एम माने छे॥१४॥

**[मूल]** **ब्रूते समभिरूढोऽर्थं भिन्नं पर्यायभेदतः। भिन्नार्थाः कुम्भकलशघटाघटपटादिवत्॥१५॥**

१. [टबार्थ] (श्री जिनवाणीने विषें रंग राच्या माच्या रहीए। जेथी करीने मिथ्यात्व दूर थाय अने एम करतां रागद्वेषनो पण नाश थाय, अने केवलज्ञानने पामे॥ मु.)

२. नयनो आभास पण शुद्ध नय नही मु.

३. नयाः प्रापकाः कारकाः साधका निर्वर्तका निर्भासका उपलम्भका व्यञ्जका इत्यनर्थान्तरम्। (तत्त्वार्थभाष्य १.३५)

**[टबार्थ]** एह नयनुं लक्षण कहिउं। हवइं नयना भेद कहें छइं। एक द्रव्यार्थिक नय१, बीजो पर्यायार्थिक नय२। तेह नयना एह बइं मूल भेद जाणवां। हवें द्रव्यार्थिकनुं स्वरूप कहइं छइं॥२.५॥

**[मू.]** **ए परमारथइं द्रव्य ज वंछे, पज्जाय निं उपचारि रे।**
**सामान्य रूपिं अनवस्थानि, नहीं अरथांतर क्यारि रे॥ श्री.॥२.६॥(१७)**

**[टबार्थ]** द्रव्यार्थिक ते स्युं कहीइं? एह द्रव्यार्थिक नय परमार्थि = तात्पर्यिं द्रव्यनिं ज वांछइं पणि पर्यायनिं नहीं। अनिं एह नय पर्यायनिं सर्वथा न वांछइं तो दुर्नय थाइं ते माटइं पर्यायनि चंचा(चर्चा-सत्ता?) पुरुषनी परि उपचारिं माने। उपचार ते अछता गुणनो आरोप। पर्याय उपचारिक छे, पणि पारमार्थिक नही। ते उपरि हेतु कहें छइं। एकरूपिं न रहे, खरविषाणादिकनी परि ते माटें पर्याय ते द्रव्य थकी भिन्न पदार्थ न होइं।

इहां हेतु कहेतें पंचावयव वाक्यरूप अनुमान सूचव्युं। पंचावयव ते—प्रतिज्ञा१, हेतु२, उदाहरण३, उपनय४, निगमन५। तिहां प्रतिज्ञा ते पक्षनें विषें कोईक धर्मनुं साधवुं, जिम पर्वतनें विषें वह्निनुं साधवुं। तिम इहां पर्यायनें विषें उपचारपणानुं साधवुं१।

हेतु ते साध्यनुं साधनार वाक्य, जिम वह्निनुं साधन धूम। तिम इहां सामान्य रूपिं अनवस्थान ते हेतु२।

उदाहरण ते दृष्टांत. जिम धूमानुमानिं महानस। तिम ईहां खरविषाण३।

पक्षनें विषइं लिंगनों निर्धार करवो ते उपनय। जिम धूमानुमानिं वह्निव्याप्यधूमवंत ए पर्वत एहवुं वाक्य तिम ईहां उपचारताव्याप्यसामान्यरूपअनवस्थितिवंत पर्याय ए वाक्य४

निगमन ते पक्षनें विषें साध्यनो निर्धार करवो ते। जिम धूमानुमानिं पर्वत ते वह्निवंत ज ए वाक्य। तिम ईहां पर्याय ते औपचारिक ज एहवुं वाक्य५।

ए पंचावयव वाक्य रूप अनुमानि करी पर्यायनिं उपचारपणुं साध्युं इति भावार्थः॥२.६॥

**[मू.]** **आविर्भाव तिरोभाव मात्रिं, परिणमइं द्रव्य ज नान्य रे।**
**उतफणकुंडलितादि अवस्था, नहीं अहिद्रव्यथी अन्य रे॥ श्री.॥२.७॥(१८)**

**[टबार्थ]** हवइं पर्याय नथी तो नवनवें भाविं उपजें छें विणसें छें ते कोंण? ते उपरि कहइं छइं—उत्पत्ति, विनास, मात्रनिं ते ते विशेष बुद्धिनुं जे कहेंवुं तेहनुं कारण ते पर्याइं उपचार करीइं, पणि पारमार्थिक नहीं। परमार्थिं द्रव्य परिणाम तेह ज पर्याय पणि बीजी वस्तु नहीं ते उपरि दृष्टांत-आविर्भाव उत्फणपणें, तिरोभाव विफणपणें तावन्मात्रिं परिणामी अहि फणाटोप-विफण-कुंडलाकार प्रमुख जे अवस्था परिणाम ते सर्प रूप जे द्रव्य तेहथी अन्य नथी। उत्पत्ति विनास तन्मात्रिं परिणमें छइं ते द्रव्य ज पणि पर्याय नही। ते माटइं द्रव्य ज छें पणि पर्याय नही। ते विशेष बुद्धिना कहेंवानुं करण ते पर्याय कहीइं इति भावार्थः॥२.७॥

**[मू.]** **जो द्रव्यथी पर्याय भिन्न, तो होइं अवयव निजमात्र रे।**
**तथा भिन्न देशिं पणि लहीइं, इय ते कल्पितमात्र रे॥ श्री.॥२.८॥(१९)**

**[टबार्थ]** हवें उक्तार्थनें विषे उपपत्ति देखाडें छइ। प्रसिद्धि तो एहवी छे जे द्रव्यना प्रदेश ते पर्याय, जिम पटना अवयव तंतू ते द्रव्यथी भिन्न मानीइं तो ते स्वतंतु ज होइं। अनें छे तो पटसंबद्ध, पणि पटथी व्यतिरिक्त तंतु कोई छइं नही। ते माटें पर्याय पारमार्थिक नहीं इति भावः। तथा वली प्रकारांतरिं उपपत्ति देखाडें छइं- जो द्रव्यथी पर्याय भिन्न होइं तो अवयव पोताना ज होइं। द्रव्यथकी पर्याय भिन्नपणुं मानीइं तो घटादिक द्रव्यथी अन्य देशनें विषें पणि रूपादिक पर्याय पामीइं, अनिं ते तो होइं नहीं। ते माटइं पर्याय ते कल्पितमात्र इति द्रव्यार्थिकमतम्॥२.८॥

**[मू.]** **बीजो पज्जयविषयी मानें, लय परकाशनी वृत्ति रे।**
**तदभाविं द्रव्यह उपचारी, गुण संतानइं निति रे॥ श्री.॥२.९॥(२०)**

**[टबार्थ]** हवइं पर्यायार्थिकनुं स्वरूप कहें छइं। बीजो पर्यायार्थिक नय ते पर्यायनो ग्राहक ते उत्पत्ति-विनासनी मुख्यता मानइं। जेह वस्तुनी उत्पत्ति-विनास तेह ज पारमार्थिक। ईहां पणि पूर्वपरिं अनुमान जाणवुं। ते किम? द्रव्य अपारमार्थिक उत्पत्ति-विनास मानइं। अभावइं वंध्यापुत्रनी परिं इत्यादिक। द्रव्य स्यानें विषें उपचारी? ते कहे छइं-तेह उत्पत्ति-विनासनें अभाविं द्रव्य परमार्थिक नहीं, किंतु औपचारिक। पूर्वापरीभूत जे पर्यायपरंपरा तेहनें विषें द्रव्यनो उपचार करीइं, ते तो नित्य छइं॥२.९॥ (२०)

**[मू.]** **पज्जयथी नहीं द्रव्य अनेरो, तह उवलंभ अभावइं रे।**
**जीवादिकनां ज्ञानादिक गुण, तैलधार परि थावइ रे॥ श्री.॥२.१०॥ (२१)**

**[टबार्थ]** हवइं कह्यां अर्थनी उपपत्ति देखाडें छइं। पर्यायथी द्रव्य कोई अन्य नथी। इहां कोईनि इम आसंका उपजें, जे जीवादिकना ज्ञानादिक गुण ए अनुभविं भेद जाणइं ज छइं, ते उपरि कहइं छइ। जीवादिक ए अनुभव ते वाक्यरूप छें, पणि परमार्थि ज्ञानादिक गुणथी जीव कोई भिन्न नथी। ते उपरि दृष्टांत कहें छइं- [जीव?]ना ज्ञानादिक गुण ए भेद जणाइं छइ ते तो भिन्नपणें अनुभव ना आवे माटइं। ए तो सहुनिं अनुभवसिद्ध छें तोहे तेलनीं धाराए भेदबुद्धिनुं वाक्य कहेंवाइं छें। तिम एह पणि जाणवुं इति भावः। ईहां कोई कहेस्यें जे पर्यायथी द्रव्य भिन्न नथी तो जीवादिकना ज्ञानादिक गुण ईहां षष्ठी किम बोले? ते उपरि कहें छइं-जिम तैलनी धार ईहां धाराथी व्यतिरिक्त कोई तेल छें नहीं तिम ईहां पण॥२.१०॥ (२१)

**[मू.]** **कल्पितमात्रिं षष्ठी संभव, राहुना सिर परि वेद रे।**
**कारणकार्यइं नित्यानित्यइं, संतति गुणनइं भेद रे॥ श्री.॥२.११॥ (२२)**

**[टबार्थ]** इहां कल्पनामात्रिं षष्ठीनो संभव जाणवो पणि वस्तुगति भेद नहीं। ते उपरि दृष्टांत कहें छइं। राहुनुं मस्तक ईहां जिम भेद विना कल्पनामात्रिं षष्ठी बोलीइं छें तिम ईहां पणि जाणवुं।

हवें ईहां कोई कहेंसे जे राहुनुं सिर इत्यादिक स्थलिं कल्पनाइं षष्ठी संभव हो, पणि कथंचित् भेद विना न संभवें। जिम राहु ते धर्मी सिर ते तेहनो धर्म एतलो पणि दार्ष्टांतिके तो गुण अनिं गुण परंपरानें अभेद ज छें। भेदनो कारण कोई धर्मभेद छइं नही, तो कल्पित मात्र पणि गुण विना द्रव्य छें नही, तो किम षष्ठी बोलाइं छइं ? ते उपरि इहां पणि भेद देखाडें छइं-गुणपरंपरा ते कारण छइं अनिं केवल गुण ते कार्य छें। तथा गुणपरंपरा ते नित्य, केवल गुण ते अनित्य। इम गुणपरंपरा अनिं केवल गुणनिं कारणकार्य, नित्यानित्य रूप भेदनां कारण धर्म छइं इति भावः॥२.११॥ (२२)

**[मू.]** **कोइ कहइं दव्व पज्जय नयनिं, संमत दो वि पयत्थ रे।**
**पणि आदिम एकांत अभेदइं, भेदिं अंतिम तत्थ रे॥ श्री.॥२.१२॥ (२३)**

**[टबार्थ]** हवें ईहां मतांतर कहें छइं- कोई कहें छइं जे द्रव्यनयनिं पर्यायनयनिं द्रव्यपर्याय रूप बेहु पदार्थ मान्य छइं, पणि एतलो विशेष जे द्रव्यनय द्रव्यपर्यायनिं अभेदिं मानइं अनिं पर्यायनय द्रव्यपर्यायनिं एकांत भेदें मानइं॥२.१२॥ (२३)

**[मू.]** **तेह मृषा गुणगुणि दोय होवें, पर्यायमात्र अभेदइं रे।**
**भेदइं अंत्यनयइं द्रव्य ग्रहते, द्रव्यार्थिक कुण वेदइं रे ॥ श्री.॥२.१३॥(२४)**

**[टबार्थ]** हवें तेह मत खंडें छइं। एहवुं कहें छें तें जूठुं। तिहां युक्ति कहें छइं। द्रव्य पर्यायनिं एकांत भेदिं मानतें इंद्र-पुरंदरादिक शब्दनी परिं एकार्थता थाइं अनिं पर्यायनयें द्रव्य पर्यायनिं एकांत भेदिं मानतें द्रव्यनय निरर्थक थाइं। द्रव्यनयनुं कार्य जे द्रव्यनुं ग्रहेंवु ते तो पर्यायनयें ज थयुं, तिवारिं द्रव्यनयनिं कुण जाणें? इति भावः॥२.१३॥(२४)

**[मू.]** **एह विशेषावश्यक ग्रंथि, भाष्यो सार विचार रे।**
**यथासूत्र सद्दहणा धरतां, लहीइं भवजल पार रे ॥ श्री.॥२.१४॥(२५)**

**[टबार्थ]** तेह गाथाओ विशेषार्थीइ तिहांथी जाणवी। {ते ग्रंथ विषे तेनो सारो विचार बताव्यो छे अने सूत्र सिद्धांत उपर श्रद्धा करतां भव सायरथी तरी जइ पार पामीइ इति}[१]॥२.१४॥(२५)

**॥इति द्रव्यार्थिक-पर्यायार्थिकस्वरूपम्॥**

## ॥अथैतद्भेदाः॥

(ढाल-३, राग-सामेरी चालि)

**[मू.]** **द्रव्यार्थिकना चउ भेय, श्रीजिनभद्रादि कहेय।**
**नैगम संग्रह व्यवहार ऋजुसूत्र चोथो मनि धारि॥३.१॥(२६)**

**[टबार्थ]** हवइं नयना उत्तरभेद कहें छइं। द्रव्यार्थिक नयना च्यार भेद श्रीजिनभद्रादिक कहें छइं। नैगम१ संग्रह२ व्यवहार३ ऋजुसूत्र४ ए च्यार। हवइं ऋजुसूत्रनें द्रव्यार्थिकपणानी साखि देखाडें छइं।

१. धनुषाकार कौंसगत पाठ को.ब(१०७७८) प्रतमां देखातो नथी.

***उज्जुसुयस्स एगे अणुवउत्ते आगमओ एगं दव्वावस्सयं पुहत्तं नेच्छइ*** त्ति।

अर्थः-ऋजुसूत्रनें मतिं एक ज अनुपयोगी ते आगमथी द्रव्यावश्यक ए नय बहुत्वनें न वांछइं इति। श्रीजिनभद्रगणि क्षमाश्रमण इंम कहें छें। जे ए सूत्रिं ऋजुसूत्र द्रव्यग्राहक कह्यो तो पर्यायार्थिक किम कहिइं ? इति भावः॥३.१॥(२६)

**[मू.]** **एक द्रव्यावश्यक भाखी, ऋजुसूत्र सूत्रिं इति साखी।**
**ऋजुसूत्र विना नय तीन, सिद्धसेनमतिं द्रव्य लीन॥३.२॥(२७)**

**[टबार्थ]** ऋजुसूत्र नय एक द्रव्यावश्यकनो कहेंनार एहवी अनुयोगद्वारनी साखी छइं। ऋजुसूत्र विना नैगम१ संग्रह२ विवहार३ ए त्रिण नय द्रव्यार्थिक। हवें सिद्धसेनसूरिनुं मत कहें छें। अतीत, अनागत, परकीय, भेद पृथक्त्वनें परिहारि ऋजुसूत्र स्वकीय कार्य साधकपणा माटें स्वकीय वर्तमान वस्तुने ज ग्रहें इंम सिद्धसेनसूरि कहें छइं॥

हवें सिद्धसेनसूरिने मते पूर्वोक्त सूत्र दुखाइं ते माटें तेहनुं समाधान कहें छें। उपयोग रूप अंशनिं लेइनिं वर्तमान आवश्यक पर्यायिने विषइं सूत्रिं द्रव्यपदनो उपचार कही बोलाव्यो ए समाधान। जे माटइं पर्यायनय मुख्य द्रव्य पदार्थनो ज निषेधक छे, उपचारिक द्रव्यनो निषेधक नही इति भावः॥३.२॥(२७)

**[मू.]** **ए सदावश्यक पर्यायइं, द्रव्य पद उपचार कहायइं।**
**शब्द समभिरूढ एवंभूत, पर्यायार्थिकिं अनुस्यूत॥३.४॥(२८)**

**[टबार्थ]** एह छतो जे आवश्यक पर्याय तेहनें विषें द्रव्यपदनो उपचार कहें छे। शब्द, समभिरूढ, एवंभूत ए त्रिण नय पर्यायार्थिकिं संबद्ध छइं॥३.४॥(२८)

**[मू.]** **सिद्धसेन मतिं नय च्यार, पर्यायार्थिकना प्रकार।**
**ए उत्तर भेद छें सात, तत्त्वारथ पमुहथी ज्ञात॥३.५॥(२९)**

**[टबार्थ]** हवें सिद्धसेनसूरि मतिं पर्यायार्थिकना भेद कहें छेइं। सिद्धसेनसूरि मतिं ऋजुसूत्रादिक च्यार नय पर्यायार्थिक जाणवा। ए बे मूल भेदना सात उत्तर भेद तत्त्वारथ प्रमुख ग्रंथ थकी जाण्या॥३.५॥(२९)

**[मू.]** **एकत्विं अंतिम नय तीन, शबद नामिं अंतरलीन।**
**आदेशंतरि तत्त्व पंच, एहनो छें बहुल प्रपंच॥३.६॥(३०)**

**[टबार्थ]** हवें प्रकारांतरें कहें छें। अभेद विवक्षाइं छेहला नय त्रिण शब्दनय नामिं ज अंतर्भूत थया। जे माटइं शब्दना वाचक छइं। त्यारिं वाचनांतरिं पांच नय कहीइं। छेहला त्रिण नयनि एकठा मेली एक शब्दनय ज कहीइं ते माटइं। एहनो बहु विस्तार छइं॥३.६॥(३०)

**[मू.]** **भेदाभेद तणी विवक्ष्याइं, प्रत्येकिं नय सत सत थाइं।**
**सप्तभंगी जो अभ्यासइं, तो समकित वासना वासइं॥३.७॥(३१)**

[टबार्थ] ते देखाडे छइं। भेद अनिं अभेदनी विवक्षाइं प्रत्येकिं इकेकाना नय सो सो थाइं। एक पदार्थनिं भेदाभेद सद्दहणा सप्तभंगीना अभ्यास विना न होइं इति भावः। हवें भेदाभेदनी विवक्षा देखाडे छइं। तिहां सप्तभंगीनो जो अभ्यास करइं तो समकितनी वासना आवें, नही तो एकांतवादी थाइं॥३.७॥(३१)

[मू.] **मुख्यवृत्तिं द्रव्यार्थिक, गुणगुणिनइं अभेदिं कथक।**
**अन्योन्यइं जे तस भेद, उपचार बलिं ते वेद॥३.८॥(३२)**

[टबार्थ] मुख्यताइं द्रव्यार्थिक नय द्रव्य पर्यायनिं अभिन्न मानइं, तेहनिं माहोमांहें भेद ते उपचारिं मानइं॥३.८॥(३२)

[मू.] **पर्यायार्थिक मुख्यवृत्तिं, भेद मानइं तेहनो नित्तिं।**
**उपचारिं तास अभेद, मनि धारो धरिअ उमेद॥३.९॥(३३)**

[टबार्थ] पर्यायार्थिक नय मुख्यताइं भेद मानइं गुण अनिं गुणिनो सदाइं, उपचारिं तेहनिं अभेद मानइं। एहवुं मनें धारवुं हर्ष धरीनिं। द्रव्यनयनीं मुख्यताइं अभेदनी मुख्यता अनिं भेदनो उपचार। पर्यायार्थिकनी मुख्यताइं भेदनी मुख्यता अनिं अभेदनो उपचार इति भावः॥३.९॥(३३)

[मू.] **ग्रहइं मुख्य अमुख्य प्रकार, नय जे दोय धर्म प्रचार।**
**कलपीजें ते अनुसार, तस वृत्ति अनें उपचार॥३.१०॥(३४)**

[टबार्थ] ग्रहें मुख्य अनिं गौण प्रकारिं जे नय छइं धर्म छइं[1] तेहनिं अनुसारिं कलपीइं ते धर्मनी मुख्यता अनिं उपचार॥३.१०॥(३४)

[मू.] **भिन्न विषय न भासइं जेह, नय ज्ञानमां सरवथा तेह।**
**परनय निरपेखी माटइं, जावें मिथ्यामतिं वाटइ॥३.११॥(३५)**

[टबार्थ] इंम मुख्य-गौणता न कल्पें तो एकांतवादी थाइं ते कहें छइं। जिम द्रव्यनिं पर्याय, पर्यायनिं द्रव्य अथवा भेद विवक्षाइं अभेद अभेद विवक्षाइं भेद इत्यादि भिन्न विषय न भासइं जेह नय ज्ञानमांहिं सर्वथा तेह नय परनय पोताथी विरुद्ध नयना निषेधक माटइं मिथ्यात्वनें अनुसरिं॥३.११॥(३५)

[मू.] **एह छें महाभाष्यें विचार, संमति संमतपणि धार।**
**स्यादवाद मतिं अनुसरीइं, जिम शिववधू लीलां वरीइं॥३.१२॥(३६)**

[टबार्थ] ए अर्थ विशेषावश्यकें कह्यो छइं। ते गाथा-

***एवं सविसयसच्चो, परविसयपरम्मुहो नओ जो उ।***
***न नएसु न समुब्भइ, न य समयासायणं कुणइ॥*** त्ति॥३.१२॥(३६)

**॥इति मूलनयजातिभेदकथनम्॥**

---

१. नइं को.ब(१०७७८),

## ॥अथ सप्तनयदृष्टांतकथनम्॥

(ढाल-४, राग-मारूणी, राय पदमरथ ए देशी)

[मू.] **ए नय सप्त कहेइं विसुद्ध यथाक्रमि रे, प्रस्थक वसति प्रदेश।
दृष्टांति करी भावो निज अनुभव करी रे, निसुणी शास्त्रनो लेश।
भविजन सांभलो जी नय समुदाय आयति समुदायनो कारको रे॥ ४.१॥(३७) (आंचली)**

[टबार्थ] हवें नयना दृष्टांत कहइं छइं। एह सात नय यथोत्तर विसुद्ध होइं। ते पाइली वसति प्रदेश ए त्रिणि दृष्टांत करीनिं भावो पोताना अनुभव साथिं शास्त्रनो लेश सांभलीनिं। सर्वनय उत्तरकालनें विषें सम्यक् प्रकारिं उदयनो करनार छइं। मोक्षनो प्रापक छइं। सम्यक्त्व रूप छें एतला माटइं॥४.१॥(३७)

[मू.] **वनगम दारु छेदन छोलन कोरवइं रे, मृदुकरणिं उदभेद।
एह स्थलिं नैगम व्यवहारह नय तणो रे, सुद्ध यथोत्तर भेद॥ भ०॥४.२॥(३८)**

[टबार्थ] प्रथम नैगम नयनो दृष्टांत देखाडें छइं। जिम कोईक पुरुष पालीनें अर्थे वनमां जाइ काष्ट छेदइं छोलइं, कोरइं, सुकुमाल करें यावत् पाइली नीपजइं। एक कालस्थानकनें विषइ नैगम अनिं व्यवहार ए बें नय कारणिं कार्योपचार कही बोलावइं। आगल्या आगल्या भेद शुद्ध जाणवा॥४.२॥(३८)

[मू.] **संग्रहचित्तऽमित धान्यादिक भृतनिं कहें रे, नहीं न्यूनाधिक रित्त।
मानमेयोभयनिं ऋजुसूत्र कहइं नहीं रे, ए किं मानोपपत्ति?॥भ०॥४.३॥(३९)**

[टबार्थ] हवें संग्रहनय केहाने पाली कहे छे ते बतावे छे। संग्रहनय ते पालीपणें नीपनी वस्तु ते पणि मानोपेत सघलें अंसे सरखी, अमेय वस्तुइं भरी तेहनिं पाली कहें। जे माटें ए नय सुद्ध छे। कारणिं कार्योपचार अनिं कार्य अणकरवा वेलाइं पालीनिं न मानें। उछी अधिकी अथवा रिक्त तेहनि पाली न मानइं। हवें ऋजुसूत्र बोलें छइं। ऋजुसूत्र नय ते मान जे पाली, मेय जे धान्यादिक ए बेहुनिं पाली कही बोलावइं॥ ऋजुसूत्र तो अर्थ क्रिया साधक पर्यायनिं ज मानें इति भावः। जे माटइं अनेरा एकें विना माप न थांइइ॥४.३॥(३९)

[मू.] **प्रस्थक भाविं परिणत आतम प्रस्थको रे, शब्दादिक मत एह।
प्रस्थक ज्ञाअक प्रस्थक करतृक ज्ञानथी रे, नहीं अतिरिक्त को तेह॥भ०॥४.४॥(४०)**

[टबार्थ] प्रस्थक भाविं परिणम्यो जे आत्मा ते ज प्रस्थक कहीइं। मबीइं(प्रमीइं) जेणें करी ते प्रमाण एहवी करण व्युत्पत्तिं करी परिच्छेद रूप जे जीवस्वभाव तेह ज प्रमाण कहीइं। ते तो जीवथी भिन्न नथी ते माटइं जीव तेह ज प्रस्थक कहीइं। जे माटें अछतें पणि प्रस्थकादिकें धान्यराशि दीठइं थकें जे धान्यकलन शक्तिवंतनिं अथवा अतिसय ज्ञानिं प्रस्थक परिच्छेद बुद्धि थाइं छें। अनिं नालिकेरद्वीपादिकथी आव्यानें छतें पणि प्रस्थकादिकिं प्रस्थकपरिच्छेद बुद्धि नथी उपजती ते माटें

काष्टमय मान ते अनेकांत जाणवा अनिं प्रमाणना कारण माटें ते काष्टमयनिं प्रस्थकादिक मानरूपपणूं कहीइं तो प्रमेय जे धान्यादिक तेहनिं अप्रमाणपणुं कहीउं जोईइ। ते माटइं प्रस्थक ज्ञान तेह ज प्रस्थकप्रमाण जाणवुं इति भावः। जे माटइं प्रस्थकनो जाणनार अनिं प्रस्थकनो करनार अन्य कोई प्रस्थक छें नही॥४.४॥(४०)

[मू.] **लोकप्रभृति गृहकोण लगिं निवसन कहें रे, नय नैगम व्यवहार।**
**संग्रह संथारावृत्त क्षेत्रप्रदेशकिं रे, अन्य सकल उपचार॥भ०॥४.५॥(४१)**

[टबार्थ] हवें वसति दृष्टांत कहें छइं। लोक आदि देई यावत् गृहकोण तिहां लगिं वसवुं मानइं नैगम अनिं व्यवहार नय। संग्रह नय कहइं- संथारइं आवर्या जें आकाशप्रदेश तेतलें ज वसति कहइं, बीजा गृहकोण लगें जे वसतिभेद कह्या ते उपचार जाणवां॥४.५॥(४१)

[मू.] **जे आकाश प्रदेशइं स्वय अवगाढ छें रे, ऋजुसूत्र मांनिं तिहां य।**
**तेह पणि वरतमान सामायिकी जाणवी रे, प्रतिष्पि(क्ष)ण थिरता किहांय?॥ भ०॥४.६॥(४२)**

[टबार्थ] जे आकाशप्रदेशिं पोतें अवगाढ छइं तेह वसति संथारें आवर्यो जे आकाशप्रदेश तिहां जो वसति मानीइं गृहकोणादिकिं पणि मानी जोईइं। संथारावृत्त आकाश प्रदेशिं संस्था(था)रें ज अवगाढ छइं पणि पोतें नहीं इति भावः। पूर्वोक्त वसति कही ते पणि वर्तमान समयनी जाणवी। जे माटें ऋजुसूत्रनें अतीत अनागतनुं मानवुं नथी। ऋजुसूत्र नय मानें ते उपरि हेतु कहें छइं। समय समय प्रतिं आत्मप्रदेशनिं स्थिरता नथी। जे माटइं प्रति समयें चलोपगरण माटे तेतला ज आकाशप्रदेशनें विषइं अवगाहवानो संभव छे॥४.६॥(४२)

[मू.] **आतमभाविं आतमवसतिं न परद्रव्यें रे, इंम शब्दादिक भाव।**
**विण संबंधिं नही अन्यनो अन्य स्थलिं रे, आधाराधेयभाव॥ भ०॥४.७॥(४३)**

[टबार्थ] हवें शब्दादिकनुं मत कहें छइं। आत्म स्वरूपनें विषें आत्मानी वसति, पणि परद्रव्यें नहीं इम शब्दादिकनय कहें छें। तेह उपरि हेतु कहें छइं। ए नय परसंघातिं संबंधनिं न मानें। तादात्म अनिं तदुत्पत्तिमांहिं एकेंनी अनुपपत्ति ते माटें संबंध विना अन्य द्रव्यनो अन्य द्रव्यनें विषइं आधाराधेयभाव न होइं। इति वसतिदृष्टांत॥४.७(४३)

[मू.] **पंचास्तिकायनिं देश ए छतो प्रदेस छइं रे, इंम नैगम कहणहार।**
**देश विना पंचनो हुइं कहइं संग्रह नयो रे, पणविह इति व्यवहार॥ भ०॥४.८॥(४४)**

[टबार्थ] हवइं प्रदेश दृष्टांत कहें छें।[1] धर्म१ अधर्म२ आकाश३ पुद्गल४ जीव५ ए पंचास्तिकाय। प्रदेश ते स्कंधसंबद्ध ज निर्विभाज्य भाग, अनिं पांच अस्तिकायनो प्रदेश प्रसिद्ध ज छें। देशनो अवयव प्रदेश छें ते माटें एह तथा छठो देश जे खंधनो अवयव रूप ए छतो प्रदेश होइं तो पणि प्रदेश कहीइं इति

१. नैगम संग्रह तथा व्यवहारना मत कहे छे। मु.

भावः।[१] ए नैगम नयनुं मत कहें छें। देशनो प्रदेश न कहीइं। 'दासेन मे[२]' ए न्याय माटें। देशनिं पर संबद्ध माटें पोतानो प्रदेश न कहेंवाइं। ते माटें पांच अस्तिकायनो ज प्रदेश होइं। इंम संग्रह नय कहें छइं। हवें व्यवहार नय कहें छइं। पांचनो[३] तो(जो) कहीइं तो पांचनो साधारण होइं जेम पांचनु धन तिम ए नथी, ए तो प्रत्येकिं संबंध छें माटें पांच प्रकारनो प्रदेश इति भावः। पांच प्रकारि प्रदेश होइं इम व्यवहार कहें छें॥४.८॥४४॥

**[मू.]** **प्रत्येकिं पणविधनी होइं प्रसंजना रे, इति ऋजुसूत्र कहेय।**
**ते माटें पंचनो भजनाइं भाखवो रे, हवइं शबद वदेय॥ भ०॥४.९॥(४५)**

**[टबार्थ]** हवें ऋजुसूत्र नय कहें छें। जो पंचविध प्रदेश कहीइं तो पंचास्तिकायना प्रदेश माटे पांचेनिं पंचविध एहवी प्रसक्ति थाइं। इम ऋजुसूत्र कहइं छइं। ते माटें पांच अस्तिकायनो स्यात् पद योगिं कहेंवो। 'स्याद् धर्मास्तिकायस्य', 'स्याद् अधर्मास्तिकायस्य' ए प्रकारिं कहेंवो। हवें शब्दनय कहें छइं॥४.९॥४५॥

**[मू.]** **तेहनइं विषइं तथा तेह ज तेहनो प्रदेशको रे, अन्यथा न होइं निरदेश।**
**समभिरूढ वदइं होइ सप्तमी भेदिका रे, तेह ज तेहनो प्रदेश॥ भ०॥४.१०॥(४६)**

**[टबार्थ]** तेहनें विषें धर्मास्तिकायरूप धर्मास्तिकायनो प्रदेश। इंम पांचेंनिं जाणवुं। नहीं तर धर्मास्तिकायनो प्रदेश अधर्मास्तिकायनिं विषे होइ इत्यादिक प्रसंजना होइं। हवें समभिरूढ कहें छइं। सप्तमी भेदिं होइं। 'कुंडे बदर' इत्यादिकनें विषइं कुंडथी बदर भिन्न जणाइं तिम इहां सप्तमीइं धर्मास्तिकायादिक थकी धर्मास्तिकायादिकनो प्रदेश भिन्न जणाइं ते माटें धर्मास्तिकायादिक तेहज धर्मास्तिकायनो प्रदेंश इम कहेंइ॥४.१०॥४६॥

**[मू.]** **एवंभूत मतिं सवि द्रव्य अखंडका रे, नही देशादि प्रकार।**
**इमं दृष्टांत घटादिक द्रव्यिं भावतां रे. होइं सुमति विस्तार॥भ०॥४.११॥(४७)**

**[टबार्थ]** हवें एवंभूत कहें छें। देशी ते देश इंम कर्मधारय कीधें वृक्षपादप इत्यादिकनी परिं एकार्थता थाइं ते माटें देशीमात्र अथवा देशमात्र अखंड वस्तु मानवुं, पणि देश प्रदेश कल्पना नहीं। ते माटें एहनें मतिं कर्मधारय पणि युक्त नही इति भावः। सर्वद्रव्य अखंडित छइं। देश-प्रदेश कल्पना ते व्यर्थ। ए त्रिण दृष्टांत कह्या ते घटादिक द्रव्यें पणि भावतां थका नयनें विषें बुद्धि प्रकास थाइं॥४.११॥(४७)

**॥इति सप्तनयदृष्टांतदर्शनम्॥**

---

१. हवइं प्रदेश दृष्टांत कहें छें। धर्म१ अधर्म२ आकाश३ पुद्गल४ जीव५ ए पंचास्तिकाय। तथा छठो देश जे खंधनो अवयव प्रदेश ते स्कंधसंबद्ध ज निर्विभाज्य भाग, अनिं पांच अस्तिकायनो प्रदेश प्रसिद्ध ज छें। देशनो अवयव प्रदेश छें ते माटें एह तथा जे बंधनो अवयव रूप ए छतो प्रदेश होइं। ए नैगम नयनुं मत कहें छें। मु.

२. दासेन मे खरः क्रीतो दासोऽपि मे खरोऽपि मे।

३. प्रदेश अधिक मु.

## ॥अथ नैगमस्वरूपकथनम्॥

(ढाल ५, राग सारिंग मल्हार, ईडर आंबा आंबली रे ए देसी)

**[मू.]** **हवें नैगमादिक नयतणां रे, लक्षण विवरी कहेस।**
**विण लक्षण किम जाणीइं रे, वस्तु स्वरूप विसेस॥**
**चतुर नर निसुणो श्री जिनवाणि, ए तो सवि नय रयणनी खाणि॥ चतुर.॥५.१॥(४८)**
**(आंचली)**

**[टबार्थ]** हवें[१] नैगमादिक नयमां प्रत्येकिं लक्षण कहीस। लक्षण ते असाधारण धर्म। ते लक्षण कह्या विना किम जणाइं वस्तुनं विशेष स्वरूप[२]?॥४८॥

**[मू.]** **निगम नाम संकल्पको रे, तद विषई अभिप्राय।**
**ते नैगम नय भाखिइं रे, क्रम विसुद्ध बहुधाय॥ चतुर.॥५.२॥(४९)**

**[टबार्थ]** निगम कहीइं संकल्प कारणें कार्योपचाररूप ते ग्राही जे अभिप्राय ते नैगम नय कहीइं। {अने} अनुक्रमिं आगलो आगलो विसुद्ध जाणवो॥५.२॥४९॥

**[मू.]** **सामान्यनिं विशेषनिं रे, मानइं युगति तस एह।**
**नित्य अखंड अनेकगं रे, होइं सामान्यह तेह॥ चतुर.॥५.३॥(५०)**

**[टबार्थ]** एहनुं मति विवरइं छइं। सामान्य पदार्थ अनिं विशेष {बेहु} पदार्थ मानें। ए बेऊनिं ए नय तेहनी युगति आगलि कहीइं छइं तेह। तिहां प्रथम सामान्यनुं लक्षण कहें छें। ए दृष्टांतिं देखाडे छें। त्वशब्दें वाय(च्य) जिम अनइंक घट तेहनें विषें घटपणुं ते सामान्य कहीइं। ते घट नासिं पणि नास न पामें ते माटें नित्य। अनें अनेक घटनें विषें घटपणुं एक ज छें। अने ते घटपणुं सर्व घटनें विषइं व्याप्त छइं। इति लक्षणयोजना। नित्य एक अनिं अनेक व्यापी एहवुं सामान्य होइं॥५.३॥(५०)

**[मू.]** **एकाकार प्रत्यय तणो रे, हेतु द्रव्यादिक वृत्ति।**
**नहीं तो भिन्न विलक्षणिं रे, किम सत् इति अनुवृत्ति?॥ चतुर.॥५.४॥(५१)**

**[टबार्थ]** सरखी बुद्धिनुं कारण द्रव्य गुण कर्मनें विषइं वरतें ते पूर्वोक्त सामान्य जाणवुं। माहोमाहिं भिन्न लक्षण अनिं स्वरूपिं पणि भिन्न एहवा जे द्रव्य गुण नें कर्म तेहनें विषइं सत् एहवी एकाकार बुद्धि प्रवर्तें छें तेहनुं कारण ते सामान्य ते द्रव्यादिकथी भिन्न छइं इति भावः। किम सत् एहवी एकाकार बुद्धि थाइं छें? जो सत्ता सामान्य द्रव्यादिकथी भिन्न न होइं तो भिन्न अनिं विलक्षण जे द्रव्यादिक तेहनें विषें एकाकार बुद्धि तोहि ज थाइं जो तिहां कोईक सामान्य ते पदार्थ छइं इति भावः॥५.४॥(५१)

---

१. ए प्रमाणे सप्तनयना दृष्टांत कह्यां। हवें नैगम स्वरूप कहे छें। अधिक मु.

२. नहि माटे लक्षण बतावे छे अधिक मु.

**[मू.]** **इंम गोत्वादिक मानवा रे, पणि सामान्य विशेष।**
**स्वजातीय विजातीइं रे, वृत्ति व्यावृत्ति विशेष॥ चतुर.॥५.५॥(५२)**

**[टबार्थ]** जिम सत् सामान्य कहिउं तिम गोत्वादिक पणि जाणवां। पणि एतलो भेद-सत्ता ते महासामान्य कहीइं अनिं गोत्वादिक ते सामान्य-विशेष कहीइं। विशेष ते परथकीं व्यावृत्ति बुद्धिनुं कारण। ते लक्षण आगली गाथाइं कहेंसें। सत् ए महासामान्य कहीइं द्रव्यादिक त्रिण्येंनें विषें व्यापक माटें। अने गोत्वादिक ते सामान्य-विशेष कहीइं। जे माटि सर्व गोने विषइं अनुगत बुद्धिना कारण माटें सामान्य कहीइं। अनिं अस्वादिक थकी निवर्तन बुद्धि माटें विशेष कहीइं। अनिं सत्ता ते कोईथी व्यावर्तक नथी इति भावः। तिहां हेतु कहें छइं। गो तिं स्वजातीय अपर सर्व गोपिंड, विजातीय अस्वादिक तेहनें विषें अनुक्रमिं वर्तवुं अनिं निवर्तवुं थाइं छें ते माटें॥५.५॥(५२)

**[मू.]** **तुल्य संस्थानादिक छतें रे, होइ व्यावृत्ति बुद्धि।**
**तस कारण परमाणुइं रे, वरती विशेषनी शुद्धि॥ चतुर.॥५.६॥(५३)**

**[टबार्थ]** हवें विशेष पदार्थनुं लक्षण कहें छइं। संस्थान, गुण, क्रिया, एकदेश, अतीतानागतत्व एतलां सरिखां छतें पणि भिन्न बुद्धि थाइं छइं। ते बुद्धिनुं कारण परमाणुआनें विषें विशेष कहीइं। वैशेषिक मतिं परमाणु परिमंडलसंस्थानिं छइं। ते आकार सर्व परमाणुनिं सरखो छें। तोहिं पणि योगीनिं भेद ग्राहिका बुद्धि थाइं छें तेहनुं कारण ते विशेष पदार्थः। ते द्रव्यादिकथी भिन्न छें। इंम सर्व पार्थिव परमाणुआ सरखा गुणना छें। अग्निना उर्द्ध्वत्व लक्षण एकक्रियावंत छइं। इम वायुना तिर्यग्गमन क्रियावंत छें। तथा ए[क] आकाशप्रदेशथी जिवारिं एक परमाणुओ स्थितिक्षयें अन्य प्रदेशें जाइं तिवारें ज अन्य परमाणु स्थिति उत्पत्ति ते आकाशप्रदेशे आवी रहें। ते एक देशातीतानागतत्वं ए वैशेषिक प्रक्रियाइं जाणवुं। ए गुणक्रियादिक पणि सरखै हुंतें परमाणुइं भिन्न बुद्धिनुं कारण ते विशेष पदार्थ इति भावः॥५.६॥(५३)

**[मू.]** **हवइं सिद्धांती वदइं यदा रे, सामान्य बुद्धिनुं हेत।**
**सामान्य तो गोत्वादिकिं रे, तह विशेषिं लहेत॥ चतुर.॥५.७॥(५४)**

**[टबार्थ]** हवइं सिद्धांतवादी कहें छइं। सामान्य बुद्धि वचननुं कारण सामान्य मानीइं तो गोत्वादिक जाति तथा विशेषनें विषें सामान्य मान्युं जोईइं। जिम अनेक गोपिंडने विषइं 'अयं गौः' 'अयं गौः' एह एक बुद्धिनुं कारण ते सामान्य तिम गोत्वादिक सामान्यिं पणि 'ए गोत्वजाति' 'ए अस्वत्व जाति' इत्यादिक जातिरूप एक बुद्धि थाइं छइं। तथा 'अयं विशेषः' 'अयं विशेषः' एहवी एक बुद्धि थाइं छें। ते माटें गोत्वादिक जातिं अनिं विशेषिं सामान्य मानिवुं जोईइं इति भावः॥५.७॥५४॥

**[मू.]** **जो जेणिं विशेषीइं रे, बुद्धि वचन ते विशेष।**
**तो पर-अपर सामान्यनिं रे, मान्यो जोईइं विशेष॥ चतुर.॥५.८॥(५५)**

**[टबार्थ]** जो जेणिं करी जेहनें विषें विशेष बुद्धि ऊपजें ते विशेष कहीइं। तो परसामान्यें जे सत्ता सामान्य अपर

सामान्य जे गोत्वादिक तेहनें विषें गोत्वादिक मान्यो जोईइं।

जिम तुल्य संस्थानादिक छतें पणि परमाणुइं भिन्न बुद्धिनुं कारण विशेष मानो छो तो पर सामान्यें अपर सामान्यथी भिन्नतानी बुद्धि ऊपजें छइं। अनिं अपर सामान्यिं पर सामान्य थकी भिन्नता बुद्धि ऊपजें छइं। ते माटें पर-अपर सामान्यें पणि विशेष मान्यो जोईइं छइं इति भावः॥५.९॥(५५)

[मू.] **ते माटइं जे वस्तुनो रे, होइं समान परिणाम।**
**ते सामान्य जे विसदृशो रे, तेह विशेषनुं नाम॥चतुर.॥५.१०॥(५६)**

[टबार्थ] इणी रीतिं सामान्य विशेषनें निराकरी हवें यथास्थित कहें छें। ते माटें अनेक वस्तुनो जे सरखो परिणाम होइं ते सामान्य कहीइं। अनेक वस्तुनें विषें जूदो जूदो परिणाम तेह विशेष कहीइं॥५.१०॥५६॥

[मू.] **अनुवृत्ति व्यावृत्ति बुद्धिनो रे, हेतु तेह ज परयाय।**
**इति अरथांतर वस्तुथी रे, किम एकांतिं कहाय॥चतुर.॥५.११॥(५७)**

[टबार्थ] एकाकार बुद्धि अनें भिन्न बुद्धि तेहनुं कारण तेहज सामान्य विशेष रूप पर्याय जाणवो। एटला माटे सामान्य विशेष ते अन्य पदार्थ द्रव्यरूप वस्तु थकी हुंती किम एकांतिं कहीइं? परयायनिं द्रव्य थकी कथंचित् अभेद माटइं इति भावः॥५.११॥५७॥

[मू.] **एह विशेषावश्यकिं रे, छइं सघलो विस्तार।**
**नैगम निक्षेपा तणा रे, मानइं च्यार प्रकार॥चतुर.॥५.१२॥(५८)**

[टबार्थ] एह विशेषावश्यकिं कह्यो छें सघलोइं विस्तार विशेषार्थीइं तिहांथी जोवुं। हवें नैगमनय केतला निक्षेपा मानें ते कहइं छें। नैगमनय नाम१ स्थापना२ द्रव्य३ भाव४ रूप च्यारें निक्षेपा मानें छइं। ते देखाडें छें॥५.१२॥(५८)

[मू.] **घट इति नाम ते घट ज छें रे, वाच्य-वाचकनइं अभेदि।**
**होइं नियत पदसकतिनो रे, एकांत अभेद उछेद॥ चतुर.॥५.१३॥(५९)**

[टबार्थ] घट एहवुं जे नाम ते घट ज कहीइं। अर्थ अनिं शब्द कथंचित् अभेद छें माटें। जे पदिं जे अर्थ वाच्य ते नियत पदशक्ति कहीइं। अनिं वाच्य वाचकनिं एकांत भेद मानीइं तो तेह नियत पदशक्तिनो उछेद थाइं।

घट ते पार्थिवपुद्गलरूप छइं। शब्द तो भाषापुद्गलरूप छें तो ते बेहुनिं किम अभेद कहीइं? तो ते उपरि उपपत्ति देखाडें छइं। घट शब्दें घट पदार्थनो बोध थाइं छइं। तिहां पटनो बोध नथी थतो। तो जाणइं छइं जे घट शब्द अनिं घट पदार्थनिं किंचित् अभेद छइं इति भावः। इति नामनिक्षेपकसिद्धिः॥५.१३॥(५९)

**[मू.]** **तुल्य परिणामपणा थकी रे, घटाकार घट एव।**
**मृत्पिंडादिक द्रव्य घडो रे, ते पणि घट ज कहेव॥चतुर.॥५.१३॥(६०)**

**[टबार्थ]** सरिखा परिणामपणें करी घटनो आकार तेह घट ज कहीइं। इति था(स्था)पनासिद्धिः। मृत्पिंडादिक जे घटनुं कारण तेह पणि घट ज कहीइं॥५.१३॥(६०)

**[मू.]** **परिणाम-परिणामि भावनी रे, अन्यथा न होइं उपपत्ति।**
**भाव घटइं घटपदतणी रे, असंदिग्धपणें वृत्ति॥ चतुर.॥५.१४॥(६१)**

**[टबार्थ]** ते उपरि हेतु कहें छइं। घटरूप कार्य ते परिणाम, मृत्पिंडरूप कारण ते परिणामी। ए संबंधनुं कारण कार्यनिं भेद मानें ते(तो) घटमानपणुं न होइं। इति द्रव्यनिक्षेपकसिद्धिः। भावघटनें विषें तो घटपदनी संदेह रहित ज शक्ति छइं। भावघटनें तो सहूइं घट मानें छें तिहां उपपत्ति सी देखाडवी?॥५.१४॥(६१)

**[मू.]** **भावनिक्षेपो मांनतइं पणि, नहि द्रव्यार्थिक हाणि।**
**परतंत्रइं पज्जाय गहइं रे, श्रीभद्रबाहुनी वाणि॥चतुर.॥५.१५॥(६२)**

**[टबार्थ]** ईहां कोई कहेंसें जे भाव तो पर्याय कहीइं अनिं तेहनिं मानतें हुंतें नैगमनिं पर्यायार्थिकता थाइं। तो ते ऊपरि कहइं छइं। नैगम नयनिं भावनिक्षेपो मानतें पणि द्रव्यार्थिकपणानी हाणि नही। जे माटें द्रव्यार्थिक पणि उपचारिं पर्यायनिं मानें। श्रीभद्रबाहुस्वामिं कह्युं छे आवश्यक निर्युक्तिं। गाथा—
***जीवो गुणपडिवन्नो नयस्स दव्वट्ठियस्स सामाईयं॥*** इति॥
जीव समभावरूप गुणसंयुक्त ते द्रव्यार्थिकनयनें लेखें सामायक कहीइं इति अर्थः॥५.१५॥(६२)

**[मू.]** **प्रत्येकिं नामादिका रे, सामान्यग्राही एक।**
**वंछइं विशेषग्राही तथा रे, भिन्न विगति अनेक॥चतुर.॥५.१६॥(६३)**

**[टबार्थ]** हवें समय नामादिक निक्षेपा केतली संख्याइं मांनइं ते कहइं छइं। नैगम सामान्य अनिं विशेष बेहुनिं मानें तेणिं नैगम बे प्रकारेंनो। तिहां सामान्यग्राही नैगम तो अनेक घटनें घटत्व रूपिं संग्राह्या माटें एक ज मानें। प्रत्येकिं नामादिक ४(च्यार) निक्षेपाइं सामान्यग्राही नैगम इकेकी संख्याइं मानइं। विशेषग्राही नैगम ते जूदी जूदी अनेक व्यक्तिनें मानें इति भावः॥५.१६॥(६३)

**॥इति नैगमनयलक्षणस्वरूपकथनम्॥**

## ॥अथ नामादिचतुर्निक्षेपस्वरूपकथनम्॥

(ढाल-६, राग-परजीओ, सीता हरी रावण जब आव्यो ए देशी)

[मू.] **इहां प्रसंगिं विवरी कहइं, निक्षेपानो विचार रे।**
**जेहनो अनुयोगद्वारिं बोल्यो, सवि वस्तुइं अधिकार रे॥**
**सुणो प्राणी रे जिनवाणी गुणनी खाणी रे॥६.१॥(६४) आंचली**

[टबार्थ] ईहां नयना अधिकारमाहें निक्षेपानो प्रसंग आव्या माटें विवरीनिं विचार कहीइं छइं। जेह निक्षेपानो अनुयोगद्वारसूत्रिं सर्व वस्तुइं अधिकार बोल्यो छइं। यतः—
***जत्थ य जं जाणिज्जा, निक्खेवं निक्खिवे निरविसेसं।***
***जत्थ य नो जाणिज्जा, चउक्कयं निक्खवे तत्थ॥६.१॥(६४)***

[मू.] **नाम जे वस्तुतणुं अभिधानक, थापना तस आकार रे।**
**भूतभावी भावनुं जे कारण, तेह द्रव्य मनि धारि रे॥ सुणो०॥६.२॥(६५)**

[टबार्थ] नाम निक्षेपो ते कहीइं जे शब्दें वस्तु घटादिकनें बोलावीइं। थापना कहीइं ते वस्तुना आकारनिं। थयो अनिं थासें जे पर्याय तेहनुं कारण ते द्रव्यनिक्षेप मनिं धरवो॥६.२॥(६५)

[मू.] **कार्यापन्न ते भाव कहीजइं, ए चउ वस्तुना धर्म रे।**
**वाच्य-वाचकभाविं भाव संबद्ध, नाम तणो ए मर्म रे॥ सुणो०॥६.३॥(६६)**

[टबार्थ] कार्यपणें परिणम्यो ते भाव कहीइं। ए च्यारें निक्षेपा घटादिक वस्तुना धर्म। तिहां हेतु कहें छे। वाच्य ते अर्थ वाचक ते शब्द वाच्य-वाचकसंबंधिं भावनें विषइं नाम संबद्ध छे॥६.३॥(६६)

[मू.] **थापना सम परिणामपणें करी, परिणामि ताइं द्रव्य रे।**
**एम विशेष परस्परि भावी, कीजइं निजमति भव्य रे॥ सुणो०॥६.४॥(६७)**

[टबार्थ] थापना सरिखें परिणामिं परिणम्या माटें भाव संबद्ध छइं। द्रव्य परिणामी माटें परिणामरूप भावें संबद्ध छइं। इंम माहोमाहिं विशेष जाणी आपणी मतिनो विस्तार कीजें॥६.४॥(६७)

[मू.] **नामनइं वंछइं शबद नयवादी, वस्तु स्वरूप प्रशस्त रे।**
**तत्प्रत्यय हेतु माटइ धरम परि, नाम रहित नहीं वस्त रे॥सुणो०॥६.५॥(६८)**

[टबार्थ] सुगतमतना अनुसारी अर्थनें विषें शब्द नथी एहवा वचन थकी नामनिं वस्तुनो धर्म ज नथी मानता। ते प्रतिं कहइं छइं। नामनइं वांछइं छइं शब्दनयवादी जे वस्तुनो मुख्य धर्म छइं ते वस्तुनुं जे ज्ञान तेहना कारण माटें पोताना धर्मनी परइं। एतलें अनुमान प्रमाण साध्युं इति। नाम विना कोई वस्तु छें नहीं॥६.५॥(६८)

[मू.] **लक्ष्य लक्षण व्यवहार शबदधी, क्रिया सवि तदधीन रे।**
**शबदनयइं इम निज मति थाप्यइं, थापनानय वदइं पीन रे॥सुणो०॥६.६॥(६९)**

[टबार्थ] तिहां नामनें वस्तु धर्मतानी मुख्यता विशेष प्रकारिं देखाडें छइं। लक्ष्य जीवादिक, लक्षण उपयोगादिक, व्यवहार अध्येषणप्रेषणादिक, शब्द जे घटादिक ध्वनिः, बुद्धि ते घटादिक वस्तुनो निश्चय, क्रिया ते उत्क्षेपणादिक। ए सर्व नांमनें वसि छें। एणी रीतिं शब्दनयवादीइं एकांतिं नामनिं थापें थकें थापनानय बोलें छइं। थापनानय पणि युक्तिं पुष्ट छइं॥६.६॥(६९)

[मू.] **शबद वस्तु किरिया फल संज्ञा, मत्यादिक सवि भाव रे।**
**छइं आकाररूप जगमाहिं, निराकार अभाव रे॥सुणो०॥६.७॥(७०)**

[टबार्थ] शब्द जे पौद्गलिक छें माटें आकारवंत छें। वस्तु जे घटादिक ते पणि आकारवंत छें। क्रिया उत्क्षेपणादिक तेह आकारवंत क्रियावंतथी अभिन्न माटें। फल पणि कर्तृसाध्य घटादिक तेह पणि आकारवंत छे। संज्ञा=नाम ते पौद्गलिक माटें आकारवंत छे। मतिज्ञान ते पणि ज्ञेयाकारिं परिणम्या माटें आकारवंत। इत्यादिक सघली वस्तु आकारवंत छइं जगमाहिं, पणि आकार विना कोई वस्तु नथी॥६.७॥(७०)

[मू.] **वदति द्रव्यनय स्वपरिणामथी, कोंण अनेरो आकार रे।**
**उतफण-विफण-कुंडलिताकृतियुत, अहिपरि ते अविकार रे॥सुणो०॥६.८॥(७१)**

[टबार्थ] द्रव्यार्थिक नय कहें छइं। स्वशब्दिं द्रव्य तेहनो परिणाम जे पूर्व पर्यायनें नासिं अपर पर्यायनी उत्पत्ति तावन्मात्र विना कौंण बीजो आकार छें? अपितु कोई नही। ईहां दृष्टांत कहें छइं। उत्फण, विफण, कुंडलितादिक आकार युक्त जे सर्प तेहने विषें स्यु नवुं उपनुं? अनिं मूलगुं नास स्युं पाम्युं? जिणें विकार होइं तेवुं तो कइं नथी। ते माटें विकार रहित ज जाणवों॥६.८॥(७१)

[मू.] **उदभव लयनिं कार्योपचारि, कलपित हेतुता एहनइं रे।**
**नटपरिं नित्य इति हेतु ज मानो, कार्य नही त्रिण्य भुवनिं रे॥ सुणो०॥६.९॥(७२)**

[टबार्थ] ईहां कोई इंम कहें छें। जे सर्पादिक द्रव्यें उत्फणादिक पर्याय उपजें छें, विफणादिक नास पामें छइं इंम उत्पाद नासनी प्रत्यक्षताइं उत्पादादिरहित किम कहीइं? ते उपरि कहें छें। जिम सर्प द्रव्यनें उत्फण-विफणरूप परिणामनो आविर्भाव-तिरोभाव छें। तेहनिं कार्यतानो उपचार करीइं छइं ते माटें सर्पनिं कारणतानो उपचार कीधो पणि परमार्थिक उत्पादादि रहित द्रव्य ज छें। ते तो नित्य छइं। इमं कारण जगमाहिं मानवुं, अनिं कारणपणुं तो पूर्वापरपरिणामनें पूर्व परिणाम थाइं छें। तिहां कार्यता कोईनी नही इति भावः।

उत्पत्ति अनिं नास मात्र रूप जे परिणाम तेहनिं कार्यनो उपचार करीइं छइं तेह माटें कल्पनाइं कारणपणुं ए द्रव्यनिं कहीइं पणि नटनी परिं नित्य छें। एतला माटें द्रव्य रूप कारण मानो पणि कार्य कोई छइं नही जगमाहिं॥६.९॥(७२)

[मू.] **अह भावनय बोलइं क्षणवादी, भाव भिन्न नहीं द्रव्य रे।**
**प्रतिक्षण भाव उपजें विणसइं, हेतु विना जगि भव्य रे॥ सुणो०॥६.१०॥(७३)**

[टबार्थ] हवें पर्यायनय कहें छें। ते क्षणिक वस्तुनिं मानें। पर्यायथी अन्य कोइं द्रव्य छें नही। प्रतिं समयें पर्याय ज उपजें विणसें छइं कारण विना जगनें विषें हे! भव्य! कार्य ते कारण निरपेक्ष ज उपजें छें। अपेक्षा तो छती वस्तुनी होइं अनिं मृत्पिंडादिक कारण वेलाइं घटादिक कार्य छइं नही। जो अविद्यमाननी अपेक्षा करीइं तो शशकशृंगनी पणि करी जोईइं। ते माटें कार्य ते कारण विना ज छइं इति भावः॥६.१०॥(७३)

[मू.] **प्रति समयइं अपरापररूपिं, थावाथी सवि वस्तु रे।**
**कार्य रूप छइ नहीं को कारण, इंम च्यारइं वदइं व्यस्त रे॥ सुणो०॥६.११॥(७४)**

[टबार्थ] समय समय दीठ नवनवइं परिणामिं परिणमवा माटें सर्व वस्तु जे मृत्पिंडादिक ते कार्य रूप ज छें। पणि अवस्थित रूप कारण कोई छइं नहीं। ए पर्यायनयनुं मत छे। इंम च्यारे नय बोलें जूदा जूदा॥६.११॥(७४)

[मू.] **तव सवि नयमय जिणमय बोलइं, मूंको निज मत कूप रे।**
**शबद अरथ बुद्धि परिणति भाविं, सवि चउ पज्जय रूप रे॥ सुणो०॥६.१२॥(७५)**

[टबार्थ] हवें सिद्धांतवादी कहइं छइं। तिवारिं सर्व नय संमत श्रीजिनमत कहें छइं। हे! नयवादीओ! मूंकी दीओ मतरूप कूपनिं। शब्द जे नाम, अर्थ जे आकार, बुद्धि जे तेहनुं ग्रहेंवु ए परिणामपणइं सर्व वस्तु च्यारे पर्यायमय छें। पणि नयवादीइं एकेको पर्याय मान्यो ते खोटुं छे।

नामादिक चतुष्टयात्मक ज वस्तुइं घटादिक शब्दनी तेहना अर्थबोधकपणा माटें परिणति दीठी। अर्थ जे पृथुबुध्नोदरादिक आकार तेहना पणि नामादिक चतुष्टयात्मकपणें ज परिणाम दीसें छें। बुद्धिनो इ पणि तदाकारग्रहणरूपपणा माटें परिणामनादिक चतुष्टयात्मकनें विषें ज दीठो, पणि नामादिक इकेक पर्यायात्मकनें विषें शब्दादिक परिणति न थाइं। अनिं अविशिष्टपणें घटादिक वस्तु उच्चरइं नामादिक च्यारें पणि भासे छें। ते माटें सर्वे वस्तु च्यार पर्यायरूप छें इति भावः॥६.१२॥(७५)

[मू.] **एह विलक्षण निज आश्रयनिं, भेद अभेदना कार रे।**
**प्रत्येकिं द्रव्यादि विकल्पिं, आश्रय भेद अपार रे॥ सुणो०॥६.१३॥(७६)**

[टबार्थ] ईहां कोई कहेंसें जो सर्व वस्तु चतुःपर्यायात्मक छें तो नामादिकनें स्युं सर्वथा भेद नथी? ते उपरि कहें छइं। एह नामादिक धर्म माहोमाहिं भिन्न स्व[रू]प थका पोतानो आश्रय जे घटादिक धर्म तेहनि पणि किंचित् भेदकारी किंचित् अभेदकारी। ते किम? नामादिक इकेक पर्यायनें विषें द्रव्य, क्षेत्र, काल, भावनी वि[क]ल्पनाइं द्रव्यना भेद अनंत थाइं।

कोईकिं इंद्र एहवुं पद उच्चरें थकें अन्यनिं एहवो विकल्प उपजें जे एणिं नामेंद्र विवेक्ष्यो, अथवा स्थापनेंद्र वा, द्रव्येंद्र वा, भावेंद्र? हवें नामेंद्र पणि द्रव्यथी गोपालदारक, किं क्षत्रियदारक, कें

ब्राह्मणदारक कें शूद्रदारक? इत्यादि। तथा क्षेत्रथी पणि नाम इंद्र स्युं भरतक्षेत्रनो किं वा ऐरवतक्षेत्रनो, किं वा विदेहक्षेत्रनों? इत्यादि। कालथी पणि स्युं अतीतकालनो किं वा वर्तमानकालनो किं वा अनागतकालनो के अनंतसमयभावी, के असंख्यातसमयभावी, के संख्यातसमयभावी? इत्यादि। भावथी पणि सुं कृष्णवर्ण, किं वा नीलवर्ण, किं वा रक्तवर्ण, किं वा पीतवर्ण, किं वा शुक्लवर्ण? किं वा दीर्घ किं वा ह्रस्व? इत्यादि। इंम एक पणि नामेंद्रनो आश्रयभूत जे अर्थ तेहनिं द्रव्यादिक भेदिं अनंत भेद भासें छइं। तथा स्थापनादिक आश्रयनिं पणि उक्त रीतिं प्रत्येकिं अनंतभेदपणुं अनुसरवुं। ए रीति नामादिक पर्याय भेदकारी जाणवा इति भावः॥६.१३॥(७६)

[मू.] **जब एक वस्तुइं चउनी विवक्ष्या, होइं अभेदक त्यारि रे।**
**इंम नय समुदयथी सवि लहीइं, शास्त्र अरथ सुविचारिं रे॥ सुणो०॥६.१४॥(७७)**

[टबार्थ] हवे च्यारेंनि अभेदकपणे देखाडे छइं। जिवारिं एक वस्तु घटादिकिं नामादिक च्यारेनी विवक्षा करीइं तिवारिं अभेदकारी होइं। इंणी रीति नय समुदाय थकी सर्व पामीइं शास्त्रनो अरथ भलें विचारें करी।

हवइं जिवारि च्यारे एक वस्तुइं प्रतीतीइं तिवारिं अभेदकारी। ते किम? जेम एक पण शक्रादिकने विषे इंद्र एहवो शब्द ते नाम, तेहनो आकार ते स्थापना, उत्तर उत्तर अवस्थानुं कारणपणुं ते द्रव्य, दिव्यरूपपणानी संपत्ति; वज्रधरणादिक परमऐश्वर्यसंपन्नता ते भाव। इंम च्यारइं पर्याय अभेदपणें भासइं इति भावः॥६.१४॥(७७)

**॥इति निक्षेपस्वरूपम्॥**

## ॥अथ संग्रहनयस्वरूपकथनम्॥

(ढाल-७, राग-केदारो गोडी, कपूर होइं अति ए देशी)

[मू.] **नैगमादिक अंगीकर्या रे, अरथ सकल विस्तार।**
**सामान्यरूपिं संग्रहइं रे, ते संग्रहनय सार रे॥७.१॥(७८)**
**भविजन धारो गुरु उपदेश, एहथी नासइं कुमति किलेस रे भवि।।आंचली॥**

[टबार्थ] नैगम प्रमुख नयें मांन्या जे अरथ घटादिक सकल विस्तारिं व्यस्तपणइं इति भावः। तेहनिं घटत्वादिक जातिरूपिं एकपणइं संग्रहइं ते संग्रहनय कहीइं। नैगमादिकं व्यक्तिं भिन्न अर्थ मान्या तेहनिं जातिं एकपणें संग्रहइं ते संग्रहनय इति भावः॥७.१॥(७८)

[मू.] **केवल सत्ता मात्रनिं रे, अंगीकारइं नय एह।**
**सकल विशेष सत्ता रूपिं रे, अंतरलीना तेह रें॥भवि०॥७.२॥(७९)**

[टबार्थ] एक सत्ता सामान्यनिं ज मानें संग्रहनय एह। द्रव्यादिक सर्व भिन्न भिन्न पदार्थ पणि सत्ता रूप सामान्यनें विषइं अंतरभूत थया छइं। द्रव्यादिक सर्व वस्तु सत् रूप ज छें इति भावः॥७.२॥(७९)

[मू.] **वृक्षादिकनी प्रतीतिका रे, होइं वनस्पती जन्य।**
**जेणिं जेह पतीजीइं रे, तेहथी ते नही अन्य रे॥ भवि०॥७.३॥(८०)**

[टबार्थ] आम निंब प्रमुखनी बुद्धि थाइं छें ते वनस्पती सामान्यथी ज। जेहथी जेहनी बुद्धि उपजइं तेहथी तेह भिन्न किम कहीइं?॥७.३॥(८०)

[मू.] **अंगुल्यादिक हस्तथी रे, जिम कांई भिन्न न होय।**
**वनस्पति सामान्यथी रे, तिम वृक्षादिक जोय रे॥ भवि०॥७.४॥(८१)**

[टबार्थ] एह उपरि युक्ति कहें छइं। अंगुली प्रमुख ते हस्त थकी जिम कांई भिन्न नथी तिम वनसपतीरूप जे सामान्य तेह थकी अंब, लिं(नीं)ब, कदंबादिक वृक्ष भिन्न नथी॥७.४॥(८१)

[मू.] **इंम दृष्टांतिं भावीइं रे, सत शबदइं सवि भान।**
**तह द्रव्यत्वादिक रूपिं रे, सवि द्रव्यादिक ज्ञान रे॥ भवि०॥७.५॥(८२)**

[टबार्थ] ए रीतिं पूर्वोक्त दृष्टांतिं करी दार्ष्टांतिकें भावना करीइं ते देखाडे छइं। सत् ए शबदिं द्रव्य-गुणादिक सर्वनुं भान थाइं छइं तिम द्रव्यत्व, गुणत्व प्रमुख रूपिं समस्त द्रव्य-गुणादिक भासें छइं॥७.५॥(८२)

[मू.] **ए पणि निक्षेपा चउरे, मानइं प्रत्येकिं एक।**
**कोइ कहइं ए थापना रे, वंछइं नहीं सुविवेक रे॥ भवि०॥७.६॥(८३)**

[टबार्थ] ए संग्रहनय पणि च्यारे निक्षेपा मानें छइं। पणि एकेकें निक्षेपें अनेक वस्तुनिं एकत्व रूपिं मानें। ईहां मतांतर कहें छइं। कोई कहें संग्रहनय थापना निक्षेपानिं मानें नहीं। जे माटें एहनो विवेक विशेष छइं। घटपटादि अनेक नामनिं नाम रूपिं एक ज मानइं। इंम शेष निक्षेपें पणि भावना करवी इति भावः॥७.६॥(८३)

[मू.] **नाम संकेत विशेष छइं रे, ते थापनाइं संत।**
**ते माटें नाम निक्षेपइं रे, थापना संग्रह हुंत रे॥ भवि०॥७.७॥(८४)**

[टबार्थ] ते देखाडे छइं। नाम निक्षेपो ते आपआपणी वस्तुइं संकेत विशेष छइं। ते संकेत थापनाइं पणि छइं। ते कारणिं नाम निक्षेपानिं विषें संकेत रूप थापनानो पणि संग्रह थाइं छइं॥७.७॥(८४)

[मू.] **तेह मृषा पित्रादिकइं रे, विहित संकेत विशेष।**
**शबद पुद्गल रूप नाम छइं रे, थापना आकृति विशेष रे॥ भवि०॥७.८॥(८५)**

[टबार्थ] हवें तेह मत दूषें छइं। तेह कहें छें ते जूठुं। जे माटें पिता प्रमुखइं कीधो जे संकेत विशेष देवदत्तादिक एहवो जे भाषावर्गणाना पुद्गल रूप तेहनिं नाम कहीइं अनिं थापना तो आकार विशेष छें औदारिकादिकवर्गणा रूप॥७.८॥(८५)

[मू.] **ते माटंइ नामादिकिं रे, बहु संख्याइं जेह।**
**निज निज जातिं एकता रे, ग्रहीइं संग्रह तेह रे॥ भवि०॥७.९॥(८६)**

[टबार्थ] हवें फलित कहें छें। पूर्वोक्त भेद माटइं नामादिक च्यारइं निक्षेपा व्यक्तिं बहू छइं। तेहनिं आपआपणी जे नामादिक जाति तेणिं करी एकत्व रूपिं ग्रहीए ते संग्रहनय कहीए॥७.९॥(८६)

**॥इति संग्रहनयः॥**

## ॥अथ व्यवहारनयः॥

(ढाल-८, राग-रामगिरी, छानो निं छपी रे कंताए देशी)

[मू.] **जे अनुयायी लोक व्यवहारनिं रे, अध्यवसाय विशेष।**
**ते व्यवहार कह्यो नय सूत्रमां रे, मानइं एह विशेष॥८.१॥(८७)**

[टबार्थ] हवईं व्यवहारनयनुं स्वरूप कहें छें। जे अनुसरइं लोक व्यवहारनिं एहवो जे अध्यवसाय विशेष ते व्यवहारनय कहीइं सूत्रमांहिं। एह नय विशेष पदार्थनिं मानइं। लौकिक व्यवहार विशेषनिं उद्देशी प्रवर्तइं ते माटें एह नय विशेषनो माननार इति भावः॥८.१॥(८७)

[मू.] **श्री जिनवाणी प्राणी आदरो रे, हरखी परखी रे चित्ति।**
**नय अंतर निरपेखी देखी, ऊवेखीइं सवि मिथ्यामत नित्ति॥८८॥आंचली॥**

[टबार्थ] अन्य नयनो निषेधक एहवो दुर्नय जाणी निषेधीइं॥८.२॥(८८)

[मू.] **घटपट प्रमुख विशेषथी अन्यनो रे, नहीं लोकिं व्यवहार।**
**वार्ता मात्र प्रसिद्ध सामान्य छइं रे, खकुसुम परिं ते असार॥श्री०॥८.३॥(८९)**

[टबार्थ] हवें एहनुं मत कहें छइं। घटपटादिक जे विशेष वस्तु तेह थकी बीजा कोई सामान्यनो लोकनें विषें व्यवहार नथी। ते माटें कहेवा मात्रे प्रसिद्ध छें सामान्य पदार्थ। आकाशकुसुमनी परिं ते अछतो छें। घट-पटप्रमुख विशेषनो व्यवहार तो दीसें छें पणि सत्ता सामान्यें किस्यानो विवहार थातो नथी तो ते किम मानीइं? इति भावः॥८.३॥(८९)

[मू.] **जल आहरणादिक उपयोगीया रे, घटपट आदि विशेष।**
**अरथक्रिया अनिमित्त सामान्यनिं रे, मान्यानो स्यो किलेस?॥ श्री०॥८.४॥(९०)**

[टबार्थ] वली युक्ति देखाडे छइं। जल आणवा प्रमुख क्रियाना करनार घटादिक विशेष ज दीसें छें। ते माटें अरथ अनिं क्रियानुं कारण नहीं एहवुं ते सामान्य ते मांनवानो स्यो जंजाल करवो? ॥।॥८.४॥(९०)

[मू.] **जे संग्रहइं दृष्टांति वनस्पति दाखीउ रे, ते पणि मुज अनुकूल।**
**कुण वृक्षादि विशेषथी अन्य छइं रे, वनस्पतीनुं रे मूल?॥ श्री०॥८.५॥(९१)**

[टबार्थ] हवें पूर्वि संग्रहवादीइं सामान्य मानवानो दृष्टांत देखाड्यो ते दूषें छें। जे संग्रहनयिं दृष्टांत वनस्पतिनो कह्यो ते पणि माहरें ज मिलतो ज छे। वृक्ष-आम्र-लिंबादिक जे विशेष वस्तु ते थकी बीजो वनस्पतीसामान्य कुंण छइं? आम्रप्रमुख सर्व वृक्षादिकनें व्यक्तिं जूदां बोलावीइं तिवारिं वनस्पतीइं वाच्य कोई [वि]शेष दीसता नथी इति भावः॥८.५॥(९१)

**[मू.]** **संग्रह संगृहीत अरथ विभाजको रे, जिम सत द्रव्य पर्याय।**
**जीव अजीव दुविध द्रव्य भावीइं रे, इंम पज्जय पणि थाय॥श्री०॥८.६॥(९२)**

**[टबार्थ]** हवे फलितार्थ कहें छइं। संग्रहि महासत्ताइं सर्व वस्तु संग्रही तिहां सत्ता सामान्यें सर्व सद्रूप संग्रहें मान्युं तिहां व्यवहारनय कहें-ते सत् बे प्रकारें [एक] द्रव्य बीजो पर्याय। वली तिहां पणि संग्रहिं द्रव्यत्वरूपिं सकल द्रव्यंनो, पर्यायत्वरूपिं सकल पर्यायनो संग्रह कीधो तिहां वली विवहार भेद करइं छइं। द्रव्य पणि बे प्रकारे जीव द्रव्य तथा अजीव द्रव्य। इंम द्विधा भावीइं। इंम पर्याय पणि द्विधा भावीइं॥८.६॥(९२)

**[मू.]** **सहभावी क्रमभावी इति दुविधा कह्या रे, रूपादिक सहभावि।**
**नवीन पुराणादिक क्रमभावीया रे, इंम बहुविध मनि भावि॥श्री०॥८.७॥(९३)**

**[टबार्थ]** ते देखाडें छें। एक पर्याय सहभावी द्रव्यनें संघातिं ज नींपना बीजा क्रमभावी अनुक्रमिं थया इंम बे प्रकारें कह्या। तिहां वर्णादिक ते सहभावी कहीइं। गुण एहवा संज्ञाइं बोलावीइं। नवा जूना प्रमुख ते क्रमभावी पर्याय इंम अनेक प्रकारिं विशेष भावीइं। जे माटें द्रव्य पणिं अनेंक, तद्गत पर्याय पणि अनंत। तिहां पूर्व पूर्व भेद संग्रह संमत, परपर तेह(भेद) व्यवहारसंमत इति तात्पर्यः(र्यम्)॥८.७॥(९३)

**[मू.]** **पज्जयथी गुणविगतिं भिन्न दाखव्यो रे, संमति ग्रंथिं[१] रे जोय।**
**जो गुण त्रीजो पदारथ पामीइ रे, तो त्रीजो नय होय॥श्री०॥८.८॥(९४)**

**[टबार्थ]** ईहां कोइ कहेसें सत्ताना भेदक द्रव्य अने पर्याय एं बे पदार्थ कह्या। तिहां त्रीजो गुण पदार्थ कां न कह्यो? ते उपरि कहें छइं। पर्यायथी गुण कांई विगति जूदो नथी कह्यो। संमति ग्रंथनें विषें विचारी जूओ। तिहां उपपत्ति कहें छइं। जो गुण पदार्थ त्रीजो होइं तो द्रव्यार्थिक-पर्यायार्थिकनी परि गुणनो ग्राहक गुणार्थिक पणि त्रीजो नय जोईइं। ते तो नथी ते माटें गुण जूदो नहीं इति भावः॥८.८॥(९४)

**[मू.]** **निश्चयथी पंचवरणिं भमरइं कालिमा रे, अंगीकरइं सवि लोक।**
**तिम एह नय पणि अंगीकरइं मुदा रे, इति लोकिं सम रोक॥श्री०॥८.९॥(९५)**

**[टबार्थ]** वली व्यवहारनयनो ज विषय देखाडे छें। निश्चयनयनें लेखें पंचवर्णसंयुक्त भमरो तिहां केवल कालो गुण मानें सर्व प्राणी। तेह लोकनी परिं ए व्यवहारनय पणि इंम ज मानें। एतला माटें लौकिक व्यवहारनिं ज अनुसरइं॥८.९॥ (९५)

**[मू.]** **कुंडी श्रवइं वाट जाइं इत्यादिकिं तथा रे, प्राइं इछइं उपचार।**
**ए नय इति तत्त्वारथ भाष्यमां रे, मानइं निक्षेपा ए च्यार॥श्री०॥८.१०॥(९६)**

**[टबार्थ]** वली विषयांतर देखाडे छइं। कुंडी श्रवें छइं, मार्ग जाइं छें इत्यादिकिं प्राइं उपचार बोलाइं छइं। जे

---

१. गुणसद्दमंतरेणावि तं तु पज्जवविसेससंखाणं। सिज्झइ णवरं संखाणसत्थधम्मो तङ्गुणोत्ति॥ (सन्मतितर्क ३.१४)

माटें श्रवें छइं प्राणी, कहेंवाइं कुंडीनिं। जाइं छें हींडनार, कहेंवाइं वाटनिं इति भावः। ए व्यवहार नय मत तत्त्वार्थभाष्यमाहिं कह्युं छे। तथाहि—

***लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः।*** इति।

एह नय पणि निक्षेपा च्यारे मानइं। तिहां प्रत्येकिं बहुत्व मानें ते जाणवुं॥८.१०॥(९६)

**॥इति व्यवहारनयस्तृतीयः॥**

## ॥अथ ऋजुसूत्रः॥

(ढाल-९, राग-सारिंग, पूरव भव हवइं सांभलो जातिस्मरण योगिं रे ए देशी)

[मू.] **निज अनुकूल अरथ जिके, वरतमान कालीन रे।**
**तदग्राही अभिप्रायको ते, ऋजुसूत्र अदीन रे॥९.१॥(९७)**
**सवि नय सविनय धारीइं, वारीइं स्वाभिनिवेश रे॥ आंचली॥**

[टबार्थ] हवें ऋजुसूत्रनुं स्वरूप कहें छइं पोताना कार्यनो साधक एहवो जे अर्थ, तेह पणि वर्तमान कालनो तेहनो ग्राहक जे अध्यवसाय ते ऋजुसूत्र कहीइं। निवारीइं पोताना कदाग्रहनिं॥९.१॥(९७)

[मू.] **ए नय मांनइं नही कदा, अतीत अनागत वस्त रे।**
**उपलंभाभाविं करी, गगनकुसुम परिं अस्त रे॥सवि०॥९.२॥(९८)**

[टबार्थ] ए ऋजुसूत्रनय कि वारिइ मानें नहीं अतीत वस्तुनिं अनि अनागत वस्तुनिं। तिहां हेतु कहें छइं। प्राप्तिनइं अभाविं करी। आकाशकुसुमनी परिं नास्तिरूप जाणवुं। इहां पंचावयव अनुमान वाक्य जाणवुं॥९.२॥(९८)

[मू.] **परकीय वस्तुनिं पणि नहीं, मानइं प्रयोजनाभावइं रे।**
**परधन परिं कुंण कामनुं?, निजथी निफल पावइं रे॥सवि०॥९.३॥(९९)**

[टबार्थ] तथा पारकी वस्तुनिं पणि न मानें। कामिं नावइं माटें। तिहां दृष्टांत कहें छइं। पारका धननी परिं। पारकुं वस्तु स्यां कांमनुं? पोतानी ज वस्तुइं पोतें फल पामइं। ईहां पणि अनुमान जाणवुं॥९.३॥(९९)

[मू.] **व्यवहार वादीनइं वदइं, जो व्यवहाराभावइं रे।**
**संग्रह संमत पणि तज्युं, सामान्यह निज भावइं रे॥सवि०॥९.४॥(१००)**

[टबार्थ] हवें ईहां स्वयुक्तिं व्यवहारनयनी दूषे छइं। व्यवहार वादीनिं कहें छइं। जो विवहार विना संग्रहि मान्युंइं पणि तिं छांड्युं सत्ता सामान्य पोतानें मतिं॥९.४॥(१००)

[मू.] **अतीत अनागत पारकुं, तो किम मानइ वस्त रे।**
**व्यवहाराभाव तुल्यता, निष्फलता पणि जुस्त रे॥सवि०॥९.५॥(१०१)**

[टबार्थ] अतीत अनागत पारकी परकीय वस्तुनिं तो किम मानइं छें? अतीतादिक वस्तु किम मानें छइं

वनस्पति प्रमुखनो किस्यो व्यवहार लोकिं छें नहीं। आम्र प्रमुख विशेषथी ज विवहार प्रवर्ते छइं। तो सामान्य मानवुं नहीं। ए युक्तिं तिं सामान्य निषेध्युं। तो अतीत अनिं भावी अनिं परकीय वस्तुनो किस्यो विवहार छें नहीं। अनिं तेहथी फल प्राप्ति पणिं छें नहीं। तो अतीतादिक वस्तु किम मानें छइं? इति भावः। व्यवहारनो अभाव तो बेहु ठामिं सरखो छे। अनिं फलनिःपत्तिनो पणि अभाव निर्धारिं छइं॥९.५॥(१०१)

[मू.] **जादृश अरथनो वाचको, किम मानइं अभिधान? रे।**
**तथा तथाविध अरथनुं, विषयी पणि किम ज्ञान? रे॥सवि०॥९.६॥(१०२)**

[टबार्थ] पूर्वोक्त रीतिं अतीतादिक जे अर्थ तेहनो कहेंनार एहवो जे शब्द ते किम मानइं? तिम तेहवा अर्थनुं ग्राहक ज्ञान पणि किम कहीइं? वाच्यनें अभाविं तद्वाचक जे शब्द तेह पणि निरर्थक थाइं इति भावः। विषयनें अभाविं तेहनुं ज्ञान पणि व्यर्थ इति तात्पर्यः(र्यम्)॥९.६॥(१०२)

[मू.] **परमारथ ए नय तणो, निज संप्रतिकालीन रे।**
**नामादिक चउ निक्षेपा, प्रत्येकिं एक लीन रे॥सवि०॥९.७॥(१०३)**

[टबार्थ] हवें ए नयनो तात्पर्य विशदपणें कहें छइं। एह नयनो तात्पर्यार्थ ए जाणवो — जे पोताना, ते पणि वर्तमान कालना नाम प्रमुख चारें निक्षेपानिं प्रत्येकिं एकेको मानइं। परकीय नामादिकनिं न मानें ते माटें प्रत्येकिं इकेको ज मानें इति भावः॥९.७॥(१०३)

[मू.] **तह परयाय अनेकनो, अरथ अभिन्न ज मूल रे।**
**सूक्ष्म क्षणिक पज्जय कह्यो, मनुष्यादिक थूल रे॥सवि०॥९.८॥(१०४)**

[टबार्थ] तथा इंद्र पुरिंद्रादिक जे अनेक पर्याय तेहनो मूल अर्थ ते एक ज एहवुं मानें। ए ऋजुसूत्रनय सूक्ष्म तथा बादर कहीइं। सूक्ष्म ते सूक्ष्म पर्यायनो ग्राही। सूक्ष्म पर्याय ते वर्तमान सामायिक जाणवो। जीवनिं मनुष्यादिक जे सर्व पर्याय ते बादर जांणवो। लिंग-वचननें भेदिं पणि अर्थ ते अभिन्न ज। लिंगभेद जिम तटः, तटी, तटम्। वचनभेद जिम जलम्, आपः। एहवें भेदिं पणि अर्थ ते एक ज इति भावः॥९.८॥(१०४)

**॥इति ऋजुसूत्रश्चतुर्थः॥**

## ॥अथ शब्दनयः॥

(ढाल-१०, राग-सुणि छहेंनी पीउडो परदेशी ए देशी)

[मू.] **जे सुविशेषित ऋजुसूत्र संमत, अरथग्राही अभिप्राय रे।**
**ते नय शब्द कह्यो एह मानइ, भावरूप परयाय रे॥१०.१॥(१०५)**
**श्रीजिनमत धारो एकांतइं, जिहां सवि नय अनेकांतइं रे॥आंचली॥**

[टबार्थ] हवें शब्दनयनुं स्वरूप कहें छें। जे विशेष प्रकारेइं विशेष्यो एहवो जे ऋजुसूत्र मान्य अर्थ तिहनो

ग्रहेंनारो जे अध्यवसाय ते शब्दनय कहेंवो। एह नय अंगीकार करइं। कार्यापन्न रूप जे पर्याय तेहनिं पूर्वथी विशेषता आगलि कहवास्ये। भाव विना बीजा त्रिण निक्षेपानिं न मानें इति भावः॥१०.१॥(१०५)

[मू.] **नामादिक घट त्रयनिं न मानइं, तत कारय अणकरवइं रे।**
**पट परि इति प्रत्यक्ष विरोधइं, तह लिंगनइं अणधरवइं रे॥ श्री०१०.२॥(१०६)**

[टबार्थ] तिहां युक्ति कहे छइं। नामादिक त्रिण निक्षेपाना घटनें ए न मानइं। तिहां हेतु कहें छे। ते भावघटनुं जे कार्य जल आहरणादिक तेहना अणकरनार माटइं। तिहां दृष्टांत कहें छें। पटनीं परिं। ईहां अनुमान सूचव्युं। जिम पट जल आहरणादिक घटकार्यनइं न करइं तिम नामादिक घट पणि ते कार्यनें करें नहीं। ए रीतिं प्रत्यक्ष विरोध छइं। वली बीजुं कारण कहें छइं। लिंग ते घटनुं पृथुबुध्नोदराद्याकाररूप तेहनिं नामादिक घट नथी धरता ते माटें पणि तेहनें न मानइं॥१०.२॥(१०६)

[मू.] **कहें ऋजुसूत्रनिं अतीत अनागत, जो घटनुं नवि मानइं रे।**
**तुल्य प्रयोजनाभाविं हुंतइं, नामादि किम वानइं रे॥श्री०१०.३॥(१०७)**

[टबार्थ] हवें ऋजुसूत्रनें दूषें छें। ऋजुसूत्रनिं कहें छें — अतीत अनागत जो घटनिं तुं नथी मांनतो। जल आहरणादिक कार्य नथी करतो ते माटें। कार्यनो अभाव तो ईहां पणि सरखो छइं। तो नामादिक घटनें किम मानें?॥१०.३॥ (१०७)

[मू.] **बहु परयायइं अरथ एक वंछइ, पणि लिंग-वयणनइं भेदइ रे।**
**भिन्न अरथ मानइं इति ऋजुथी, शबद विशेषित वेदइं रे॥श्री०१०.४॥(१०८)**

[टबार्थ] हवें ऋजुसूत्र थकी एहनी विशेषता कहैं छें। इंद्रपुरिंद्रा(पुरंदरा)दिक जे अनेक पर्याय तेहनो अर्थ एक ज मानइं। पणि ऋजुसूत्रथी एतलो विशेष लिंग-वचननें भेदिं। तटः, तटी, तटम् इति लिंगभेद; जलम्, आप इति वचनभेद। एणी रीति अर्थ जूदो मानें। एतलो ऋजुसूत्र थकी शब्दनय विशेष मानें। ऋजुसूत्र लिंग-वचन भेदिं अर्थ अभिन्न मानें, ए ते भेद मानें इति भावः॥१०.४॥(१०८)

[मू.] **सप्तभंग भाख्या जिनशासनि, तेह मांहिलें कोई भंगइं रे।**
**सुविशेषित घट संमत एहनइं, अविशेषित ऋजु अंगि रे॥श्री०१०.५॥(१०९)**

[टबार्थ] वली ऋजुसूत्र थकी एहनो विशेष देखाडें छइं। सप्तभंगी श्री जिनशासनिं कही छें। ते माहें १लें(पहेलें) अनें २इं(बीजइं) भांगइं विशेष्यो जे घट ते एहनिं मान्य। अने ते भांगानी विवेक्ष्या विना ऋजुसूत्र मानइं। एह पणि ऋजुसूत्र थकी शब्दनय विशेष जाणवो॥१०.५॥(१०९)

[मू.] **सप्तभंगी ईहां कहीइं विवरी, प्रथमिं छतो घट देख्यो रे।**
**उरध ग्रीवादिक निज परयाइं, सदभाविं सविशेष्यो रे॥श्री०१०.६॥(११०)**

[टबार्थ] ईहां अधिकार आव्या माटें सप्तभंगी विवरीनिं कहीइं छइं। प्रथम भांगो कहें छें। स्यादस्ति घटः।१

तिहां स्यात् एहवु पद ते अनेकांततानु वाचक छइं। ऊर्द्ध्वग्रीवादिक जे पोताना पर्याय तेहनी सत्ताइं विवेक्ष्यो हुंतो घट द्रव्य कुंण रूपिं छइं? ते कहें छइं। घट द्रव्य आपणा द्रव्य, क्षेत्र, काल, भावरूप पर्याइं छतो छें। स्यात् कहेंतां कथंचित् इति भावः॥१॥१०.६॥(११०)

[मू.] **पर परयायइं असदभाविं करी, विशेषित नहीं कुंभ रे।**
**स्वपरोभय परयाइं सत्ता, असत्ताइं कुंभ रे॥श्री०१०.७॥(१११)**
**युगपद् विशेषित होइं अवाच्यो, एकदा एकदेश रे।**
**असंकेतिक दोय अरथ कहें नहीं, ए त्रिण्य सकलादेश रे॥श्री०॥१०.८॥(११२)**

[टबार्थ] हवें बीजो भांगो कहइं छइं। स्यान्नास्ति घटः।२ पर जे घटादिकना द्रव्य, क्षेत्र, काल, भावरूप जे पर्याय तेहनी असत्ताइं विवेक्ष्यो थको नथी घट द्रव्य इति द्वितीय भंगः॥२॥ हवें त्रीजो भांगो स्यादवक्तव्यो घटः।३ पोताना पर्यायनी सत्ता अनिं अपर पर्यायनी असत्ताइं घट द्रव्य॥ साथिं विवेक्ष्यो थको अनिर्वचनीय छें। तिहां युक्ति कहें छइं। एकिं कालिं अनिं एकें शब्दिं जेहनो संकेत नहीं एहवा बे अर्थ न कहेंवाइं एतला माटें अवक्तव्य इति तृतीयः॥३॥ ए त्रिण्य भांगा अखंड द्रव्यनी अपेक्षाइं विवेक्ष्या माटें सकलादेश कहीइं॥१०.७, ८॥(१११, ११२)

[मू.] **तह एकदेशइं निजपरयाइं, सदरूपिं सविशेष्यो रे।**
**अपरइं परभावइं असत्त्वइं, अस्ति नास्ति इति रेष्यो रे॥श्री०॥१०.९॥(११३)**

[टबार्थ] हवें चोथो भांगो स्यादस्ति नास्ति घटः।४ घट द्रव्य तेहना एक देशनें विषें पोताना परयायनी सत्ताइं विवेक्ष्यो थको अनइं बीजें देशें पर पर्यायनी असत्ताइं विवेक्ष्यो थको अस्ति नास्ति कहीइं। इति चतुर्थो भंगः॥४॥१०.९॥ (११३)

[मू.] **एकदेशइं निजभावइं सत्त्वइं, विशेष्यो अन्यदेशइं रे।**
**युगपद ग्रह तें घट तव होवें, अस्ति अवाच्य आदेशइं रे॥श्री०१०.१०॥(११४)**

[टबार्थ] हवें पांचमो भांगो स्यादस्ति अवक्तव्यो घटः।५ एकदेशनें विषें पोतानें पर्यायनी सत्ताइं विवेक्ष्यो, अन्य बीजे देशिं समकालिं स्व-पर पर्यायनी सत्ता असत्ताइं विवेक्ष्यो घट अस्ति अवाच्य एहवो कहीइं इति पंचमः॥५॥१०.१०॥ (११४)

[मू.] **परभाविं एक देशइं असत्त्वइं, अपरइं युगपद कहेवइं रे।**
**अरपित नास्ति अवाच्य कहीजइं, सघले स्यातपद वहवइं रे॥श्री०१०.११॥(११५)**

[टबार्थ] हवें छट्ठो भांगो। स्यान्नास्ति अवक्तव्यो घटः।६ एकदेसिं परपर्यायनी असत्ताइं अनिं बीजें स्थानकिं उभय पर्यायनिं समकालिं कहेंवें विवेक्ष्यो घट नास्ति अवाच्य कहीइं॥६॥ सघले भांगें स्यात् पद जोडते अर्थ थाइं॥१०.११॥ (११५)

[मू.] **सदभाविं एकदेशइं स्वभाविं, एकिं परपरयाइं रे।**
**असत्त्वइं अन्यदेसिं युगपद, विशेषित कहवाइं रे॥श्री०१०.१२॥(११६)**

[टबार्थ] हवें सातमो भांगो स्यादस्ति नास्ति अवक्तव्य।७ एक देसिं पोताना पर्यायनी सत्ताइं, अनिं बीजें देसिं पर पर्यायनी असत्ताइं। वली अपरदेसिं उभय पर्यायनी सत्ता-असत्ता समकाल विवेक्षाइं कहवाइं॥७॥ ॥१०.१२॥ (११६)

[मू.] **घट अस्ति नास्ति अवाच्य आदेशइं, ए सप्तभंगी पूरी रे।**
**स्यादवाद मत लीना मानइं, शबदादिक अधूरी रे॥श्री०१०.१३॥(११७)**

[टबार्थ] ते कहें छें। घट अस्ति नास्ति अवक्तव्य। इंम शब्दे बोलाइं। ए सप्तभंगी संपूर्ण थई अनेकांतमतवादी मानें। अनिं शब्दादिक नयवादी ओछी मानें, कोई भांगो मानइं। घट अस्त्येव इत्यादिक निर्धार वाक्य कहें पणि स्यात् पदनी योजना न करइं इति भावः॥१०.१३॥(११७)

[मू.] **एह विशेष कह्यो महाभाष्यइं, सप्तभंगीनुं बीज रे।**
**ते अभ्यसी परमारथ सीधो, भींजाडी निज मींज रे॥श्री०१०.१४॥(११८)**

[टबार्थ]

***अहवा पच्चुपन्नो रिउसुत्तस्साविसेसिओ चेव। कुंभो विसेसिअयरो सब्भावाईहिं सद्दस्स॥***
***सब्भावासब्भावोभयप्पिओ सपरपज्जओ उभयओ। कुंभांकुंभावत्तव्वोभयरूवाई भेउ सी॥***
त्ति॥१०.१८॥(११८)

**॥इति शब्दनयः पञ्चमः॥**

## ॥अथ समभिरूढः॥

(ढाल-११, राग-सामेरी)

[मू.] **परयाय बहुनो अर्थ रे, एकत्वइं इछइं व्यर्थ रे।**
**अर्थ रे, प्रत्येकिं सवि शबदनो रे॥११.१॥(११९)**

[टबार्थ] हवें समभिरूढनुं स्वरूप कहें छइं। इंद्रपुरिंदरादिक जे अनेक पर्याय तेहनो एक ज अर्थ वांछें छें। शब्दनय जे माटें सर्व शब्दनो अर्थ प्रत्येकिं जूदो मानइं अनिं समभिरूढ कहें छइं— ते खोटुं॥११.१॥(११९)

[मू.] **एहवो अध्यवसाय रे, ते समभिरूढ कहाय रे।**
**थाय रे, पूरवथी पणि सूक्षमो रे॥११.२॥(१२०)**

[टबार्थ] सर्व शब्दनिं जूजूआ अर्थ मांनवानो जे अध्यवसाय ते समभिरूढ कहीइं। पूर्व नय पर्याय भेदिं पणि अर्थ अभिन्न मानें अनिं अति भिन्न मानइं इति सूक्ष्यमता। एह नय पूरवल्याथी सुद्ध जांणवो॥११.२॥(१२०)

[मू.] **कहइं शबदवादी वेदि रे, लिंगनिं वयणनिं भेदिं रे।**
**भेद रे, मानइं जो तुं अरथनो रे॥११.३॥(१२१)**

[टबार्थ] हवें तिहां युक्ति कहें छें। समभिरूढ एहवुं कहें छें— शबदनयवादी मानें छें लिंग-वचननें भेदिं जो तुं अर्थ भेद मानें छइं॥११.३॥(१२१)

[मू.] **संज्ञांतरिं तो केम रे, मानइं नहीं भेद एम रे।**
**तेम रे, इहां पणि ध्वनि भिन्नता रे॥११.४॥(१२२)**

[टबार्थ] तो संज्ञाभेदिं किम अर्थभेद नहीं मानइं? लिंग-वचननें भेदिं जिम शबद भेद छे तो संज्ञाभेदिं शब्दे भेद ज छइं॥११.४॥(१२२)

[मू.] **ते माटइं संज्ञाभेदिं रे, अरथनो मानो भेद रे।**
**उछेद रे, अन्यथा होइं नियतिनो रे॥११.५॥(१२३)**

[टबार्थ] ते माटें संज्ञाभेदिं अरथनो भेद मानो। इंम न मानीइं तो उच्छेद थाइं नियतिनो। इंम जो न मानीइं तो घटपटादिक जे भिन्न भिन्न शब्द तेहनो अर्थ पणि भिन्न भिन्न एहवी नियतिनो उछेद थाइं। घट, कलश इंहा शब्दभेदिं अर्थ एक मानीइं तो घट, पट सबदें पणि अर्थ एक ज मनाइं इति भावः॥११.५॥(१२३)॥

[मू.] **घट कुंभ कुट इत्यादि रे, थंभादि परिं अन्य वादि रे।**
**नादि रे, भिन्न प्रवृत्तिनिमित्तथी रे॥११.६॥(१२४)**

[टबार्थ] घट, कुंभ, कुट इत्यादिक शब्द थंभादिकनी परिं अन्य अर्थना वाचक छें। शब्दें प्रवृत्तिनिमित्त जूदा माटे। घट शबद थकी स्थंभ शबद भिन्न अर्थनो वाचक छें। प्रवृत्तिनिमित्त बेहु शब्दे जूदा माटें। घट शब्दे घटत्व स्थंभ शब्दें स्थंभत्व प्रवृत्तिनिमित्त छें। तिम घट शब्दें अनिं कलश शब्दें पणि प्रवृत्तिनिमित्त भिन्न छइं इति भावः॥११.६॥(१२४)

[मू.] **घट कहीइं चेष्टायोगि रे, कुट शबद कोटिल्य योगि रे।**
**लोगि रे, कुंभ कुस्थिति पूरवइं रे॥११.७॥(१२५)**

[टबार्थ] हवें पर्याय शब्दनिं भिन्न शब्द प्रवृत्ति देखाडे छे। घट शब्दनो अर्थ चेष्टारूप, कुट शब्द ते कुटिलपणानें सबंधिं प्रवर्ते, कुटिल आकारवंत माटें कुट इति भावः, कुंभ शब्द ते कु कहेंता पृथवी तेहनें विषें स्थिति पूरवा माटइं प्रवर्तइ॥११.७॥(१२५)

[मू.] **घटाकारथी अभिन्न रे, घट करण किरिया विन्न रे।**
**भिन्न रे, होइं ते घट करमथी ए॥११.८॥(१२६)**

[टबार्थ] घटना करनारथी अभिन्न ज छइं घट करवानी क्रिया प्रसिद्धपणइं। अनिं तेह ज क्रिया भिन्न छइं घट रूप कर्मथी। जल आहरणादिक चेष्टावंत ते घट इति भावः॥११.८॥(१२६)

[मू.] **परयाय संकर दोष रे, अन्यथा होइं इति रोष रे।**
**कोष रे, वस्तु निज निज धरमनो रे॥११.९॥(१२७)**

[टबार्थ] पर्याय ते वस्तुना धर्म तेहनो संकर जे एकत्व एहवो दोष थाइं। जो कर्तानी क्रियानिं घटनें विषें संबद्ध मानीइं। तो एह रोष समभिरूढ वादी करइं छइं। ते माटें कोष कहेंतां सघली वस्तु आप आपणा धर्मनी आधार छें॥११.९॥ (१२७)

[मू.] **इति करतृ किरिया करमि रे, संक्रमइं नहीं त्यजि भरम रे।**
**मरम रे, एह घट कुंभादिकिं रे॥११.१०॥(१२८)**

[टबार्थ] हवें फलितार्थ कहइं छइं। एतलां माटें कर्तानी क्रिया कर्मिं संक्रमें नहीं। ए भर्म छांडें जांणो। ए मर्म घटकुंभादिक पर्याय सबदें पणि मांनवो। तिहां भिन्न भिन्न प्रवृत्तिनिमित्त रूप धर्मनो संकर न थाइं इति भावः॥११.१०॥ (१२८)

[मू.] **एह युगतिनो विस्तार रे, विशेषावश्यकिं सार रे।**
**प्यार रे, एहनिं पणि भावस्युं रे॥११.११॥(१२९)॥**

[टबार्थ] गाथा—

***घटकार विवक्खाए कत्तुरणत्थंतरं जओ किरिया। न तदत्थंतरभूए समवाओ नाम उसासे॥***
***कुंभंमि वत्थुपज्जयसंकराइप्पसंगदोसाओ। जो जेण जं च कुरुए तेणाभिन्नं तयं सव्वं॥***

एह नय पणि भावनिक्षेपानें मानें॥११.११॥(१२९)

**॥इति समभिरूढः षष्ठः॥**

## ॥अथैवंभूत नयः॥

(ढाल-१२, राग-गोडी, इंणि परि राजि करंत रे ए देशी)

[मू.] **अध्यवसाय विशेष रे, व्यंजन अरथनो।**
**जेह विशेष गवेषतो ए॥१२.१॥(१३०)**

[टबार्थ] शब्द अनिं अर्थना विशेषनी अपेक्षा करतो एहवो जे अध्यवसाय विशेष॥१२.१॥(१३०)

[मू.] **एवंभूत नय तेह रे, सूत्रि दाखीओ।**
**किरिया परिणत मानतो ए॥१२.२॥(१३१)**

[टबार्थ] ते एवंभूतनय जाणवो। अनुयोगद्वार सूत्रनइं विषें कह्यो। जे शब्दनें विषें जे क्रिया तेणिं परिणम्यो ते अर्थनिं मानइं एहवो छइं॥१२.२॥(१३१)

[मू.] **दीपन किरिया शून्य रे, जिम दीपक नहीं।**
**दीप शबद वाचक नही ए॥१२.३॥(१३२)**

**[टबार्थ]** तिहां दृष्टांत कहें छें। प्रकाशनी क्रियाइं रहित तेहनिं जिम दीपक न कहीइं। अनिं दीपक शब्द पणि प्रकास शून्यनो वाचक नहीं। प्रदीप शब्दें प्रकाशवंत ज अर्थ कहीइं। अन्यथा संशयादिक दोष होइं। ते किम? दीपन क्रियारहित पणि दीप जो होइं तो दीप शब्द उच्चरे — इंणिं प्रकाशवान अर्थरूप दीप कह्यो, किं वा अप्रकाशक जे अंधोपलादिक कह्यो? इंम संसय ऊपजें। तथा —इंणें अंधोपलादिरूप ज कह्यो पणिं दीप न कह्यो इंम विपर्यय पणि उपजें। तथा दीप कहें अंधोपलादिकनो बोध थाइं अनिं अंधोपलादि कहें दीपनो बोध थाइं। इंम संकर दोष पणि उपजें। ते माटें प्रकाशवंत तेह ज दीप शब्द कहीइं। अनिं दीप लक्षण जे अ- - - -[र्थ तेहनो?] ज वाचक दीप शब्द इति भावः॥१२.३॥(१३२)

**[मू.]** **शबद वसिं अभिधेय रे, अभिधेय वशि शबद।**
**इंम उभयथी विशेषीइं ए॥१२.४॥(१३३)**

**[टबार्थ]** शब्दनिं वसि अर्थ अनिं अर्थनें वशिं शब्द इम इकेकनिं विशेष करीइं। जिम दीप सबद प्रकाशक वस्तुनो वाचक अनिं प्रकाशक वस्तु ते दीप शब्दनो अर्थ इति भावः॥१२.४॥(१३३)

**[मू.]** **स्त्री मस्तकि आरूढ रे, जल आहरणादि।**
**किरिया युतनिं घट कहइं ए॥१२.५॥(१३४)**

**[टबार्थ]** वली बीजुं उदाहरण कहें छइं। स्त्रीना मस्तकनें विषें धर्यो जलआहरणादिक जे चेष्टा तेणिं सहित तेहनिं घट कहीइं॥१२.५॥(१३४)

**[मू.]** **गृहकोणादिकइं थाप्यो रे, तेह घडो नहीं।**
**चेष्टा विण ए नय मतिं ए॥१२.६॥(१३५)**

**[टबार्थ]** पणि घरना खूणा प्रमुखनें विषें स्थाप्यो तेहनिं घट न कहीइं। घटनी चेष्टा तिहां छें नहीं ते माटें। एवंभूतनयनें मति॥१२.६॥(१३५)

**[मू.]** **समभिरूढ नइं भाषइं रे, घट पद व्युतपत्ति।**
**अछते जो कुट पद तणो ए॥१२.७॥(१३६)**

**मानइं अरथ तुं भिन्न रे, तो चेष्टा विण।**
**कालिं घट पणि किम घडो ए॥१२.८॥(१३७)**

**[टबार्थ]** हवें पूर्व नयनिं दूषें छें। समभिरूढ नयनिं कहें छइं — घटपदनी व्युत्पत्ति जे चेष्टायोग रूप ते नथी ते माटइं कुट शब्दनो॥अरथ तुं जूदो मानें छइं। ते चेष्टारहित कालिं घट शब्द घट किम बोलावइं छइं?॥१२.२, १२.८॥(१३६, १३७)

**[मू.]** **व्युतपत्ति अरथ अभाव रे, छे ठामिं तुल्य।**
**सूक्ष्म दृष्टि इंम कीजीइं ए॥१२.९॥(१३८)**

[टबार्थ] व्युत्पत्ति अरथनो जे अभाव ते बेहु ठामिं सरखो छें। इंम सूक्ष्म दृष्टि विचार कीजीइं। घट शब्दनी व्युत्पत्ति जिम कुट शब्दिं नथी तिम घरकोणादिकिं मूक्यो छें तिवारिं पणि नथी इति भावः॥१२.९॥(१३८)

[मू.] **इंम संसारी जीव रे, प्राण धरण माटइं।**
**सिद्ध जीव नही ए मतिं ए॥१२.१०॥(१३९)**

[टबार्थ] एह नयनें मतिं संसारी ते जीव कहीइं। प्राणधारी माटें। जीव पदनो अर्थ ते प्राणधारण रूप छइं। ***जीव प्राणधारणइं(णे)*** इति वचनात्। ए नयइं मतिं सिद्धनिं जीव न कहिइं, प्राणधारी नथी माटइं।
***एवं जीवाजीवो संसारी पाणधारणाणुभवो। सिद्धो पुण अजीवो जीवपरिणामरहिओ त्ति॥***
॥१२.१०॥(१३९)

[मू.] **ए महाभाष्यिं भाष रे, ए अनुसारथी।**
**कहुं श्वेतांबर क्रिया ए॥१२.११॥(१४०)**

[टबार्थ] श्वेतांबरनी प्रक्रिया आगली गाथाथी कहें छइं॥१२.११॥(१४०)

[मू.] **जीव नोजीव अजीव रे, तह नोअजीव।**
**कीधइं इंम आकारणइं ए॥१२.१२॥(१४१)**

[टबार्थ] जीव१ नोजीव२ अजीव३ नोअजीव४ इंम च्यारे आमंत्रणें बोलावें थकें॥१२.१२॥(१४१)

[मू.] **जीव प्रतिं पण भाव रे, ग्राही नैगम पमुह।**
**जीव पण गति वंछइं ए॥१२.१३॥(१४२)**

[टबार्थ] जीवनें विषें औपशमिक१ क्षायिक२ क्षायोपशमिक३ औदयिक४ पारिणामिक ए पांच भावनिं ग्रहतां जे नैगम प्रमुख नय ते जीवनिं पांचें गतिनें विषें वांछइं। च्यार गतिं अनिं पांचमुं मोक्ष एहनें विषें पाचें भाव छें। तिहां च्यारें गतिं क्षायोपशमिक इंद्रिय१ औदयिकी गति२ पारिणामिक जीवत्व३ श्रेणिकादिकनिं क्षायिकभाविं सम्यक्त्व४ श्रेण्यारूढनें औपशमिक५ ए पांचे भाव छइं। सिद्धनें पणि क्षायिक१ औदयिक२ पारिणामिक३ ए त्रिण्य भाव होइं इति भावः॥१२.१३॥ (१४२)

[मू.] **नोजीव इति आहवानइं रे, अजीव कइं जीवना।**
**देश प्रदेश प्रतिं वदइं ए॥१२.१४॥(१४३)**

[टबार्थ] नोजीव इंम आमंत्रणिं वांछइ। केंतो नोशब्द निषेधनो वाचक ए पक्षे अजीव कहें, अथवा नोशब्द एक देशवाची ए पक्षे जीवना देश प्रदेशनिं कहें॥१२.१४॥(१४३)

[मू.] **आकारित अजीविं रे, पुद्गल द्रव्यादी।**
**तह नोअजीव आकारितिं ए॥१२.१५॥(१४४)**

[मू.] **जीव द्रव्य पतीजइं रे, केतो जीवना।**
**देश प्रदेश हवइं ए नयो ए॥१२.१६॥(१४५)**

[टबार्थ] अजीव एहवुं आमंत्र[ण] कीधइं पुद्गलद्रव्य आदि शब्दें धर्म, अधर्म, आकाश, काल द्रव्य जाणवा। तथा नोअजीव एहवुं आमंत्र[ण] कीधइं जीव द्रव्यनो बोध थाइं। नोशब्द निषेध वाची ए पक्षिं। अथवा नोशब्द देश निषेधक ए पक्षिं पुद्गलादिक जीव द्रव्यना देश प्रदेश जाणीइं। ए च्यारें बोलनें प्रश्नें नैगमादिक नयने मतिं उत्तर कह्यो। हवें एवंभूत नय कहें छें ॥१२. १५,१६॥ (१४४,१४५)

[मू.] **जीव प्रतिं औदयिक भावग्राहक एह।**
**जीव वदइं संसारीनिं ए॥१२.१७॥(१४६)**

[टबार्थ] जीव प्रतिं औदयिक भावनो वांछनार एह एवंभूत नय। ते माटें जीव ते संसारीनिं ज कहइं॥१२.१७॥ (१४६)

[मू.] **नोजीव इति अजीव रे, कें सिद्धह प्रतिं।**
**अजीव इति आकारितिं ए॥१२.१८॥(१४७)**
**पुद्गलादिके सिद्ध रे नोअजीव इति।**
**आकारण कीधइ हुंतइ ए॥१२.१९॥(१४८)**

[टबार्थ] नोजीव एहवें आमंत्रणिं अजीवनें कहइं। नोशब्द देश निषेधक ए पक्षें कें सिद्ध प्रतिं कहें, जे माटें सिद्ध ते संसारी जीवनो एक देश छइं, अजीव एहवुं आमंत्रण कीधइं पुद्गलादिक पांचें द्रव्य कहइं। नोअजीव एहवुं आमंत्रण कीधें हुंतइं॥१२. १८,१९॥(१४७,१४८)

[मू.] **ग्रहइं संसारी जीव रे, देशप्रदेशनी।**
**कलपन तो एहनिं नही ए॥१२.२०॥(१४९)**

[टबार्थ] संसारी जीवनिं कहें नोशब्द निषेंधक वाची ए पक्षिं। अनिं देश निषेधकनी अपेक्षाइं तो अजीवना देश प्रदेश ग्रहीइं। तेहनी कलपना तो एह नयनें मतिं छें नही, अखंड द्रव्यनिं ज मानइं॥१२.२०॥(१४९)

[मू.] **एवंभूताभिप्रायइं रे, सिद्ध ज जीव छइं।**
**भावप्राणनइं धारवइं ए॥१२.२१॥(१५०)**

[टबार्थ] हवें ईहां दिगंबरनुं मत कहें छे। एवंभूत नयनें मतिं सिद्धनिं ज जीव कहीइं। भावप्राणना धरवा माटें। भाव प्राण ते ज्ञान१ दर्शन२ रूप चेतना।

***तिक्काले चउपाणा, इंदियबलमाउआणपाणो य। ववहारो सो जीवो, णित्थयदो दुचेयणा जस्स॥*** त्ति ॥१२.२१॥(१५०)

[मू.] **इति कोइक ते मिथ्या रे, जीव प्रतिं एह।**
**तुरियभाव ग्राहक कह्यो ए॥१२.२२॥(१५१)**

[टबार्थ] एहवुं दिगंबर कहें छें ते खोटुं। तिहां हेतु कहें छइं। जीवनें विषें एवंभूत नय औदयिक भावनो ज ग्राहक कह्यो छे। तो क्षायिक भावना जे केवलज्ञानादिक तेहनिं किम ग्रहइं?॥१२.२२॥(१५१)

[मू.] **आयुकर्मोदय रूप रे, जीवन अरथनो।**
**छइं सदभाव संसारीइं ए॥१२.२३॥(१५२)**

[टबार्थ] हवें फलितार्थ कहें छें। आयुकर्मना उदय रूप जे जीवन शब्दना अरथनी सत्ता संसारी जीवनें विषें छइं। जीव कहीइं प्राणधारीनिं अनिं प्राण तो औदयिक भावना ते ए नय मानें ते माटइं आउखारूप जे प्राण तेहनें उदयिं संसारीनि जीव कहीइं। अनिं यद्यपि इंद्रिरूप प्राणनिं क्षायोपशमिकपणुं छें तथापि प्रधानपणें आयुकर्मोदय लक्षणनिं ज जीवन अर्थनुं ग्रहण ईहां कीधुं इति भावः॥१२.२३॥(१५२)

[मू.] **सिद्धनिं जीवत्व दाख्युं रे, मलयगिरी मुखिं।**
**ते तो नैगमादिक मति ए॥१२.२४॥(१५३)**

[टबार्थ] सिद्धनिं जीवपणुं कहिउं मलयगिरी प्रमुखि ते तो नैगमादिक नयनें लेखें जाणवुं ॥१२.२४॥(१५३)

[मू.] **एह नयाभिप्रायइं रे, पन्नवणादिकिं।**
**जीवन पज्जययुत्तपणइं ए॥१२.२५॥(१५४)॥**

[टबार्थ] अनेंक शास्त्रिं पणि सिद्धनि जीव कही बोलाव्या छें ते ग्रंथनिं अनिं ए ग्रंथनें विरोध थाइं ते निराकरें छें। एह नयनें मतिं पन्नवणादिक सूत्रिं प्राणधारणरूप पर्याययुक्तपणें करी॥१२.२५॥(१५४)

[मू.] **जीव अशाश्वतो दाख्यो रे, इंम सवि ग्रंथनिं।**
**संमत अरथ विभावीइं ए॥१२.२६॥(१५५)**

[टबार्थ] जीव अशाश्वतो कह्यो। इंणी रीति सर्व सूत्रनें संमत अरथ विचारीइं। जो क्षायिकभाविं निश्चय प्राण अपेक्षाइं जीव कह्यो होइं तो शाश्वतो कहत इति भावः॥१२.२६॥(१५५)

[मू.] **ए नयमतिं पणि सिद्ध रे, सत्त्वनिं आतम ए।**
**व्यपदेश लहइं सही ए॥१२.२७॥(१५६)**

[टबार्थ] हवें ए नयनें मतिं सिद्धनिं जीव न कहीइं तो स्युं कही बोलावीइं? ते ऊपरि कहें छइं। एवंभूत नय मति पणि सिद्धनिं सत्त्व कहीइं, सत्तायोग माटइं। तथा आत्मा कहीइं, नवनवा पर्यायनिं अतति कहेंतां पांमें ते आत्मा। ए अर्थयोगें एहवें शब्दइं बोलावीइं॥१२.२७॥(१५६)

[मू.] **ए नयनिं पणि इष्ट रे, भाव निक्षेपक।**
**इति नय सपतक दाखीया ए॥१२.२८॥(१५७)**

[टबार्थ] एवंभूतनयनिं पणि भाव निक्षेपो ज मान्य छइं। इंणी रीतिं साते नय कह्या स्वरूप थकी॥१२.२८॥(१५७)

**॥इत्येवंभूतनयः सप्तमः॥**

## [नयानां परस्परविरोधः]

(ढाल-१३, राग-मल्हार, वीरमाता प्रीतिकारिणी ए देशी)

[मू.] **मूल नय जाति भेदिं, कह्या नैगमादि सरूप।**
**सूक्ष्म भेद एहना होइं, प्रत्येकिं शत रूप॥१३.१॥(१५८)**
**श्रीजिनवर मत निरमलुं, जिहां सवि नय भासइं॥आंचली॥**

[टबार्थ] मूलनय सात जाति भेदिं कह्या नैगम प्रमुख स्वरूप थकी। सूक्ष्मभेद व्यक्तिं करीइं तो एह सात नयनें एकेकाना प्रत्येकिं सो सो भेद थाइं॥१३.१॥(१५८)

[मू.] **अरथनय आदिम चउ, यदा त्रिण्ये शबदनय एक।**
**मूल नय पंचना पंचसिं, आदेशांतरि छेक॥श्रीजिन०॥१३.२॥(१५९)**

[टबार्थ] पहेंला च्यार नयनिं अरथनय कहीइं । अर्थ अपेक्षाइं प्रवर्ते माटइं। आगल्या त्रिण्य नय शब्दनय कहीइं। शब्द अपेक्षाइं प्रवर्त्या माटइं। तिवारिं मूल नय पंच थाइं। तेहना उत्तर भेद पांचसिं थाइं। वाचनांतरिं उत्कृष्ट भेद एतला जाणवा॥१३.२॥(१५९)

[मू.] **संग्रहनिं व्यवहारथी, नैगम किहां एक भिन्न।**
**एह कारणि परिभाषिका, सूत्रइं सातनी विन्न॥श्रीजिन०॥१३.३॥(१६०)**

[टबार्थ] संग्रहनय अनिं व्यवहारनय थकी नैगमनय कोइक ठामि प्रदेशादिक दृष्टांतनिं जूदो छइं। ते माटें प्रसिद्ध भाषा अनुयोगद्वारादिक सूत्रिं सातनी जांणवी। नैगम सामान्यग्राही तथा विशेषग्राही इंम बे प्रकारें छें। तिहां पहेलो संग्रह मांहिं बीजो व्यवहारमांहिं भलें तोहें प्रदेशादिक दृष्टांत जूदो छें। माटें सात नय कहीइं इति भावः॥१३.३॥(१६०)

[मू.] **भेद असंख्य पणि संभवइं, इति भाष्यमां भाख्युं।**
**ते सवे समुदित जे धरइं, तेणिं समकित चाख्युं॥श्रीजिन०॥१३.४॥(१६१)**

[टबार्थ] भेद असंख्यातापणि ऊपजइं। एहवुं विशेषावश्यकें अत्र गाथा—
**जावंतो वयण पहा तावंतो वा नयाविसद्दाओ। ते चेव य परसमया सम्मत्तं समुदिया सव्वे॥**
तेह समकिती जाणवो ॥१३.४॥(१६१)॥

[मू.] **एकेक अंश ग्रही अंधका, कहें जिम गज पूरो।**
**तिम अहंकार नयवादिनिं, जाणइं अंश अधूरो॥श्रीजिन०॥१३.५॥(१६२)**

[टबार्थ] इकेका नयना माननार मिथ्यादृष्टि होइं। ते ऊपरि दृष्टांत कहें छें। इकेक अंस जे सुंडि प्रमुख तेहना ग्रहेंनार जे अंध पुरुष जिम एकेका अंसनें हाथी पूरो कही बोलावइं तिम अहंकारी नयवादी एकेक अंसनिं संपूर्ण वस्तु करी जाणइं॥१३.५॥(१६२)

[मू.] **चक्षुदरसी जिम हाथीओ संपूरण देखइं।**
**समकिती तिम नय सकलस्युं, पूरण वस्तु विशेषइं॥श्रीजिन०॥१३.६॥(१६३)**

[टबार्थ] हवें स्यादवादीनिं सम्यग्दृष्टिपणुं दृष्टांत तें देखाडे छे। देखतो पुरुष जिम हाथीनिं सर्वावयव संयुक्त मानें। तिम समकितदृष्टी नय समस्तिं करी सकलांसिं संपूर्ण वस्तुनिं मानें॥१३.६॥(१६३)

[मू.] **योग वैशेषिक विचरिया, नैगम अनुसारिं।**
**संग्रहरंगि वेदांतिया, कापिल व्यवहारिं॥श्रीजिन०॥१३.७॥(१६४)**

[टबार्थ] हवें षटदर्शन कुंण कुंण नयनें अनुसारिं प्रवर्त्या? ति कहें छइं। नैयायिक अनिं वैशेषिक प्रवर्त्या नैगमनयनें मतिं, संग्रहनयें वेदांति प्रवर्त्या, सांख्य व्यवहारिं प्रवर्त्या॥१३.७॥(१६४)

[मू.] **बौद्ध ऋजुसूत्र मुख नय थकी, मीमांसक नय भेलइं।**
**पूरण वस्तु जैना वदइं, षट दरसन मेलइं॥श्रीजिन०॥१३.८॥(१६५)**

[टबार्थ] बौद्ध ते ऋजुसूत्र प्रमुख नय थकी प्रवर्त्या, मीमांसक ते घणा नयनीं मेलें प्रवर्त्या । सर्वनय संमतपूरण वस्तुनें जैन मानइं। छए दर्शननें मेलिं॥१३.८॥(१६५)

[मू.] **छूटक रतन माला इति, व्यपदेश न पामइं।**
**एक दोरइं तेह संकुल्यां, माला संपजइं नामिं॥श्रीजिन०॥१३.९॥(१६६)**

[टबार्थ] छूटां रतननिं माला एहवुं न कहेंवाइं। एकें दोरइं जिवारिं परोया थकीं। माला एहवुं नाम थाइं॥१३.९॥(१६६)

[मू.] **तिम सवे दरसन साचलां, इकेकां न कहाय।**
**सार स्यादवाद सूत्रिं करी, गुंथ्यां समकित थाय॥श्रीजिन०॥१३.१०॥(१६७)**

[टबार्थ] तिम ए दृष्टांतिं सघलां दर्शन साचां भिन्न भिन्न न कहेंवाइं। स्यादवाद रूप जे दोरो तेणिं करी गुंथ्यां थकां सत्य थाइं॥१३.१०॥(१६७)

[मू.] **नित्य अनित्य पक्षपातीया, माहोमांहिं ते दूषइं।**
**जिम बेहू कुंजर जूजता, करदंतनिं मूषइं॥श्रीजिन०॥१३.११॥(१६८)**

[टबार्थ] एकदर्शनी नित्यपणानें मानता बीजा अनित्यपणानिं मांनता माहोमांहिं दूषण दीइं। जिम बे हाथी लढता थकां सूंडित दांत प्रमुखनें वजाडें॥१३.११॥(१६८)

[मू.] **साधक स्यादवादक तिहां, लक्षइं भिन्न सरूप।**
**दोयनिं समोवडि लेखवइं, न हारइं निज रूप॥श्रीजिन०॥१३.१२॥(१६९)**

[टबार्थ] साधक तो स्यादवाद रूप छें। तिहां बेहूनां जूदां जूदां सरूप जाणइं। बेहूनिं बरोबरि लेखवइं। पोताना साधकपणाना रूपनिं हारें नही। एकेंनो पक्षपाती नही ते माटइं॥१३.१२॥(१६९)

## [नयानां परस्परविरोधपरिहारः]

(ढाल-१४, राग-धन्याश्री, कहणी करणी तो विण साचो ए देशी)

[मू.] **इंम विरोध परसपरिं देखी, सेवि नयनिं निज रूपिं रे।**
**जे संदेह धरइ मनि बूडइं, ते मिथ्या मत कूपिं रे॥१४.१॥(१७०)**
**श्री जिनवाणी अमृत समाणी, पिजइ लीजइं स्वाद रे।**
**जिनमति जाणी थिरता आणी, त्यजीइं आग्रहवाद रे॥१४.२॥(१७१) आंचली॥**
**संदेहि होइं समय आसायण, इति महाभाष्यिं भाख्युं रे।**
**तेह कारण समुदित अभ्यासो, जो वंछो श्रुत राख्युं रें॥ श्रीजिन०॥१४.३॥(१७२)**

[टबार्थ] एवं सविसययससच्चे पर विसयपरंमुहे णये नाउं। नेएसु न संमुज्जइ न य समयासायणं कुणइ॥१४.१,२,३॥ (१७०, १७१, १७२) (विशे. २२७२)

[मू.] **श्रुत परिशीलन ए विण न होइं, ए श्रुत जलनिधि पोत जी।**
**एह थकी घटि परगटि होइं, निरमल ज्ञान उद्योत जी॥ श्रीजिन०॥१४.४॥(१७३)**

[मू.] **भिन्न भिन्न विषयिक नयलयथी, होवइं मुनि श्रुतज्ञानी जी।**
**बृहतकल्पभाष्यें ते भाख्यो, केवली सम शुभध्यानी जी॥ श्रीजिन०॥१४.५॥(१७४)**

[मू.] **एह अनोपम चिंतामणि सम, शास्त्र पिटकथी लेई जी।**
**प्राकृत भाषा दोरइं गुंथ्यो, भविजन कंठि ठवेई जी॥ श्रीजिन०॥१४.६॥(१७५)**

[मू.] **सम्यग्दृष्टीनें रुचि वाधइं, एह विचार सुणंतां जी।**
**जे नही छल छलीया गुणभरीया, तस अनुमतिए भणतां जी॥ श्रीजिन०॥१४.७॥(१७६)**

[मू.] **नयरहस्य जो लघु निंदीजइं, तो होइं अरथनी हाणी जी।**
**योगदृष्टिसमुच्चयमांहिं, एहवी रीति वखाणीजी॥ श्रीजिन०॥१४.८॥(१७७)**

[मू.] **श्रोता मति परिमाणि कहेंवो, नयविशारद सूरिंजी।**
**आवश्यकनिर्युक्तिं भाख्युं, नहीं बुधजनमन दूरिं जी॥ श्रीजिन०॥१४.९॥(१७८)**

[टबार्थ] आसज्ज उ सोआरं, नये नयविसारओ बूया॥१४.९॥(१७८)

[मू.] **एहथी मिथ्यामति सवि भाजइं, होवइं वस्तु प्रकाश जी।**
**आरतिध्यान निवारक ऊलसे, चिदानंद विलास जी॥ श्रीजिन०॥१४.१०॥(१७९)**

[मू.] **एह विचित्र नयवाद विचारी, कीजइं उपशमभाव जी।**
**सूत्रिं पणि एहनुं फल दाख्युं, राग द्वेष अभावजी॥ श्रीजिन०॥१४.११॥(१८०)**

[टबार्थ] यत उपदेशः—

***सव्वेसिं पि णयाणं, बहुविहवत्तव्वयं णिसामित्ता।***
***तं सव्वणयविसुद्धं, जं चरणगुणट्ठिओ साहू॥*** त्ति

[मू.] ते माटें उपशमना अरथी, साधु महावैरागी जी।
ते धरज्यो करज्यो मुझ उपरि, कृपा दृष्टि बडभागी जी॥ श्रीजिन०॥१३.१२॥(१८१)

## [रासप्रशस्तिः]

(ढाल-१५, राग-धन्याश्री, गुणतणी वेलडी ए देशी)

[मू.] श्रीतपागच्छ नंदनवनिं सुरतरु, जाणीइं जे जगि जुगप्रधानो।
जगतगुरु बिरुदधारी महिमानिधी, श्रीगुरु हीरविजयाभिधानो॥१५.१॥(१८२)
श्री जिनशासन जगिं जय जय करुं॥

[मू.] तास पाटिं हवो सुरगुरु अभिनवो, श्रीविजयसेनसूरी प्रसिद्धो।
साहिवर परषदिं वाद जिती करी, गुरुसवाई जिणिं बिरुद लीधो॥श्रीजिन०॥१५.२॥(१८३)

[मू.] श्रीविजयतिलकसूरीसरू तस पटिं, उदयगिरि उगीओ वरदिणंदो।
कुमतिमतितिमिरहर सुमतिउद्योतकर, विहितभविजनचकवयआणंदो॥
श्रीजिन०॥१५.३॥(१८३)

[मू.] तास पाटिं जनानंदकारी गुरु, श्रीविजयाणंदसूरी[स] सीहो।
ज्ञानसमतादिगुणरयणरोहणगिरी, प्रवरवैराग्यरंजित निरीहो॥ श्रीजिन०॥१५.४॥(१८४)

[मू.] तास पाटिं सदागुणिं गणि राजतो, श्रीविजयराजसूरि सूरीशो।
देशनासरसरस भविजन रीझतो, जेहनी चढती दिन दिनें जगीसो॥ श्रीजिन०॥१५.५॥(१८५)

[मू.] तास गुरु भाई बुधशांतिविजयगुरु, शमदमादिक गुणवंत संत।
जास सुपसायें सुरमणिसम मि लह्युं, श्रीजिनवरमत अति लसंत॥ श्रीजिन०॥१५.६॥(१८६)

[मू.] तस विनयी मानविजयाभिधो वंदति, निजशकति श्रुतभगति आणी।
तत्त्वरुचि भविकजन भणत सुणतां हुयो, शुभफलदायिनी एह वाणी॥
श्रीजिन०॥१५.७॥(१८७)

[मू.] जे मतिमंदभाविं करी एहमां, शास्त्र विपरीत कहेंवायुं होय।
तेहनुं मुजनिं मिच्छा मि दुक्कडं हुयो, सोधज्यो संत गीतार्थ सोय॥ श्रीजिन०॥१५.८॥(१८८)

[मू.] भणत सुणतां होइं समकित निरमलुं, एह सुरमणिसमो नयविचार।
सतत अभ्यासतां होइं समता गुणो, एह अनंत कल्याणकार॥ श्रीजिन०॥१५.९॥(१८९)

॥इति सप्तनयविवरणरास संपूर्णः॥

## (२.२)

## पंडित न्यायसागर रचित

# सप्तनयविचारगर्भित वीरजिनस्तवन

(बालावबोधसहित)

श्रीगुरुभ्यो नमः।

[मूल] **सिद्धारथ त्रिशलातणो नंदन गुणमणिखाणि।**
**नयवचने करी वीनवुं, आगमथी मति आणि॥१॥**
**मूल नयागममां कह्या, नैगम प्रमुख जे सात। ते विवरी कहुं लेशथी, शुद्ध यथोत्तर थात॥२॥**
**प्रकृत वस्तुना अंशनें ग्रहइं तदितरथी उदास। अभिप्राय प्रतिपत्तुनो, ते नय आगमवास॥३॥**

[बाला] प्रथम नयनुं लक्षण कहीइं छइ। ***नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थस्यांशः तदितरांशौदासीन्यतः सप्रतिपत्तुरभिप्रायविशेषो नयः***। अथवा ***अनन्तधर्मात्मकस्य वस्तुन एकांशव्यवसायात्मकं प्रकाशकं ज्ञानं नयः***। अनंत धर्मात्मक वस्तुनुं जे एकांश तेहनुं प्रकाशक एहवुं जे ज्ञान ते नय कहीइं। श्रीवीतराग मतनें विषें सकल वस्तु अनंतधर्मात्मक वर्णवी छे, मयूरांडवत्। जिम मोरना इंडामाहिं अनेक धर्म छइं तो इंडाथी मोर नीपजइं तिवारें नव नव रंग विचित्रता प्रगटइं छइं। अछतुं कांइं उपजतुं नथी, ऊपजें तेहि ज सत्य हुइ आकाशकुसुमवत्। जिम आकाश कुसुमनी नास्ति छइं तो ऊपजतुं पिण नथी इम मृत्पिंडने विषइं पिण घट-घटी-शराव-उदंचनादिकनी सत्ता छें तो ते माहिंथी तेहवा तेहवा पर्याय ऊपजइं छइं। अत्र कोइक पूछस्यें—जो तुम्हे अनंत धर्म वस्तुनें विषइं कहो छो तो एकइं धर्में करी वस्तुनें कांइ बोलावो छो? तो तेहनइं इम कहीइं—अम्हे अनंत धर्मनी सत्ता मानां छां, पिण परिणाम ते एकें कालइं संख्याता असंख्यातानो छइं। तथा जिणे कालइं जे परिणाम छइं तेणइं कालइं अपर परिणाम न हुइं। ***यद् द्रव्यं यदा येन रूपेण परिणमति तदा तेनैव रूपेण न तु रूपान्तरेणे***ति वचनात्।

हवें नयनें प्रमाण कहीइं किं वा अप्रमाण कहीइं? प्रमाण ते यथार्थनुं कहिवुं, अप्रमाण ते अयथार्थनुं कहिवुं। ***यथार्थः प्रमाण***मित्युच्यते। अयं वार्थः अप्रमाणमिति नयः प्रमाणस्यैकांशः इम कोइ पूछइ तेहनइ इम कहीइ—

***नाप्रमाणं प्रमाणं वा प्रमाणांशस्तथैव हि। नासमुद्रः समुद्रो वा समुद्रांशो यथैव हि॥***

नय ते प्रमाणनो अंश छइं। जे प्रमाण नही अप्रमाण नही तेहनइं प्रमाणांश कहीइ। कथंचित् प्रमाणनें कहें छइं ते माटइ समुद्रजलपसलीनी परिं। जिम समुद्रमाहिंथी जलनी पसली भरी छइं तेतला जलनइं समुद्र न कहीइं तेहनइं ज जो समुद्र कहीइं तो पूठिला जलनइं समुद्रपणुं टलस्यें समुद्र नाम एक छें। तिम असमुद्र पिण न कहीइं। जो तेतला जलनइं समुद्रपणुं नथी तो पूठिला जलनें पिण समुद्रपणुं टलिस्यें। ते माटें पसली समुद्र जलनें समुद्रांश कहीइं। तिम नयनें पिण प्रमाणांश कहीइं।

तथा समस्तांश जेहनइं विषइं रह्या छइं तेहनइं प्रमाण कहीइं। ***समस्तांशस्थानं प्रमाण***मिति वचनात्।

***प्रमाणनयैरधिगमः***। प्रमाण अनें नय करी सकल वस्तुनुं अधिगम छइ।

ते नय सात प्रकारनो छइ। नैगम (१) संग्रह (२) व्यवहार (३) ऋजुसूत्र (४) शब्द (५) समभिरूढ (६) एवंभूत (७) ए सात मूल नय। यदुक्तम् अनुयोगद्वारसूत्रे नयस्वरूपम्— *से किं तं नए? सत्त मूलनया पन्नत्ता। णेगमे संगहे ववहारे उज्जुसूए सद्दे समभिरूढे एवंभूए॥*

***तत्थ—***

***णेगेहिं माणेहिं मिणइ त्ति णेगमस्स निरुत्ती। सेसाणं पि नयाणं लक्खणमिणमो सुणह वोच्छं॥***
***संगहियपिंडियत्थं संगहवयणं समासओ बिंति। वच्चइ विणिच्छियत्थं ववहारो सव्वदव्वेसु॥***
***पच्चुप्पन्नगाही उज्जुसूओ नयविही मुणेयव्वो। इच्छइ विसेसिअतरं पच्चुप्पन्ननयो सद्दो ॥***
***वत्थूओ संकमणं होइ अवत्थु नए समभिरूढे। वंजणअत्थतदुभयं एवंभूओ विसेसेइ॥***
***नायंमि गिण्हियव्वं अगेण्हियव्वंमि चेव अत्थंमि। जइ[य]व्वमेव इइ जो उवएसो सो नओ नाम॥***
***सव्वेसिं पि नयाणं बहुविहवत्तव्वयं निसामित्ता। तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू॥***

ए पहिली बीजी त्रीजी गाथानो अर्थ॥१॥२॥३॥

**(ढाल : १ जगजीवन जगवाल्ह हो ए देशी)**

[मूल] **तुझ आगम मुझ मनि वस्यो (ए आंकणी)**
**ते नय दुविधइं भाषियो, प्रथम द्रव्यार्थिक एक लाल रे।**
**पर्यायार्थिक भेदथी, बीजो भाष्यो छेक लाल रे॥ तुझ०॥४॥ (१.१)**
**तिहां त्रिविधइ पहिलो कह्यो, नैगम संग्रह छेद लाल रे।**
**तिम त्रीजो व्यवहार नय, ए द्रव्यार्थिक भेद लाल रे॥ तुझ०॥५॥(१.२)**
**पर्यायार्थिक च्यार जे, नय ऋजुसूत्रनें सद्द लाल रे।**
**समभिरूढ तीजो वली, एवंभूत भद्द लाल रे॥तुझ०॥६॥(१.३)**

**[बाला.]** ते सर्वनय २ बि प्रकारमाहिं आवइं। ते प्रकार केहा? एक द्रव्यार्थिक, बीजो पर्यायार्थिक।

स च द्वेधा द्रव्यार्थिक-पर्यायार्थिकभेदात्, द्रवति ताँस्तान् पर्यायानिति द्रव्यं तदेवार्थः सोऽस्ति यस्य विषयत्वेनेति द्रव्यार्थिकः।

पर्येति उत्पादविनाशौ प्राप्नोतीति पर्यायः स एवार्थः सोऽस्ति यस्यासौ पर्यायार्थिकः।

तिहां आद्य त्रिण प्रकारनो। तत्राद्यस्त्रिधा—नैगम-संग्रह-व्यवहारभेदात्।

हवइ नैगम देखाडइ छइ। सच्चैतन्यमात्मनीति। अत्र चैतन्यस्य प्राधान्यं विशेष्यत्वात् सदित्यस्याप्राधान्यं विशेषणत्वात् नैगमेन विवक्ष्यते।

सङ्ग्रहो यथा विश्वमेकं सदिति। अत्र सत्स्वपि घटपटादिविशेषेषु सर्वत्र सत्ता(त्तै)कत्वेनाशेषार्थानामेकत्वं गृह्यते सामान्येनैव।

सङ्ग्रहगृहीतस्य सामान्यस्य यो विभाजकः=विभागकारी अभिप्रायो व्यवहारः। यथा यत्सद्द्रव्यं पर्यायो वेति।

अथ पर्यायार्थिकस्य भेदाश्चत्वारः। ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूताश्चेति। एष्वाद्यो यथा अयं हि सदपि द्रव्यं न ज्ञापयति। क्षणध्वंसेन पर्यायान् प्रधानतया दर्शयति यथा सुखं सम्प्रत्यस्तीति। अनेनात्मानं अवगणय्य सुखाख्यं पर्यायमात्रं प्रदर्श्यते।

शब्दनयो यथा बभूव, भवति, भविष्यति सुमेरुरिति। अत्रातीतानागतवर्तमानकालत्रयभेदात् कनकाचलस्य पर्यायत्वेन भेदः शब्दनयः प्रतिपद्यते। द्रव्यरूपतयात्वभेदमेव।

समभिरूढस्तु पर्यायभेदेऽर्थस्यापि भेदं मन्यते। यथा इन्दनादिन्द्रः शकनाच्छक्र इति। समभिरूढस्तु इन्दनादि क्रियायां सत्यामसत्यां च इन्द्रादि व्यपदेशं लभते।

एवम्भूतस्तु इन्दनादिक्रियां कुर्वन्तमेव इन्द्रादिव्यपदेशमभ्युपगच्छति। उदाहरणं यथा इन्दनक्रियामनुभवन्निन्द्रः, शकनक्रियापरिणतः शक्र इत्यादि सङ्क्षेपतो नयविमर्शविशेषो दर्शितः। चोथी पांचमी छट्ठी गाथानो अर्थ ॥४॥५॥६॥

[मूल] **प्रथम च्यार कोई कहें, द्रव्यार्थिकमां भेद लाल रे।**
**पर्यार्थिकमां वली, अंतिम त्रिण निरवेद लाल रे॥ तुझ०॥७॥(१.४)**
**अथवा पांच प्रकारनो, नैगम धुरि सद्दंत लालरे।**
**अंतरभाव हुइं सद्दमां, अंतिमद्वय नय संत लाल रे॥८॥(१.५)**
**पांचशती हुइं पांचना, उत्तर भेद उदार लाल रे।**
**सप्तशती तिम सप्तना, नयचक्रइ विस्तार लालरे॥९॥(१.६)**

[बाला.] इहां केतलाइक आचार्य पहिला चार नयनैगमादिक द्रव्यार्थिकमां कहें छइ अनें पाछिला त्रिण नयशब्दादिक पर्यायार्थिकमां गणें छइं ए पिण मतांतर छइं।

अथ पांच प्रकारनो नय। नैगम (१), संग्रह (२), व्यवहार (३), ऋजुसूत्र (४), शब्द (५)। समभिरूढ (१), एवंभूत (२) ए बइ नय शब्दनयमाहिं अंतर्भाव थाइं। एवं पंच नयना द्रव्यगुणपर्यायथी अर्पण-अनर्पणाइ करी पांचसइ भेद थाइं। अनें सात नयना ए रीतिं सातसइं भेद थाइं। ते शतारनयचक्राध्ययनमाहिं पूर्वि हुंता हिवणां द्वादशारनयचक्रमांहि छइं। ए सात नय संक्षेपइं कह्यो। ए सातमी, आठमी, नोमी गाथानो अर्थ॥७॥८॥९॥

[मूल] **छइं सामान्यविशेष ए, उभय धर्म सवि अर्थ लाल रे।**
**जाति सामान्य तिहां वली, व्यक्ति विशेष समर्थ लाल रे॥ तुझ०॥१०॥(१.७)**
**बहु घटमां मति एकता, ए सामान्यनो धर्म लाल रे।**
**प्रतिव्यक्ति कहइ भिन्नता, तेह विशेषनो मर्म लाल रे॥११॥(१.८)**
**नैगम मानें वस्तुनें, उभयात्मक सवि देह लाल रे।**
**नहि सामान्य विशेष विण, तिम सामान्य विण एह लाल रे॥१२॥(१.९)**

**[बाला.]** हवइ विस्तारइं कहीइं छइ। प्रथम नैगमनो अर्थ लिखीयइं छइ।

**तत्थ—**

***णेगेहिं माणेहिं मिणइ त्ति णेगमस्स निरुत्ती।***

अर्थ—**तत्थ** कहितां तिहां सात नयनें विषइं नैगमनयस्युं कहीइं जे अनेक **माण** कहितां मान अर्थ जाणवा विचार सामान्य विशेषादिक तेणिं करी पदार्थनो भाव **मिणइ** कहितां जाणइ ते नैगमनय कहिवाइं। ए नैगम शब्दनी **निरुक्ति** कहितां व्युत्पत्ति जाणवी। एतलें स्युं कह्युं ? शिष्यनें श्रीगुरु दृष्टांतिं करी प्रीछवें छइं। जिहां अनेक प्रकार विचार करी एक पदार्थनो भाव जाणीइं ते नैगमनय जाणवो। अथवा सामान्यरूपइं तथा विशेषरूपइं करी सहित वस्तुनइ कहें पिण एकाकी सामान्य रूपइं अथवा विशेषरूपइं कु वस्तुनें न कहइ ते नैगमनय कहीइं।

तत्र सकलभुवनत्रयमध्यवर्ती वस्तुकदंबकनें ग्रहें ते सामान्य धर्म कहीइं। सामान्य धर्म ते एक छे। यथा शैवन्यायइं—***नित्यमेकमनेकानुगतं सामान्यम्।*** नित्य छइं एक छइं अनेकनें विषइ रहि छइ ते सामान्य कहीइं। द्रव्यत्व, घटत्व, पटत्व, मनुष्यत्वादि लक्षण जाणिवुं। तथा जैनन्यायेऽपि—***अप्रच्युताव्यु(नु)त्पन्नस्थिरैकरूपं हि सामान्यम्।*** *तच्च द्रव्यमेव न तु पर्यायास्तेषां तद्विलक्षणत्वात्।* जे ऊपजें नही विणसें नही स्थिर एकरूप त्रिणि कालनइं विषइं ते सामान्य जाणिवुं, पिण पर्याय न जाणवा। तेहनो तो उत्पाद विनाश छइं तेणें करी अस्थिर छइं, अनेकरूपता धर्म छइ। यथा शैवन्यायें ***व्यावृत्तिधर्माणो हि विशेषाः।*** जेणइं करी वस्तुनी व्यावृत्ति कीजें ते विशेष कहियइ। व्यवहार साधक विशेष ज छइं। ते घट-पट-मुकुटादि, नर-नारकादिक। ए सामान्य-विशेषनो अर्थ कहिओ। ए बिं प्रकार वस्तुनें कहइ, पिण एक प्रकारनें न कहें ते नैगमनय कहइं। एतलइं गुणनिष्पन्न नाम थयुं।

जैनन्यायेऽपि विशेषलक्षणम्—***पूर्वसर्वाकारपरित्यागोत्तरोत्तरपरिस्फूर्तिमन्तो हि विशेषाः पर्यायापरनामानः।***

जैननयनें विषइ पिण विशेषनुं लक्षण कहइ छइ। पूर्वपूर्व आकारनो परित्याग उत्तरोत्तरनी परिस्फुर्तिवन्त हुइ ते विशेष कहीइं। बीजुं विशेष नाम पर्याय कहीइं।

अत्र कोऽपि पृच्छति—जैना अपि वस्तुनि धर्मद्वयं मन्यन्ते। सामान्यं विशेषश्च। सामान्यं विना विशेषो न स्याद्विशेषं विना सामान्यं न स्यात्, ***निर्विशेषं हि सामान्यं {न} भवेत् शशविषाणवदिति*** वचनात्।

अत्र कोई एक पूछिस्यें जैन पिण वस्तुनें विषइ बि धर्म मानइ छइं। एक सामान्य बीजो विशेष। सामान्य विशेष विना नथी, विशेष सामान्य विना नथी ते माटें जैन पिण केवल नैगम मतावलंबी हुस्यइं। तेहनइ इम कहीइं—जैन कथंचित् प्रकारइं अभिन्न कहइ छइ, पिण सर्वथा प्रकारइं नथी कहितो।

सामान्यविशेषनी सप्तभंगी छइ। वस्तु स्यात् सामान्यम् (१) स्याद् विशेषम् (२) स्यात् सामान्यविशेषम् (३) स्याद् अवक्तव्यम् (४) क्रमतः सामान्यकल्पनया स्याद् अवक्तव्यम् (५) क्रमतो विशेषकल्पनया स्याद् अवक्तव्यम् (६) युगपत्सामान्यविशेषकल्पनया स्याद् अवक्तव्यम् (७) इति।

वस्तुनइं विषइं कथंचित्प्रकारइं सामान्य धर्म छइं। सामान्य ते द्रव्यपणुं छइ। इति प्रथमो भङ्गः। (१)

तथा तेहिज वस्तुनें विषइं कथंचित्प्रकारइं विशेष धर्म छइ। विशेष पर्याय कहीइ। द्वितीयो भङ्गः। (२)

तथा तेहिज वस्तुनइं विषइं समकालइं उभय धर्म पिण छइ। एक सामान्य बीजो विशेष। तृतीयो भङ्गः।(३)

तथा तेहिज वस्तुनइं विषइं अवस्तु [अ]वक्तव्य धर्म पिण छइ। एक कोईइ करी कहिवा योग्य पिण नथी। चतुर्थो भङ्गः।(४)

तथा अनुक्रमें एकाकी सामान्य कल्पनाइ ज करीनइ वस्तुनइ कहिवानइं अवक्तव्य छइ। इति पञ्चमो भङ्गः।(५)

तथा एहज अनुक्रमइ एकाकी विशेष कल्पनाइ ज करीनइ वस्तु कहिवानइं अवक्तव्य छइ। षष्ठो भङ्गः।(६)

तथा तेहिज वस्तु युगपत् कहितां समकालइ सामान्यविशेषइं करी कहिवानें अवक्तव्य छइ। इति सप्तमो भङ्गः।(७)इति नैगमः।

वस्तुनि कथञ्चित्प्रकारेण सामान्यद्रव्यधर्मत्वमस्तीति प्रथमभङ्गार्थः। (१)

तथा तस्मिन्नेव वस्तुनि कथञ्चित्प्रकारेण विशेषधर्मः पर्यायोऽपि स्यादिति द्वितीयः।(२)

तथा तस्मिन्नेव वस्तुनि समकाले सामान्यविशेषावपि स्यातामिति तृतीयः।(३)

तथा तस्मिन्नेव वस्तुनि अवक्तव्यधर्मत्वं परमाणुरूपमस्तीति चतुर्थः।(४)

तथाऽनुक्रमेणैकया सामान्यकल्पनया वस्तुस्वरूपं कथंपि(थयि)तुमशक्यमतोऽवक्तव्यमिति पञ्चमः।(५)

तथाऽनुक्रमेणैकया विशेषकल्पनया वस्तुस्वरूपं कथयितुमशक्यत्वादवक्तव्यमिति षष्ठः।(६)

तथा वस्तु युगपत् समकालं सामान्यविशेषत्वेन कथयितुमशक्यत्वादवक्तव्यमिति सप्तमः।(७)

हवइं दृष्टांतइं करी नैगमनय देखाडइं छइ। जिम कोइ एक पुरुष किणहि पुरुषइं पूछिउं—अहो! पुरुष! तुं किहां वसइं छइं? तेणइं कह्युं—हुं लोकइमांहि वसुं छुं। इम कहिहुं तइ नैगमनयवादी सामान्यविशेषादिक करी पूछइ छइ—लोकमाहिं तुं केहइं लोकइ वसइं उर्द्धलोकइ अथवा अधोलोकइ अथवा तिर्यक् लोकइ? तिवारइं पेलें कह्युं—हुं तिर्यक् लोकइ वस्तुं। तिवारइ नैगमनयवादी कहइ छइं—तिर्यक् लोकमांहि असंख्याता द्वीप असंख्याता समुद्र छइं तुं केहइ द्वीपइ वसइ? तिवारइ ते कहइ—हुं जंबूद्वीपइं वसुं। तिवारइं वली नैगमवादी पूछइं—जंबूद्वीपमांहिं भरतादिक क्षेत्र अनेक छइ तुं केहइ क्षेत्रइं वसें? तिवारइ ते पुरुष कहइ—हुं भरतक्षेत्रइं वसुं। तिवारें वली नैगमवादी पूछइ— अहो! पुरुष! भरतक्षेत्रमांहि अनेक ग्राम, आगर, नगर, खेड,कब्बड, मडंब, द्रोणमुख, पट्टण, आश्रम, संनिवेष, राजधानी छइं तिण कारणइं किहां वसें? पेलें कह्युं—हुं पाडलीपुरें वसुं। तिवारें पृच्छक बोल्यो—पाडलीपुरें अनेक ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्रनां अनेक शतसहस्र, लाख घर छइं तुं किहां वसइं? तिवारइं ते कहइ—हुं देवदत्तने घरे वसुं। तिवारें वली ते पूछइ— अहो! पुरुष! देवदत्तने घरि अनेक ओरडा, साल, पडसाल, चित्रसाला, सभा, गवाक्ष, आवास छइ तुं किहां वसइं? तिवारइं ते कहें—हुं उरडइं वसुं। इम जे एकभाव सामान्यविशेषाधिक गमइं बोलीइं तिहां नैगमनय जाणवो।

हवें ए नैगमनो विशेष देखाडइं छइ। लोकमध्ये वसुं ए अशुद्ध नैगम प्रथम बीजी वार पूछउं तिवारें तिर्यक् लोक माहिं वसुं छुं। ए पहिलाथी कांइ एक शुद्ध छइं। पहिलामाहिं तो त्रिलोक भासतां हतां ए माहिंतो एक ज लोक भासे

छइ। वली त्रीजी वार पूछुं तिवारइं इम कह्युं हुं जंबूद्वीपमांहि वसुं छुं ए बीजाथी शुद्ध छें। बीजामांहिं असंख्याता द्वीपसमुद्र भासता हुंता एमांहि तो एक ज द्वीपसमुद्र भासे छे। वली चोथी वार पूछुं तिवारें कह्युं हुं भरतक्षेत्रइं वसुं छुं ए त्रीजाथी शुद्ध छइं। त्रीजामांहि तो सप्त क्षेत्र भासतां हुंतां। एमाहिंतो एक ज क्षेत्र भासइ छइं। पछइं कह्युं हुं मगधदेशे वसुं छुं। चोथाथी शुद्ध इं चोथामांहि तो छत्तीस हजार देश भासता हुंता एमांहि तो एक ज मगधदेश भासें छइं। पछइ वली कह्युं हुं पाटलीपुर वसुं छइं ए पांचमाथी शुद्ध छइ। पंचमामांहिंतो अनेक ग्राम नगर भासतां हुतां एमांहि तो एक ज नगर भासइं छइ। वली पूछ्यो तिवारें कह्युं हुं देवदत्त साहनें पाडइ वसुं छुं। ए छट्ठीथी शुद्ध छइ। छट्ठामांहि तो घणा पाडा भासता हुंता एमांहि तो एक ज पाडो भासइं छइं। पछइं वली कह्युं हुं जे चित्रित बारणइं नकसीकाम छइ, उंचौ झरुंखो छइ, उपरि बंगलो छइं तेणें घरि वसुं छुं ए सातमाथी शुद्ध नैगम एमांहि पिण घणा गमा छइं। ऊपरि वली भूमिका, विचली भूमिका भूंहिरां प्रमुख घणा ठाम छइं न जाणीइं किहां वसतो हुसइं। ते माटइ ए नैगमनय। ए दशमी इग्यारमी बारमी गाथानो अर्थः॥१०॥११॥१२॥

[मूल] **सयल भुवनमां वस्तु जे, कालत्रय तस ठाम लाल रे।**
**ते पर्यव सवि संग्रहें, संग्रहनय तिणि नाम लाल रे॥ तुझ०॥१३॥ (१.१०)**
**सामान्यात्मक वस्तुनें, संग्रह मानें एक लाल रे।**
**विण सामान्य खपुष्पवत्, नहि विशेष अनेक लाल रे॥ तुझ०॥१४॥ (१.११)**
**विण वणस्सइ को नहि, अंबादिक तरुवृंद लाल रे।**
**अलगी कबहि न संभवइं, कर विण अंगुलि मंद लाल रे॥ तुझ०॥१५॥ (१.१२)**
**प्रवृति निवृत्ति हुइं लोकनी, जेणिं ते व्यवहार लाल रे।**
**ते पर्यव छइं वस्तुनो, पिण सामान्य म धारि लाल रे॥ तुझ०॥१६॥ (१.१३)**
**वली व्यवहार कहइं सुणो, व्यक्ति रूप सवि अर्थ लाल रे।**
**व्यक्ति भिन्न सामान्य जे, खरविषाण परि व्यर्थ लाल रे॥ तुझ०॥१७॥ (१.१४)**
**कोइ वनस्पति लें कहइं, तेस्युं ज्यइं तिणि वार लाल रे।**
**आम्रफलादि विशेष विण, ते सवि शून्य असार लाल रे॥ तुझ०॥१८॥ (१.१५)**
**औषध करि कोई कहें, न कहें तेहनुं नाम लाल रे।**
**सामान्यथी सीझें नहि, हुइं विशेषथी काम लाल रे॥ तुझ०॥१९॥ (१.१६)**
**ए त्रिण आगममां कह्या, द्रव्यार्थिक करी छेद लाल रे।**
**हवें सुणिइं कहुं लेशथी, पर्यायार्थिक भेद लाल रे॥ तुझ०॥२०॥ (१.१७)**

[बाला] हवइं संग्रहनयनो अर्थ लिखीयइं। संग्रह ते कोनइं कहीइं? सकलभुवनत्रयमध्यवर्ती त्रिकालकलितवस्तुनें ग्रहें ते संग्रहनय कहीइं। यदुक्तम्—

***संगहियपिंडियत्थं संगहवयणं समासओ बिंति। वच्चइ विणिच्छियत्थं ववहारो सव्वदव्वेसु॥***

जिहां भावनो अर्थ पिंडित संग्रहीइं पिंडितस्युं कहीइ, जिहां एक शब्द बोलतां घणा संग्रहीइं ते पिंडितार्थ एहवुं तीर्थंकर गणधर संग्रहनयनुं वचन बोलइं। ए संग्रहनय एक सामान्य अर्थ ज कहइं, पिण विशेष न कहइं। जिम मार्ग

जातां आगलइं वृक्षावली देखी गहन स्वरूप जाणी कह्युं—आगलि वन छइं ए सामान्य वचन ए संग्रहनय कहीइं। जे कारणइ वनशब्द बोलातें जे वनमाहिं नानाप्रकार धव-खदिर-पलास-अंब-निंब-जंबू-कदंब-ताल-तमाल-नाग-पुन्नागाशोकादि वृक्ष तथा शश-शृगाल-हरिण-रोझ-संबर-शूकर-सिंह-चित्रकादिक अनेक जीव तथा भील नीभालि अनेक गोकुल-वावि-पुक्खरणी-सरोवर-कूप-द्रहादिक अनेक जलाश्रय इत्यादिक अनेराई घणा भाव संग्रहीइ छइ परं वचन एक ज आगलें वन छइं तेणें कारणिं संग्रहनय। (२)

हवइ व्यवहारनय कहीयें छइं। जे सर्व द्रव्यने विगत निश्चय एतलइं स्यो? भावनिश्चय ते कहीइं जे तत्त्वदृष्टि पुरुष अनेक अनेक अधिका भाव एक पदार्थनइं आश्रय जाइं ते भाव तिहां नथी परं लोक प्रसिद्ध एक कोइ अर्थ ते विनिश्चयार्थ जाणवो एहवो जे अर्थ ते सर्वद्रव्यनइं विषइं प्रवर्ते छइं। ते व्यवहार नय जाणवो। ए नय सामान्य अर्थ न बोलइ जिम जगमाहिं घट पदार्थ छइ। तो कहइ व्यवहारि प्रवर्तइं? लोकप्रसिद्ध जल आणवा काजइं। इणिपरि वस्त्र पहिरवानें काजइं, स्तंभ घरना आधारनइ काजि, पुस्तक भणवानइ काजइं; वांचवानें काजें इत्यादिक लोकप्रसिद्ध एकेको व्यवहार बोलइं।

बीजी परि एकेको पदार्थ अनेक व्यवहारें प्रवर्ते छइं। एतावता सामान्य नहि अनिं निश्चय पिण नहि एणिं कारणें व्यवहारनय जाणवो।

अथवा जे जगमांहि घटपटादि वस्तु छइ। यद्यपि ते पंच वर्ण, बइ गंध, पंच रस, आठ स्पर्श, पंच संस्थान एतलइं स्यो भाव? जिहां एक वर्ण, एक गंध, एक रस, एक स्पर्श, एक संस्थान तिहां तत्त्वदृष्टिं पंच वर्ण, बइ गंध, पंच रस, आठ फरस, पंच संस्थान छइ तथापि लोकप्रसिद्धइ जिहां जे नीलादि वर्ण प्रकट दीसइ ते पदार्थ तेहवो कहीइं। ए व्यवहारनय जाणवो। व्यवहारनय वीतराग पिण कबूल करें। यदुक्तम्—

***ववहारो वि हु बलवं जं वंदइ केवली वि छउमत्थं। आहाकम्मं भुंजइ सुयववहारं पमाणंतो॥***

***जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छए मुअह। ववहारनयच्छेए तित्थुच्छेओ जओ भणिओ॥***

ए सात नयमध्ये पहिला च्यार नयनें विषइं अर्थ प्रधान छइ ते माटें अर्थनय कहीइं। आगल्या तीन नय शब्द प्रधान ते माटइं शब्दनय कहीइं। तथा पहिला तीन द्रव्यास्तिक नय कहीइं। द्रव्यनइ ज अर्थ कहें परमार्थ थकी, पिण पर्यायनें न कहें ते माटें द्रव्यास्तिकनय कहीइं। *आद्यास्त्रयो द्रव्यास्तिका* इति वचनात्। तथा छेहला च्यार नय पर्यायास्तिक जाणवा वस्तु थकी पर्याय ज छइ, पिण द्रव्य नथी इम कहइ ते पर्यायास्तिक नय कहीइं। *शेषाश्चत्वारः पर्यायास्तिका* इति वचनात्।

तथा द्रव्यास्तिक पिण बें प्रकारनो छइ। एक अशुद्धद्रव्यास्तिक, बीजो शुद्धद्रव्यास्तिक। तत्र अशुद्धद्रव्यास्तिक बिं प्रकारनो। एक नैगम, बीजो व्यवहार। ए बिहुंने अशुद्धद्रव्यास्तिक कह्या तेहनो परमारथ कहइं छइ। अनंत परमाणु पुंजनें अनंत द्व्यणुक खंधने इम संख्यात असंख्यात अनंत प्रदेशीया खंधनइं एकगुणकालादि, द्विगुण कालादि, अनंकगुणकालादि संयुक्तनें तथा त्रिकालादि संयुक्तनें तथा त्रिकाल विषयनइं प्रत्येकिं प्रत्येकिं द्रव्य कहइं। अनेकता प्रतिपादक छइ ते माटइं अशुद्ध कहीइं। तथा संग्रहनय ते शुद्धद्रव्यास्तिक जाणवो। ते केवल परमाणुनें ज द्रव्य कहइं। ते पिण एक गुणकालादिक संयुक्त होइं तेहनइं ज द्रव्य कहइं, पिण द्विगुण कालादिकनो

विनाश छइ ते माटइं द्रव्य किम कहीइं? ते माटें नित्य ते परमाणु ज छइं। तेहनइं द्रव्य कहीइं ए द्रव्यास्तिकना त्रण भेद कह्या। ए तेरमी, चौदमी, पन्नरमी, सोलमी, सत्तरमी, अढारमी, ओगणीसमी, वीसमी गाथानो अर्थः॥ १३॥१४॥१५॥१६॥१७॥१८॥१९॥२०॥

(**ढाल : २** प्रणमी श्रीगुरुना पयपंकज ए देशी)

**[मूल]** **ऋजुता सरलपणें कहें वस्तु, ते ऋजुसूत्र कहावें।**
**वर्तमानकालें जे वर्तइ, ते निज पर्यव भावइं रे,**
**भविका नय विचार मन धरीयइं, जिम जन आणा वरीइं रे भविका० ॥२१॥ (२.१)**
**अतीत अनागत परकीय जे वस्तु, तेहथी कार्य न सीझइं।**
**गगन कमल परि असनादिक जे, तेहथी किम ध्रापीजइ॥ भ०॥२२॥ (२.२)**
**द्रव्यादिक जे चार निक्षेपा, तेहमां भावने माने।**
**शब्दादिक द्वय नय पिण त्रिणने, सूत्र परिकरें कानइं भ०॥२३॥ (२.३)**

**[बाला]** हवइं पर्यायास्तिकना च्यार भेद कहें छइं। तिहां प्रथम भेद ऋजुसूत्र ते कहें छइं।

***पच्चुन्नगाही उज्जसुओ नयविहि मुणेयव्वो। इच्छइ विसेसियरं पच्चुन्नं जओ सद्दो॥***

ऋजु कहितां सरल कहियइं जे सरलपणें वस्तुनें कहें ते ऋजुसूत्रनय कहीयें।

अथवा ऋजुश्रुत पिण कहीइं। ए नय समस्त ज्ञानमाहिं एक श्रुतज्ञाननइं ज वांछइं। बीजां बिहुं ज्ञान थकी मुख्यवृत्तिं तेहनो प्रायइं परोपकारनो कारण नथी जणातुं, श्रुतज्ञान ज सर्वजीवनें हितनुं कारण छइ तिणि कारणइं ऋजुश्रुतनय पिण कहीयइं।

हवइं ऋजुसूत्रनो ज अर्थ विस्तारइं छइं ते किम? जिम एक वस्तुनें विषइं अनंत पर्याय कहीयइं छइ। विणठा जे पर्याय ते वर्तमानन्नी अपेक्षाइं वक्र छइं सांप्रत भासता नथी ते माटइं। तिम अनागत पर्याय हजी ऊपना नथी ते पिण वर्तमानकालथी वक्र छइं। वक्र कहितां प्रतिकूल कहितां ते समयने भजता नथी सरल तेहि ज जे पर्याय वर्तमान वर्तमान कालइं वर्तइ छे। वर्तमान समयनइं अनुकूल छें। ते पिण पोताना पर्याय लेवा, बीजी वस्तुना नही। ते कार्यसाधक नथी पोताना पर्याय साधक छइं, स्वकीय धनवत्। जिम पोतानी गांठइं धन वर्तइं छइ। तेहथी कार्यसिद्धि हुइं छइं, पिण पराया धनथी कोइ गरज सरती नथी। एतलइं वर्तमानकालइं वर्तें छइं। जे पोताना पर्याय तेहनें ज अस्ति रूपइं कहइं, पिण बीजानें न कहइं। ऋजुसूत्रनो ए शब्दार्थ जाणवो।

तथा वली ऋजुसूत्रनय लिंगनो भेद मानइं नही। शब्दनइं विषइं लिंग त्रण प्रकारनुं छइं। पुल्लिंग (१), स्त्रीलिंग (२), नपुंसकलिंग (३) ए संसारमांहि जेतला शब्द छें ते त्रिणिं लिंगइं करी बोलीयइ छइं। ते मध्ये घट-पट-भट-मुकुटादिक शब्द पुलिंगइं छइं, पुल्लिंग वाचक छइ। भलो घट छइ, भलो पट छइं इम अर्थनी ध्वनि ऊपजें छइं। तथा हेला-शाला-मालादिक शब्द स्त्रीलिंग वाचक छइ। भली शाला छें, भली माला छइं इम अर्थ प्रगट छइं। तथा मूल-फल-पत्रादिक शब्द नपुंसकलिंग वाचक छइं। भलुं फल छइं इम अर्थ थापइ। ते निपुण बुद्धिना धणीनें पूछिज्यो, अथवा व्याकरण भणज्यो जिम खबर पडइं।

एहवो लिंगभेद यद्यपि भासें छें पिण ऋजुसूत्रनय न मानें ते कहें छें। जिम कोइ एक समुद्र नदी सरोवर प्रमुखना उपकंठनें तट कहियें छें। ते तट त्रिण्हें लिंगें छें। अर्थ भेद पिण भिन्न भिन्न कहइं छइं, पिण वर्तमान समय कालमांहिं भेद न कह्यो अनइं ऋजुसूत्र तो वर्तमान कालनें ज कहें छइ, बीजो कोइ भेदांतरनै कहितो नथी। बीजा घणाइं भेद छइं पिण वर्तमान समयमांहि तो कोई भेद नथी। ए परमार्थ जोतां लिंगभेद न घटइं ऋजुसूत्रनें विषइं।

तिम वली वचन भेद पिण मानें नहि। वचन पिण व्याकरणइ तीन कह्या छइं। एकवचन (१), द्विवचन (२) बहुवचन (३) एकोऽस्ति, द्वौ स्तः, बहवः सन्ति ए वचनभेद यद्यपि वस्तुनइं विषइं भासें छइं पिण वर्तमान समय एक ज छइं ते माटें ऋजुसूत्रनय वचन भेद न मानें।

तथा नाम, स्थापना, द्रव्य, भाव ए च्यार निक्षेपा न मानें। नामइंद्रनइं इंद्र कहइं, थापना इंद्रनें इंद्र कहें, द्रव्य इंद्रनें इंद्र कहें, भावइंद्रनें पिण इंद्र कहें। वर्तमानकालें जे निक्षेपो वर्ततो हुइं तेहनें तिम कहें। ऋजुसूत्र वर्तमान समयग्राही छइं। पिण योग्यायोग्य शब्दार्थ ग्राही नथी।

***चतुर्णां निक्षेपाणां मध्ये आद्यास्त्रयो द्रव्यास्तिकनये भावनिक्षेपस्तु पर्यायास्तिकनये*** इति तत्त्वार्थे।

ऋजुसूत्र भावनिक्षेपो ज मानें, बीजा न मानें।

अत्र प्रसंगथी च्यार निक्षेपानो अर्थ विस्तारइ लिखीयइं छइं। पहिलो नाम निक्षेपो (१), बीजो थापनानिक्षेपो (२), त्रीजो द्रव्यनिक्षेपो (३), चोथो भावनिक्षेपो (४)। निक्षेप कहितां रचना कहीयें, निधि कहीइं।

ते मध्ये प्रथम निक्षेपानो अर्थ लिखीयें छइं। जे अन्य अर्थनइ विषइं रह्यो हुइं, अर्थशून्य हुइं, बीजाना पर्यायनें कहें नही, पोतानी इच्छाइं करी कह्यो हुइं एहवुं जे वस्तुनुं नाम तेहनइं नाम निक्षेपो कहीयें। तत्र दृष्टान्तः—जिम कोइक गोपाल दारकनुं इंद्र एहवुं नाम छइं पिण ते नाम सौधर्मा सभानें विषें वर्ते छइं, बत्तीस लाख विमानना अधिपतिनें घटें पिण ते दरिद्र ग्वालणीना बालकनें न घटें ए नामगुणनिष्पन्न भावेंद्रनें ज घटें पिण निर्गुण नामनें विषें न घटें गर्वगहेली माताइं मोहांधकार व्याकुलचित्तथकी आयणीपुसीइं नाम दीधुं छइं पिण परमार्थ कोइ नथी एतलें भावशून्य ते नामनिक्षेपो कह्यो इति नामनिक्षेपो। (१)

हवें स्थापनानिक्षेपानो अर्थ लिखीयें छंइ। भावरहित हुइं पिण भावपणानो अभिप्राय कल्पीनें मांडी हुइं तेहनें थापना कहीइं। ते थापना बे प्रकारनी। स्थापना-द्विधा स(द्)भूतस्थापना असद्भूतस्थापना च। सद्भूता यथारूपं प्रतिबिम्बम् असद्भूता अक्षादिषु गुरुस्थापना। तत्र दृष्टान्तः— जिम कोई एक मोही प्राणीइं पाषाणनी मूरति घडावी मस्तकें मुकुट पहिरावी, कानें हुंडल घाली, कोटि हार घाली, हाथें वज्र आपी, वस्त्र विभूषित करी थापी ते ऊपरिं तन-धन-मन समर्पण करें छइं जे माहरें इंद्र एहि ज, एहनी सेवा भक्ति गुणग्राम कीधां सकल वांछितनी प्राप्ति होइ इम जाणी सेवां करे छे पण मूरति पाषाणनी छें, तेणें कांइ शुभाशुभ कर्तव्य जाणवुं नथी, जे जाणहार छें ते तो भावेंद्र छें, सौधर्मा सभानें विषें विराजें छइं। ते भणी परमार्थ जोतां थापना पिण मोहनी कल्पना छइं।

तथा अत्र कोइ पूछिस्यें— नाम थापना बेमांहिं भेद किस्यो छइं? अर्थशून्य तो बेहुं छें ते माटें अभेद कहो। तेहनें इम कहिइं—नाम-थापनामांहिं अर्थथकी भेद नथी, पिण कालथी भेद छें। नाम ते यावत् काल तांइं नामधारक वस्तु रहइं तावत्काल तांइं तेणिं नामइं बोलावीजइं छइं। एतलें नामनो क्षणें क्षणें परावर्त न थाइं यथा मेरु जंबूद्वीप

मगधादिक नाम छइं। ते जां तांइं द्वीपदेशादिक छइं तां तांइ इणि ज नामइं कहीसइं इम देवदत्त-यज्ञदत्तादिक नाम छइं जा ताइं ते पर्याय जीवइं धर्यो छइं तां तांइं तेणि नामें बोलावीयइं पिण ते जीवतां थकां विचिमांहि नाम लोपातुं नथी। अत्र कोई एक पूछिस्यइं—कोइ एक नाम पिण विचिमांहि लोपातुं दीसइं छइ। जिम कोइ एकनुं नाम बालावस्थानें विषें धनपाल हतुं पछइं केतलेंक दिवसें लोकें पिंडपाल नाम दीधुं। ते माटें नाम पिण लोपातुं दीसें छें। तेहनें इम कहीइं —अरे! भाई! ते कह्युं ते खरुं पिण घणे ठामें नाम यावत्काल ताइं रहितुं दीसे छें अनें कोइ नाम फिरतुं दीसइ छइं। ते माटें ए विचार अत्र न लेवो। आचार्यनी विवक्षा नथी। अत्र ते नाम यावत्कालीन हुइं तेहि ज लेवुं। तथा थापना पिण यावत्काल न हुइं अल्पकालनी पिण हुइं ऋषभ (१), चंद्रानन (२), वारिषेण (३), वर्द्धमान (४) इणि नामइ जिननी थापना नित्य विमान भवनपर्वतादिकनें विषें कहीइं छें तेहनी आदि नथी अनें अंत पिण नथी।

अत्र कोइ पूछिस्यें—'स्थाप्यते इति स्थापना' जे थापी हुइं तेहनें थापना कहीइं एहवो थापना शब्दनो अर्थ प्रगट छें व्याकरणशास्त्रें अनें ए तो कोइ पुरुषें अथवा देवताइं थापी नथी जेहनी आदि न लाभें ते थापी पिण किम कहीइं? तेहनें इम कहीइं—अरे! भाई! थापना शब्दनो अर्थ बीजो पिण छें। 'अर्हदादिरूपेण सर्वदा तिष्ठतीति स्थापना' अर्हदादिकनें रूपें करी सर्वदा रहइ छइं ते थापना कहीइं ए अर्थ थापना शब्दनो नित्यनें विषें करिवो, अनित्यनें विषें पूर्वि कह्यो ते अर्थ लेवो।

अत्र कोइक पूछिस्यें— एतो पुद्गलद्रव्य विश्रसापरिणामें करी तेहवें आकारइं परिणम्या छइं अनें पुद्गलपरिणाम ते असंख्यातकाल उपरांत रहइ नही ए वस्तुनी आदि अंत नथी कहिता ते स्या माटइं? तेहनें इम कहीइं—स्याद्वादमतनें अनुसारइं असंख्यातकाल पछी ते पुद्गल अपर परिणाम भजें छें। वली तेहनें ठामइं बीजा पुद्गल तेणि वर्णें तेणें गंधें तेणें रसें तेणें फरसें तेणें संस्थाने तेतला नवा आवीनें संक्रमें ते माटें तदाकारपणें शाश्वता छें। पिण तेहि ज पुद्गल कांइ अनादि अनंत काल तांइं रहिता नथी। अनंत पुद्गलनो चयोपचय होइ रह्यो छइं। तथा चोक्तं जीवाभिगमे—

***तत्थ अणेगे जीवा य पुग्गला य चयंति उवचयंति***। इति नित्य स्थापना।

हवइ अनित्य स्थापना कहिइं छइं। जिम कोइ एक बालकें लाकडीनो घोडो थापी ते ऊपरि चढीनें केतलाइक काल तांइं रामति कीधी। पछें वली तेहि ज लाकडानो हाथी थापीनें रामति कीधी। पोतानी जिम जिम इच्छा थाती गई तिम थोडा कालमाहिं घणी भांतिनी थापना फेरवीं। इम वली कोइ एक बालकीइं वस्त्रनी ढूली करी गहिणें वस्त्रें शृंगारीनइं दीकरी थापी। क्षणांतरिं बहु बहिंन खोत्री सखी प्रमुखनी कल्पना मोहदशाइ करी फेरवी ए अनित्य थापना।

हवें द्रव्यनिक्षेपो कहे छें। अतीत अनागत पर्याय तेहनुं कारण तेहनें द्रव्य कहीइं। यदुक्तम् अनुयोगद्वारवृत्तौ-

***भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके। तद्द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं दृष्टम्॥*** इति वचनात्।

तत्र दृष्टान्तः—जिम कोई एक राजानो प्रधान मुद्रा सुंपी छइ। पछइं वली केतलेंक कालइं मनोभंग थयो। तिवारइं राजाइं तेहनी प्रधानवटी ऊतारी राजमुद्रा पाछी लीधी। तिवार पछी पिण सहुको लोक तेहनें प्रधान कहें छें। ए अतीत पर्यायनुं कारण कह्युं हवइं। अनागत पर्यायनुं कारण कहइं छइं। जिम कोई राजपुत्र अत्यंत रूपवान छइं मोटी निलाडवटी छइं, विशाल नेत्र छें इत्यादिक बत्तीस लक्षणें विराजमान छइं। जनमपत्रिकामध्ये राजयोग माल--

बीजा पिण औदार्यधैर्यादि गुणवंत छइ। राजाइं पिण युवराज पद दीधुं छइं। तिवारे लोक तेहनें इम कहें छइ जे ए राजा हुस्यें। यद्यपि हवणां राजा नथी पिण आगलि राजा हुस्यइं। ए अनागतपर्यायनुं कारण कह्युं। इम अचेतन पिण अतीत अनागतपर्यायनुं कारण छइं तेहनें द्रव्य कहीइं। अतीत जे घट-घटी-शरावप्रमुख पर्यायनुं कारण मृद् द्रव्य छइं। एहनें विषें ए पर्याय पूर्वी हूता तथा अनागत जे कपाल-मालादिक पर्याय तेहनुं पिण कारण एहि ज मृद् द्रव्य छें। एहनें विषें घट-घटी प्रमुखपर्याय होणहार छे। एतलइं भावशून्य ते द्रव्यनिक्षेपो जाणवो। भाव ते वर्तमान पर्यायनइं कहइ छइं। इति द्रव्यनिक्षेपः।

हवें भावनिक्षेपो कहे छइं। वर्तमान पर्यायनें भाव कहीइं। जे भावइं करी वर्तइ छें तेहनें भावनिक्षेपो कहीइं। तत्र दृष्टान्तः—जिम कोइ जीवद्रव्य पुण्यप्रकृतिनें उदयें सौधर्मा सभानें विषइं इंद्रपणें वर्ते छइं। बत्तीस लाख विमानवासी सुर ओलगइं छइं तेहने इंद्र कहीइं। इम अरिहंत पिण तेहनें कहीइं जे ज्ञान-दर्शन-चारित्रें करी विराजमान होइं, चोत्तीस अतिसय, पात्तीस वचनातिशय, अष्ट महाप्रातिहार्यें करी शोभायमान तेहनें अरिहंत कहीइं। इम चक्रवर्ति-बलदेव-वासुदेव तेहि ज विद्यमानपणें हुइं पिण नाम, स्थापना, द्रव्यनइं न कहिइं, तेहथी गरज सरती नथी। जिम कोइकनुं नाम अमर छइं। पिण ते तो मरण पामें छें। तथा नाम धनपाल छइं अनें पेट पोतानुं पिण भरी सकतो नथी इत्यादिक नामथी परमारथ को न पामीइं। इम थापना पिण विचारवी जिम पाषाणनी पूतलीनां स्त्रीसरिखा अंगोपांग छइं पिण तेह थी कामी पुरुषनी गरज सरती नथी। इम पत्थरनी गाय-भेंस लाकडाना घोडा-हाथी प्रमुखथी कार्यसिद्धि नथी थाती। इम द्रव्य पिण विचारी लेवो। जिम कोइक बालकनी माता मरी गई छें तेहनें आंचलें धाव्यें दूधनी प्राप्ति न हुइ। तथा कोइ पुरुष रूपपात्र राजानी स्त्री देखी व्यामोह पाम्यो ते ऊपरि कोई ज्ञानी गुरु पूछयाथी कह्यो— ए नारी आवते भवें ताहरी स्त्री होस्यें। इम सांभली खुसी थयो पिण तेहनें जाइ मिलाइ नहि। तथा कोइ पुरुषनी स्त्री मरीनइं राजानें घरे कन्या हुई छइ। एकदा समयइं ते पुरुषनी दृष्टिं पडी महामोह पाम्यो पूछयुं कोई गुरुनें जे —ए ऊपरि माहरो मोह तेस्यां माटइं? गुरु कहइं ज्ञानबलइं— ए ताहरी पूठिले भवें स्त्री हुती। ते सांभली प्रमोद पाम्यो पिण राजलोकमध्ये जाइ मिलाइ नही। तें माटइं द्रव्यथी पिण सिद्धि नही, गरज तो केवल भावथी सरें छइ।

अत्र कोइ पूछिस्यइ—जो पहिलां तीन निक्षेपाथी सिद्धि नथी तो प्रतिमा स्यानें मानो छो? तेहनें इम कहीइं—जे भावें वीतराग ओलखिस्यें ते वीतरागनी मूरतिनें पिण ओलखि तेहनें प्रतिमाथी परमार्थ दिशा आवइं।

वली कोई पूछिस्यें—जो भावइं वीतराग ओलख्यो छें तो वली थापना मानवानुं स्युं काम छइं? एह तो मोहदशानुं कारण छइं। तेहनें इम कहीइं—जे समकिती जीवइं कांइ सकल मोहकर्म जीतां नथी ते माटें समकिती जीवइं वीतरागनी मूरति भरावी छें। तेहनें देखी देखीनें वीतरागनइं याद करइं छइं। विधिसुं द्रव्यस्तव भावस्तव करें छइं। द्रव्यपूजाथी पुण्य उपार्जइं भावपूजाथी निर्जरा करइ छें। ***भावो हि कारणं पुंसां भणितो बंधमोक्षयोरिति*** वचनात्।

ए च्यार निक्षेपा ऋजुसूत्रनय न मानें। ऋजुसूत्र वर्तमान समयग्राही छइं। तथा एक वस्तुना घणा नाम छइं। यथा वनमाली, बलिध्वंसी, कंसाराति इत्यादिक कृष्णनां नाम छइं। पिण पर्याय सर्वना भिन्न छइं। वनमाला कंठें छइं ते माटें वनमाली कहीयइ छइं। बलिनें मार्यो ते माटइं बलिध्वंसी कहीइ छें। इत्यादिक पर्यायार्थ ऋजुसूत्रनय कहें। वर्तमान समयनें ज कहें अर्थभेद विचारतां वर्तमानपणुं वही जाइं। एतलइं गुणनिष्पन्न नाम ऋजुसूत्रनय कह्यो।

अयं हि सदपि द्रव्यं न ज्ञापयति। क्षणध्वंसिनः पर्यायान् तु प्रधानतया दर्शयति। यथासुखं सम्प्रत्यस्तीति अनेनात्मानम् अवगणय्य सुखाख्यं पर्यायमात्रं प्रदर्श्यते इति ऋजुसूत्रनयः। ए बीजी ढालनी पहिली, बीजी, त्रीजी, गाथानो अर्थः॥१॥२॥३॥

**[मूल]** **भाषावर्गणा रूप जे पुद्गल, ते शब्दनय कहीयइं।**
**तेणिं सकल पदारथ तेहनी, वाच्य वाचकता ग्रहीइं रे॥ भवि०॥२४॥ (२.४)**
**शब्दनय पर्याय अनेकइ, एक ज अर्थ प्रकाशें।**
**जिम घट कलश कुंभादिक शब्दइं, केवल घट मनि भासइ रे॥ भवि०॥२५॥ (२.५)**

**[बाला.]** हवें शब्दनय कहे छें। शब्दनयो यथा बभूव, भवति, भविष्यति सुमेरुरिति। अत्रातीतानागतवर्तमानकालत्रयभेदात् कनकाचलस्य पर्यायत्वेन भेदं शब्दनयः प्रतिपद्यते। द्रव्यरूपतया त्वभेदमेव। समभिरूढस्तु पर्यायभेदेऽर्थस्यापि भेदं मन्यते यथा इन्दनादिन्द्रः शकनाच्छक्र इति। समभिरूढस्तु इन्दनादिक्रियायां स[त्यायामस]त्यायां च इन्द्रादिव्यपदेशं लभते। एवम्भूतस्तु इन्दनादिक्रियां कुर्वन्तमेव इन्द्रादिव्यपदेशमभ्युपगच्छति। उदा(ह)रणं यथा इन्दनक्रियामनुभवन्निन्द्रः शकनक्रियापरिणतः शक्र इति।

एते शब्दादि त्रयो नयाः शब्दस्य प्राधान्यं मन्यन्ते, न त्वर्थस्य अत एते शब्दनयाः। यत्र शब्दव्यवस्था तत्रैवार्थवाच्य इति।

भाषावर्गणा रूप पुद्गलनो परिणाम ते शब्द कहीइं। तेणिं करी पदार्थनइं वाच्यवाचकभाव संयुक्त कीजें छइं। अर्थनइ अप्रधान मानें शब्दनें प्रधान मानें ए धर्म माटें शब्दनइं विषइं शब्दनयनो उपचार कीजें। उपचार ते आरोप कहीइं। ***अन्यत्र स्थितस्य वस्तुनः अन्यत्रारोप उपचार*** इति वचनात्। जिम कोइ एक पुरुषनें विषइं क्रूरगुण देखीनें सिंहनो उपचार कीजें छइं। जे पुरुषसिंह छइं तिम अत्र पिण शब्दनें विषें अर्थनी अप्रधानता अनें शब्दनी प्रधानता। तथा ऋजुसूत्रथी ए नय शुद्ध छें। ते देखीनें शब्दनें विषइं शब्दनय कहीइं। ए शब्दनय पिण वर्तमान पर्यायनइं कहें, अतीत अनागत पर्यायनें न कहइं छइं। ऋजुसूत्र लिंगवचननें भेद न कहइं, शब्दनय लिंगादि भेद कहइ छें। जिम तट शब्द पुल्लिंगइं, तटी स्त्रीलिंगइं, तटं नपुंसकलिंगइं ए अर्थ ते एक ज बोलइं छइं, पिण उपचार करता लिंगभेद साक्षात् भासइं छइं। इम वचनभेद पिण छइं। एको नरः, द्वौ नरौ, बहवो नराः तथा देवः, देवता, दैवतं ए त्रिणि शब्दनी प्रवृत्ति भिन्न कही छइं। अनइं ऋजुसूत्र तो एक प्रवृत्ति कहइं ते माटइं ए नय शुद्ध जाणवो इति शब्दनयः। ए चोथी पांचमी गाथानो अर्थः॥४॥५॥

**[मूल]** **समभिरूढ नय पर्यवभेदइं, अर्थभेद पिण बोलें।**
**कुंभादिक जे घट पर्याया, ते घट पट सम तोलइं रे॥भवि०॥२६॥ (२.६)**
**जो पर्यव भेदें नवि होवइं, अर्थ भेद तो कहीइ।**
**तिम घट पट पर्यायनें सघलइं, तिहां पिण भेद न लहीइ रे॥भवि०॥२७॥ (२.७)**

**[बाला.]** हवें समभिरूढ नय कहें छइ। जेतलाइक नामना पर्याय शब्द छे, ते सर्व भिन्न भिन्न अभिधेय कहें छइं। ए समभिरूढ नय कहीइं। ते किम? जिम इंद्रना पर्याय नाम घणा छइं शक्र, पुरंदर, शचीपति इत्यादिक नाममाला मध्ये ए सर्व इंद्रनां नाम छें। पिण पर्याय जुजुआ ते कहै छेइ— यथा शक्नोतीति शक्रः शक्तिवंत ते शक्र

कहीइं। पुरं दारयतीति पुरन्दरः। इन्दति परमैश्वर्यं प्राप्नोतीति इन्द्रः। इम सर्व नामनी व्युत्पत्ति भिन्न छइं। व्याकरण भण्यें खबरि पडें शब्दज्ञान वांछै। तेव्हने व्याकरण प्रमुख भण्यां जोइइं। श्रीअनुयोगद्वारसूत्रे बत्तीस दोष वर्णया छइ। तिहां ए परमारथ चाल्यो छैं। जे शब्दशास्त्र, न्यायशास्त्र भण्या विना सिद्धांत वांचैं छैं जुठुं सद्दइं छइ ते माटैं। यदुक्तं सम्मतौ—

***चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा। चरणकरणस्स सारं निच्छयसुद्धं ण याणंति॥***

तथा निपुणबुद्धीइं ए नय चित्तमां धरवो। जेतला एक शब्द छै, ते सर्व भिन्न भिन्न पर्यायनें कहेंइ छइं। तथा ते सर्वनें विषें एकार्थवाचकता मानीइं तो अतिप्रसंग तथा संकरदोष लागइं। अतिप्रसंग ते स्युं कहिइं? हवइं अतिप्रसंगनो अर्थ कहें छें। विजातीयेषु शब्देषु एकार्थप्रसञ्जनमतिप्रसङ्गः। विजाति शब्दनें विषइं एक अर्थ मांनीइं तो सर्व शब्दमात्रनो एकज अर्थ हुइ जाइ। परस्परभिन्नार्थानामेकत्रावस्थानं सङ्करः। एम अनेक दोष लागइं। स्यादवादवादीनें पुछी लेज्यो इति समभिरूढनयः ए छट्ठी, सातमी गाथानो अर्थ॥६॥७॥

**[मूल]** **शकन क्रिया करतो हुइं शक्र, इंदनक्रिय(या) थी इंद्र।**
**तदभावइं शक्रादि न मानें, एवंभूत नयेंद्र रे॥भवि०॥२८॥ (२.८)**
**जो कारिज अणकरतो ताहरें, एवंभूत अणुसरवो तो।**
**व्यपदेश घटादिकनो पिण, न घटइं पटनइ करवो रे॥भवि०॥२९॥ (२.९)**

**[बाला]** हवें एवंभूत नय कहइ छैं। जे शब्द जेहथी क्रियानें कहें छें ते क्रियानें भजतो हुंइ। तिवारें जेहनें नामें करी बोलावींइ तेहनें एवंभूतनय कहियैं। ते किम? जिम एक घट शब्द छै। तेहनो अर्थ चेष्टादि क्रिया लक्षण छैं। चेष्टा ते क्रिया कहियैं। *घट चेष्टायामि*ति वचनात्। काइ एक नवयुवति जल भरवा गई छइ। निर्मल जलस्युं कुंभ भर्यो छै, सुंदर इंढोवणि नीचें धरी छैं। सर्व दिशिनें विषैं जलख्युं कुंभ भर्यो आई कह्यो छैं। ते घट मस्तकनइ विषें धरीनें निर्भय साहंकार थकी लीलाइ बांह लोडावती पणघटें चालिं पावें छइं। चालतां नरनें मंगलिक सुचती थकी इत्यादिक क्रिया सहित हुइ तिवारैं घट कहिइ, पिण एहवी क्रियाए (र)हित खाली घटनें घट न कहिए। इम शक्रपुरंदरादिक शब्द पिण जाणवा। जे जे शब्दनो जेहवो जेहवो अर्थ छइं ते ते अर्थनें भजैं तिवारें तेहनें तिणे नामिं करि कहै। शक्र तेहनें ज कहीइं जे शक्तिनें फोरवतो हुइं, पुर नामा दैत्यनइं मारें तिवारहे पुरंदर इम अर्थनें न भजइं तिवारें शक्रादिक न कहियैं। ए समभिरूढ थकी एवंभूत नय शुद्ध छैइ।

ते एवंभूत नय तथा ए सात नय अवधारण सहित हुइं ते दुर्णय जाणवा। अवधारणं ते जे एक कोइ नय हाथि लीधो छैं तेहनें ज मानें बीजा नय सर्वत्र थापी नाखइं तिवारे ते दुर्नयवादी कहिइं। अवधारण रहित हुइं तिवारें सुनय कहीयैं। एक कोइ नयनें कहैं तिवारें बीजा नयनें विषें उदास भाव राखें पिण जडमूल खीपैं नहि तिवारैं सुनय कहिइं। ए सात नय संयुक्त वीतरागमत स्याद्वाद कहिएं जिहां एकांतवाद छैं तिहां जिनमत नही। तथा बौद्ध १ क्षणिकवादी छइ। नैयायिक कर्तावादि छइ २। सांख्य ३ सप्तति प्रत्यियवादि(सत्प्रतिपत्ति)। मीमांसक कर्मवादी छइ ४। चार्वाक ५ नास्तिक ए पांच मत जांणवां। एहना विस्तार श्रीहरिभद्रसूरिकृत षट्दर्शनसमुच्चयनी टीकामां छइं। ए आठमी, नोमी गाथानो अर्थ॥८॥९॥

[मूल] **प्रस्थक वसतिं पएस , दृष्टांतइं हुइ यथोत्तर।**
**शुद्ध ए सवि मेली अर्थ विचारें, जैन मती ते बद्ध रे॥ भवि०॥३०॥ (२.१०)**
**नय एकांत लेइ जे चालें, मिच्छावादि तेह ।**
**तेहनां वयण न सुणीयें कांने, धरीयें सुमकित रेह रे॥ भवि०॥३१॥ (२.११)**
**माहोंमाहें नित्य विरोधी, नय सघला छें स्वामी।**
**चक्री नृप परि पिण नित्य सेवें, तुझ आगमशिर नामी रे ॥ भवि०॥ ३२॥ (२.१२)**
**नय योजन कुसुमइं म्हिं पूज्या, वीरजिनेसर भावें।**
**पंडित उत्तमसागर सेवक, न्यायसागर गुण गावे रें ॥ भवि०॥ ३३॥(२.१३)**

**कलस**

**जय वीर जिनवर सयल सुखकर दुरित दुक्ख निवारणो,**
**नय वयण रयणिं चरण पूजित नयन अमृत पारणो।**
**तपगच्छ ताजा वड दिवाजा श्रीउत्तमसागर बुधवरो,**
**तास सीस पभणें न्यायसागर सयल संघ मंगल करो॥३४॥(२.१४)**

**॥इति नयाः॥**

हवें ए सात नय प्रस्थक (१), वसति २, प्रदेश ३, दृष्टांतें करी अवतारइ छइ। तत्र प्रस्थक ते धान्य भरवानो माप कहीइ। कोइ देशइ टोइओ अथ पाली अपर नाम कहइ छैं। कोई सूत्रधार प्रस्थक घडवानें काजें कुठार हाथि लेइ वन भणि चाल्यो छुइ। तेहवें एक पुरुष सन्मुख मील्यो तिणें पूछयो—तुं किहां जाइस? तिणें असुद्ध नैगमवादी हुइ उत्तर कह्यो—हुं प्रस्थक छेदवा जाउं छुं। एहनें विषें घणा गमा भासें छइ। प्रस्थक तो घणे कालें निपजसैं तिवारे पहेंली केटलाइ व्यवसाय करस्यें पिण कारणनें विषइं कार्यनो उपचार छैं। कारण ते काष्ट अनें कार्य ते प्रस्थक। कारणथी कार्य ऊपजावणहार छै। ते माटें उपचारिं करी कहुं जे प्रस्थक छैदवा जाउं छुं।

तथा सूत्रधार वनमांहि जाइ काष्ट छेदवा लागो तिवारें वलि कोइ पुरुषैं पूछयौ—तुं स्यूं छेदें छइ? तिवारें कहुं हुं प्रस्थक छेंदुं छुं। कारणनें विषैं कार्यनो उपचार छैं। ते माटें छैं काष्ट अनें कहें छैं प्रस्थक छेदुं छुं। ए पहिला नैगमथी कांइक शुद्ध छइ। कांइ एक प्रस्थकनें ए क्रिया ढुकडि ते मांटे।

तथा वांसलासूं ते सूत्रधार काष्ट छेदें घटइ छैं। तिवारैं कोइ एके पूछयो—तुं स्यूं घडे छइ? तिवारें कहिउं प्रस्थक घडुं छुं। ए बीजाथी शुद्ध छे।

तथा सूत्रधार वीजणे करी काष्ट उकेरतो हुतो तिवारे कोए एकइं पूछयुं—तुं स्यूं उकेरे छइ? तिवारे तेणें कह्युं—हुं प्रस्थक उकेरुं छुं। त्रीजाथी शुद्ध छै। तथा सवली सरहाणइ चढ्यो देखीने पूछयुं—जे तुं स्युं समारे छैं? तिवारे कह्युं—जे प्रस्थक समारुं छुं। ए चोथाथी शुद्ध छइ। इम जावत् प्रस्थक न नीपजें तावते जे जे वचन कहे ते सर्व नैगमनय कहियै।

इम व्यवहार पिण जांणवो। व्यवहार पिण नैगम समान छै। ते माटे भिन्न अवतारस्युं नही।

हवै संग्रहनो दृष्टांत कहेइ छइं। सङ्गृह्णाति क्रोडीकरोति सामान्यरूपतया सर्वं वस्तु स सङ्ग्रहः। जिवारे संपूर्ण कंठ पर्यंत धांने करी भह्यो होए तिवारे ज तेहनें प्रस्थक कहे छइ। संग्रह सामान्य धर्मनो ग्राहक छे। अन्न सामान्य धर्म एहि ज जांणवो। धान्यनुं जे मांन तेहनी मेयता कहिता प्रमाणता तेहनें भजे तिंवारें प्रस्थक कहिइ। पहिला बै नय नैगम अनइ व्यवहार तत्कारणिकभूत काष्टनें पिण प्रस्थक कहिता ते माटे अशुद्ध कह्या। संग्रहनय एथी सूध जाणवो। प्रस्थक नीपना पछी पोता पोताने कार्य जे धांन्य मांनता रूपनें भजे तिवारें ज प्रस्थक कहिइ।

हवइ ऋजूसूत्रनय कहियं छइ। धांन मापवानो हेतुभूत जे मापलो तेहनें प्रस्थक कहइ तथा तेणे माप्युं जे धांननो ढिगलो ते तेहने पण प्रस्थक कहिइ। ऋजुसुत्रनय वर्तमान समय ग्राही छैं। संग्रहथी ए शुध छैं ते तिण कालइ ग्राहि छैं। ते माटे अशुध जांणवो।

हवे शब्दादिक तीन नयनो एकठो ज दृष्टांत कहइ छैं। ए तीन नय शब्दनय छे। शब्द प्रधान मानें छइ पिण अर्थ प्रधान मांनता नथी। जिहां शब्दनी व्यवस्था छइ तेहने ज अर्थ कहे ते शब्द व्यवस्था तो प्रस्थक ज्ञानना उपजोगवंत पुरुषनें विषें रही छैं। ते माटें पुरुषने प्रस्थक कहिइ। जेहवा जेहवा उपजोगने विषें जे ते प्राणी वर्ते छइ तिवारे ते ते उपजोगवंत कहिइ छैं। जिम रागोपयोगने विषें वर्ते छइ तेहनइ रागी कहिये, विरागोपयोगने विषें वर्ते छें तेहने विषें विरागी कहिइ। तिम इहां पिण प्रस्थकनो उपजोगवंतनें प्रस्थक कहिइ।

तथा प्रस्थक शब्दइं प्रस्थक निश्चयात्मक ज्ञान कहियें। ज्ञांननों उपजोग छैं ते तो चेतन धर्म छइ। ते किम जडात्मक काष्ट भाजनने विषें हुंइ? तथा ***प्रस्थकः निश्चयात्मकमानमुच्यते निश्चयश्च ज्ञानं तत्कथं जडात्मनि काष्टभाजने वृत्तिमति भविष्यति? चेतनाचेतनयोः सामान्याधिकरण्याभावात् तस्मात्प्रस्थकोपयुक्त एव प्रस्थक*** इति हेमचन्द्राचार्याः। ते माटें ए तीन नय करी प्रस्थक उपजोगी पुरुषनें ज प्रस्थक कहइ, पिण तदनुपजोगी काष्टभाजनने प्रस्थक न कहैं। चेतन धर्म उपयोग छैं। इति प्रस्थक दृष्टांत।

हवइं वसति दृष्टांतइं सात नय अवतारइं छइं। कोइ पाडलिपुरे वास्तव्य जिनने कोइक विदेशी नरें पूछयुं—तुं किहां वसें छइ? तिवारें तेणे कहुंऊ—लोक मध्यें वस्तुं छु। ए अशुद्ध नैगम इत्यादिक पूर्वि वसति दृष्टांतें भाव्यो छैं। तिम ज नैगम नय लेवो।

हवे व्यवहार कहेंइ छें। व्यवहारनो दृष्टांत नैगमपणें जांणवो कांइ फेर नथी ते माटे त्रीजा ठामथी बीजे ठ्ठामें भण्यो छैं। अत्र कोइक शिष्य पूछेंस्यै—जे छेहलो नैगमनो भेद लौकि[क]नये नहि घटैं। तें किम? जो ग्रामांतरे न गयो हुइ तो कहियैं जे घरे वस्यें छैं एहवो चरम नैगम छइ। अने व्यवहार तो ग्रामांतरें गयो छै तोहइ पिण इम कहिवाइ छइ— देवदत्त पाडलिपुर नगरे ज वसे छैं। तो ए नय नैंगम समान किम कहियें? तेहने इम कहियें— अहो! भव्यजन! व्यवहारनयें पिण एहवो ज कांइ नथी नियम नथिं जे ग्रामांतरें गयो छइ तोहि पिण वसतो ज कहियइं लोक इम पिण किवारेंकि बोले छें। देवदत्त एतला दिन पाडलिपुरें वसतों पिण हवणां ग्रामांतरें गयो छैं। एहवो व[च]न तो नैगम पिण कहावे छइ ते माटे नैगम सम जांणवो इति व्यवहारः।

हवे संग्रह कहे छइ। ते पुरुष जिवारें आसनादिकने विषें बेठो हुंइ तिवारें वसतो कहिइं, जिवारें चलनक्रिया भजे छैं तिवारें वसतो न कहियै। इम सर्वत्र बे ठाने ज वसतो कहिइ इति संग्रहः। हवे ऋजुसूत्र कहे छइं आकाशनें विषइं तो घणा आकाश प्रदेश छइं ते माटइं सर्वनइं विषइं वसतो न कहिइ, जेतला आकाश प्रदेश रोक्या छें तेतलाने ज विषें वसे छें। ते पिण वर्तमान समयें वसतो कहियें पिण अतीत अनागत कालें न कहियें। इति ऋजुसूत्रः।

हवें शब्दादिक त्रिण नय कहे छइ। ते पुरुष वसे छैं पिण आत्मस्वरूपें ज पिण परस्वरूपें नथी वसतों जे जे वस्तु वर्ते छइ ते सर्वे आप आपणें स्वभावें पिण परस्वभावें न कहिइ। ***सर्वं वस्तुं स्वात्मन्येव वर्तते न तु आत्मव्यतिरिक्तेऽधिकरणे*** इति वचनात्। इति वसतिदृष्टान्तः।

हवे प्रदेश दृष्टांते सात नय अवतारें छइं। जिम को एक पंडित मंडलीने विषें प्रदेशनी चर्चा थाइं छें। तिवारे कोइ एक नवतरें पुरूषे पूछयो। ते प्रदेश केहा? तिवारें एक नैगमनय लैइ बोल्यो—छनो प्रदेश। छ ते कुण? धर्मास्तिकाय (१), अधर्मास्तिकाय (२), आकाशास्तिकाय (३), जीवास्तिकाय (४), पुद्गलास्तिकाय (५), देश (६)। देश ति सकल द्रव्यनो भिन्न विवक्ष्यो छइ। ए छनो प्रदेश कहितां छ प्रदेश भाख्या ते माटें नैगम न कहीयइ।

तिवारें पछी संग्रहनय बोल्यो—अरे! नैगम तुं छनो प्रदेश न कहें, पांचनो कहे। धर्मास्तिकाय (१), अधर्मास्तिकाय (२), आकाशास्तिकाय (३), जीवास्तिकाय (४), पुद्गलास्तिकाय (५) ए पांचनों कहैं, पिण छठो देश भिन्न न कहैं ते कोइ पंचास्तिकायथी जूयो नथी देश तो द्रव्यमांहें ज अंतर्भवि छइ। सामान्यपणें एक प्रदेश पांचनो कहइ।

हवें व्यवहार बोल्यो—अरे! संग्रह तुं इम म कहें जे पांचनो एक प्रदेश छैं। पांचनो तो कहियें जो साधारण होइं पंचभर्तृनिधानवत्। ते माटे म कहैं पंचविध प्रदेशः प्रदेश पांच प्रकारनो छैं। धर्मास्तिकायनो संबंधी (१), अधर्मास्तिकायनो संबंधी (२), आकाशास्तिकायनो संबंधी (३), जीवास्तिकायनो संबंधी (४), पुद्गलास्तिकायनो संबंधी (५) एवं पंचविधः।

पछैं ऋजुसूत्र बोल्यो—अरे! व्यवहार तुं पंचविध प्रदेश कहै छइ तें म कहैं प्रदेश तो पंचास्तिकायने विषें छैं। ते एकेक प्रदेश पांच प्रकारनो कहीयें तो पांच पांचां पचवीस प्रदेश थाइं ते माटैं भाज्य प्रदेश कहें। भाज्य कहितां भजना एतलें एक प्रदेशने विषें पांच विकल्प छइं। यथा धर्मास्तिकायप्रदेश (१), किंवा अधर्मास्तिकायप्रदेश (२), अथवा आकाशास्तिकायप्रदेश (३), उत जीवास्तिकायप्रदेश (४), किंवा पुद्गलास्तिकायप्रदेश (५), एवं पंच विकल्प कहि।

पछै शब्दनय बोल्यो—अरे! ऋजुसूत्र तुं भाज्य प्रदेश कहै छै ति म कहैं इम कहेता एकनें पांचनी भजना हुस्यें, पांच पुरुषना सेवकनी परैं। किंवारेक धर्मास्तिकायनो हुस्यैं, किवारेक अधर्मास्तिकायनो हुस्यैं। एम पांचनी भजना होस्यै कें पांमस्यैं ते माटें इम कहैं धर्मप्रदेशः, अधर्मप्रदेशः इत्यादिक पांचमांहिं एक कोइ एक निरधार करीनें कहइं।

पछइं समभिरूढै बोल्यो—धर्मप्रदेशः कहेतां व्याकरणनें विषें बें समास भासैं छइ। एक तत्पुरुष (१), बीजो कर्मधारय (२), जो तत्पुरुष कीजें तो धर्मे प्रदेशो धर्मप्रदेशः इम कहितां धर्म अनें प्रदेंशने विषें भेद पामें छें। *भेदे तत्पुरुष* इति वचनात्। अनें धर्मश्चासौ प्रदेशश्च धर्मप्रदेश इति कर्मधारयें धर्मद्रव्य विशिष्ट प्रदेश छइं ए समासं करता

धर्म अनें प्रदेशने विषें भेद नथी पडतों। *अभेदे कर्मधारय* इति वचनात्। अत्र घणो विचार छइ। पिण अवैयाकरण पुरुषनइं रस न ऊपजें ते माटें नथी लख्यो।

तिवारैं पुठिं एवंभूत नय बोल्यो—अरे समभिरूढ तुं धर्मास्तिकायादिकनैं विषें देशप्रदेशनी कल्पना कहैं ते न घटें जो तुं देसप्रदेश कहें छइं ते स्युं धर्मास्तिकायथी जूया छैं किंवा एक छइं? जो तुं जूया मानीश तो किंवारेक जुआ पिण लाभस्यैं। अने देशप्रदेश तो खंधथी जूआ होइं नही अनें जो एक मानीस तो वली देशप्रदेशनी कल्पना स्याने कहैं छइ? समस्त धर्मास्तिकायने धर्मास्तिकाय कहइ पिण देशप्रदेशने न कहैं। इम अधर्मास्तिकायादिक पिण जांणवा। इति प्रदेश दृष्टांत। ए तीनइं दृष्टांते दृष्टांतइं कंरि नय समझी लेज्यों। ए नय प्रीछीस्यो तो जिनेंद्रमत अनुकूल हौंसै। ए अर्थ दशमा काव्यनो छैं।

उक्तञ्च—

***नयास्तव स्यात्पदलाञ्छिता इमे रसोपविद्धा इह लोहधातवः।***
***भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः॥***
***उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।***
***न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरिस्त्विवोदधिः॥***

**शुद्धद्रव्यं समाश्रिताः सङ्ग्रहस्तदशुद्धितः। नैगमव्यवहारौ तां शेषाः पर्यायमाश्रिता॥१॥**
**अन्यदेव हि सामान्यमभिन्नज्ञानकारणम्। विशेषोऽप्यन्य एवेति मन्यते नैगमो नयः॥२॥**
**सद्रूपतानतिक्रान्तं स्वस्वभावमिदं जगत्। सत्तारूपतया सर्वं सङ्गृह्णन्सङ्ग्रहो मतः॥३॥**
**व्यवहारस्तु तामेव प्रतिवस्तुव्यवस्थिताम्। तथैव दृश्यमानत्वाद् व्यवहारयति देहिनम्॥४॥**
**तत्र ऋजुसूत्रनीतिः स्याच्छुद्धपर्यायसंश्रिता। नश्वरस्यैव भावस्य भावोऽस्तीति वि(नि)योगतः॥५॥**
**अतीतानागताकारकालसंस्पर्शवर्जितम्। वर्तमानतया सर्वमृजूसूत्रेण सूत्र्यते॥६॥**
**विरोधिलिङ्गसङ्ख्यादिभेदाद्भिन्नस्वभावताम्। तस्यैव मन्यमानोऽयं शब्दः प्रत्यवतिष्ठते॥७॥**
**तथाविधस्य तस्यापि वस्तुनः क्षणवर्तिनम्। ब्रूते समभिरूढस्तु सञ्ज्ञाभेदेन भिन्नताम्॥८॥**
**एकस्यापि ध्वनेर्वाच्यः सदा तन्नोपपद्यते। क्रियाभेदेन भिन्नत्वादेवम्भूतोऽभिमन्यते॥९॥**

॥इति श्रीसप्तनयश्लोकाः॥

**॥इति सप्तनयबालबोधसम्पूर्णः॥**[1]

---

१. लेखकप्रशस्ति : लि. मुनीसुंदरलिपिकृतम्॥

(૨.૩)

ઉપાધ્યાયશ્રી યશોવિજયગણિરચિત

# નયવિચાર સજ્ઝાય

પ્રણમું શ્રીશંખેસર પાસ, સમરું ગુરુગુણ-લીલવિલાસ,
ધ્યાઉં હૃદય વલી શ્રુતદેવિ, નયવિચાર કેહસું સંખેવિ.॥૧॥
પહિલો નૈગમ નય મન ધરો, બીજો સંગ્રહ ચિતિ અનુસરો,
ત્રીજો નય મોટો વ્યવહાર, ચોથો તે ઋજુસૂત્ર વિચાર.॥૨॥
પંચમ શબદ ધરે નિજ ટેક, સમભિરૂઢ છટ્ઠો સુવિવેક,
એવંભૂત કહિઓ સાતમો, નામ સાત નયનાં મનિ રમો॥૩॥
હવે કહસ્યું વિવરો એહ તણો, જે જિમ માનૈં તે તિમ સુણો,
નૈગમ દીસે જેહ અશેષ, તે માને સામાન્ય વિશેષ॥૪॥
વૃક્ષ કહેં સામાન્ય જણાંઇ, સહકારાદિક વિશેષ ઉપાય,
દર્શન પ્રથમ લહે સામાન્ય, ઇહાપોહ વિશેષ જ સામાન્ય॥૫॥
સંગ્રહ નય માનેં ઇક જાતિ, તરૂ વિણ કુણ નિંબાદિક ભાતિ,
વિધ ગોચર છઇં સકલ પ્રમાણ, ભેદક વિકલ્પ અવિદ્યા ઠાણ॥૬॥
માનેં નય વ્યવહાર વિશેષ, જેહની છે પરિણામેં રેખ,
ગો દૂઝે ગો નવિ સામાન્ય, નામ ન લીજે ધાન્ય.॥૭॥
નયં ઋજુસૂત્ર કહે જે અર્થ, તે ખિણભંગુર અન્ય અનર્થ,
સ્વભાવભેદે કિરિયા-ભેદ, અર્થ એક કિમ કહિઇં વેદ॥૮॥
સંખ્યા લિંગ વિભેદઈં ભિન્ન, અર્થ શબ્દનય કહે અભિન્ન,
સમભિરૂઢ નય વચનેં હુઆ, ઇંદ્ર-પુરંદર-હરિ જુજુઆ॥૯॥
એવંભૂત કહેં ઘટ તદા, નીર ભરીનેં આણઇ યદા,
બીજી વેલા ઘટ નવિ કહું, શબ્દ અરથ એક સરખા લહું॥૧૦॥
એ વિવરો ભાખ્યો નય તણો, નવઇં તત્ત્વમાં એ વિધિ ગણો,
સદગુરૂ-વયણે નિશ્ચલ રહો, કુવિકલ્પેં શ્રદ્ધા મ મ દહો॥૧૧॥
ગીતારથ જાણેં નય ઘણા, દાસ હુઈ રહિઈં તેહ તણા,
તો મારગ-અનુસારી ભાવ, પામીજેં ભવજલનિધિ નાવ॥૧૨॥
શ્રીનયવિજ્ય સુગુરૂથી લહિયા, વાચક જસવિજયઇં નય કહિયા,
એહ જાણી જે કિરિયા કરે, દુત્તર ભવસાયર તે તરે॥૧૩॥

ઇતિ નયસજ્ઝાય સંપૂર્ણમ્.[૧]

---

૧. સં. ૧૭૮૮ મા.શુ.૨. ઉ. શ્રી યશોવિજયગણિશિષ્યાનુશિષ્યેન લખિતં

(२.४)

ઉપાધ્યાયશ્રી યશોવિજયગણિરચિત

# નયની અપેક્ષાએ સામાયિક

[રાગ સોરઠ અથવા ધન્યાશ્રી]

ચતુર નર! સામાયિક નય ધારો. ટેક.
લોકપ્રવાહ છાંડ કર અપની, પરિણતિ શુદ્ધ વિચારો. ચતુર નર! ॥૧॥

દ્રવ્યત અખય અભંગ આતમા, સામાયિક નિજ જાતિ,
શુદ્ધ રૂપ સમતામય કહીયે, સંગ્રહ નયકી બાતિ. ચતુર નર! ॥૨॥

અબ વ્યવહાર કહે યું સબ જન, સામાયિક હુઈ જાએ,
તાતેં આચરના સો માને, ઐસા નૈગમ ગાએ. ચતુર નર! ॥૩॥

આયરણા ઋજુસૂત્ર શિથિલકી, બિનુ ઉપયોગ ન માને,
આચારી ઉપયોગી આતમ, સો સામાયિક જાને. ચતુર નર! ॥૪॥

શબ્દ કહે સંજત જો ઐસો, સો સામયિક કહિયે,
ચોથે ગુનઠાને આચરના, ઉપયોગ ભિન્ન લહિયે. ચતુર નર! ॥૫॥

અપ્રમત્ત ગુણઠાણે ઈર્યાકો, સમભિરૂઢ નય સાખી,
કેવલજ્ઞાન દશા થિતિ ઉનકી, એવંભૂતે ભાખી. ચતુર નર! ॥૬॥

સામાયિક નય જો નહુ જાને, લોક કહે સો માને,
જ્ઞાનવંતકી સંગતિ નાહી, રહિયો પ્રથમ ગુનઠાને. ચતુર નર! ॥૭॥

સામાયિક નય અંતરદૃષ્ટે, જો દિન દિન અભ્યાસેં,
જગ જસવાદ લહે સો બૈઠો, જ્ઞાનવંતકે પાસે ચતુર નર! ॥૮॥

(૨.૫)

હીરાચંદ ભણસાલી રચિત

# સપ્તનય દષ્ટાંતિક સીમંધર જિન સ્તવન.

શ્રી સીમંધર સાહેબ સાચો, મારગ નયે દેખાડેજી ;
સપ્તનયે દષ્ટાંત બેસાડી, સ્યાદ્વાદ અમી[૧] ચખાડેજી॥ શ્રી.॥૧॥

પાલ્યર્થે[૨] લાકડું લેવા જતાં, પાલી લેવા બોલેજી ;
નૈગમ નયની વાણી જાણે, હૃદય ધરો મન તોલેજી॥ શ્રી.॥૨॥

અંક માપ તણી જે વ્યાખ્યા, શાસ્ત્રે બહુ વિધ ભાખીજી ;
સંગ્રહ[૩] નય તિહું કાળ સત્તા ગ્રહી, એક ગણત્રી દાખીજી॥ શ્રી.॥૩॥

લાવ દાતણ[૪] એ હુકમ સુણીને, પૂરી સામગ્રી લાવેજી ;
જળ લોટો અંગુછો મંજન, દાતણ સંગ્રહે પાવેજી.॥ શ્રી.॥૪॥

સામાયક પૌષધ પડિકમણું, દેવ સેવા વ્યાપારેજી ;
ચાકરી નોકરી કરતાં પેખી, વ્યવહાર કરણીજ[૫] ધારેજી॥ શ્રી.॥૫॥

બાહિર ગુણ દેખી કરે વ્હેંચણ, બાહિર ગુણનો ગ્રાહીજી;
અંતરંગ સત્તા નવિ માને, આચાર ક્રિયા અનુગ્રાહીજી[૬]॥ શ્રી.॥૬॥

અતીત અનાગત કાળ અપેક્ષા, છંડી નિજ મત દાખેજી;
શ્રાવક ને સાધુ વ્યવહારે, સાધુ ઋજુસૂત્ર[૭] ભાખેજી॥ શ્રી.૭ ॥

---

૧. અનેકાંત માર્ગરૂપી અમૃત.

૨. પાલી બનાવવા માટે લાકડુ લેવા જતાં તેને કોઇ પૂછે કે " તમે ક્યાં જાઓ છો?" તો જવાબમાં કહે કે " પાલી લેવા જાઉ છું." એ તેનું બોલવું નૈગમ નયની અપેક્ષાએ છે.

૩. શાસ્ત્રમાં ઘણા પ્રકારની અંક માપની વ્યાખ્યા દેખાડી છે. તે અંક માપ જે વસ્તુ યા જીવનાં વિશેષણ છે, તે વસ્તુ યા જીવના ત્રણે કાળના સ્વભાવ, યા પ્રદેશ એકત્રિત કરી એક ગણત્રી સંગ્રહ નયની અપેક્ષાવડે દેખાડી છે. એટલે કે, અંક અને માપ સંબંધી જૈન સિદ્ધાંતમાં જે જે વ્યાખ્યા કરેલી છે, તે પ્રાયે ભૂત વર્તમાન, અને ભવિષ્યની સત્તા વાચી હોઈ સંગ્રહ નયની અપેક્ષાએ કરેલી છે.

૪. નોકર યા ઘરનું માણસ " દાતણ લાવ, " એવો શેઠ તરફથી હુકમ સાંભળતાં દાતણ, પાણીનો લોટો, મંજન, અંગુછો વગેરે દાતણમાં ઉપયોગી દરેક ચીજ લાવી હાજર કરે છે, એ સંગ્રહ નયની અપેક્ષાએ સમજવું.

૫. વ્યવહાર નય કરણી અથવા ક્રિયાગ્રાહી હોઈ જે જેવી ક્રિયા કરે; જેવી કે સામાયકમાં બેઠેલાને સામાયક કરતો કહે, એ રીતે ક્રિયાવાચી છે.

૬. વળી તે વ્યવહાર નય બાહિર ગુણ દેખીને તે ઉપર જ પોતાનો મત દર્શાવે છે. ક્રિયા કરનારનાં અંતરંગ પરિણામ સારાં કે નરસાં છે, તે તરફ વ્યવહાર નય લક્ષ આપતો નથી, પણ આચાર અને ક્રિયાને જ તે જુએ છે.

૭. ઋજુસૂત્રનય ભૂત અને ભવિષ્યનો વિચાર લક્ષમાં ન લેતાં ફક્ત વર્તમાન કાળમાં કોઇ શ્રાવક કે શ્રાવિકા જે પરિણામે વર્તતા હોય, તે પરિણામ ઉપર લક્ષ આપે, એટલે કે, શ્રાવક સાધુને વ્યવહારે વર્તતો હોય, ઈરિયાસમિતિથી ચાલતો હોય, ભાષા સુમતિથી બોલતો હોય, સામાયકમાં વધારે વખત ગાળતો હોય, જમીને થાળી ધોઇ પીતો હોય, તે થાળીને વસ્ત્રથી કોરી કરી નાંખતો હોય, સચિતનો ત્યાગી હોય, મનને વસ્તુની વિભાવ દશામાં જવલ્લે પ્રવર્તાવતો હોય, વચન તોળીને બોલતો હોય, સાવદ્ય કામમાં કાયાને ન પ્રવર્તાવતો હોય, એવા એવા સાધુના ગુણ ચિત્ત સ્થિર રાખી, મન કાયમ કરી, વર્તનાર શ્રાવક યા શ્રાવિકાને ઋજુસુત્રનયની અપેક્ષાએ સાધુ કે સાધ્વી કહી શકાય.

શુદ્ધાશુદ્ધ વિચારવડે જે[1], નિજ વસ્તુ નિરધારેજી;
ઉપયોગવંતને[2] જીવ કહે તે, ઋજુસૂત્ર નય ધારેજી॥ શ્રી.॥૮॥

આતમ ગુણ અવરાયલ તેને, પ્રભુ દર્શને પ્રગટાવેજી;
વસ્તુને વસ્તુગત જાણે, તે નય શબ્દ[3] કહાવેજી.॥ શ્રી.॥૯॥

એ નય[4] જાણે કાર્યની સિધ્ધિ, ગ્રંથિભેદ તે હોવેજી;
પૂર્વોપાર્જિત મિચ્છ પુંજને, અલ્પ સમયમાં ધોવેજી॥ શ્રી.॥૧૦॥

સિદ્ધાવસ્થા પામ્યા વિણ કહે, કેવળીને[5] તો સિદ્ધજી;
સમભિરૂઢ તણી એ વ્યાખ્યા, જાણો જગ પ્રસિદ્ધજી॥ શ્રી.॥૧૧॥

અર્થ ક્રિયાકારી સદ્વસ્તુ, જે જિન આગમ ભાખીજી;
તે વસ્તુને વસ્તુપણે પણ, એવંભૂતે[6] દાખીજી॥ શ્રી.॥૧૨॥

જળભર ઘટ પેખી સ્ત્રી શિર પર, એવંભૂત ઘટ જાણેજી;
નય સાતે દ્રષ્ટાંતે કરીને, હીરાચંદ પ્રમાણેજી॥ શ્રી.॥૧૩॥

---

૧. ઋજુસૂત્ર નય વસ્તુને શુદ્ધ અથવા અશુદ્ધ ઉપયોગવડે ગ્રહણ કરે છે.

૨. ઉપયોગવંતને જ જીવ માને છે.

૩. શબ્દ નયના પરિણામે ચઢેલ પુરુષ યા સ્ત્રી પોતાના આત્મિક ગુણ જે કર્મનાં આવરણોથી ઢંકાઈ ગયા છે, તેને પ્રભુની પ્રતિમાના આલંબનવડે પ્રગટ કરી, વસ્તુને મૂળ સ્વરૂપથી પીછાણી લે છે.

૪. એ શબ્દનયને પરિણામે ચઢતાં જીવ ગ્રંથિભેદ કરે છે, અને વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો સંસારમાં ભ્રમણ કાળ તેને બાકી રહે છે. અને મિથ્યાત્વનાં દળીયાને થોડા સમયમાં ઉપશમાવે છે યા નાશ કરે છે.

૫. કેવળી ભગવંતને સિદ્ધ કહી બોલાવે, તે સમભિરૂઢ નયનું અપેક્ષાવાચી વચન જાણવું.

૬. વસ્તુના ભાવાર્થ સહિત તેનો જે ઉપયોગ થઇ શકે, યથાર્થ પરિપૂર્ણ રીતે થાય, એવી અસ્તિ ધરાવનાર વસ્તુને (છતાંપદને) વસ્તુપણે માને-ગ્રહે તે એવંભૂત નય. માટી યા ધાતુનો ઘડો પાણીથી ભરી, તેને કોઈ સ્ત્રી માથે મૂકી ઘેર લાવતી હોય, ત્યારે પાત્રને એવંભૂત નય ઘડો કરી કહે.

## खंड - ३

# गुजराती गद्यकृति

## (३.१)

श्रीमतिचन्द्रजीरचित

## ॥नयस्वरूप॥

अथ नयस्वरूप लिख्यते।

स्यात्कारमुद्रिता भावा नित्यानित्यस्वभावकाः। प्रोक्ता येन प्रबोधाय वन्दे तं वृषभं जिनम्॥१॥

**अनन्तधर्मात्मकस्य वस्तुन एकांशे व्यवसायात्मकं ज्ञानं नयः।**

अनन्तधर्मात्मक वस्तुनुं जे एकांश तेहनुं प्रकासक एहवुं जे ज्ञानं ते नय कहीयै। श्रीवीतरागमतने विषे सकल वस्तु अनन्तधर्मात्मक वर्णवी छै मयूराण्डवत्। मोरना इंडामाहिं अनेक धर्म छै तो इंडाथी मोर नीपजै छै तिवारै नव नव रंग विचित्रता प्रगटे छै अछतों कांई उपजतुं नथी। उपजे तेहि ज जे सत्य हुइं आकाशकुसुमवत्। जो आकाशकुसुमनी नास्ति छै तो ते उपजतुं पिण नथी इम मृत्पिंडनें विषे पिण घट-घटी-शराव-उदिंचनादिकनी सत्ता छै तो तेमांहिथी तेहवा तेहवा पर्याय ऊपजै छै।

अत्र कोइक पूछि स्यै जो तुम्हे अनन्तधर्म वस्तुनें विषै कहो छो तो एकइं धर्मैं करी वस्तुनें कांई बोलावो छो? तेहनें इम कहीयै—अम्हे अनन्तधर्मनी सत्ता माना छां पिण परिणाम ते एकें कालें संख्याता असंख्यातानुं छइं। तथा जेणै काले जे परिणाम छै तेणें कालें अपर परिणाम न हुवें। *यद् द्रव्य यदा [ये]नरूपेण परिणमति, न तु रूपान्तरेणे*ति वचनात्

हिवें ए नयनें प्रमाण कहियें किंवा अप्रमाण कहियै? प्रमाण ते यथार्थनुं कहिंवुं, अप्रमाण ते अयथार्थनुं कहिवुं। इम कोइ पूछै तेहनें इम कहियैं—

***नाप्रमाणं प्रमाणं वा प्रमाणांशस्तथैव हि। नासमुद्रः समुद्रो वा समुद्रांशौ यथैव हि॥ (तुलना- नयोपदेश-९)***

नय ते प्रमाणनो अंश छै। जे प्रमाण नही अप्रमाण नही तेहनें प्रमाणांश कहियै, कथंचित्प्रमाणने कहे छैं ते माटें। समुद्र जल पसलीनी परें। जिम समुद्रमांहिथी जलनी पसली भरी छै तेतला जलने समुद्र न कहिये जो तेहनें ज समुद्र कहियें तो पूठिला जलने समुद्रपणुं टलेस्यैं। समुद्र नाम एक छै तिम। असमुद्र पिण न कहियें जो तेतला जलनैं समुद्रपणुं नथी तो पूठिला जलनें पिण समुद्रपणुं टलसें ते माटें पसली ज नें समुद्रांश कहियें तिम नयनें पिण प्रमाणांश कहियें।

तथा समस्तांश जेहने विषै रह्या छै तेहनें प्रमाण कहीयें। ***प्रमाणनयैरधिगमः*** प्रमाण अनें नयें करी सकल वस्तुनुं अधिगम छै।

ते नय सात प्रकारना छें।

***नेगमसंगहववहारे, उज्जुसुए चेव होइ बोधव्वे। सद्दे य समभिरूढे एवंभूए य मूलनया॥***

पहिलो नय नैगम(१) बीजो संग्रह(२) त्रीजो व्यवहार(३) चोथो ऋजुसूत्र(४) पांचमो शब्द(५) छठो समभिरूढ(६) सातमो एवंभूत(७) ए सात मूलनय।

प्रथम नैगमनो अर्थ लिखीयें छै। सामान्यरूपें तथा विशेषरूपें करी सहित वस्तुनें मानें पिण एकाकी सामान्यरूपें अथवा विशेषरूपे ज वस्तुनें न कहें ते नैगम कहीयैं।

तत्र सकलभुवनत्रयमध्यवर्ती वस्तुकदंबकनें ग्रहें ते सामान्य धर्म कहीयें। सामान्य धर्म ते एक छै यथा शैवनये ***नित्यमेकमनेकानुवर्ति सामान्यम्*** नित्य छे एक छें अनेकनें विषें रहिउं छें ते सामान्य कहीयें। द्रव्यत्व, घटत्व, पटत्व, मनुष्यत्वादि लक्षण जाणवुं। तथा जैनन्याये जैनना न्यायमांहि पणि इंम कह्यो छै ***अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपं हि सामान्यम्, तच्च द्रव्यमेव न तु पर्यायास्तेषां तद्विलक्षणत्वात्***। जे उपजें नही विणसें नही स्थिर एकरूप त्रिणि कालनें विषै सामान्य ते जाणिवुं। ते तो द्रव्य ज जाणिवुं, पिण पर्याय न जाणिवा। तेहनुं तो उत्पादविनास छै तेणे करी अस्थिर छै अनेकरूपता भजे[1] छइं। यथा शैवन्याये—***व्यावृत्तिधर्माणो हि विशेषाः।*** जेणें करी वस्तुनी व्यावृत्ति कीजें ते विशेष कहीयें। जैन न्यायमांहि पणि विशेषनुं एहवुं लक्षण कह्युं छें पूर्वपूर्वाकारपरित्यागोत्तरोत्तराकारपरिस्फूर्तिमन्तो हि विशेषाः पर्यायापरनामानः। पूर्वपूर्वाकारनें त्यजें छैं उत्तरोत्तराकारनें भजें छैं तेहनें विशेष कहीइं तेहनो अपरनाम पर्याय छे। व्यवहार साधक विशेष ज छै[2]। ते घट-पट-लकुट-मुकुटादिक नर-नारकादिक जांणवउं। ए सामान्य-विशेषनुं अर्थ कहिउं। ए बे प्रकार वस्तुनें कहें पिण एक प्रकारनुं न कहै ते नैगम कहीयै। एतले गुणनिष्पन्न नाम थयुं।

अत्र कोइ एक पूछिस्यै जैन पिण वस्तुनें विषै बि धर्म माने छें एक सामान्य बीजो विशेष। सामान्य विना विशेष नथी, विशेष विना सामान्य नथी, ***निर्विशेषं हि सामान्यं भवेत् शशविषाणवत्*** (मीमांसा श्लोकवार्तिकसू.५.१०.)ते माटें जैन पिण केवल नैगममतावलंबक हुस्यै। तिहनें इम कहियें—जैन कथंचित्प्रकारें भिन्न भिन्न पणि कहै छैं कथंचित्प्रकारें अभिन्न पणि कहै छैं पिण सर्वथा प्रकारें नथी केतो[3]। सामान्य-विशेषनी सप्तभंगी छें। वस्तु

स्यात् सामान्यम्(१)

स्याद्विशेषः(२)

स्यात्सामान्यविशेषौ(३)

स्याद् वक्तव्यम्(४)

स्यादवक्तव्यं क्रमतः सामान्यकल्पनया(५)

स्यादवक्तव्यं क्रमतो विशेषकल्पनया(६)

स्यादवक्तव्यं युगपत्सामान्यविशेषकल्पनया(७) इति।

वस्तुने विषै कथंचित्प्रकारे सामान्यधर्म छें। सामान्य ते द्रव्यपणुं छें। इति प्रथमो भंगः(१)

---

१. धर्म मो.मुं.

२. आ वाक्य को. प्रतमां नथी

३. आ वाक्य को. प्रतमां नथी

तथा तेहिज वस्तुने विषै कथंचित्प्रकारे विशेष धर्म छै। विशेष पर्याय कहीयै। द्वितीयो भंगः(२)

तथा तेहिज वस्तुनें विषै समकाले उभय धर्म पिण छें। सामान्य-विशेषौ। तृतीयो भंगः(३)

तथा वस्तुनें विषै अवक्तव्य धर्म पिण छें केवल एक कोईइं करी कहिवा योग्य पिण नथी। चतुर्थो भंगः(४)

तथा अनुक्रमे एकाकी सामान्यकल्पनाइं ज करीने वस्तु कहिवानें अवक्तव्य छै। इति पंचमो भंगः(५)

तथा ए अनुक्रमे एकाकी विशेष कल्पनाइं ज करीनें वस्तु कहिवानें अवक्तव्य छै। इति षष्ठमो भंगः(६)

तथा तेह ज वस्तु युगपत्कहतां समकालें सामान्य-विशेषें कहिवानें अवक्तव्य छें। इति सप्तमो भंगः[१](७)

तेह माटें जैनस्याद्वादी छैं अनें स्याद्वादनें विषें तो साते नयनो समावेश छें तेह माटें २बें केवल नेंगमनयावलंबी न कहीइं नैगममतावलंबी ते नैयायिक वैशेषिक प्रमुख जांणिवा[२]॥इति नैगमः॥

हिवै संग्रहनो अर्थ लिखीयै छे। सकलभुवनत्रयमध्यवर्ति त्रिकालकलित वस्तुनें कहै ते संग्रह कहियैं। तत्र दृष्टांतः—जिम सकल नवनवरंग विचित्रित घट छैं। व्यक्तिभेद करी भिन्न भिन्न दीसै छैं पिण सामान्य धर्म घटत्व, द्रव्यत्व एक ज छै तेणें करी सर्वने घट कहियै। तथा गौरी, काली, नीली प्रमुख नव नव व्यक्ति गायनी छैं पिण गोत्व धर्मपणुं सास्नादिक असाधारण धर्मपणुं सर्वने विषै सामान्य छै ते माटें सर्वनें सामान्यपणें गाय कहीयै छै। तथा अतीतानागतवर्तमान कालनें विषैं जे मनुष्य हुया, हुइं छै, हुस्यै तेहनें विषै वर्ण, गंध, रस, स्पर्श, संस्थान, संघयण,अवगाहना, नाम, क्षेत्र प्रमुख विचारता घणूं परस्परइं भेद छै पिण मनुष्यपणुं सर्वनें विषै सामान्य छे, सर्वनें मनुष्य कहियै। तथा भांति भांतिना[३] घट, घटी, शराव,उदंचनादिक पर्याय छै पिण सर्वनें विषै मृतद्रव्य एक ज छै,सर्व माटीना कहीयै छें। इम सर्वत्र विचारी लेवो। वस्तु थकी सदाई शाश्वतुं सामान्य छैं पिण पर्याय नथी तेहनुं प्रति समयै विनाश छैं।

अत्र केवल विशेषवादी जे बौद्धचार्वाकादिक तेहनें पूछीयै— तुम्हे जे सामान्य नथी मानता विशेष मानो छो संसारमांहि विशेष छें सामान्य नथी सामान्यतो मानीयें जो कांइ वस्तु शाश्वतु मानीयें[४] ते तो सर्व क्षणे क्षयी दीसै छै एहवुं तुम्हारा लोकायितशास्त्रमांहि कहिउं छें पिण ते असत्य छैं। ते किम? जो तूं विशेष मानें छें ते विशेष सामान्यथी भिन्न छै किं वा अभिन्न छें? जो तूं सर्वथा भिन्न कहिसै तो ते विशेष अवस्तु स्वभाव हुसें खरविषाण-व्योमकुसुम-वंध्यापुत्रनी परें। एतली जें वस्तु कहिवानी छें पिण अवस्तुभूत छें तिम विशेष पिण हुसें। अनें जो सर्वथा अभिन्न कहिसे तो सामान्य तेहि ज विशेष थास्यै[५]। ते क्षणभंगुर नही हुइं। सामान्यनो विनाश नथी। ते माटें अम्हारउं मत साचुं थयुं। जे सामान्य तेहि ज पदार्थ कहियें। सामान्यमांहि सर्व विशेषनुं समावेस छें एतलैं गुणनिःपन्न नाम थयुं। सर्व वस्तुना पर्यायनें संग्रहें तेह ते संग्रह कहियें॥ इति संग्रहनयः॥२॥

---

१. जुओ टिप्पणि ५

२. ते.......जांणिवा मो.मु प्रतमा नथी

३. घटमुदाहरणं कृत्वा ब्रूमहे सप्तभंगी। स्याद् घटः(१) स्यादघटः(२) स्याद्घटश्चाघटश्च(३) स्यादवक्तव्यो घटः(४) स्याद् घटश्चावक्तव्यश्च(५) स्यादघटश्चावक्तव्यश्च(६) स्याद्घटश्चाघटश्चावक्तव्यश्चेति(७) सप्तमो भंगः आ वाक्य को. प्रतमां नथी अहीं होवुं जोइए।

४. देखिइं

५. विशेष कहिइं ति वारि वस्तु सर्व नित्य हुस्यै सामान्यनउ नाश नथी आ प्रमाणे को.प्रतमां छे.

हिवै विवहारनो अर्थ लिखीये छे।

***ववहारो वि हु बलवं जं वदइ केवली वि छउमत्थं। आहाकम्मं भुंजइ सुअववहारं पमाणंतो॥***

***जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छएसुमुअह। ववहारनयच्छेदे तित्थुच्छेओ जओ भणिओ॥***

***ओहेसु अ उवउत्तो जं किंचि गिण्हइ य असुद्धं। तं केवली वि भुंजइ अपमाणं सुयं भवे इअरा॥***

जेंणे प्रकारें सकल लोक प्रवर्तइं निर्वर्तइं तेहने व्यवहार कहियें। ते प्रकार ते वस्तुना पर्याय जाणिवा पिण सामान्य धर्म न जाणिवुं। ते किम? जिम संसारमध्ये जल भरवानें काजे जलार्थी पुरुष घट-घटी-शराव-उदंचनादिक भणी प्रवर्तइं छें पिण मृत्पिंडद्रव्य भणी कोई प्रवर्ततुं नथी। व्यवहारनय उपगारी विशेष छें पिण सामान्य नथी। तथा वस्तु पिण तेहि ज जे व्यवहार साधक हुइ। तथा विशेष विना एकाकी सामान्य दीसतुं पिण नथी। ***निर्विशेषं हि सामान्यं भवेत् शशविषाणवत्।*** *(मीमांसाश्लोककवार्तिक ५.१०)*

विशेष विना सामान्य शशविषाणसरीखुं छे ते किम कार्य साधक हुइं ? मरुमरीचिकावद् असद्रूपत्वात्। मरुदेसें जिम मृगतृष्णा देखीनें जलार्थी मृग दोडी दोडी मरे छें पिण जलावाप्ति नथी हुंती तिम सामान्य पिण एहवुं असद्रूप छें। तथा जे सद्रूप छें तेहनुं उपलंभ छें पिण असद्रूपनो उपलंभ नथी अने जेहनो उपलंभ नही तेहनी अधिक कल्पना स्या माटें करवी? ते माटें विशेष तेहि ज पदार्थ कहियें घट-पट-मुकुटादिक जाणिवा पिण घटत्व, पटत्वादि न जांणिवा॥ इति व्यवहारनय॥

हिवै ऋजुसूत्रनय कहीयै छें। ऋजु कहितां सरल कहियें जे सरलपणें वस्तुनें कहें ते ऋजुसूत्रनय कहियें। ते किम? जिम एक वस्तुनें विषै अनन्त पर्याय कहियै छें। विणवा(स्यां) जे पर्याय ते वर्तमाननी अपेक्ष्यांये वक्र छै, सांप्रति भासता नथी ते माटें। तिम अनागत पर्याय हजी उपना नथी तो पिण वर्तमांनकालथी वक्र छें। वक्र कहितां प्रतिकूल। प्रतिकूल कहितां ते समयनें भजता नथी। सरल तेहि जे जे पर्याय वर्तमांनकाल वर्तइं छें वर्तमांन समयने अनुकूल छें। जिम पोतानी गांठे धन वर्तइं छें तेहथी कार्य सिद्धि हुइं छें पिण पराया धनथी कोई गरज सरती नथी। एतलै वर्तमान वर्तलै वर्तइं छें जे पोताना पर्याय तेहनेंईं ज अस्ति रूपें कहै पिण बीजाने न कहैं ऋजुसूत्रनुं ए शब्दार्थ जाणिवुं।

तथावली ऋजुसूत्रनय लिंगनो भेद मानें नही शब्दनें विषें लिंग त्रणि प्रकारनुं छैं पुलिंग(१) स्त्रीलिंग(२) नपुंसकलिंग(३) ए संसारमांहिं जेतला शब्द छें तेणि त्रिण लिंगे करी बोलीजै छें। ते मध्ये घट, पट, भट, मुकुटादिक शब्द पुल्लिंग वाचक छें। भलो घट छैं, भलो पट छै इम अर्थनी ध्वनि ऊपजें छैं। तथा हेला, शाला, मालादिक शब्द स्त्रीलिंग वाचक छैं। भली शाला छैं, भली माला छैं इम अर्थ प्रगटै छै। तथा मूल, फल, पत्रादिक शब्द नपुंसकलिंग वाचक छै। भलूं फल छै, इम अर्थ थायें। ते निपुण बुद्धिना धणीनें पूछिजो अथवा व्याकरण भणिज्यो जिम खबर पडै। एहवुं लिंगभेद यद्यपि भासै छै पिण ऋजुसूत्र नय न मानें। ते कहे छें—जिम कोइक समुद्र, नदी, सरोवर प्रमुखना उपकंठेनें तट कहिइ छैं ते तट एहै लिंगै छे अर्थभेद पिण भिन्न भिन्न कहें छै, पिण वर्तमान समयकालमाहें भेद न कह्यो अने ऋजुसूत्र तो वर्तमानकालनें ज कहै छै, बीजा कोई भेदंतरनें कहितो नथी। बीजा घणाइ भेद छै पिण वर्तमान समयमांहि तो कोई भेद नथी। ए परमार्थ जोतां लिंगभेद न घटै ऋजुसूत्रने विषै।

तिमवली वचनभेद पिण मानें नही। वचन पिण व्याकरणें तीन कह्या छै। एकवचन(१) द्विवचन(२) बहुवचन(३)। एकोऽस्ति, द्वौ स्तः, बहवः सन्ति ए वचनभेद यद्यपि वस्तुनें विषै भासै छै पिण वर्तमान समय एक ज छैं ते माटे ऋजुसूत्रनय वचनभेद न मांनें।

तथा नाम, स्थापना, द्रव्य, भाव ए च्यार निक्षेपा मांने। नाम ते इंद्रनै इंद्र कहै, थापना इंद्रनै इंद्र कहै, द्रव्य इंद्रनै इंद्र कहै, भावैंद्रनै पिण इंद्र कहै। वर्तमानकालै जे निक्षेपो वर्ततो हुइ तेहनें तिम कहै। ऋजुसूत्र वर्तमानसमयग्राही छै पिण योग्यायोग्य शब्दार्थग्राही नथी।

अत्र प्रसंगथी च्यार निक्षेपानुं अर्थ लिखीयै छें।

**चतुर्णा निक्षेपाणां मध्ये आद्याः त्रयो द्रव्यास्तिकनये भावनिक्षेपस्तु पर्यायास्तिकनये** इति तत्त्वार्थे।

पहिलो नाम निक्षेपो(१) बीजो थापना निक्षेपो। स्थापना द्विधा-सद्भूतस्थापना(१) असद्भूतस्थापना(२) सद्भूता यथा रूपं प्रतिबिंबम्, असद्भूता-अक्षादिषु गुरुस्थापना(२)। त्रीजो द्रव्यनिक्षेपो(३) चौथो भावनिक्षेपो(४)। निक्षेप कहतां रचना कहियै, निधि कहियै। ते मध्ये प्रथम निक्षेपानुं अर्थ लिखीयै छैं। जे अन्य अर्थनै विषै रह्यो हुइ अर्थशून्य हुइ, बीजा पर्यायने कहै नही, पोतानी इच्छाइं करी कह्यो हुइं एहवुं जे वस्तुनो नाम तेहनें नाम निक्षेप कहीयैं। तत्र दृष्टांतः—जिम कोइक गोपालदारकनुं इंद्र एहवुं नाम छें पिण ते नाम सौधर्मा सभानें विषें वर्तै छें बत्तीस लाख विमानना अधिपतीनें घटें पिण ते दरिद्र ग्वालणीना बालकनै न घटैं ते माटें अर्थशून्य छै। तथा बीजा जे इंद्रना पर्यायनाम मरुत्वान्, मघवा इत्यादिक ते कांई गोपालदारकनै न घटै। ए नाम सर्वगुणनिःपन्न भावेंद्रनें ज घटै पिण निर्गुण नामनें विषै न घटै। गर्भगहेली माताइं मोहांधकार व्याकुल चित्त थकी आपणी खुसीइं नाम दीधों छें पिण परमार्थ कोई नथी एतलौ भावसून्य ते नाम निक्षेप कह्यो। इति नाम निक्षेपो(१)॥

हिवैं थापनानिक्षेपनुं अर्थ लिखीयै छै। भावै रहित हुइं पिण भावपणानुं अभिप्राय कल्पीनें मानी हुइ तेहनैं थापना कहीयै। तत्र दृष्टांतः—जिम कोइ एक मोही प्राणीइं पाषणनी मूरति घडावी, मस्तकि मुगट पहिरावी, कांनें कुंडल घाली, कोटिं हार घाली, हाथें वज्र आपी, वस्त्र विभूषित करी इंद्र करी थापी ते उपरि तन, धन, मन समर्पण करे छें जे माहरें इंद्र एहि ज, एहनी सेवा, भगति, गुणग्रांम कीधां सकल वांछितनी प्राप्ति हुसै इम जाणी सेवा करें छें पिण ते मूरति पाषाणनी छै। तेणें कांइ शुभाशुभ कर्तव्य जाणवुं नथी। जे जाणणहार छै ते तो भावेंद्र छें। सौधर्मा सभाने विषै विराजै छै। ते भणी परमार्थ जोतां थापना पिण मोहनी कल्पना छै।

तथा अत्र कोइ पूछिस्यै नाम थापना माहें भेद किस्यो छै? अर्थसून्य तो बेहुं छै ते माटै अभेद कहो। तेहने इम कहियें—नाम थापनामाहें अर्थ थकी भेद नथी, पिण कालथी भेद छै। नाम ते यावत्काल तांइ नामधारक वस्तु रहै तावत्काल तांई तेणें नामें बोलावी। जें एतलें नामनो क्षणै क्षणै परावर्तन थाइं। यथा मेरु, जंबूद्वीप,मगधादिक नाम छै ते जां जां [अ]र्धद्वीपदेशादिक छै तां तांइ इणै ज नाम कहीसै। इम देवदत्त यज्ञदत्तादिक नाम छै जां तांइ ते पर्याय जीवै धर्यो छै तां ताई तेणै ठामें बोलावीइ छै पिण ते जीवतां थका विचिमांहि नाम लोपातुं नथी।

अत्र कोई एक पूछिस्यै— जे कोई एक नाम पिण विचिमांहि लोपातुं दीस्यै छै। जिम कोइ एकनुं नाम बालक अवस्थानें विषै धनपाल छै पछै केतलेक दिवसे लोके पिंडपाल नाम दीधु ते माटें नाम पिण लोपातुं दीसै छै। तेहनें

इम कहियै— अरे भाइ! तें कह्यु ते खरुं पिण घणै ठामे नाम यावत्कालतांई रहितो दीसै छै अनें कोई नाम फिरतो दीसै छै ते माटे ए विचार अत्र न लेवो। आचार्यनी विवक्षा नथी अत्र जे नाम यावत्कालीन हुइ तेहि ज लेवुं।

तथां थापना पिण यावत्कालनी हुयै अने अल्पकालनी पिण हुयै। ऋषभ, चंद्रानन, वारिखेण इ नामे जिणनी थापना नित्य भवन, विमान, पर्वतादिकनै विषै कही छै। तेहनी आदि नथी, अंत पिण नथी।

अत्र कोइ एक पूछिस्यै—स्थाप्यते इति स्थापना। जे थापी दुइं तेहनैं थापना कहियै एहवुं थापना शब्दनुं अर्थ प्रगटै छै। व्याकरणशास्त्रे अनें एतो कोई पुरुषे अथवा देवतांइं थापी नथी जेहनी आदि न लाभैं ते थापी पिण किम कहाइं? तेहनें इम कहीइं—अरे भाइ! थापना शब्दनुं अर्थ बीजुं पिण छै। अर्हदादि रूपेण सर्वदा तिष्ठती(ति) स्थापना। अर्हदादिकनें रूपें करी सर्वदा रहै छै ते थापना कहिइं ए अर्थ थापना शब्दनो नित्यनें विषै करिवुं, अनित्यनें विषै पूर्वे कह्यो ते अर्थ लेवो।

अत्र कोइ एक पूछिसै—ए तो पुद्गलद्रव्य विस्रसा परिणामै करी तेहवै आकारें परिणम्या छें अने पुद्गलपरिणाम ते असंख्याता काल उपरांत रहै नही। तो ए वस्तुनी आदि अंत नथी कहता ते स्या माटै? तेहनें इम कहीइं—स्याद्वादमतेंनें अनुसारै असंख्याता काल पछी ते पुद्गल अपर परिणाम भजै छै। वली तेहनें ठामै बीजा पुद्गल तेणै वर्णैं, तेणैं गंधै, तेणैं रसै, तेणैं फरसै, तेणैं संठाणैं तेतला नवा आवीनें संक्रमै ते माटै तदाकारणै सास्वता छैं पिण तेहि ज पुद्गल कांई अनादि अनन्तकालतांई रहिता नथी। अनं त पुद्गलनुं चयोपचय हुइ रह्यो छै। तथा चोक्तं जीवाभिगमसूत्रै—

***तत्थ अणेगे जीवा य पुग्गला य चयंति उवचयंति।*** इति नित्यस्थापना। (जीवाजीवाभिगम प्रतिपत्ति- इ सू ८७)

हिवै अनित्यस्थापना कहै छै। जिम कोईक बालकै लाकडानुं घोडो थापी ते उपरि चढीनें केतलाइक काल तांइ रामति कीधी। पछैवली तेहि ज लाकडानों हाथी थापीनें रामति कीधी। पोतानी जिम जिम इच्छा थाती गई तिम तिम थोडा कालमांहि घणी भांतिनी थापना फेरवी। इम कोइएक बालिकायै वस्त्रनी ढला करी गहेंणैं, वस्त्रैं शृंगारीनें दीकरी थापी। क्षणांतरै बहु, बहिन, पोत्री, सखाप्रमुखनी कल्पना मोहदशाईं करी फेरवी ए अनित्य थापना २।

हिवै द्रव्यनिक्षेपो कहै छै। अतीत अनागत पर्याय तेहनुं कारण तेहनें द्रव्य कहीइं। अथ दष्टांत-जिम कोई एक राजानो प्रधांन छै। प्रधान मुद्रा सुंपी छै। पछैवली केतलैक कालै मनोभंग थयो ए जाइं। तेहनी प्रधानवटी उतारी राजमुद्रा पाछी लीधी। ति वारै पछी पिण सहुको लोक तेहनें प्रधान कहै छै। ए अतीतपर्यायनुं कारण कहिउं।

हिवै अनागत पर्यायनुं कारण कहै छै। जिम कोइ राजानुं पुत्र अत्यंत रूपसुंदर छै। मोटी निलाडवटी छै, विशाल नेत्र छै इत्यादिक छत्तीस लक्षणै विराजमान छै। जन्मपत्रिका मध्यै राजयोग्य मालाग्रह इम बीजा पिण उदार्य, धैर्यादि गुणवंत छै। राजाइं पिण युवराज पद दीधो छै तिवारै लोक तेहनें इम कहै छै जे ए राजा हुस्यै। यद्यपि हिवणा राजा नथी पिण आगलि राजा हुस्यै। ए अनागत पर्यायनुं कारण कहिउं।

इम अचेतनद्रव्य पिण अतीत अनागत पर्यायनुं कारण छै तेहनें द्रव्य कहीयै। अतीत जे घट-घटी-शरावप्रमुख पर्यायनुं कारण मृत् द्रव्य छै। एहनें विषै ए पर्याय पूर्वें हुंता। तथा अनागत जे कपालमालादिक पर्याय तेहनुं पिण

कारण एहि ज मृत् द्रव्य छै, एहने ज विषै ए पर्याय होणहार छै। एतलै भावशून्य ते द्रव्यनिक्षेपो जाणिवो। भाव ते वर्तमान पर्यायनें कहै छै। इति द्रव्यनिक्षेपो(३)

हिवै भावनिक्षेपो कहै छै। वर्तमान पर्यायनें भाव कहीयें। जे भावे करी वर्तै छै तेहनें भावनिक्षेपो कहीयै। तत्र दृष्टांतः— जिम कोइ जीवद्रव्य पुन्य प्रकृतिनें उदै सौधर्मा सभानै विषै इंद्रपणे वर्तै छैं, बत्तीस लाख विमानवासी सुर ओलगै छै तेहनै इंद्र कहियैं। इम अरिहंत पिण तेहनें कहीइं जे ज्ञान-दर्शन-चारित्रे करी विराजमान हुइं चोत्तीस अतिशय, पांत्तीस वचनातिशय, अष्टमहाप्रतिहार्यै करी शोभायमान छैं तेहने अरिहंत कहीयै। इम चक्रवर्ति, बलदेव, वासुदेव तेहि ज जे विद्यमानपणैं हुइं पिण नाम, स्थापना, द्रव्यनै ज कहियै तेहथी गरज सरती नथी। जिम कोई एकनो नाम अमर छै पिण ते तो मरण पांमै छै, तथा नाम धनपाल छै नें पोतानुं पेट पिण भरी सकतो नथी इत्यादिक। नामथी परमार्थ को न पांमीयै। इम थापना पिण विचारवी। जिम पाषाणनी पूतलीना स्त्री सरीखा अंगोपांग छै पिण तेहथी कामी पुरुषनी गरज नथी सरती। इम पत्थरनी गाइं, भैंसि; लाकडीना घोडा, हाथी प्रमुखथी कार्यसिद्धि नथी थाती।

इम द्रव्य पिण विचारी लेवुं। जिम कोइ एक बालकनी माता मरी गई छै तैहनें आचलैं धाव्यै दुधनी प्राप्ति नही छै। तथा कोइ पुरुष रूप पात्र राजानी स्त्री देखी व्यामोह पाम्यो ते उपरि कोई ज्ञानी गुरु पूछयांथी कह्यो ए नारी आवतें भवें ताहरी स्त्री हुस्यै। इम सांभली खुसी थयो पिण तेहनें जाई मिलाइ नही। तथा कोइ पुरुषनी स्त्री मरीनै राजानै घरै कन्या हुइ छै एकदा समै ते पुरुषनी दृष्टिं पडी महामोह पांम्यो। पूछयो कोइ गुरुनें —जे ए उपरि माहरो मोह ते स्या मार्टें? गुरु कहै ज्ञानबलै —ए ताहरी पूठिलै भवै स्त्री हुंती। ते सांभली प्रमोद पांम्यो पिण राजलोकमध्ये जाइ मिलाइ नही। ते माटै द्रव्यथी पिण सिद्धि नही। गरज केवल भावथी सरै छै।

अत्र कोइ पूछिसै—जो पहिला तीन निक्षेपाथी सिद्धि न छै तो प्रतिमा स्यानै मानो छौ? तेहनें इम कहिइं— जे भावै वीतराग ओलखिस्यै ते वीतरागनी मूरतिनै पिण ओलखिस्यै। थापना देखीनें भावै वीतराग हुंता तेहनुं स्वरूप ओलखीयै छै। जे इणै आसनमुद्राइं वीतराग बेसता। जो एहवी आसनमुद्रा तो तेहिनी ज हुंती जो रागद्वेष रहित हुता। ए परमार्थ चित्तमांहि धरीनें प्रतिमा मानवी। तथोक्तम्—

***जाकै मुख दरससों, भगतके नयनकों थिरताकी बानी चढै,***
***चंचलता विनसी मुद्रा देखि केवली की मुद्रा याद आवै,***
***जहां जांकै आगै इंद्र की विभूति दीसै तिनसी,***
***जाको जस जंपत प्रकास जगमें हृदैमैं,***
***सोइ सुद्धमति होइ हुंतीजु मलिनसी,***
***कहित बनारिसी सुमहिमा प्रगट जाकी सोहै, जिनकी छबी है विधमान जिनसी॥*** एवे द्वियो पि(?)(समयसार नाटक-५२)

एतला माटै वीतरागनै ओलखै तेहनै प्रतिमाथी परमार्थ दिसा आवै।

वली कोई फिरी पूछिस्यै —जो भावै ज वीतराग ओलख्यो छै तो वली थापना मानवानुं स्युं काम छै? एतो मोहदशानुं कारण छै। तेहनें इम कहीयै— जे समकिती जीवै कांइ सकल मोह कर्म जीतो नथी ते माटें समकिती जीवै

वीतरागनी मूरति भरावी छै। तेहनें देखी देखीने वीतरागनै याद करै छै। विधिसुं द्रव्यस्तव, भावस्तव करै छै। द्रव्यपूजाथी पुन्य उपार्जै, भावपूजाथी निर्जरा करै छै।

***भावो हि कारणं पुंसां भणितो बंधमोक्षयो***रिति वचनात्। इति भावनिक्षेपो(४)।

ए च्यार निक्षेपा ऋजुसूत्रनय मानै। वर्तमान समयग्राही ए नय छै।

तथा एक वस्तुना घणा नाम छै। यथा-वनमाली, बलिध्वंसी, कंसाराति इत्यादिक कृष्णना नाम छै पिण पर्याय सर्वना भिन्न छै। वनमाला कंठें छै ते माटैं वनमाली कहीयै, बलीनें मार्यो ते माटैं बलीध्वंसी कहीयै इत्यादिक पर्याय अर्थ ऋजुसूत्रनय न कहैं वर्तमान समयनै ज कहै। अर्थभेद विचारतां वर्तमानपणुं वही जायै एतलै गुणनिःपन्न नाम ऋजुसूत्रनय कह्यो। इति ऋजुसूत्रनयः॥

हिवै शब्द नय कहै छै। भाषावर्गणा रूप पुद्गलनुं परिणाम ते शब्द कहीयै। तेणै करी पदार्थनें वाच्यवाचकभाव संयुक्त कीजै छै। अर्थनें अप्रधान मानें, शब्दनें प्रधान मांनै एह धर्म माटै शब्दनें विषै शब्दनयनुं उपचार कीजैं। उपचार तै आरोप कहीयै। जिम कोई एक नरनै विषै क्रूर गुण देखीनै सिंहनो उपचार कीजै छें जे पुरुषसिंह छै तिम अत्र पिण शब्दनै विषै अर्थनी अप्रधानता अनें शब्दनी प्रधांनता देखीनै शब्दनै विषै शब्दनय कहियै। ए शब्दनय पिण वर्तमान पर्यायनें कहें, अतीत अनागतनै न कहइं। तथा ऋजुसूत्र थकी ए नय सुद्ध छै। ते देखाडै छै। ऋजुसूत्र लिंगवचन ते भेद न कहै, ए नय लिंगादि भेद कहै छै। जिम तटशब्द पुल्लिंगै, तटी स्त्रीलिंगै, तटं नपुंसकै। ए अर्थ तो एक ज बोलै छै पिण उच्चार करतां लिंगभेद साक्षात् भासै छै। इम वचन पिण भेद छै। एको नरः, द्वौ नरौ, बहवो नराः, तथा देवः, देवता, देवतम् ए त्रिण शब्दे प्रवृत्ति भिन्न कहीइं छै। अनै ऋजुसूत्र तो एक प्रवृत्ति कहै ते माटे ए नय शुद्ध जाणिवो। इति शब्दनयः॥(५)

हिवै समभिरूढ नय कहै छै। जेतला एक नामना पर्याय शब्द छै ते सर्व भिन्न भिन्न अभिधेय कहै छै। ए समभिरूढ नय कहीयै। ते किम? जिम इंद्रना पर्याय नाम घणा छै शक्र, पुरंदर, शचीपति इत्यादिक नाममाला मध्ये ए सर्व इंद्रना नाम छै पिण पर्याय जूदा जूदा छै। ते कहै छै— यथा शक्नोतीति शक्रः; शक्तिवंतनें शक्र कहीयै, पुरं दारयतीति पुरन्दरः, इन्दति परमेश्वर्यं प्राप्नोतीति इन्द्रः। इम सर्व नामनी व्युत्पत्ति भिन्न छै। व्याकरण भण्यै खबर पडै। शब्दज्ञानवांछकै जैनेंद्र प्रमुख व्याकरण भणिवो। श्रीअनुयोगद्वारसूत्रैं बत्तीस दोष वर्णव्या छै। तिहां ए परमार्थ चाल्यो छै। उक्तं च—

**चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा। चरणकरणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति॥**

(उपदेशमाला २६९-१०३)

जे शब्दशास्त्र, न्यायशास्त्र भण्यां विना सिद्धांत वाचै छै ते जीव ज्ञानावरणी कर्म बांधै छै। वांकुं विषमुं अर्थ कहै छै ते माटैं। तथा तेहना श्रोता दर्शनावरणीय कर्म उपार्जै छै, झुठुं सरदहै छै ते माटें। तथा निपुणबुद्धीइं ए नय चित्तमांहि धरवो। जेतलाएक शब्द छै ते सर्व भिन्न भिन्न पर्यायनै कहे छै। तथा ते सर्वने विषै एकार्थ वाचकता मानीइ तो अतिप्रसंग तथा संकर दोष लागै। अतिप्रसंगनुं अर्थ कहै छै— **विजातीयेषु शब्देषु एकार्थप्रसञ्जनमतिप्रसङ्गः।** विजातीय शब्दने विषै एक ज अर्थ मानीयै तौ सर्व शब्दमात्रनो एक ज अर्थ हुइ जायै।

**परस्परभिन्नार्थानामेकत्रावस्थानं सङ्करः।** इम अनेक दोष लागै। स्याद्वाद वक्तानें पूछि लीज्यो। इति समभिरूढनयः॥(६)

हिवै एवंभूतनय कहै छै। जे शब्द जेहवी क्रियानें कहै छै ते क्रियानै भजतो हुइ तिवारे ज तेहनै ते नामें करी बोलावीयै तेहनें एवंभूतनय कहीयै। ते किम? जिम एक घट शब्द छै तेहनो अर्थ चेष्टादिक्रिया लक्षण छै। चेष्टा ते क्रिया कहीयै, **घट चेष्टाया**मिति वचनात्। कोइ एक नवयुवती जल भरवा गई छै। निर्मल जलसुं कुंभ भर्यो छै, सुंदर ईंढोवणी नीचैं धरी छै, सर्व दिशिनै विषै जलसुं कुंभ भर्यो आईकयो छै। ते घट मस्तकें धरीनै निर्भय साहंकार थकी लीलाइं बाह डोलावती पणघटै चाली आवै छै। चालता नरनै मंगलीक सूचवती थकी इत्यादिक क्रिया सहित हुइ तिवारै घट कहीयै, पिण एहवी क्रियारहित वाली घटनै घट न कहीयै। इम शक्र पुरंदरादिक शब्द पिण जांणिवा। जे जे शब्दनो जेहवो जेहवो अर्थ छै ते ते अर्थनें भजै तिवारै जे तेहनै तेणै नामें करी कहै। शक्र तेहने ज कहीयै जे शक्तिनै फोरवतो हुवै, पुरनामा दैत्यनैं मारै ते पुरंदर इम अर्थनें न भजै तिवारै शक्रादिक न कहीयै ए समभिरूढ थकी एवंभूतनय शुद्ध छै। इति एवंभूतनयः॥(७)

ए सात नय। ते मध्ये पहिला चार नयनै विषै अर्थ प्रधान छै ते माटें अर्थनय कहीयै। आगला तीन नय शब्द प्रधान ते माटैं शब्दनय कहीयै। तथा पहिला तीन द्रव्यास्तिकनय कहीयै, द्रव्यने ज अर्थ कहै परमारथ थकी पिण पर्यायनै न कहै ते माटै द्रव्यास्तिकनय कहियै। **आद्यास्त्रयो द्रव्यास्तिका** इति वचनात्। तथा छेहला चार नय पर्यायास्तिक जाणिवा। वस्तुपरमार्थ पर्याय छै पिण द्रव्य नथी इम कहै ते पर्यायस्तिकनय कहीयै। **शेषाश्चत्वारः पर्यायास्तिका** इति वचनात्।

तथा द्रव्यास्तिक पिण बे प्रकारनुं छै। एक अशुद्ध द्रव्यास्तिक, बीजो शुद्ध द्रव्यास्तिक कह्या। तेहनुं परमार्थ कहै छै। अनन्त परमाणुं पुंजनें, अनन्त द्व्यणुकखंधनें, इम संख्यात, असंख्यात, अनन्त प्रदेसीया खंधनें एकगुण कालादि, द्विगुण कालादि, अनन्तगुण कालादि संयुक्तनें तथा त्रिकाल विषयनें प्रत्येकै प्रत्येकै द्रव्य कहै अनेकता प्रतिपादक छै ते माटें अशुद्ध कहीयै। तथा संग्रहनय ते शुद्ध द्रव्यास्तिक जाणिवो। ते केवल परमाणुनेइं ज द्रव्य कहै। ते पिण एकगुण कालादिक संयुक्त हुयै तेहनें ज द्रव्य कहीयै। पिण द्विगुण कालादिकनो विनाश छै ते माटें द्रव्य किंम कहीयै? बि माटै नित्य ते परमाणुं ज छै। तेहनें द्रव्य कहीयै।

तथा ए सात नय अवधारण सहित हुइं तो दुर्नय जाणिवा। अवधारण ते जे एक कोई नय हाथी लीधुं छै तेहने ज माने बीजा नय सर्वथा उथापी नाखै तिवारै ते दुर्नय वादी कहीयै। अवधारण रहित हुइं तिवारै सुनय कहीयै। एक कोइ नयनें कहै तिवारै बीजा नयनै विषै उदास भाव राखै पिण जडमूलथी उथापै नही तिवारे सुनय कहीयै।

***एक्केक्को य सयविहो सत्तनय सया हवंति***।(प्रवचनसारोद्धार-९४८)

ए सात नय संयुक्त वीतराग मत स्याद्वाद कहीयै। उक्तं च—

***उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ दृष्टयः।***
***न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः॥*** (द्वात्रिंशिका ४.१५)

समुद्रने विषै जिम सकल नदी समाइ तिम वीतराग! ताहरै विषै सर्व नयनी दृष्टी समावें छै। तथा जिम ते न

दीउंमांहैं समुद्र न माइं तिम एकांत नयनें विषै तूं पिण न माइं। जिहां एकांतवाद छै तिहां जिनमत नही।

तथा बौद्ध (१) क्षणिकवादी छै। नैयायिक (२) कर्तावादी छै। सांख्य (३) प्रकृतिप्रत्ययवादी छै। मीमांसक (४) कर्मवादी छै। चार्वाक (५) नास्तिक ए पांच मत जाणिवा। विस्तरस्तु श्रीहरिभद्रसूरिकृत षड्दर्शनसमुच्चये।

ए सात नय प्रस्थक (१) वसति (२) प्रदेश (३) ए तीन दृष्टांतें करी कहै छै।

तत्र प्रस्थक ते धान्य भरवानो मापो कहीयै। सिंधूदेशें ढोइयो कहै छै, अथवा पायली अपर नाम। कोइ सूत्रधार प्रस्थक घडवाने काजै कुवार[1] हाथै लेई वन भणी चाल्यो छै। तेहवै एक पुरुष सन्मुख मिल्यो। तेणैं पूछयो— तुं किहां जाईस? तेणै असुद्ध नैगमवादी हुइते उत्तर कह्यो— जे हुं प्रस्थक छेदवा जाउं छुं। एहनै विषै घणा गंमा भासैं छे। प्रस्थक तो घणै कालें नीपजस्यै। तिवार पहिली केतलाई व्यवसाय करस्यै पिण कारणनै विषै कार्यनुं उपचार छै। कारण ते काष्ट कार्य ते प्रस्थकः। कारणथी कार्य उपजावणहार छै ते माटै उपचारै करी कहिउं जे— प्रस्थक छेदवा जाउं छुं। तथा सूत्रधार वनमांहि जाई काष्ट छैदवा लागो तिवारें वली कोई पुरुषै पूछे —एं तुं स्युं छेदै छै? तिवारै कह्यों— हुं प्रस्थक छेदुं छुं। कारणनै विषै कार्यनो उपचार छै ते माटें छेंदै छै काष्ट अनें कहै छै प्रस्थक छैदुं छुं ए नैगमथी कांइ एक शुद्ध छै। कांइ एक प्रस्थकनै ए क्रिया ढंकडी[2] ते माटें तथा ते सूत्रधार वांसोलासुं काष्ट घडै छै तिवारै कोइकैं पूछयो—तुं स्युं घडइं छै? तिवारै कहिउं जे— प्रस्थक घडुं छुं। ए बीजाथी सुद्ध छै। तथा ते सूत्रधार बीजणै करी काष्ट उकेरतो हुंतो तिवारै कोई एकै पूछयों—तुं सुं कोंरै छै? तिवारै तेणै कह्यो —हुं प्रस्थक उर्कोरु छुं। ए त्रीजाथी सुद्ध छै। तथावली सरहांणै चढ्यो देखीनै पूछयो ते— तुं सुं समारै छै? तिवारै कह्यो जे प्रस्थक समारुं छुं। ए चोथाथी शुद्ध छै। इम जावत्प्रस्थक न नीपजै तावत् जे जे वचन कहै ते सर्व नैगमनय कहियै। इम विवहार पिण जाणवो। विवहार पिण नैगम समान छै ते माटें भिन्न अवतारस्युं नही।

हिवै संग्रहनुं दृष्टांत कहै छै। सङ्गृण्हाति क्रोडीकरोति सामान्यरूपतया सर्वं वस्तु स संग्रहः। विप्रो(?) धान्येन व्याप्तः प्रस्थो यथा। जिवारें ते संपूर्ण कंठ पर्यंत धाने करी भरी हुइं तिवारे ज तेहने प्रस्थक कहै। संग्रह सामान्य धर्मनो ग्राहक छै। अत्र सामान्य धर्म एहि ज जाणिवो धान्यनुं जे मान तेहनी मेयता कहतां प्रमाणता तेहनै भजै तिवारै प्रस्थक कहीयै। पहिला बे नय नैगम अनें व्यवहार ते कारणीकभूत काष्टनै पिण प्रस्थक कहता हता ते माटें अशुद्ध कह्या संग्रहनय तेहथी शुद्ध जाणिवुं। प्रस्थक नीपना पछी पोतानो कार्य जे धान्य मांनता रूप ते भजइं तिवारे ज प्रस्थक कहै।

हिवै ऋजुसूत्रनय कहै छै। धान मापवानो जे हेतुभूत ते मापलो तेहने प्रस्थक कहै तथा तेणै माप्यो जे धान्यनो ढिगलो तेहनें पिण प्रस्थक कहै। ऋजुसूत्रनय वर्तमान समय ग्राही छै। संग्रह थकी ए शुद्ध छै, ते त्रिणि कालग्राही छै ते माटें अशुद्ध जाणिवो।

हिवै शब्दादिक तीन नयनो एकठो ज दृष्टांत कहै छै। ए तीन शब्दनय छै। शब्द प्रधान मानै छै पिण अर्थ प्रधान मानता नथी। जिहां शब्दनी व्यवस्था छै तेहने ज अर्थ कहै। ते शब्द व्यवस्था तो प्रस्थक ज्ञानना उपयोगवंत पुरुषनें विषै रही छै ते माटें ते पुरुषनै प्रस्थकहं कहीयै जेहवा जेहवा उपयोगनै विषै जे जे प्राणी वर्तै छैं तिवारै ते ते

१. कुहाडी
२. नजीक

उपयोगवंत कहीइं छै, पिण तदनुपयोगी काष्टभाजननै प्रस्थक न कहै। चेतन धर्म उपयोग छे। ते किम? जिम रागोपयोगनै विषै प्राणी वर्तै छै तेहनै रागी कहीयै, विरागोपयोगीनें विरागी कहीयै तिम अत्र पिण प्रस्थकनुं उपयोगवंतनै प्रस्थक कहीयै तथा प्रस्थक शब्दे प्रस्थक निश्चयात्मक ज्ञान कहीयै। ज्ञाननो उपयोग छें ते तो चेतन्य धर्म छैं। ते किम जडात्मक काष्ट भाजननै विषै हुइं?

***तथा प्रस्थको निश्चयात्मकं मानमुच्यते निश्चयश्च ज्ञानं तत्कथं जडात्मनि काष्टभाजने वृत्तिमनुभविष्यति? चेतनाचेतनयोः सामानाधिकरण्याभावात्तस्मात्प्रस्थकोपयुक्त एव प्रस्थक*** इति श्रीहेमचंद्राचार्याः। ते माटें ए तीन नय करी प्रस्थक उपयोगी पुरुषनै ज प्रस्थक कहै। जिन धर्मवंत(?) काष्टनै विषै हुवै। इति प्रस्थकदृष्टांतः॥ (१)

हिवै वसतिदृष्टांतै सात नय अवतारै छै। कोइ पाडलीपुरनगर निवासी जननें कोई एक विदेशी नरें पूछयो—जे तुं किहां वसै छै? तिवारे तिणै कह्यो—हुं लोकमध्ये वसुं छुं। ए अशुद्ध नैगम। लोक तो चौदै राज प्रमाण छै, न जाणीइं केही जागाइं वसतो हुसै। वली क्षणांतरै पूछयों तिवारें कह्यो—जे हुं तिर्यंग्लोकमांहि वसुं छुं। ए पहिलाथी कांइएक शुद्ध छै। पहिलामांहि त्रिलोक भासता हता, ए माहें तो एक लोक भासै छै। पछीवली क्षणांतरें पूछयों तिवारें इम कह्यो—जे हुं जंबूदीपै वसुं छुं। ए बीजाथी शुद्ध छै। बीजामांहि असंख्याता द्वीप-समुद्र भासता हुंता, एमांहि तो एक ज द्वीप भासै छै। पछैवली क्षणांतरें पूछयुं तिवारै कह्यो—जे हुं. भरतक्षेत्रें वसुं छुं। ए त्रीजाथी शुद्ध छै। त्रीजामांहि तो सप्त क्षेत्र भासता हुंता, एमांहिं तो एक ज क्षेत्र भासै छै। पछैवली क्षणांतरै पूछयुं तिवारें कह्यो जे— हुं मगधदेशैं वसुं छुं। ए चौथाथी शुद्ध छै। चौथामांहि तो बत्तीस हजार देश भासता हुंता, एमांहि तो एक ज मगध देश भासै छै। पछैवली क्षणांतरें पूछयों तिवारै कह्यो जे—हुं पाडलीपुर नामा नगरें वसुं छुं। ए पांचमाथी शुद्ध छै। पांचमां मांहि तो अनेक ग्राम-नगर भासता हुंता, ए मांहि तो एक ज नगर भासै छै। वली पूछयों तिवारै कह्यो जे—हुं देवदत्त साहनै पाडे वसुं छुं। छठाथी ए सुद्ध छै। छट्ठा मांहि तो घणा पाडा भासता हुंता, ए मांहि तो एक ज पाडो भासै छै। पछैवली कह्यो जे—हुं घरनो चित्रित बारणो छै, नकसी काम छै, ऊंचो झरोखो छै, ऊपरि बंगलो छै, पूर्व सन्मुख द्वार छै तेणै घरें वसुं छुं। ए सातमाथी शुद्ध नैगम। एमांहि पिण घणा गमा छै। ऊपदिली भूमिका, विचाली भूमिका, भूहिरा प्रमुख घणा ठाम छै, न जाणीइं किहां छै सतो(बेसतो?) हुसै ते माटें। इति नैगम।

हिवै व्यवहार कहै छै। व्यवहारना दष्टांत नैगमनी परें जाणिवो, कांई फेर नथी ते माटे त्रीजा ठाम थी बीजै ठामे भण्यो छै। अत्र कोइ एक शिष्य पूछिस्यै जे— छेहलो नैगमनो भेद लोकिकनयें नही घटें। ते किंम? जो गामांतरे न गयो हुयै तो कहियै, जे घरै वसै छै एहवो चरमनैगम छै अनै व्यवहारनयै तो गामांतरे गयौ छै तो पिण इम कहिवाइ छै जे देवदत्त पाटलीपुरनगरें ज वसै छै तो ए नय नैगम समान किम कहीयै? तेहनैं इम कहीयै—अहो भव्यजन! व्यवहारनयैं पिण एहवो ज कांई नियम नथी। जे ग्रामांतरे गयो छै तो पिण वसतो ज कहियै। लोक इम पिण किवारेक बौलैं छैं—देवदत्त एतला दिन पाटलीपुरनगरें वसतो पिण हिवणां ग्रामांतरै गयो छै। एहवो वचन तो नैगम पिण कहीयै छै ते माटें नैगम समान जाणिवुं। इति व्यवहार।

हिवै संग्रह कहै छै। ते पुरुष जिवारै आसनादिकनै विषै बैठो हुइं तिवारै वसतो कहीयै जिवारै चलनक्रिया भजै छै तिवारै वसतौ न कहीइं। इम सर्वत्र बैठानेंई ज वसतो कहियै। इति संग्रह।

हिवै ऋजुसूत्रनय कहै छै। आसननै विषै तो घणोई आकाश छै ते माटें सर्वनें विषै वसतो नथी जेतला आकाश प्रदेश रोक्या छै तेतलानें ज विषै वसै छै तो पिण वर्तमानसमयैं वसतो कहीयै पिण अतीत-अनागतकालै न कहीइं। इति ऋजुसूत्रः।

हिवै शब्दादिक तीन नय कहै छै। ते पुरुष वसै छै पिण आत्मस्वरूपै ज परस्वरूपै नथी वसतो। जे जे वस्तु वर्ते छें ते सर्व आपआपणै स्वभावै, पिण परस्वभावैं न कहीइं। ***सर्वं वस्तु स्वात्मन्येव वर्तते न तु आत्मव्यतिरिक्ते अधिकरणे*** इति वचनात्। इति वसतिदृष्टांत।

हिवै प्रदेश दृष्टांते सात नय अवतारै छै। जिम कोइ एक पंडितमंडलीनें विषै प्रदेशनी चरचा थायै छै। तिवारै कोइइ एक नवतरपुरुषें पूछयो —ते प्रदेश केहना? तिवारै एक नैगमनय लेईनैं बोल्यो छनो प्रदेश छै। कुण? धर्मास्तिकाय (१) अधर्मास्तिकाय (२) आकाशास्तिकाय (३) जीवास्तिकाय (४) पुद्गलास्तिकाय (५) देस (६) देस ते सकल द्रव्यनो भिन्न विवक्षो छै। ए छनो प्रदेश कहतां छ प्रदेश भास्या ते माटें नैगम कहीयै (१)

तिवारे पछै संग्रहनय बोल्यो— अरे नैगम! तुं छनो प्रदेश म कहि, पांचनो कहि। धर्मास्तिकाय (१) अधर्मास्तिकाय (२) आकाशास्तिकाय (३) जीवास्तिकाय (४) पुद्गलास्तिकाय (५) ए पांचनो कहि, पिण छठो देश भिन्न म कहि । ते कांई पंचास्तिकायथी जूदो नथी। देशनो द्रव्यमांहि ज अंतर्भाव छै। सामान्यपणै एक प्रदेश पांचनो कहि।(२)

पछै व्यवहार बोल्यो —अरे संग्रह! तुं इम म भणि जे पांचनो एक प्रदेश छै। पांचनो तो कहीइं जो साधारण हुइं, पंचभ्रातृनिधानवत्। ते माटै इम कहि- पंचविधः प्रदेशः। प्रदेश पंच प्रकारनो छै। धर्मास्तिकाय संबंधी (१) अधर्मास्तिकाय संबंधी (२) आकाशास्तिकाय संबंधी (३) जीवास्तिकाय संबंधी (४) पुद्गलास्तिकाय संबंधी (५) ए पंचविधः।(३)

पछै ऋजुसूत्रनय बोल्यो— अरै व्यवहार! तुं पंचविध प्रदेश कहै छै ते म कहि। प्रदेश तो पंचास्तिकायनै विषै छै। ते एकेक प्रदेश पंच प्रकारनो कहतो पांच पंचा पचवीस प्रदेश थायै। ते माटे भाजप्रदेश कहि। भाज कहितां भाजना, एतलै एक प्रदेशने विषै पांच विकल्प छै। यथा धर्मास्तिकायप्रदेशः (१) किं वा अधर्मास्तिकायप्रदेशः (२) अथवा आकाशास्तिकायप्रदेशः (३) उत जीवास्तिकायप्रदेशः (४) किं वा पुद्गलास्तिकायप्रदेशः (५) ए पंच विकल्प कहि।(४)

पछै शब्दनय बोल्यो—अरे ऋजुसूत्र! तुं भाज्य प्रदेश कहै छै ते मा कहि। इम कहितां एकनै विषै पांचरी भजना हुस्यै। पंच पुरुषना सेवकनी परै। किवारेक धर्मास्तिकायनो हुस्यै तिवारेक अधर्मास्तिकायनो हुस्यै इम पांचेनी भजना पांमिस्यै। माटें इम कहि। धर्मप्रदेशः अधर्मप्रदेशः इत्यादिक पांचमांहि एक कोइ एक निर्धार करीनै कहै।(५)

पछै समभिरूढनय बोल्यो— धर्म प्रदेश कहतां व्याकरणरै विषै बे समास भासै छै। एक तत्पुरुष(१) बीजो कर्मधारय(२)। जो तत्पुरुष कीजै तो 'धर्मे प्रदेशो धर्मप्रदेशः' इम कहतां धर्म अनें प्रदेशनै विषै भेद पामै। ***भेदे तत्पुरुषः*** इति वचनात्।अने धर्मश्चासौ प्रदेशश्च धर्मप्रदेशः, धर्मद्रव्यविशिष्टप्रदेश छै ए समास करतां धर्म अनें प्रदेशनै

विषै भेद नथी पडतो। ***अभेदे कर्मधारयः*** इति वचनात्। अत्र घणो विचार छै पिण अवैयाकरणी पुरुषनै रस न उपजै ते माटें नथी लिख्यो।(६)

तिवारै पछै एवंभूत नय बोल्यो— अरै समभिरूढ! तुं धर्मास्तिकायादिकनै विषै देश-प्रदेशनी कल्पना कहै ते न घटै। जो तुं देश-प्रदेश कहै छे ते सुं धर्मास्तिकायथी जूदा छै किं वा एक छै? जो तुं जूदा मानीस तो किवारैक जूदा पिण लाभस्यै अनें देश प्रदेश तो खंधथी जूदा हुयै नही। अने जो एक मानीस तो वली देश-प्रदेश कल्पना स्यानै कहै छै? समस्त धर्मास्तिकायनै धर्मास्तिकाय कहि पिण देशप्रदेशनें न कहै। इम अधर्मास्तिकायादिक पिण जाणिवा।

ए सात नयना सातसय भेद थाइं। द्रव्यगुणपर्यायथी अर्पणा-अनर्पणाइं करी। ते शतारनयचक्राध्ययनमांहि पूर्वे हुंता। हिवणा द्वादशारनयचक्रमांहि छै। इति प्रदेशदृष्टांतः।

ए तीनें दृष्टांते करी नय समझी लीज्यो। ए नय प्रीछिस्यो तो जिनेंद्रमत अनुकूल हुस्यै। उक्तं च—

***नयास्तव स्यात्पदलाञ्छिता इमे रसोपविद्धा इव लोहधातवः।***

***भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः॥*** (जैनमुक्तावली - २४४)

नयानां किल सप्तानामर्था दृष्टान्तपूर्वकाः। लिखिता मतिचन्द्रेण परोपकृतिहेतवे॥

**॥इति सप्तनयविचारः समाप्तः॥**

## (३.२)
## आ. श्रीपार्श्वचन्द्रसूरिविरचित
## ॥सप्तनयविचार॥

अथ सप्तनयविचारो लिख्यते।

**से किं तं नये? सत्त मूलनया पन्नत्ता। तं जहा— णेगमे संगहे ववहारे उज्जुसुए सद्दे समभिरूढे एवंभूते।** (अनुयोगद्वार-सूत्र ७१५[१])

श्रीजिनवचन मूलभूत सात नय प्ररूप्या छइ। ते केहा? नैगमनय (१), संग्रहनय (२), व्यवहारनय (३), ऋजुश्रुत(सूत्र)नय (४), शब्दनय (५), समभिरूढनय (६), एवंभूतनय (७)। एहनां संक्षेपइं नाम भण्यां छइ। हवइ एहनओ विचार संक्षेपई लखीइ छइ।

**तत्थ—**

**णेगेहिं माणेहिं मिणइ त्ति णेगमस्स [य] निरुत्ती।** इति सूत्रम्। (अनुयोगद्वार-सूत्र १३६[२])

एहनउ अर्थ-तत्थ कहतां तिहां सात नय विषइ नैगमनय ते स्यनुं कहीइ? जे अनेक मान अर्थ जाणवाना विचार सामान्य विशेषादिक तिणि करी पदार्थनो भाव मिणइ एतावता जाणइ ते नैगमनय कहइवाइ। ए नैगमशब्दनी निरुक्ति कहतां व्युत्पत्ति जाणवी। एतलइ स्यउं कह्यउं दृष्टांति करी प्रीछवइ छइ। जिहां अनेक प्रकार विचार करी एक पदार्थनउ भाव जाणीइ ते नैगम। जिम को एक पुरुष किणही पुरुषइं पूछयउ—अहो! पुरुष! तउं किंहां वसइं? तिणि कह्यउं— हउं लोकि वसउं। इम कह्यइ छतइ नैगमनयवादी सामान्य विशेषादिक करी पूछइ छइ—लोकमांहि तउ केहइ लोकि वसइं ऊर्ध्वलोकि अथवा अधोलोकि अथवा तिर्यग्लोकि? तिवारइं पेलइं[३] कह्यउं—हउं तिर्यग्लोकि वसउं। तिवारइं नैगमवादी वली पूछइ—तिर्यग्लोकमांहि असंख्याता द्वीपसमुद्र छइ तो केहइ द्वीपि वसइ? तिवारइं ते कहइ— हउं जंबूद्वीपि वसउं। तिवारइं वली नैगमवादी पूछइ—जंबूद्वीपमांहि भरतादिक क्षेत्र अनेक छइ तउं केहइ क्षेत्रि वसइं? तिवारइं ते पुरुष कहइ—हउं भरतक्षेत्रि वसउं। तिवारइं वली नैगमवादी पूछइ—अहो! भरतक्षेत्रमांहि अनेक ग्राम, नगर, आगर, खेड, कब्बड, मडंब, द्रोणमुख, पट्टण, आश्रम, सन्निवेश, राजधानी छइ। तिणि कारणि तउ किहां वसइं? पेलइं कह्यउं—हउं पाडलीपुरि वसउं। तिवारइ पृच्छक बोल्यउ—पाडलीपुरि अनेक ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्रना अनेक शतसहस्र लाख घर छइ तउं किहां वसइ? तिवारइं ते कहइ—हउं देवदत्तनइ घरि वसउं। तिवारइं वली पूछइ—अहो! देवदत्तनइं घरि अनेक उरासाल(उरडा), पट्टसाल, चित्रशाली, सभा, गवाक्ष, आवास छइ तउं किहां वसइं? तिवारइं ते कहइ—हउं उरडइ[४] वसउं। इम जे एक भाव सामान्यविशेषादिकगामिइं बोलीयइ तिहां नैगमनयवादी जाणवओ इम अन्यत्र पणि जाणवउ विचारवउ। इति नैगमनयविचार।

---

१. नंदी अणुओगदाराइं,सम्पा.पुण्यवि.म., प्रका.महावीर जैनविद्यालय
२. नंदी अणुओगदाराइं,सम्पा.पुण्यवि.म., प्रका.महावीर जैनविद्यालय
३. पछइ को.
४. =ओरडो

हवइ आगिला नयनां लक्षण कहइ छइ। गाथा—

**सेसाण पि नयाणं, लक्खणमिणमो सुणह वुच्छं[१]॥**

**संगहियपिंडियत्थं, संगहवयणं समासओ बिंति।**

**वच्चइ विणिच्छियत्थं ववहारो सव्वदव्वेसु॥**(अनुयोगद्वार-सूत्र १३७[२])

जिहां भावनउ अर्थ ते पिंडित संग्रहियइ। पिंडित ते स्यउं कहीइ? जिहां एक जि शब्द ग्रहतां घणा शब्द ग्रहीइ ते पिंडितार्थ एहवउ संग्रहनयनउ वचन तीर्थंकरगणधरादिक बोलइ। ए संग्रहनय एक सामान्य अर्थिइ छइ, न तु विशेषार्थ। जिम मार्ग बोलतां आगलि वृक्षावली देखी गहन स्वरूप जाणी कह्यउं—आगलि वन छइ। ए सामान्य वचन ए संग्रहनय कहियइ। जिणि कारणि वन शब्द कहीतइ जे वनमांहि नानाप्रकार धव, खदिर, पलाश, अंब, निंब, जंबू, कदंब, श्रीताल, तमाल, पुन्नाग, नाग, अशोकादिक वृक्ष तथा शश, शृगाल, हरिण, रोझ, शंबर, सिंह, चित्रादिक अनेक जीव तथा भीलादिकनी अनेक पालि, अनेक गोकुळ, वावि, पुष्करणी, सरोवर, कूपादिक अनेक जलाश्रय संग्रहीइ। परं वचन एक जु— आगलि वन छइ। तिणि कारणि संग्रहनय। एतलइं संग्रहनय थयउ।

हवइ व्यवहारनय विचारीइ छइ। जे सर्व द्रव्यनइ विषइ विगत निश्चय एतलइ स्यउ? भाव निश्चय ते कहीइ जे तत्त्वदृष्टि पुरुष अनेक अनेक अधिका भाव एक पदार्थनइ आश्रइ जाणइ ते भाव जिहां नथी परलोक प्रसिद्ध एक कोई अर्थ ते विनिश्चयार्थ जाणवउ। एहवउ जे अर्थ सर्व द्रव्यनइ विषइ प्रवर्तइ ते व्यवहारनय जाणवउ। ए नय सामान्य अर्थ न बोलइ। जिम जगमांहि घटपदार्थ छइ ते कहइ द्रव्यव्यवहारइ प्रवर्तइ? लोकप्रसिद्ध जल आणवानइ काजि, इणिपरि वस्त्र पहरवानइ काजि, स्तंभ घरना आधारनइ काजि, पुस्तक वाचवा भणवानइ काजि इत्यादि लोकप्रसिद्ध एकेको व्यवहार बोलाइ। बीजी परि एकेको पदार्थ अनेक व्यवहारि प्रवर्तइ छइ। एतावता सामान्यइ नही अनइ निश्चय पण नही। इणि कारणि व्यवहारनय जाणवो।

अथवा जे जगमांहि घटपटादि वस्तु छइ ते यद्यपि पंचवर्ण, द्विगंध, पंचरस, अष्टस्पर्श सहित छइ। एतलइ स्यउ भाव? जिहां एकवर्ण, एकगंध, एकरस, एकस्पर्श तिहां तत्त्वदृष्टिइं पंचवर्ण होइ। दोइ गंध, पंचरस, आठस्पर्श छइ तथापि लोकप्रसिद्धइं जिहां जे नीलादि वर्ण प्रगट दीसइ ते पदार्थ तेहवउ कहीइ। ए व्यवहारनय जाणवो।

हवइ ऋजुश्रुतनय कहीइ छइ।

**पच्चुपन्नगाही, उज्जुसुओ णयविही मुणेयव्वो।**

**इच्छइ विसेसियतरं, पच्चुप्पन्नं नओ सद्दो॥**(अनुयोगद्वार-सूत्र १३८[३])

प्रत्युत्पन्न कहतां वर्तमानकाल तेहनउ साधनहार जे भाव तेहनो ग्रहणहार ऋजुश्रुतनय जाणवउ। अथवा ऋजुसूत्रनय कहीइ ते किम? जे अतीतकाल ते ग्यउ, जे अनागत जे काल ते नथी उपनओ तेहनउं ग्रहवउं। ग्रहवउं ते कुटिलभाव। ते बेवइ[४] परहरी ऋजु कहतां सरल वर्तमानकाल भाव ते सूत्रइं तिणि कारणि ऋजुसूत्रनय कहवाइ।

१. बोहत्थं को.    २. ३. नंदी अणुओगदाराइं,सम्पा.पुण्यवि.म., प्रका.महावीर जैनविद्यालय

४. वच्चइ.को.

ए नय सर्व ज्ञानमांहि एक श्रुतज्ञानइं ज वांछइ। बीजा ज्ञान थकी मुख्यवृत्तिइं तेहवउ प्रायइं परोपकारनउ कारण नथी जाणीनउं श्रुतज्ञान सर्व जीवनइं हितूउं कारण छइ। तिणि कारणि ऋजुश्रुतनय श्रुतज्ञान बहु बहु करी ग्रहइ। ए ऋजुश्रुतनय जाणवो।

हिवइ शब्दनय कहइ छइ। ऋजुश्रुत नयनी परि ए पुण प्रत्युत्पन्न ज नउ ग्रहणाहार छइ। तो माहोमांहि भेद केहउ? ते कहइ छइ। ऋजुश्रुतनयवादी सामान्यगत अर्थ ग्रहइ। जे पर लिंगभेद तथा वचनभेद कांइं न करइ। जिम त[ट] ए पुरुषलिंग, तटी ए स्त्रीलिंग, तटम् ए नपुंसकलिंग[१]। परं ऋजुसूत्रनय तटनउ अर्थ ग्रहइ। लिंगनओ विशेष कांई न गणइ अथवा गुरुः एकवचन, गुरवः ए बहुवचन। इहां बेहू शब्दइं गुरुइज ग्रहियइ। परं एकवचन-बहुवचननउ विशेष न गिणइ।

हवइ शब्दनयवादी विशेषइं विशेष शब्द ग्रहइ तिणि कारणि शब्दनय कहइवाइ। ए नय शब्दनां लिंगवचनादिक जे भेद छइ ते विशेषइं जूजूआ ग्रहइ। तथा सम्यक् प्रकारि कार्य साधक शब्द बोलइ। जिम इंद्रना निक्षेपा ४ कह्या। ते किम? नामेंद्र, स्थापना इंद्र, द्रव्येंद्र, भावेंद्र। एहमांहि शब्दनयवादी इम कहइ नाम, स्थापना, द्रव्य ए इंद्र न कहइवाइ। जे भणी इंद्रनउ जे कार्य ते करी न सकइ। इणि कारणि इंद्र न कहीइ। आकाशकुसमवत्। जिम फूलनउ कार्य आकाशकुसुम थकी न थाइ तिम इहां पण जाणवउं। एकभाव इंद्र ते इंद्र कहीइ [जे पुर नामक दैत्यने दारइ ते] पुरंदर कहीइ। इत्यादि इंद्र नाम भाव इंद्रनइ मानइ। ए शब्दनयनउ विचार।

हिवइ समभिरूढनय कहीइ छइ। गाथा—

**वत्थुओ संकमणं, होइ अवत्थू नए समभिरूढे। वंजणअत्थतदुभए, एवंभूओ विसेसेइ॥**

(अनुयोगद्वार-सूत्र १३९)[२]

समभिरूढ नयनइं मतिइं वस्तु शब्दइं पदार्थ इंद्रादिक तेहनउ संक्रमण कहतां अनेरा तदर्थ नामांतर विषइं अवतारिवउं ते अवत्थु कहतां असंभव कहइवाइ। समभिरूढनयवादी इम कहइ—एतलइं स्यउ भाव? जिम इंद्र सौधर्मादि देवलोकनउ स्वामी एक नाम ऊपरि शिष्य पूछइ—भगवन्! इंद्र स्यउं कहीइ? तिवारइं श्रीगुरु इंद्रना भाव अनेरा पर्याय कही प्रीछवइ छइ। ते किम? इंद्रनइं शक्र कहीइ। पुरंदर कहीइ। अनेराइ इंद्रनां नाम जे छइ ते कही प्रीछवइ। परं एतलां नामांतरे करी पदार्थ एक इंद्र लाभइ। समभिरूढनय इम न कहइ—इंद्र, शक्र, पुरंदर एहना अर्थ अनेरा छइ तो इंद्रनो अर्थ किम प्रकासइ? तिणि कारणि इंद्र जे शक्र कहीइ ते अवस्तु। इंद्र जे पुरंदर कहियइ ते पुण अवस्तु संभवइ नही। यथा 'इदु परमैश्वर्ये' ए इंद्रपदनी धातु। एतलइं इंद्र पदनो अर्थ परमैश्वर्य सहित। शक्रनउ अर्थ शक्तिइं करी प्रधान। पुरनाम शत्रु तेहनइं विदारणहार ते पुरंदर। जउ इंद्रनउ अर्थ ते शक्र अनइं पुरंदर सहित किम मिलइ? अनइ शक्र पुरंदर ए इंद्रनइ अर्थि न मिलइ। एतलइं शक्र, इंद्र, पुरंदर ए एकार्थ किम कहइवाइ? इम अनेरे अर्थि वर्तमान शब्द अनेरा अर्थनइं पर्याय मेलीयइ तओ इंद्रनइ पर्याय घट स्यइ न कहियइ? इत्यादि समभिरूढ नयना भाव अनेक छइ परं ए वानगीमात्र लिख्या छइ।

१. जे पर.....नपुंसकलिंग नास्ति को.

२. नंदी अणुओगदाराइ, सं. पुण्य वि.म., प्र. महावीरजैन विद्यालय

हवइ एवंभूतनयनो विचार लिखीयइ छइ। **वंजणअत्थ त्ति।** व्यंजन कहतां शब्द, अर्थ कहतां तेहनउ भाव ए बेवइ जे विशेषइं जेहवउ शब्दार्थ तेहवउ नित्यभावि निश्चइं करी स्थापइ ते एवंभूतनय जाणवओ। जिम किणही पुरुषनउ नाम कुलवर्धन ए शब्दनउ अर्थ जे कुलनइ वधारइ ते कुलवर्धन कहीइ। जे एहवउ ते पुरुष गुणइ थाइ तउ कुलवर्धन सही। एवंभूतनय इम मानइ—जइ ते कुल वधारइ नही तेउ कुलवर्धन किम कहियइ? इणि कारणि अनेक भाव छइ। जे रूडा वर्ण सहित ते सुवर्ण। अथवा रुडउ जेहनउ वर्ण ते सुवर्ण। रत्ननउ आगर ते रत्नागर। सुधा अमृतनउ आगर ते सुधाकर। एतलइं सोनउं=सुवर्ण, समुद्र=रत्नाकर, चंद्र=सुधाकर इत्यादि अनेक भाव जेहवा नाम तेहवा परिणाम जे थाइ ते एवंभूतनयवादी प्रमाण करइ। एतलइं एवंभूतनयनउ स्वरूप संक्षेपइं कह्यउ।

हवइ ए सात नयमांहि जइ निश्चइं भावि एक नय प्रमाण करी जे आगम अर्थ विचारइ ते दुर्नयवादी बोलाइ। सात नय मेली बोलीयइ ते अनेकांतवादी श्रीवीतरागनउ मार्ग जाणवउ।

ए सात नय थकी ७०० नय उपजइ छइ। वली घणेरा भेद छइ ते सर्व प्रमाण करी एक बोल थापतां श्रीवीतरागनी आज्ञा प्रमाण थाइ। एकांतवाद ते मिथ्यात्व। इम जाणी वीतरागनी वाणी साची सद्दही श्रीसम्यक्त्व विमल करिवउ।

***तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं।*** इति श्रीपंचमांगवचनात्। (भगवती श.१.उ..३ सू.१६६) इति सप्तनयस्वरूपम्[३]॥

१. सूत्रादुद्धृत्य बालावबोधार्थं वार्तारूपं लिखितं। ऊनाधिकलिखने दुष्कृतं मिथ्या भूयात्॥ (श्रीमहावीर जैन विद्यालय पुस्तकालय, मुंबई ह.प्र.क्र.६०६) श्रीपासचंद्रसूरिभिः कृतं विवरणम् इति को.६३९९९

## (३.३)
## अज्ञातकर्तृक
## ॥सप्तनयविचारः॥

[१] अथ नयविचार अनुयोगद्वारे सूत्रे ए रीते लगाडी छै ते रीत लगाडवी जुगत छै। श्वेतांबरमते तो ए परमाण छै पछे आप आपरी उक्त लगावे तेहनी वे जांणे पिण शास्त्रनो मत देखाड्यो वाहीजें। अमुकें शास्त्रमां ए रीते लगाडी छै। अनुयोगद्वारे पाथा[१] उपर सात नय लगाडी तेहना च्यार विकल्प कीया। प्रथम तो पाथो लेवा वनमें चाल्यौ ने लकडी काटी घडतां तथा पाथो नीपजवू को तेहने पाथो कहे? ते नैगमविवहार ने मतें पाथो कहै, दोय नयनो एक विकल्प कीयो ने पाथो धांन मापण रे कांम आवे। धांननो संग्रह होय तेहने संग्रहनय पाथो कहै। अनै ऋजुसूत्रनय ते पाथाने पाथो कहे अने धान पाथाथी माप्यो ते धांनने पाथो कहे। अने शब्द, समभिरूढ, एवंभूत ए तीन नयनो एक विकल्प कह्यौ ते तो पाथानें विषें जीवनो उपयोग तेहनें ज पाथो कहै। पथागारसपथो[२] ए पाठ पिण जड लकडीनें पाथो न कहें।

[२] दूजो दृष्टांत वसती उपर कह्यौ ते किणहीक पूछयौ तु किहां वसें? तरे कह्यौ हुं लोकमें वसु छुं। पछे तिरछो लोक, जंबूद्वीप, देश, नगर, घरमें वसतो कह्यौ। तठातांई नेगमव्यवहारनो मत अने संग्रह तो संथारे वेगे तिण वसतो मान्यो ओर ऋजु तो असंख्यात आकाश परदेश अवगाया तिहां वसतो कयो अने शब्द, समभिरूढ, एवंभूत तौ आत्माना स्वभावमां वसतो मांन्यौ। **आसनायवसामी** ए पाठसु एहना च्यार विकल्प कर्या अने परदेशीनी पृच्छायें सात विकल्प कर्या। फेर च्यार निखेपा माथै सात नय लगाइ तिहां तेहना पिण च्यार विकल्प कर्या।

नैगम, विवहार तो एक आवश्यकनें एक मांने अने घणा आवश्यकने घणा मांने अने संग्रह तो एक तथा घणा आवश्यकने एकही ज माने अर ऋजु तो एक आवस्यगही ज मांने तेही पोतानौ, घणा न वांछै अने शब्द, समभिरूढ, एवंभूत तो आवस्यगने विषै भाव हुवें तो माने।

[३] फेर संखमाथे सात नय लगाडी ए रीतें नैगम, संग्रह, विवहार तो आगले भवें संख ऊपजसी तेहने संख कहें अनेक जुतो संखनो आउखो बंध्यो पछै संख कहे अने शब्द, समभिरूढ, एवंभूत तो संखने सन्मुख हुवो संखपणे उपज्यौ तरें भावसंख कहें एहना तीन विकल्पही ज कीया। फेर ऋजुसूत्रनें द्रव्यही ज गिणी अनें केईक आचार्य भावने गिणी पिण देईचंद[३]जीना नयचक्र में कह्यौ।

अनें ऋजुसूत्रनय वरतमान काले जे भाव होय ते मांनें। ज्ञान उपयोगने ज्ञान कहे, दर्शन उपयोगनें दर्शन कहै, सामायक उपयोगी ते सांमायकी कहें, कषाय उपयोगीनें कषाई कहें, पिण ए वात तो नही शुद्धभाव ऋजुनय मांनों शुद्ध अशुद्ध दोनु मांनौ नियाय[४]। ततौ पछै प्रश्न कर्यौ—ए रीत तौ शब्दनय ही मांनै पछै फेर मांहोमांहि फेर शु पड्यौ? तरें कह्यौ तर्कशास्त्रै एहवो कयो ऋजु कारणरूप अने शब्द कारजरूप ए फेर पाम्यौ।

[४] हिवे एह बोलांने अनुसारे नवतत्त्व षट्द्रव्य उपर लगाडुं छुं। प्रथम तो जीवतत्त्व अजीवतत्त्व दोय ही ज छै। एहनां संयोगथी सात तत्त्व ऊपना। तेहमें पिण पुन्यतत्त्व अरु पापतत्त्व ए दोय तत्त्व तेही ज आठ करम तेहथी पांच

---

१. =प्रस्थक २.पत्थयाहिगारजाणगो पत्थओ(अनुयोगद्वासूत्र-४७४) ३. देवचंद्र ४. न्याय

तत्त्व ऊपना मूलकारण एहीज रीतें पुन्य-पापरो आश्रव, पुन्य-पापरो ही संवर, पुन्य-पापरी ही निर्जरा, पुन्य-पापरो ही बंध, अनें मोख पिण पुन्य-पापनो ही ज छें।

[५] हिवे पुन्य तत्त्व ऊपरें सात नय लगाडे छें। नव प्रकार पुन्य कयो। तेहमां पहिलो अण पुन्यें कह्यो किण ही साधु तथा रांक पुरबलआंण जाचना करी तरे नेगम नयनें मते तो दान देवा उठ्यो। संग्रहनयनें मते अनादिक हाथे लीधो। व्यवहारनयने मतें तेहनें पात्रे पड्यौ। अर ऋजुनयनें मते अंतरक्रिया करे शुभ लेस्या कारणभाव सातावेदनीयादिक करमना पुद्गलवर्गणानो संचय थयो। शब्दनयनें मते कर्मनो विपाक स्थितिपाक उदै आयौ। समभिरुढनयनें मतें रस, वीर्य, पदारथ भोगव्यो। एवंभूतनयनें मते आत्मा रें सुख जीवनो गुणनो भोगवतो हुवो।

हिवें पापतत्त्व। पहिलो प्राणातिपात पाप कह्यौ अठारै में। तेहमां किणही पारधीनें मृगना मांसनी ईछा हुई। ते नैगमने। संग्रहनय शस्त्र लेई वनमें चाल्यौ। व्यवहारे क्रिया करी मृग मार्यौ। ऋजनें मतें अशुभलेश्या कारण भाव असाता वेदनीयादिकं बयासी प्रकृति उपार्जी। शब्दनयनें मतें कर्मस्थितिपाक ऊदे आव्यौ ते कार्यभाव। समभिरूढनयनें मते पापभोगवण रूप प्रवृत्ति थई तेवाइ ज पदारथ भोग। एवंभूत नयनें मते आतमारे दुखपणानो वेदवा थयो, जीवनो दुख गुण तेहीज भोगव्यौ।

[६] हिवें आश्रवतत्त्व उपर सात नय। कर्मनो श्रववो ते आश्रव। नैगमनयने मते तो लेश्यानो उदय हुवो। लेश्या योग नै उदै कही। संग्रहनयनें मतें कर्म आवरणरो बारणो खुल्यौ। व्यवहारनयनें मते योगरी क्रिया कर कर्म वर्गणा ग्रही। ऋजुनें मतें जीवना परदेसां पुद्गल ग्रास्या गीलीया पिण ए क्रिया जीवना भावनिमत्त सहाइ विना हुवे नही ते। शब्दनयनें मते मिथ्यात्वादिक जीवना भाव। अनें समभिरूढनें मतें ते भावै जीवनी प्रकृति। अने एवंभूत नयनें मते ते भावै जीवनो मगन हुवणौ।

[७] ५ संवरतत्त्व। नैगमनयने मतें करम हलका थयां जथाप्रवृतिना परणाम थया। संग्रहनयनें मतें गुरुपास जाय पंच महाव्रत तथा बारें व्रत आदर्या। व्यवहारनयनें मतें समिति-गुप्ति में प्रवृत्तिण थयो। ऋजुने मते आवता कर्म ज्ञानावरणादि रुकांणा। शब्दनयनें मते चउदें प्रकृतिनो उपशम थयो, निज शक्ति प्रगटी। समभिरूढनें मतें आत्मानें थिरता प्रकटी, चंचलता मिटी। एवंभूतनै मतै आनंद सुख प्रगट्यौ जो संवर पदपाय आनंदे। ए समयसार में साख अने ठा[णां]गसूत्रे[१] दस सुख कह्या तिहां नवमो सुख संवरी साधनो कह्यौ सर्वार्थसिद्धना देवांथी अनंतगुणो इधको[२] कह्यौ।

[८] हिवें निर्जरातत्त्व। नैगमनयने मतें पूर्वे संचित कर्म जीर्ण थया। संग्रहनयने मतें सूत्रे वेदना निर्जरा कही ते करम वेदीया। व्यवहारनयनें मतें योगक्रिया कर कर्मारी परिसाटणा करी कर्म झाटकर दूर किया। ऋजुने मते देशथी कर्म तोडी जीवप्रदेश देश थकी ऊजलो हुवो। शब्दनयनें मते बारें प्रकार जीवना भाव ऊपना। समभिरूढनें मतें बारें प्रकार तप मांयलो अणसण अर अब्भिंतर तपमें सुभ ध्यांन तेहनो ध्यायवो सेणिबंध थयो। एवंभूतनयनें मते इच्छारोध हुवो आतम सत्ता एक थया।

---

१. दसविहे सोक्खे पण्णत्ते। तं जहा— आरोग्गदीहमाउं, अड्ढेज्जं कामभोगसंसत्तं। अत्थि सुहभोगणिक्खम्ममेव तत्तो अणाबाहे। (स्थानांग १०-८३)

२. =अधिक

[९] हिवे बंधद्वार। नेगमने मते करम आश्रवद्वारें आया ते प्रदेश जीवनाथी सनमुख थया। संग्रहनयनें मतें प्रदेशांथी बंधाणा। व्यवहारनें मते पुरांणा कर्माथी एकमेक थया। ऋजुनें मतें जीवना प्रदेश बंधाणा। शब्दनय मतें सिद्धांते रागबंध द्वेषबंध कह्यौ जीवना भाव रागद्वेष अज्ञान में थया। समभिरूढनें मतें जीव आर्तरौद्रध्याने रह्यौ। एवंभूतनें मते किणही जीवनै नखसिख लांबां वध्यो दुःखी थाय तिम जीव दुखी थयो बंधभाव भोगवतां।

[१०] हिवें मोखतत्त्व। नैगमनें मतें कर्मारी थिति पूर्ण थई अनादि बंधी थी तें। संग्रहनयनें मतें करम दूर थया। व्यवहारनें मते शुक्लध्यांननी क्रिया थई। ऋजुने मते हंसना अंस कहतां प्रदेश उजला थया। शब्दनयनें मते आठ गुण प्रगट्या केवलज्ञान केवलदरसण आदि। समभिरूढनें मतें गुणांमें रयण थयो। एवंभूतनें मते अनंत आनंद ऊपनो, सुख ते कारण सुखीपणौ ते कारज सुखगुणप्रवृत्ति ते क्रिया इति नवतत्त्व।

[११] पहिलो जीवतत्त्व कयो। तेहना चवदें भेद किया। ते उपर तो संखनी परे नय लागे छै। तथा

च्यार गति ८४लाख जीवा उपर ए रीते संभवे। अनुयोगद्वारमतें तो उहांतो तीन विकल्प कर्या अरु तीनांथी समझ न पडै तो सात नय कर दीखाया। कोई जीव आगलें भवे नारकीमें ऊपजसि मनुष्यथी ते उपर लगाडै छै। नैगमनयनें मते तो मनुष्यपणै छै अने आगला नेरियाना भवनौ आउखो न बांध्यो तेहनें नेरीयो कहै। मनुष्यनें पेहला तिर्यंचनो भव थो तेहथी मनुष्यपणामें आवें तरे छ बोल पहला बांध नीकलै ए भणे ती सूत्रनी साख गइनामे जाइनामे हइनामे खइनामे अवगाहनानामे सरनामे। (समवायांग ८२.६) तेहमें खइनांमे कहतां आगलें भवै क्षेत्रफरसना योग परवरती बिध लेश्यादिक बंध होय तेह परमांणे भोगवै तेहथी नेगम तो तठाथी नेरियो कहे। अरु संग्रह तो वाटै वहतो तथा अपर्याप्ता मनुष्य थया नेरीयो कहै। अरु व्यवहारतौ पर्याप्तौ हुवां <u>कुमारगेपरवर</u>(?) तांने नेरियो कहै। अरु ऋजु तो नारकीनो आऊखो बांध्या पछे नेरीयो कहै। ते कारण ऋजु कारणरूप अने शब्द कार्यरूप नेरियापणानो भोगववो। शब्दनयनें मतें अपर्याप्तानें नेरियो कहे। समभिरूढनयनें मतें नारकीना भावमें प्रवर्ततो क्षेत्र वेदना सहै। एवंभूतनें मतें परमाधामी मार दै दुःख भोगवें उत्कष्टा तरें नेरीयो कहें। एवंभूतनें मतें अस्त्रीने माथे जलधरण किरिया करतो एकही पर्याय छै-छीन हुवें तिवारें घट कहें ए न्याय जांणवो। अरु एकली जीव उपरि ओर रीते लागे।

[१२] अरु अजीव उपर सात नय ते धर्मास्तिकाय ऊपरें सात नय। नैगमनें मतें तो खंद, देश, प्रदेश तीन भेद अभेद रुकर धर्मास्तिकाय द्रव्य मांने। संग्रहनय एक द्रव्यरू एक सत्ता कर मांने। व्यवहारनय असंख्यात प्रदेशरूपा एक परदेश विषे षट्गुणी हांणवृद्धिरूप मांने। ऋजनें मतें जीव पुद्गल वर्तमानकाले चलावें ते मांने। अरु शब्दादिक तीन नय तो आत्माना उपयोगनें ही ज धर्मास्तिकाय कहै। पाथानें दृष्टांते पथागारसपथो[१]। ते तीन नयना तीन विकल्प। शब्दनयनें मतें ज्ञाननो उपयोग कारणं। एवंभूतनै मतै जांणपणो कारज। समभिरूढनें मतें ज्ञानगुणप्रवत्ति क्रिया थई। ए रीते पिण अधर्मास्तिकाय जांणवी।

[१३] हिवें आकाशास्तिकाय उपरि सात नय। नैगमादि सात नय मध्ये जीव कर्मनो कर्ता किसें नय करी?(१), अनें जीवकर्मनो भोगता किसें नय करी?(२) जीव स्वरूपनौ कर्ता किसी नय करी?(३) जीव स्वरूपनो भोक्ता किसी

१. पत्थयाहिगारजाणगो पत्थओ(अनुयोगद्वासूत्र-४७४)

नय करी?(४) ए प्रश्न साते नये जांणवौ। जीव कर्मनो अकर्ता किसी नय करी?(५), जीवकर्मनो अभोक्ता किसी नय करी?(६), जीव स्वरूपनो अकर्ता किसी नय करी?(७) जीव स्वरूपनो अभोगता किसी नय करी?(८) प्रश्न मध्ये पिण सातनयविचारणा मारी मतसारु ग्रंथांने अनुसारे ए रीते लागै।

प्रथम प्रश्न—जीवकर्मनो कर्ता किसी नय करी? ते शुद्ध निश्चैं जीव रागद्वेषविभावपरणांमनो कारण पाय ऋजुनयनें मते। विवहारनी क्रियायें पुन्य-पापनो आश्रव कर बंधतत्त्व थया ने संग्रहनय सतारया ए रीते करता।

दुजो प्रश्न—करमनो भोगता ते पुन्य पापना बंधनो उदयकाल आया कर्म निर्जरें तरै पेला वेदना पछें निर्जरासु वेदवो तेही ज भोगववो ते अष्टकर्मकारण पाय जीवना सुखदुखरूप विभावपरणांम थाय ते असुद्ध शब्द नय करी जीव भोक्ता।(२)

जीव स्वरूपनौ कर्ता किसी नय अर स्वरूपनो भोक्ता किसी नय? ते इहां कर्म संबंधनो भेद नही एकला जीकामांही ज स्वरूपनो करता भोगतापणो छैं। ते जीवद्रव्यमध्ये अनंतगुण कह्या। ते गुण आप आपणो कारजनी प्रवर्तना करै छै, नवा नवा कारण कारज समै समै उपजे छें। ते ज्ञानगुण कारण, जांणपणो ते कार्य, ज्ञानगुणप्रवर्ती ते किरिया(१)। सुखगुण कारण, सुख ते कारज, सुखगुणप्रवर्तन ते क्रिया। (२) इहां सुखगुणप्रवर्तना ते तो करतापणो अर सुख ते भोक्तापणो ए रीतें स्वरूपनो करतापणो भोगतापणो। अर इहां नय पुछोसु सिद्धमें नय न कही। अर अवस्था सर्वथासिद्धमैं छै। फेर एवंभूतनय लगावै तो नजीकपणाथी लागै एवं ४ प्रश्ननो जबाब।

बाकी च्यार प्रसननो जबाब। जीवकर्मनो अकर्ता किसी नय? और कर्मनो अभोक्ता किसी नय? ते

जीव तेरमें गुणठाणै ईरियावहीकी क्रियायें सातावेदनी करमनो करता हुंतो ते जोगनिरोध कीधा पछी अक्रिय हुवो ते अकर्ता ते एवंभूतनयनें मते अकर्ता हुवो। पिण भोगतापणो चवदमै गुणठांणै छै ते च्यार कर्म निर्जरै छै ते वेदना विना निर्जरा हुवै जेनही अर अभोगता करमनौ समस्त करम रहत हुवांई ज हुवै ते सिद्धावस्थायेही जछै। इहां पिण सिद्धमैं नय नही कही। फेर एवंभूत आपारी कल्पनायै लगावें तो लागै ए कर्मनो अकर्ता-अभोक्तापणो कह्यौ।

जीव स्वरूपनौ अकर्ता किसी नय करी? अर स्वरूपनो अभोक्ता किसी नय करी? ते ए रीते शुद्धनिश्चें नय शुद्ध संग्रह नय करी वस्तुनै नित मांनै नित ते सत, सत ते अनादि परिणांमी भावें जीव देवता, नारकी, मनुष्य, तिर्यंचपणै न हुवौ कूटस्थ अवस्थायै अर्थक्रियानौ कर्ता नही। कर्ता नहीं तिहां भोक्ता पिण नही। कर्ता विना भोगता हुवै ज नही। इहां नय शुद्धनिश्चैं परणांमिक भाव स्वभाविक भाव छै तेमैं सिद्ध-संसारिनो भेद नही। सिद्ध-संसारीरो भेद तो उदय कषायादिक भावकरम जनन छै। तेमैं छ नय शुद्ध संग्रह फेर लागे छै। ए रीते मारी समझ माफक लगाया छैं। इणमांहि कोई अयथारथ लागो हुवै तौ पुछ लेजो। फेर आप कांई सवाय वात कर लगावो तो लगाय दीखावतो ज्युं मारै सवाय ज्ञान खुले। मारे तो ज्ञान पुछीयां-वांचियासुई ज वधै छै। नयनो ज्ञान गहन छैं समझमें आई तिम लिखीयो छै।

॥इति सातनयविचार संपूर्ण॥[१]

१. प्रतिलेखकप्रशस्ति—सं.१९०६रा चैत्र सुद १५ दिने। ल दोलतविजय आत्मार्थे हेते।

## (३.४)

## अज्ञातकर्तृक

## ॥सप्तनयविचारपत्र॥

हिवै श्रीवीतरागना वचन बि प्रकारना छइ। एक द्रव्यार्थिक नय(१) बीजौ पर्यायार्थिक(२)। जिम मेरु सासती वसत द्रव्यार्थकनयें सासती छइ, पर्यायें असासती छइं।

हिवै सात नय कहें छइ। नैगमनय(१) संग्रहनय(२) व्यवहारनय(३) ऋजुसूत्रनय(४) शब्दनय(५) समभिरूढनय(६) एवंभूतनय(७)।

हिवें अर्थ लिखै छै। नैगम कहतां महासामान्य अंसग्राही छै, अंसनैं पिण संपूर्ण वस्तु कहइ। जिम सूक्ष्म निगोदीया जीवमें अक्षररै अनंतमै भागे ज्ञान थकां सिद्ध समान कहै। वली १३में १४में गुणठाणै वर्ततां कर्मरा एक अंस थकां संसारी कइं इत्यादि(१)

संग्रह नय सत्ताग्राही छै। सर्व जीव एक समान छै, सत्तागुण घटै नही। यथा जीवरा २ भेद सिद्ध(१) अनै संसारी(२)

हिवै व्यवहार नय कहै छै जीव अनै पुदगलरा भेद विहचै ते व्यवहार नय कहीजै। जिम जीवना भेद २—सिद्ध(१) अनै संसारी(२), संसारीना २ भेद—अजोगी(१) सजोगी(२), सयोगीना बि भेद—केवली(१) छद्मस्थ(२), छद्मस्थना २ भेद—क्षीणमोह(१) उपशांतमोह(२)। ए बिहे १०रा ९।८ गुणठाणे, ए श्रेणि प्रतिपन्नना २ भेद—अप्रमत्त(१) प्रमत्त(२), प्रमत्तना २ भेद सर्वविरति(१) देशविरति(२), देशविरतिना२ भेद विरति(१) अविरति(२), अविरतिना २ भेद—समकिती(१), मिथ्यात्वी(२), मिथ्यात्वीना २ भेद—भव्य(१) अभव्य(२), भव्यना २ भेद—शुकलपक्षी (१) किसनपक्षी(२), शुकलपक्षीना २ भेद—परित्त संसारी(१) अपरित्त संसारी(२)। इण भांति भेद करै ते व्यवहार नय। अथवा जीवरा भेद १/२/३/४/५/६/७/८/९/१०/११/१२/ १३/ १४/ अ[थ] ५६३। अथ अनंता। ए सर्व व्यवहारें कर्मनइ उदै नाम व्यवहारें दीधा नि(वि?)हचै।

जीवनै १ भेद छै, वली पुदगलना २ भेद—परमाणु(१) खंध(२), खंधना २ भेद—सूषम[१] खंध(१) बादरखंध(२) तेहना २ भेद—सचित्त(१) अचित्त(२), तेहना २ भेद—जीवगृहीत(१) जीवअग्री(गृही)त(२)। इण भांति अनेक भेद विहचै ते व्यवहार नय त्रीजारौ वचन जाणवौ।

पुदगलरा ४ भेद करै ते व्यवहारे परमाणुमांहे मिलनबिछडन[२] सकति छइ तिण वास्ते पुद्गलास्तिकाय कहीजै।

हिवै वर्तमानकाल वर्तता भाव ग्रहै ते ऋजुसूत्रनय। जिम साधुरा परिणाम में वरतता गृहीनै पिण साधु कहीजै, गृहीपरिणामे वरतता साधुनै पिण गृही कहीजै। वली मनुष्यतिर्यंचनें पिण नरकना आयुखानौ बंध थयां पछी नारकी कहीजै, इम देवतिरजंच[३] विचारणा। यथा श्रीविवाहपन्नतीसूत्रे—

---

१. =सूक्ष्म।, २. =विभजन, विघटन।, ३. =तिर्यंच

***नेरयिए णं भंते! नेरइएसु उ[व]वज्जे अनेरइए नेरईयेसु उ[व]वज्जे? गोयमा! नेरईए नेरईएसु उ[व]वज्जे।*** *(भगवती श.४ उद्दे.९)*

इम ऋजुसूत्र नय आलावौ छै।

अक्षररूप नामनें मुख्य कहै सो शब्दनय। जिम प्राणानुं धरै ते जीव, नही तौ वचन अगोचर छै। व्याकरण मध्ये शब्द नीपजै तेहनौ अर्थ हुवै ते कहै। जिम रागद्वेष जीपिं[1] जिन।

हिवे शब्द रे भेदें पिण अर्थरो भेद न माने ते समभिरूढनय कहीजइ। जिम इंद्र, शक्र, पुरंदर, देवराज सर्वनै इंद्र कहीजै सब्दमें(नय) जुदा जुदा अर्थ बोलै छै पिण रूढेंइं इही ज कहीजे।

शब्दमध्ये जेहवौ अर्थ छइ तेही ज बोलै ते एवंभूतनय जाणवौ। जिम परम ऐंश्वर ज पणाथी इंद्र कहीजै, शक्र नाम सिंहासनमांहे बैसै तारे शक्र कहीजै। ए नय ७मौ सर्वथी सुद्ध छै । केवलज्ञानादि गुण प्रगट हुयै सिद्ध कहै। गुणपर्यायें सहित संपूर्ण अवस्था प्राप्त वस्तुने वस्तु कहै। यथा सिद्धि स्थानक प्राप्त जीवने सिद्ध कहै।

हिवें जीव द्रव्यसुं सात ७ नय जोडै छै।

नैगम करि तीन काल जयवंत सासतौ जीव छै।

संग्रहनय करि अनंतगुणपर्याय सहित जीव छै।

व्यवहार नय करि जीव सकर्मी छइ।

ऋजुसूत्र नय करि कर्म बंधनै उपयोगे वर्ततौ सकर्मी छै।

तेहि ज कर्मना क्षयना उपयोगमें वर्ततौ अकरमी शबद नय करि जीव इसौ नाम कहणी आवै।

समभिरूढ नय करि जीव गुणपर्यायनै ओलखै।

एवंभूतनय करि वस्तुनी सन्नाय है शुद्ध केवलज्ञानदर्शल(न) प्राण धरै ते जीव कहीजै।

इम छ द्रव्यनै ७ नय लगावणां उपयोगसुं॥

---

१. =जिते

## (३.५)
## अज्ञातकर्तृकः
## ॥सप्तनयअधिकारः॥

॥श्री जिनाय नमः॥

हिवै एक-अनेकपक्षथी निश्चै ज्ञान कहिवाने नय कहै। सर्वद्रव्यमें अनेक स्वभाव छै। ते एक वचनथी कह्या जाय नहीं तिणें मांहोमांहे संखेपपणें कहै छै। तिहां मूल नयना बि भेद छै। एक द्रव्यार्थिक (१) बीजो पर्यायार्थिक(२) तिहां द्रव्यार्थिकनो अर्थ कहै छै—उत्पादव्यय पर्याय गौणपणै द्रव्यनी गुणसत्तानै ग्रहै ते द्रव्यार्थिक कहीजै। ते द्रव्यार्थिक नयना दस भेद छै।

नित्य द्रव्यार्थिक सर्वद्रव्य नित्य छै(१)।

अगुरुलघु अने क्षेत्रनी अपेक्षा न करै, मूलगुणने पिंडापणे ग्रहै ते एक द्रव्यार्थिक (२)। जे ज्ञानादिक गुणे सर्वजीव एक सरिखा छै तिणे सर्व जीव एक कहै।

स्वद्रव्यादिकने ग्रहै ते सत् द्रव्यार्थिक जिम—सत् लक्षणं द्रव्यम्(३)।

अनै कहिवा जोगा गुण अंगीकार करै ते वक्तव्य द्रव्यार्थिक(४)।

अशुद्ध द्रव्यार्थिक अज्ञान आत्मानो छै(५)।

अन्वय द्रव्यार्थिक सर्व द्रव्य, गुण, पर्याय सहित छै(६)।

परमद्रव्यार्थिक सर्वद्रव्यमूल सत्ता एक छै(७)।

शुद्ध द्रव्यार्थिक जीव सर्वना आठ प्रदेश निर्मला छै(८)।

सत्ता द्रव्यार्थिक जीवना असंख्यात प्रदेश एक समांन छै(९)।

परमभावग्राहक द्रव्यार्थिक गुणगुणी द्रव्य ते एक छै। आत्मा ज्ञान रूप छै(१०)।

ए द्रव्यार्थिकना दस भेद कह्या।

पर्यायार्थिक नय कहै छै— पर्यायानें ग्रहै ते पर्यायार्थिक। तेहना छ भेद छै।

द्रव्यपर्याय—भव्यपणो, सिद्धपणो(१)।

द्रव्यव्यंजनपर्याय—आपना प्रदेश मांने(२)।

गुणपर्याय—जे एकथी गुण अनेकता थाइं। जिम धर्मादि द्रव्य आपणै चालनादि गुणथी अनेक जीव पुद्गलने सहाय करै(३)।

गुणव्यंजनपर्याय—जे एक गुणना घणा भेद छै (४)।

स्वभावपर्याय—अगुरुलघु(५)। ए पांच पर्याय सर्वद्रव्यमें छै।

विभावपर्याय—जीव पुद्गलमैं छै। अने छ पर्याय बीजा कहै छै—

अनादिनित्य पर्याय—मेरुप्रमुख(१)।

सादिनित्य पर्याय—सिद्धपणो(२)।

अनित्य पर्याय—समय समयमें छ द्रव्य ऊपजै विणसै छै (३)।

अशुद्धअनित्य पर्याय—जन्ममरण थाय छै (४)।

उपाधिपर्याय—कर्मसंबंध(५)।

शुद्ध पर्याय जे मूलपर्याय सर्वद्रव्यना एक सरीखा छै (६)।

ए पर्यायार्थिकनो स्वरूप कह्यो।

हिवै सात नय कहै छै— नैगम नय(१) संग्रह नय(२) विवहार नय(३) रिजूसूत्र नय(४) शब्द नय(५) समभिरूढ नय(६) एवंभूत नय(७) ए सात नयना नांम जांणवा।

हिवै पहिलो नैगम नय कहै छै— नही छै एक गमो ते नैगम। एक अंस गुण ऊपनो हुवै तेणे वस्तुपणो मांनै ते नैगमनय कहीजै। अत्र दृष्टांत—जिम किणही मनुष्यने पाइली[१] ल्यावण मन थयो। तिवारै वनमें काठ लेण चाल्यौ। सुंमुहो[२] कोई मनुष्य मिल्यो —तुं किहां जाय छै? इम पूछयौ। तिवारै तिन कह्यो—जे पाइली लेवा जाउं छुं। तो इणै पाइली तो घडी नथी पिण मनमें चिंतवी ते थई गिणी। ए सर्व संसारी जीवने सिद्ध समान कहै छै। जे सर्व जीवना आठ प्रदेस निर्मला सिद्धरूप छै। तिणे एकें अंसे सिद्ध छै। ते कारण सिद्ध समान कह्या। ते नैगम नयना त्रिण भेद छै। वर्तमान अतीत आरोपण नैगम(१) वर्तमान अनागत आरोपण नैगम(२) वर्तमांन नैगम(३) अतीत नैगम केहने कहीयै? जे वीरनो निर्वाण आज थस्यै। ए अतीत नैगम। अनागत नैगम केहने कहीयै? जे पद्मप्रभुनो निर्वाण आज थस्यै ए अनागत नैगम। एतलै नैगम नय कह्यौ।

हिवै संग्रहनय कहै छै। सत्ता ग्रहे ते संग्रह। जे कारणै एक नाम लीधां सर्व गुण, पर्याय परिवार सहित आवै ते संग्रह नय जाणिवो। अत्र दृष्टांत कहै छै। जे कारणे किणही मनुष्य परभात दांतणनी विरियां धरवा(बा)रणे आय आपणे चाकरसु कहै—जे दांतण ल्यावो। तिवारै ते दास लोटी, पांणी, रुमाल,दांतण सर्व ले आवै। ते दांतण एक नाम ले मंगाव्यो पिण सर्वनो संग्रह थयो तिंम द्रव्य एहवो नांम कह्यो द्रव्यना गुण, पर्याय सर्व आवै। ते संग्रह नयना बे भेद छै। एक सामान्य संग्रह(१) जे द्रव्यपणो सामान्य लेतां जीव अजीवनो भेद न पड्यो अनै बीजो विशेष संग्रह(२) विशेषता अंगीकार करै छै जे जीव द्रव्य इम कह्यां अजीव सर्व टल गया ए संग्रह नय कह्यो।

हिवै विवहारनय कहै छै। विवहरण कहतां बाह्य स्वरूप देखीनें भेद विहचै जे बाहिर दीसता गुण देखै ते मांने अंतरंग सत्ता न मानै एतलै ए नय में आचार क्रिया मुदै छै। अंतरंग परिणामनो उपयोग नथी। जे कारण नैगम, संग्रह ज्ञानरूप धांनना परिणाम विना अंस तथा सत्ताग्राही छै तिम इहां करणी मुख्य छै। ते विवहार नयपणें जीवनी

---

१. धान्यमाप

२. सन्मुख=सामे

विवस्था अनेक भांत छै। तिहां नैगम संग्रह नय करी सर्व जीव सत्ताइं एकरूप छै पिण व्यवहार नय जीवना बे भेद छै—सिद्ध(१) संसारी(२)। संसारी जीवना बे भेद छै—अजोगी चौदमें गुण ठांणै वर्तमान केवली लीधा छै। बीजो सजोगी। सजोगीना बे भेद—एक केवली(१) बीजो उपशांतमोह(२) उपशांत मोहना बे भेद छै—अकषाई(१) ईग्यारमे गुणठाणेंना जीव, सकषाई(२)। सकषाईना बे भेद छै—एक सूक्ष्म सकषाई दशमें गुणठाणाना जीव, बादर कषाइ(२)। बीजा बादर कषाइना बे भेद छै—एक श्रेणिप्रतिपन्न(१) बीजा श्रेणिरहित(२)। श्रेणिरहितना बे भेद छै—एक अप्रमादी(१) बीजा प्रमादी(२)। प्रमादीना बे भेद—एक सर्वविरति(१) बीजा देसविरति(२)। देसविरतिना बे भेद—एक विरतिपरिणाम(१) अविरतिपरिणाम(२)। अविरतिना बे भेद—एक अविरती समकिती(१), बीजो मिथ्यात्वी(२)। मिथ्यात्वीना बे भेद छै—एक भव्य(१) बीजो अभव्य(२)। भव्यना बे भेद छै—एक ग्रंथिभेदी(१) बीजो ग्रंथिअभेदी(२)। इम जे जीव जेहवो दीसे छै ते तेहवो मांने ए विवहार छै।

इम पुद्गलना भेद करवा ते कहै छै—पुद्गल द्रव्यना बे भेद छै—एक परमाणुआ(१) बीजो खंध(२)। खंधना बे भेद छै—एक जीवसहित जे जीवनों लागा(१) बीजो जीवरहित घडो प्रमुख अजीव खंध(२)। जीवसहित खंधना बे भेद छै—एक सूक्षम(१) बीजो बादर(२)।

इहां वर्गणानो विचार लिखीयै छै तिहां पुद्गलनी वर्गणा आठ छै—उदारिकवर्गणा(१), वैक्रियवर्गणा(२), आहारकवर्गणा(३), तेजसवर्गणा(४), भाषावर्गणा(५), ऊसासवर्गणा(६), मनोवर्गणा(७), कर्मवर्गणा(८) ए आठ वर्गणाना नांम। बे परमाणुआ भेला थाइ तिवारे द्वणुक खंध थाइ, तीन परमाणुआ भेला थाइ ते त्रिणुक खंध थाइं। इम संख्याते परमाणुए संख्याताणुक खंध थाइं, असंख्याते असंख्याताणुक खंध थावै, अनंते परमाणुए मिलि अणंताणुक खंध थावै। ए सर्व जीवनें अग्रहण योग्य छै अनें अभव्यथी अनंतगुण अधिका परमाणुआ भेला थयां ऊदारिकनी लेवा योग्य वर्गणा थाय। इण अनंतगुण अधिक वर्गणा नामें दल थाइं तिवारै वैक्रीनी वर्गणा थायें। इम वैक्री अनंतगुण परमाणु मिल्यां आहारक वर्गणा थायै। एम सर्व वर्गणा एक एकथी अनंतगुणा अधिक परमाणुआ मिलै ते सर्व अनंत गुणा थायै एतलै पहिलीथी बीजी वर्गणा, बीजीथी तीजी वर्गणा इम सातमी मनोवर्गणाथी आठमी कर्मवर्गणामें अनंतगुणा परमाणुं अधिक छै। इहां उदारिक(१), वैक्रिय(२), आहारक(३), तेजस(४) ए च्यार वर्गणा बादर छै। इणांमें पांच वर्ण, बे गंध,पांच रस, आठ फरस ए वीस गुण छै भाषा(१), ऊसास(२), मन(३), कार्मण(४) ए च्यार सूक्ष्म वर्गणा छै। एमें पांच वर्ण, बे गंध,पांच रस, चार फरस ए सोलै गुण छै। एकलै परमाणुएमें एक वर्ण, एक गंध, एक रस, बेइ फरस ए पांच गुण छै। इम पुद्गल खंधना अनेक भेद छै।

हिवै विवहारनयना छ भेद छै। शुद्ध विवहार(१) जे गुणठाणानो छोडवो उपरिला गुणठांणानो लेवो अथवा ज्ञान-दर्शन-चारित्रगुण निश्चै नय एकरूप छै। ए शिष्यने समझाइवानें जुदा भेद कहवा ते शुद्ध विवहार(१)।

बीजो अशुद्ध विवहार जे जीवमें अज्ञान-राग-द्वेष लागा छै ते अशुद्धपणें छै ए अशुद्ध विवहार(२)।

त्रीजो शुभ विवहार जे पुण्यनी क्रिया करणी ते शुभ विवहार(३)।

चोथो अशुभ विवहार पापरूप अशुभ कर्म जीव जिणथी करै(४)।

उपचरित विवहार जे कारण धन, घर, कुटंब परतक्ष आंपांसुं जूदा छै पिण जीव अज्ञानीपणें आंपणा करि जांण्या छै ते उपचरित विवहार(५)।

छठ्ठो अनुपचरित विवहार जे शरीर आदिक परवस्तु छै यद्यपि जीवथी जुदा पिण परिणामिक भाव लोलीपणें एक ठामि ज रह्या छै ते जीव आपणा करि जांणें ते अनुपचरित विवहार जांणवो। एतलै विवहारनय कह्यो।

हिवै ऋजुसूत्रनयनो विचार कहै छै। अतीतकाल अनागतकालनी अपेक्षा न करै वर्तमांन कालें जे वस्तु जेहवै गुणें परिणांमें वरतै ते वस्तु तेहवै परिणामें मांनें। ए नय परिणामग्राही छै। जे जीव गृहस्थ छै पिण अंतरंग साधु समान परिणाम छै तो ते जीव साधु कहीजै अने जे जीव साधुने वेसे छै पिण मनपरिणाम विषयाभिलाषी सहित छै। जे सदा सर्व वस्तु में एक वर्तमान समय वर्तै छै एतलै जे जीव गये काल अज्ञानी हतो अनें आगलें काल ज्ञानी भावे अज्ञानी थासी ते बहुकालनी अपेक्षा न करै एक वर्तमांन समय जे जेहवो तेहनें तेहवो कहै। एक सूक्ष्म ऋजुसूत्र छै(१) अनें बादर मोटका बाह्य परिणाम ग्रहै ते थूल ऋजुसूत्र। एतलै ऋजूसूत्र नय कह्यो।

शब्द नय कहै छै जे वस्तु गुणवंत अथवा निर्गुण ते वस्तु ते नाम कही बोलावीयै भाषावर्गणाथी शब्दपणें वचन गोचर थायें ते शब्दनय। जे कारण अरूपी द्रव्य वचनस्युं ग्रह्या जायें नही पिण वचनस्युं कहिवा ते शब्दनय कहीजै। इहां जे शब्दनो जे अरथ हुवै ते पणो ते वस्तुमें पांमीयें तिवारै ते वस्तु शब्द नामै कहीजै। घट जे चेष्टा तेहने करतो ते घट ए शब्द नयमें व्याकरण नीपना अनें बीजा पिण सर्व शब्द लीधा। ते शब्द नयना चार भेद छे—नांम(१), थापना(२), द्रव्य(३), भाव(४)।

ए च्यार निक्षेपाना पिण एही ज नांम छै। ते विस्तारस्युं कहै छै। हिवै प्रथम नामनिक्षेपो कहै छै। जे आकार गुण वस्तुनें नामें करी बोलावणो ते नामनिक्षेपो कहीजै। जे लाकडीनो कटको एकलेइ किणेकै जीव कही नाम कह्यो ते नामजीव जाणवो। जिम काली दोरडीनें सापनी बुद्धे करीनें घाउ करै हणै तेहनें सापनी हिंसा लागै ए नामसर्प थयो। ते वास्तै इम नामतप अथवा नामसिद्ध जिम वड प्रमुखनें सिद्धवड इम कही बोलावै छै। ***णामं आवकहियं*** (अनुयोगद्वार ७९) ए सूत्र साख छे।

हिवै थापनानिक्षेपो कहै छै। जे किणहीमें जे केहनो आकार देखीनें तेहनें ते वस्तु कहै एतलै चित्राम अथवा काष्टपाषाणनी मूर्ति तेहने घोडा हाथीनो आकार छै ते घोडा हाथी कहवायै ते थापना जाणवी। ए थापना निक्षेपें सहित होवै। जिम थापनासिद्ध जिनप्रतिमा प्रमुख। इहां थापना सद्भाव पिण होवै असद्भाव पिण होवै। अकृत्रिम नंदीश्वरनें विषै जिनप्रतिमा, कृत्रिम इहां जे प्रतिमा ए सर्व थापना जाणवी। जिम चित्रांमनी स्त्री जिहां मांडी होइ तिहां साधु न रहै जे कारण थापना स्त्री छै इम जिनप्रतिमा जिन समांन जाणवी।

इहां केइ अज्ञानी जीव कहै —जे थापनामें ज्ञानादिक गुण नथी तिणें मांनवी पूजवी नही। तेहने उत्तर दीजै—जे थापनारूप स्त्रीमें स्त्रीना गुण केहवा छै पिण विकारनो कारण थाये छै तो जिनप्रतिमा धांननो[१] कारण छै। अनें जो हिंसा थायें छै तिणें भगवंते दयामें धर्म कह्या छै तिहां कहीजै—जे परदेसी राजा केसीगुरुने वांदिवा बीजै दिन घणै

१. =ध्यान

***आया खलु सामाइयं****(भगवती श.१ ३.९.सू.९२७)*

ए आलावैथी जाणिज्यो। तथा जीव स्वरूप जांण्यां विना तप, संयम पुण्यप्रकृति देवभवनो कारण छै।

***पुव्वतवेणं पुव्वसंजमेणं देवलोए उववज्जंति तो चेव णं आयभाववत्तव्वयाए।***

*(भगवती श.२.उ.५,१०२)*

ए आलावो भगवतीमांहि कह्यो छै।

तथा जे क्रियालोपी आचारहीन छै अने ज्ञानहीन छै अनें गच्छनी लाजै सिद्धांत भणै वांचै छै, व्रत पच्चक्खाण करै छै ते पिण द्रव्यतः जांणवो। अनुयोगद्वारमें कह्यो छै—

**जे इमे समणगुणमुक्कजोगी, छक्कायनिरणुकंपा, हया इव उद्दामा, गया इव निरंकुसा, घट्ठा मट्ठा तुप्पोट्ठा पंडुरपाउरणा जिणाणं आणाए सच्छंदं विहरिऊण उभओकालं आवस्सगस्स उवट्ठंति तं लोगुत्तरियं दव्वावस्सयं।**(अनुयोगद्वार-२०)

अर्थ—जिणांनें छक्कायनी दया नथी, घोडानी परै, उन्माद हाथीनी परै निरंकुश छै आपणे सरीरनें धोवता, मसलता ऊजलै कपडै सिणगार कीधां गच्छने ममत्व भावै माचता, स्वेच्छाचारी वीतरागनी आज्ञान्या भांजता जे तप क्रिया करै छै ते पिण द्रव्यनिक्षेपैमें छै। अथवा ज्योतिष-वैद्यक करै छै अने आपनी लोक पासै महिमा करावै छै अने आपनें आचार्य-उपाध्याय कहावी लोक पासै महिमा करावै छै ते पणि बद्धा खोटै रूपीयै सरिखा छै, घणा भव भमीसी, अवंदनीक छै। ए साख उत्तराध्ययन अनाथी अध्ययनथी जांणज्यो।

अनें जे सूत्रना अर्थ गुरुमुखै सीख्या विना, नयप्रमांण जांण्यां विना, निश्चै आत्मस्वरूप ओलख्यां विना, निर्युक्ति विना उपदेश देवै छै ते आप तो संसार मांहि बूडै पिण जे तिणें पासै बेसै तेहनें पिण लेई बूडै छै। ए प्रश्नव्याकरणसूत्रनी अनुयोगद्वारनी साख छै—

***अज्झत्थं चेव सोलसमं*** इत्यादि (प्रवचनसारोद्धार-६९६) अनें भगवतीसूत्रमें पिण कह्यो छै—

***सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तिमीसओ भणिओ। इत्तो तईयणुओगो, नाणुन्नाओ जिणवरेहिं॥***

*(भगवती.९४)*

अनें केई इम कहै छै जे म्हे सूत्र ऊपरि अर्थ करां छां निर्युक्ति टीकानो स्यो कांम छै? ते पिण मृषावादी छै। जे प्रश्नव्याकरणमां कह्यो छै—

***वयणतियं लिंगतियं***[1] इत्यादि जांण्यां विना अने नय-निक्षेपा जांण्या विना उपदेस दैवै छै ते मृषावादी छै। इम अनेक सूत्रमें साख छै तिणें बहुश्रुत पासें उपदेस सुणवो। उत्तराध्ययनमें बहुश्रुतनें मेरुनी समुद्रनी कल्पवृक्षनी उपमा दीधी छै। एतलै नामथापना द्रव्य ए त्रिण निक्षेपा भाव निक्षेपा विना अशुद्ध छै।

हिवै भाव निक्षेपो कहै छै जे नाम, आकार,लक्षण गुणसहित वस्तु ते भाव निक्षेपो जांणवो। ***उवओगो भावः***। इति वचनात्।

१. कालतियं वयणतियं लिंगतियं तह परोक्खपच्चक्खं। उवणयऽवणयचउक्कं, अज्झत्थं चेव सोलसमं॥ (प्रवचनसारोद्धार ६९६)

आडंबरसुं आयो ते वांदनामें हिंसा थइ पिण लाभकारण गिणी तोटो न थयो। बीजो मल्लिनाथ छ मित्र प्रतिबोधवाने पूतलीनो दृष्टांत कह्यो। सो हिंसा तो घणी थई पिण लाभकारण गिणी। इम भाव सुद्ध थकां हिंसा नही लागती।

अथवा केइ इम कहै छै—ते अम्हे आपणे थांनके बैठा नमोत्थु णं कहस्युं अमने लाभ थासी। ते खरो पिण भगवतीसूत्र में भगवंतनी वंदनानें अधिकारै तिहां जाय वंदना कीधाना मोटा फल कह्या। तथा निक्षेपाने अधिकारै इम कह्यो जे भाव निक्षेपो एकलो थायै नही नाम, थापना, द्रव्य मिल्यांई ज थाइं।

तिणे थापना मांनवी अवस्य। जे थापना न मांने तेहनें इम कहीजै—जे चित्रांमनी मूरतिने हिंसा परिणांमे फाडै तेहनें हिंसा लागै छै तिम जिनवरने धांनें जिनप्रतिमा पूजतां लाभ थाइं छै। इम युक्ति करतां अने आगम साखे पिण जिनप्रतिमा जिनसमांन मांनवी। मांनें ते आराधक अने प्रतिमा न मांने तिणे थापना निक्षेपो उथाप्यो अने थापना उथापी तिवारै द्रव्य, भाव पिण उथापै छै। तिवारै त्रण निक्षेपा उथाप्या तिवारै सिद्धांत उथाप्यो। तिणे जिन प्रतिमा न मांनें ते विराधक छै। एतलै थापना निक्षेपो थाइं।

हिवै द्रव्य निक्षेपो कहै छै। जेहमें नाम पिण होवै आकार थापना गुण पिण होवै अनें लखण होवै पिण आत्मोपयोग तेपणे वरतो न हवै ते न मिलै ते द्रव्यनिक्षेपो जांणवो। एतलै अज्ञानी जीव जीव स्वरूपना उपयोग विना द्रव्य जीव छै। ***अणुवओगो दव्वं*** (अनुयोगद्वार-१३) ए अनुयोगद्वारनो वचन छै।

वली कहवो छै पद, अक्षर, मात्रा शुद्ध सिद्धांत वाचतां पूछतां अर्थ करै छै गुरुमुख सद्दहै ते पिण शुद्ध निश्चै सत्ता उलख्यां विना सर्व द्रव्यनिक्षेपैमें छै। जे भाव विना द्रव्य छै ते पुण्यबंधनो कारण छै पिण मोक्षनो कारण नही छै। एतलै जे करणी रूप कष्ट तपस्या करै छै अनै जीव-अजीवनी सत्ता नही ओलखी ते भगवतीसूत्रमें अविरती अपच्चक्खांणी कह्या। तथा जे जे एकली बाह्यकरणी करै छै अनें आपने साधु कहावै छै ते मृषावादी छै। उत्तराध्ययनमें कह्यो छै। ***न मुणी रण्णवासेणं*** (उत्तराध्ययनसू.२५-२९) ए वचने ***नाणेण य मुणी होइ*** (उत्तराध्ययनसू.२५-३०) इणें वचनें ज्ञानी ते मुनी छै, अज्ञानी ते मिथ्यात्वी छै।

तथा कोइक गणितानुयोगना नरकदेवताना बोल अथवा यति-श्रावकनो आचार जांणीनें कहै—जे अम्हे ज्ञानी छुं ते ज्ञानी नथी, द्रव्य-गुण-पर्याय जांणें ते ज्ञानी कहीजै। उत्तराध्ययनें मोक्षमार्गमें कह्यो छै। अत्र गाथा—

***एयं पंचविहं नाणं दव्वाण य गुणाण य। पज्जवाण य सव्वेसिं नाणं णाणीहिं दंसियं॥***

*(उत्तराध्ययन २६-५)*

ए पंच वस्तु सत्ताइं जाण्या विना ज्ञानी नही अनें नव तत्त्व ओलखै ते समकिती एहवें ज्ञान दर्शन विना जे कहै अम्हे चारित्रीया छुं ते पिण मृषावादी छै। जे कारणे उत्तराध्ययनमे कह्यो छै—

***नादंसणिस्स नाणं, नाणेण विना ण हुंति चरणगुणा।*** *(उत्तराध्ययनसू.२८-३०)*

ए वचन छै ते कारणे आज ज्ञानहीन केइक क्रियानो आडंबर दिखाडै छै ते ठग छै। तेहनो संग न करणो। ए बाह्य करणी अभव्यने पिण आवै, तिणें ऊपर राचवो नही अने आत्माने स्वरूप ओलख्यां विना सामयक, पडिक्कमण, पच्चक्खाण द्रव्यनिक्षेपैमें पुण्याश्रव छै, संवर नथी। भगवतीसूत्रमें—

एतलै पूजा दांन शील तप क्रिया ज्ञान सर्वभाव निक्षेपे सहित लाभ कारण छै।

इहां केइ कहै छै—मन परिणाम दृढ करी कीजै ते भाव कहीजै ते कूडा छै। ए तो सुखनी वांछाए मिथ्यात्वी पिण घणाहि करै छै ति न गिणवो। इहां ज सूत्र साख वीतरागनी आज्ञायें हेय, उपादेय परीक्षा करी अजीव, आश्रव, बंध उपरि हेय त्यागभाव; जीवना स्वगुण, संवर, निर्जरा, मोक्ष उपरि उपादेय परिणाम भाव कहीजै। एतलै रूपी द्रव्य ते गुण कहीजै अनें अरूपी गुण ते भाव। एतलै मन-वचन-कायाथी लेश्यादिक सर्व द्रव्यनिक्षेपैमैं छै अने ज्ञान, दर्शन, चारित्र, वीर्य, ध्यांन प्रमुख जीवगुण सर्व भावमें छै। ए भावनिक्षेपो नाम, थापना, द्रव्यसु सहित छै। एतलै च्यार निक्षेपा कह्या।

हिवै च्यार निक्षेपा लगाय दिखाडै छै। नांमजीव मांचै नें वाणमें एक वांणनें जीव कही बोलावै छै। थापना जीव मूर्ति प्रमुख जे थापीजै। द्रव्य जीव एकेंद्रीथी पंचेंद्री पर्यंत सर्व जीव पिण उपयोग भेलै नही ति वारै। भाव जीव जे जीव स्वरूप ओलखी समकितना उपयोगमें छै।

इम धर्मास्तिकायादिक द्रव्यमें जांणवो नांमथी बोलावणो जिम धर्म द्रव्य। थापना धर्मास्तिकाय अक्षर एहवा लिखणा अथवा दृष्टांत कारणें कांई वस्तु थापवी। द्रव्य धर्मास्तिकाय जे असंख्यात प्रदेशी धर्मद्रव्य छै। भावनिक्षेपैमें धर्मास्तिकाय जिवारै चलण गुणनी अपेक्षा सहित ओलखीयै।

हिवै नामसाधु केहनो साधु एहवो नाम छै। थापनासाधु जे थापना कीजै। द्रव्यसाधु जे पंचमहाव्रत पालै, क्रिया अनुष्ठान करै, आहार सूझतो लै पिण ज्ञान ध्यांन मोक्षनो तेहवो उपयोग नथी। भावसाधु जे साधुनी करणी करै भाव संवर मोक्षनो साधक ते साधु कहीजै।

नामअरिहंत जे किणहीकनो अरिहंत नाम छै। थापना अरिहंतनी प्रतिमा। द्रव्य अरिहंत जिहांतिईं केवलज्ञान न ऊपनो तिहांताई छद्मस्थ थका भगवंतनो जीव। भाव अरिहंत जे केवल ज्ञान पांम्या पछै लोक अलोक देखै ते जांणवो। इम सिद्धमें पिण जांणी कहवा।

तथा नांम ज्ञान एहवो किणही जीवनो भावें अजीवनो नांम। थापना ज्ञान पुस्तकमें लिख्यो थको। द्रव्यज्ञान जे उपयोग विना सिद्धांतनो भणवो अथवा अन्यमतीना शास्त्र सर्व अथवा ज्ञशरीरादि द्रव्यज्ञान जांणवो। भावज्ञान नवतत्त्वनो जाणवो।

तथा नामतप तप एहवो केहनो नाम। थापनातप पुस्तकांमे तपनी विधिनो लिखनो। द्रव्यतप पुण्य रूप तप मासक्षमण करवो। भावतप परवस्तु ऊपर त्यागनो परिणाम। इम संवरादिक सर्व च्यार च्यार निक्षेपा जांणवा।

तथा अनुयोगद्वारमें कह्यो छै—

***जत्थ य जं जाणिज्जा णिक्खेवं णिक्खवे निरवसेसं। जत्थ य णो जाणिज्जा चउक्कयं णिक्खवे तत्थ।।***

*(अनुयोगद्वार-७)*

ए च्यार निक्षेपा कह्या। इहां पहिला तीन निक्षेपा ते धुरला च्यार नयमध्ये द्रव्य छै अनें भावनिक्षेपो ते शब्दादिक तीन नय छै। तो इहां च्यार निक्षेपा शब्दनयमां कां कह्या? इहां नांमादिक एहवा नाम ते च्यार निक्षेपा नाते

शब्दरूप छै पिण निक्षेपानी परणितिरूप वस्तु ते तीन निक्षेपा वस्तु आदि च्यार नयमें छै, भाव निक्षेप वस्तु ते शब्दादिक नयमें छै इम सरदहज्यो। एतलै शब्दनय कह्यो।

हिवै छट्ठो समभिरूढनय कहै छै। जे वस्तुना केतला गुण प्रगट्या छै केतला नही प्रगटसी अवस्य एहवी वस्तुनें वस्तु कहै ते वस्तुना नामांतराना वाचक अर्थरूप धर्म प्रगट हवै ते पर्यायने ते वस्तु कहीये, जे अर्थ पर्याय प्रगट्या नही ते वस्तु पर्यायपणो ते वस्तुमें न कहै छतां प्रगट पर्याय ते एक करी जांणै जिम जीव चेतन आत्मा एहनो नामार्थ धर्म प्रगट्या ते तेमां गणी पदार्थनो एक अर्थ कहै ते समभिरूढनय कहीजै। ए एक अंस ओछी वस्तुनें पिण पूरी वस्तु कहै।

हिवै एवंभूतनय कहै छै। जे वस्तु आपणें गुणे संपूर्ण छै अने आपणी क्रिया करै छै ते वस्तुना वचन पर्याय तथा वस्तु धर्म सर्वप्रगट प्रवर्ततां हवै तेहनें ते वस्तु कहीजै, जिम मोक्षस्थांनक पहुंतै जीवनें सिद्ध कहै जिम पांणी भर्यो, स्त्रीना माथा ऊपरि आवतो, जलधरण क्रिया करतो घडो कहीजै। ए एवंभूतनय कह्यो। एतलै सात नय कह्या।

हिवै सात नयना दृष्टांत अनुयोगद्वारसूत्रथी(सूत्र-४७४) लिखीयै छै। जिम कुणही पुरुषै किणही बीजै पुरुषने पूछयो—तुं किहां वसै छै? हुं तो लोकमें वसुं छुं। ए अशुद्ध नैगम। वली पूछयो—जे लोकना त्रिणि भेद छै अधोलोक(१) तिरछो लोक(२) ऊर्ध्वलोक(३) तिहां तुं किहांमें रहै? तिवैरै सुद्ध नैगम कह्यो— जे तिर्छै लोकमें रहुं छुं। वली पूछयो—जे तिर्छै लोकमें असंख्याता द्वीपसमुद्र छै तुं किसा द्वीपमें रहै छै? तिवारै विशुद्धतर नैगम कह्यो—जे जंबूद्वीपमां रहुं छुं। वली पूछयौ—जंबूद्वीपमां क्षेत्र घणा छै तुं किसा क्षेत्रमें रहै छै? तिवारै अतिशुद्ध नैगम बौल्यो— जे भरत क्षेत्रमें रहुं छुं। भरतना छ खंड छै इम कह्यो तिवारै कह्यो देसमें नगर णांम घणा छै ते तूं किहां रहै छै? तिवारै कह्यो—जे हुं आपणें गांम में रहुं छुं। वली पाडो छै, घर छै ते बताव्यो। तिहांतांइ नैगम नय जांणवो।

अनें संग्रह नय बोल्यो—जे आपण शरीरमें वसुं छुं।

विवहार नय बोल्यो—जे संथारै बैठो तेतलै बिछावणामें रहुं छु।

ऋजुसूत्र नय कह्यो—आपणा सभावमे रहुं छुं।

शब्द नय कहै—जे हुं आपणा असंख्याता प्रदेशमे वसुं छुं।

समभिरूढ नय कहै छै—हुं आपणै गुणमें रहुं छुं।

एवंभूत नय कहै—जे ज्ञानदर्शन गुण में वसुं छुं।ए दृष्टांत कह्यो तिम कहवो सर्व वस्तुमें।

तथा कोईक प्रदेशमात्र क्षेत्र अंगीकार करी पूछयो—जे ए प्रदेश केहनो छै? तिवारै नैगम नय कह्यो—जे छ द्रव्यनो प्रदेश छै। जे कारण एक आकास प्रदेश में छ द्रव्य भेला छै।

तिवारै संग्रह नय बोल्यो—काल तो अप्रदेश छै ते सर्व लोक में एक समय छै ते एक आकास प्रदेश में जुदो नथी तिण काल विना पांच द्रव्यनो छै।

तिवारै विवहार नय बोल्यो—जे द्रव्य मुख्य दीसै छै तेमां वसुं छुं।

तिवारै ऋजूसूत्र नय बोल्यो—जे जिण द्रव्यनो उपयोग दे पूछीजै ते द्रव्यनो छै ते जो धर्मास्तिकायनो उपयोग तो धर्मास्तिकाय प्रदेश छै जो अधर्मास्तिकायनो उपयोग द्ये पूछयो तो अधर्मास्तिकाय प्रदेश कहीजै।

तिवारै शब्दनय बोल्यो—जे नाम ले द्रव्य पूछी जेतलो ते द्रव्यनो प्रदेश छै।

समभिरूढ नय बोल्यो—जे एक आकास प्रदेशमें धर्मास्तिकायनो एक प्रदेश छै, अधर्मास्तिकायनो एक प्रदेश छै, जीवना अनंता प्रदेश छै, पुद्गलना अनंता परमाणुं प्रमुख पिण छै।

अने एवंभूतनय बोल्यो—जे प्रदेश द्रव्यनी क्रिया गुण अंगीकार करी देखीजै ते समयमें ते प्रदेश ते द्रव्यनो गिणीजै। ए प्रदेश में सात नय कह्या।

हिवै जीव में सात नय कहै छै। नैगमनय कह्यो—गुणपर्यायवंत ते जीव शरीर सहित। एतलै शरीरमांहि जे बीजा द्रव्य पुद्गल-धर्मास्तिकायादिक ते सर्व तिण जीवमें गिणणा।

तिवारै संग्रहनय बोल्यो—असंख्यात प्रदेशी ते जीव। एतलै एक आकास प्रदेस टल्यो बीजा सर्व मांहि गिणाणा।

तिवारै विवहारनय बोल्यो—जे विषय लेइ कांम चिंता रै जे जीव। एतलै धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश, बीजा पुद्गल सर्व टल्या पिण पांच इंद्री, मन, लेश्या पुद्गल छै ते जीव में गिणाणा। जे कारण विषयादिक तो इंद्री लेइं छै ते जीवथी न्यारा छै। पिण इहां जीव भेला कीधा तिवारै।

तिवारै ऋजुसूत्रनय कहै छै—जे उपयोगवंत ते जीव। इणे इंद्रीयादि सर्व टल्या पिण ज्ञान अज्ञानना भेद न टल्या।

तिवारै शब्दनय बोल्यो—नामजीव, थापनाजीव, द्रव्यजीव, भावजीव ते जीवें गुण-निर्गुणनो भेद न पड्यो।

तिवारै समभिरूढनय बोल्यो—जे ज्ञानादि गुणवंत ते जीव। तिवारै मतिज्ञान, श्रुतज्ञान इत्यादिक जे साधक अवस्थाना गुण ते जीवसरूपमें आव्या।

तिवारै एवंभूतनय बोल्यो—जे अनंतज्ञान, अनंतदर्शन, अनंतचारित्र, शुद्ध सत्तामात्र ते जीव। इणें नयें जे सिद्धावस्थामें गुण हता तेही ज ग्रह्या। ए साते नय जीव कह्यो।

हिवै साते नये धर्म कहै छै। नैगमनय कहै—सर्व धर्ममें छै। जे कारण सर्व धर्म नें चाहै छै। ए नय अंसरूप धर्मनांम धर्म कहै।

तिवारै संग्रहनय बोल्यो— जेवडेरै आदर्यो ते धर्म कहीजै। ते अनाचार छोड्या पिण कुलाचारने धर्म कह्यो।

तिवारै विवहारनय बोल्यो—सुखनो कारण ते धर्म। इणें पुण्य करणीनें धर्म कही मांन्यो।

तिवारै ऋजुसूत्रनय बोल्यो—जे उपयोगसहित वैराग्यरूप परिणांम ते धर्म कहीजै। इणे नयमें यथाप्रवृत्तिकरणना परिणाम प्रमुख सर्व धर्ममें गिण्या। ते मिथ्यात्वीनें पिण थाइं।

तिवारै शब्दनय बोल्यो—जे समकिती ते धर्म। समकित धर्मनो मूल छै।

तिवारै समभिरूढ नय बोल्यो—जे जीव-अजीव नवतत्त्व छ द्रव्यनें ओलखी जीव सत्ता ध्यावै अजीवनो त्याग करै एहवो ज्ञान-दर्शन-चारित्रनो शुद्ध निश्चैना परिणाम ते धर्म। इणें साधकसिद्ध परिणाम ते धर्मपणे लीधा।

तिवारै एवंभूतनय बोल्यो—शुक्लध्यांन रूपातीत परिणाम क्षपकश्रेणि कर्मक्षयना कारण ते साधनधर्म। जे जीवनो मूल स्वभाव ते वस्तुधर्म। जे मोक्षरूपकार्य नीपना सिद्धमां रहै ते धर्म कहै छै।ए सात नय धर्म कह्यो।

हिवै सात नय सिद्ध कहै छै। नैगमनय— सर्व जीव सिद्ध छै। जे आठ रुचक प्रदेश सर्व जीवना सिद्ध समान निर्मल छै तिणें सर्व जीव सिद्ध छै।

तिवारै संग्रहनय बोल्यो—सर्व जीवनी सत्ता सिद्ध समांन छै। इणें जे पर्याय नय करी कर्म सहित अवस्था ते टाली अने द्रव्यार्थिक नयनी अवस्था अंगीकार व(क)रवी।

तिवारै विवहारनय बोल्यो—जे विद्यालब्धिप्रमुख गुणें करी सिद्ध थयो। ते सिद्धपणें बाह्यतप प्रमुख गुण अंगीकार कीधा।

तिवारै ऋजुसूत्रनय बोल्यो—जिणें सिद्ध सत्ता आपणें आत्मानी सत्ता उलखी छै अनें ध्यांननो उपयोग तेहि ज वरतै छै ते समय जे जीव सिद्ध। इणें समकिती जीव सिद्ध समान छै इम कह्यो।

तिवारै शब्दनय बोल्यो—जे शुद्ध शुक्लध्यांन परिणाम नामादि निक्षेपें ते सिद्ध।

समभिरूढनय बोल्यो—केवलज्ञान, केवलदर्शन, यथाख्यातचारित्र ए गुणवंत ते सिद्ध। इणे तेरमें गुणठांणें चउदमें गुणठांणे केवली सिद्ध कह्या।

एवंभूतनय—सकल कर्म खपाय लोकनें अंतें विराजमांन अष्टगुणसंपन्न ते सिद्ध जांणवा। ए सिद्ध पदमें नय कह्या।

इम सात नयमांहि जे कोइ उथापै ते वचन अप्रमांण छै।

हिवै प्रमांण नो विचार कहै छै। ते प्रमाणना बे भेद छै—एक प्रत्यक्ष प्रमाण(१) बीजो परोक्ष प्रमाण(२)। तिहां प्रत्यक्ष प्रमाण कहै छै। जे जीवनें आपणा उपयोगस्युं जे द्रव्यनें जांणें ते प्रत्यक्ष प्रमाण कहीजै। तिहां केवली छए द्रव्य प्रत्यक्ष प्रमाण जांणे, देखै छै। ते केवलज्ञान प्रत्यक्ष ज्ञान छै। मनःपर्यायज्ञान मनोवर्गणा प्रत्यक्ष जांणे छै। अवधिज्ञान पुद्गल द्रव्यने प्रत्यक्ष जांणें छै। तिणें ए दोय ज्ञान देश प्रत्यक्ष छै। बीजो छद्मस्थ ज्ञान सर्व परोक्ष प्रमांण छै। ते परोक्ष प्रमांण कहै छै। जे मतिज्ञान, श्रुतज्ञाननो उपयोग परोक्ष प्रमांण छै। जे शास्त्रबलस्युं जांणे ते परोक्ष कहीजै। ते परोक्षना त्रिण भेद छै—अनुमान प्रमाण(१), आगमप्रमाण(२), उपमान प्रमाण(३)। अनुमान कहितां कोइक सहि नांण देखी जे ज्ञान थायें जिम धुंओ देखी अग्निनो सहिनांण अनुमान थाये। आगम कहतां शास्त्रनी साखथी जे वात जांणीयै। जिम आपै देवलोक, नरक, निगोदनो विचार जांणीयै छै ते आगम प्रमाणसुं। अनें किणही वस्तुनो दृष्टांत देनें ओलखायें ते उपमान प्रमाण जांणवो। एतलै प्रमांण कह्यो॥

॥इति सातनयअधिकार समाप्त॥

## (३.६)

## अज्ञातकर्तृक

## ॥सप्तनयविचार॥

नैगम(१) संग्रह(२) व्यवहार(३) ऋजुसूत्र(४) शब्द(५) समभिरूढ(६) एवंभूत(७) ए सात नय  जाणवानां भेद कहि छइ। नैगमनय सामान्यविशेषात्मक वस्तु मानइ। यथा घटोऽस्ति सामान्यधर्मवचनं अथ एह जि घटनइ विषइ विशेषधर्म बोलइ। यथा गोरोऽयं घटः पृथुबुध्नाद्याकारवान् इति विशेषधर्मवचनम् इति नैगमः।१

संग्रहनय एक सत्ता सामान्य मानइ। छती वस्तु मानइ। यथा घटो रक्तादि वर्ण करी सहित छइ। रक्तादिक विशेष छइ तउ संतपणइ करी सामान्यपणुं जाणिवुं। तेह भणी सामान्य थकी विशेष जूउ नही इति संग्रहनयः।२

व्यवहारनय विशेषइं ज मानइं सामान्यपणुं नचुं(?) तेह भणी सामान्य थकी विशेष जूउ मानइ। यथा पाणी आणिवा भणी घटपदार्थ विशेषधर्म प्रजुंजिउ जोइइ। सामान्यवचनि कार्यसिद्धि न थाइ। घटविशेष वचनव्यवहार कार्यसिद्धि थाइ। इति व्यवहारनयः।३

ऋजुसूत्र वर्तमानपदार्थ मानइ। यथा घट छइ ए वर्तमानकाल बलवंत, अतीतकाल गयओ, अनागत आवस्यइ। अतीत अनइ अनागत एव ऋजुपणइ करी रहीत। सरल वर्तमानकालि वर्ततउ पदार्थ मानइ इति ऋजुसूत्रनयः।४

शब्दनय वर्तमानकालि वर्तता पदार्थ समान लिंगपर्याय करी वस्तुविशेष मानइं शब्दिं करी। यथा घटः कुंभः कुट इति घटशब्दपर्याय कहइ। इति शब्दनयः।५

समभिरूढ इसिउं मानइ। घटादिकपदार्थ थकी कुंभादिक पदार्थ जूजूआ मानइ। यथा घट थकउ पट जूउ। इति समभिरूढनयः।६

एवंभूतनय इसिउं मानइ। पदार्थ क्रिया करतउ पदार्थपणउ मानइ, अन्यथा न मानइं। यथा घट इति पदार्थ घटचेष्टा करतउ स्त्रीमस्तकी आरूढ थकउ पाणी आणतउ घट कहीइ। कुंभ इति कौ पृथिव्यां भातीति कुंभः। पृथिवीनइ विषइ शोभइ ते कुंभ कहीइ। इति एवंभूतनयः।७

**॥इति सप्तनयविचारः संपूर्णः॥**

## (३.७)

## अज्ञातकृत

## ॥सप्तभंगीस्वरूप॥

सप्तभङ्गीस्वरूपं लिख्यते। यथा—

**सिया अत्थि(१) सिया णत्थि(२) अत्थिणत्थि सिया पुणो(३)।**

**सिया चेव अवत्तवो जुगवं विहिनिसेहओ॥**

**सिया अत्थि अवत्तवो(५) चेव विहिनिसेहउ। सिया णत्थि अवत्तवो तहेव जिणभासिओ॥(६)**

**सिया अत्थि सिया णत्थि अवत्तवो सिया तहा(७)। सत्तभंगी जिणुद्दिट्ठा सव्वभावेसु संमया॥**

अर्थ—सकलपदार्थं आपणइं रुपइं छतो द्रव्य-क्षेत्र-काल-भावें छइं। जिम हमणां उपनो घडो पोतानें रूपें छइं अनइं द्रव्यथी पृथवीरूपें छइं, क्षेत्रथी राजनगरनो हुइं, कालथी शीतकालनो हुइं, भावथी सुवर्णे हुइं। इमं इंणी रीतें सकलपदार्थ द्रव्य-क्षेत्र-काल-भावथी आपआपणें रूपें छें। स्यादस्ति लक्षण पहिंलो सप्तभंगीनो भेद।(१)

अनें सकल पदार्थ पररूपें द्रव्य-क्षेत्र-काल-भावथी नथी। जिम हवणानो उपनो घडो वस्त्ररूपें नथी, द्रव्यथी जलरूपें नथी, क्षेत्रथी स्थंभतीर्थनो नथी, कालथी उष्णकालनो उपनो न हुइं, भावथी स्यांमरूपें नथी। इंम सकलपदार्थ पररूपें द्रव्य-क्षेत्र-काल-भावें नथी। ए स्यान्नास्ति लक्षण बीजो।(२)

अनें सकल पदार्थ अनुक्रमें विचार्युं स्वद्रव्य-क्षेत्र-काल-भावें छतापणुं अनें पर द्रव्य-क्षेत्र-काल-भावें अछतापणुं तेणें करी अनुक्रमें सहित ज छें। जिम घडानें विषें पोतानें द्रव्य-क्षेत्र-काल-भावें कही रीतें छतापणानुं भाववुं। अनुक्रमें पर द्रव्य-क्षेत्र-काल-भावनुं अछतापणुं तेहनुं अनुक्रमें भाववुं। तेणें सहित घडो छइं। ते स्यादस्ति-नास्ति लक्षण त्रीजो सप्तभंगीनो भेद।(३)

अनें सकलपदार्थ स्व द्रव्य-क्षेत्र-काल-भावें छतो अनें द्रव्य-क्षेत्र-काल-भावें अछतो पणि एकें कालें कही न सकीइं। ते एहवो कोइ शब्द नथी जे एकें कालें छता अछता लक्षण२ गुणनें बोलें। ए स्यादवक्तव्य लक्षण चोथों सप्तभंगीनो भेद।(४)

अनें सकलपदार्थ द्रव्य-क्षेत्र-काल-भावें विधिकल्पनाइं छता पणि समकाल विधि-निषेधकल्पनाइं अवक्तव्य ज छें। जिमं सुवर्णमेरुपर्वत द्रव्यरूपें सास्वतो छइं अनें पर्याय रूपें असास्वतो छइं पणि एकें कालें सास्वतो असास्वतो कही न सकीइं। ए स्यादस्त्येव स्यादवक्तव्यमेव लक्षण पांचमो सप्तभंगीनो भेद।(५)

अनें सकल पदार्थ द्रव्य-क्षेत्र-काल-भावें नथी पणि स्वरूपें छतापणाथी एक कालें निषेध-विधिकल्पनाइं अवक्तव्य ज छें। जिम सेलडी, गोल, खांड, साकर एहनें परस्परें यद्यपि भिन्नपणुं ज छें, माधुर्यपणानो अंतर घणो छइं पणि सेलडीपणें ऐक्य छैं। ते भिन्नपणुं एकत्व कही न सकीइं। यत उक्तम्—

*इक्षुक्षीरगुडादीनां माधुर्यस्यान्तरं महत्। तथापि न तदाख्यातुं सरस्वत्यापि शक्यते॥*

स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव लक्षण ए छट्ठो सप्तभंगीनो भेद।(६)

अनें अनुक्रमें सकल पदार्थ स्व द्रव्य-क्षेत्र-काल-भावें छइ, पर द्रव्य-क्षेत्र-काल-भावें नथी अनें समकालें विधि-निषेधकल्पनाइं अणकहिंवा योग्य छें। जिम घडो द्रव्य-क्षेत्र-काल-भावें अनुक्रमें पोतानें रूपें छइं, पटादिकनी अपेक्षाइं नथी अनें एकें समयें सद्रूप-असद्रूप अणकहिंवायोग्य पणि छें ज। इंम एकपदार्थनें विषें स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव लक्षण सप्तभंगीनो सातमो भेद।(७)

इम एक पदार्थनें विषें ए कल्पना किंम घटें? तिहां दृष्टांत —जिम कोइनें साधुनें दूधनो नियम ने दूध विना दहि, घी, छासि, सकलगोरस जिमइं अनें जेहनें दहीनो नियम ते दही विंना सर्व दुग्धादि कल्पें अनें जेहनें गोरसनियम ते दूध, दही, घी, छासि कांइं न कल्पें तिम जे पूर्वे एक एक भेद स्यादस्ति(१) स्यान्नास्ति(२) स्यादवक्तव्यमेव(३) लक्षण देखाड्या तेहनें अनें संकलितरूप सातमो भेदनो अंतर जाणवो। उक्तञ्च—

***पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः। अगोरसव्रतो नोभे तस्माद् वस्तु त्रयात्मकम्॥***

*(आप्तमीमांसा-६०)*

इंम सप्तभंगी जिनप्ररूपी सर्वपदार्थें संमतम्॥

# खंड - ४

# अर्वाचीन गुजराती कृति

(૪.૧)

# ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ

લેખકઃ- પ્રો.હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

**દર્શનશાસ્ત્રોનો ઉદ્‌ભવ-**આપણા આ દેશમાં પરાપૂર્વથી ઉત્તમ કોટિના તત્ત્વચિંતકોએ સત્યના સાચા સંશોધન પાછળ પુષ્કળ પ્રયાસ કર્યો છે. એમને જે સત્યનો સાક્ષાત્કાર થયો-સત્યનાં જે મહામૂલ્ય દર્શન એમને થયાં તે એમણે સંતને છાજે એવી વાણીમાં જનતા સમક્ષ રજૂ કરેલ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષીને અપાયેલી આ દેશનાઓ આગળ ઉપર વ્યવસ્થિત રીતે લિપિબદ્ધ કરાતા એ દર્શનશાસ્ત્રોરૂપે પરિણમી.

**લોકગિરામાં આશ્રય-**આ શાસ્ત્રોની ભાષા પાઈય (પ્રાકૃત) કે સંસ્કૃત હતી, તે જ્યારે સામાન્ય લોકો સહેલાઇથી સમજી શકે એવી પરિસ્થિતિ રહી નહિ ત્યારે એને જનતાની ભાષામાં ઉતારવાનો અને એ દ્વારા તત્ત્વજ્ઞાનનાં વિવિધ મનનીય ક્ષેત્રોથી જનતાને પરિચિત બનાવવાનો માર્ગ ગ્રહણ કરાયો. આના પરિણામે આપણને જૈન દર્શનના મૌલિક સિદ્ધાંતોને ગુજરાતી ભાષામાં[૧] પદ્યસ્વરૂપે રજૂ કરતી કૃતિઓ આજે મળી આવે છે.

**ગુજરાતીની ઉત્પત્તિ-**આ દાર્શનિક કૃતિઓની રચના ગુજરાતી ભાષાના ઉદ્‌ગમકાળથી તો આગળની હોઇ જ ન શકે. આજે લગભગ આઠસો વર્ષ થયાં ગુજરાતી ભાષા ઉદ્‌ભવી છે. એનો ઉદ્‌ગમ-કાળ તે કલિકાળ-સર્વજ્ઞ હેમચંદ્રસૂરિની ઉત્તરાવસ્થાનો સમય છે. અત્યાર સુધીમાં જે ગુજરાતી પદ્યાત્મક સાહિત્ય ઉપલબ્ધ થયું છે એ સૌમાં શાલિભદ્રસૂરિએ વિ. સં. ૧૨૪૧ માં રચેલો ભરતેશ્વર-બાહુબલિ રાસ સૌથી મોખરે છે.

**દાર્શનિક સાહિત્ય-**મહાનુભાવોનાં ઉત્તમ ચરિત્રોને આલેખતી પદ્યાત્મક કૃતિઓ જેટલા પ્રમાણમાં જોવાય છે તેનાથી અડધા પ્રમાણમાં પણ દાર્શનિક સ્વતંત્ર કે અનુવાદાત્મક કૃતિઓ હજી સુધી તો મળી આવી નથી. જેટલી કૃતિઓ મળે છે એ તમામ મારા જોવામાં જ આવી નથી તો એ સર્વેના પરિચયની તો વાત જ શી કરવી? તેમ છતાં તે દિશામાં સંશોધન કરવા જેવું છે એમ લાગવાથી હું આ લેખ લખવા લલચાયો છું. આશા છે કે-અહીં હું જે કૃતિઓ ગણાવું તેમાં ખાસ ઉમેરવા લાયક જે કૃતિઓ રહી જાય તે સૂચવવા વિશેષજ્ઞો કૃપા કરશે.

**ન્યાયાચાર્યનો ફાળો-**જૈન ગ્રંથકારોમાં 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિ અનેક રીતે અગ્રસ્થાન ભોગવે છે. એમણે સ્વપરસમયના સાહિત્યનું આકંઠ પાન કરી જે અમૂલ્ય કૃતિઓ ભિન્ન ભિન્ન ભાષામાં સર્જી છે તે

---

૧. ગુજરાતી પદ્યાત્મક સાહિત્યની આછી રૂપરેખા જૈ. સા. સં. ઇ. ૬૫૭, ૭૦૯, ૭૧૮, ૭૬૬-૭૮૫, ૮૯૫-૯૧૧, ૯૭૫-૯૮૫ અને ૯૯૬-૯૯૮ એ ક્રમાંકવાળી કંડિકાઓ પૂરી પાડે છે.

વડે જૈન સાહિત્ય ખૂબ જ દીપે છે. દુર્ભાગ્ય એટલું જ છે કે-એમની આ તમામ રચનાઓને સાચવી રાખવા જેટલું પણ કાર્ય થઇ શક્યું નહિ. એમની નવ્ય ન્યાયાદિથી પરિષ્કૃત કૃતિઓ વાંચતાં વિચારતાં એમ લાગે છે કે-ન્યાયને અંગેનું સમગ્ર સાહિત્ય એમણે એક યા બીજા સ્વરૂપે પોતાની કૃતિ દ્વારા આપણને પીરસ્યું છે. એમનો ઉપનિષદો, ગીતા વગેરેનો બોધ અસાધારણ હતો. એમાંની રોચક, પ્રેરક અને સુબોધક સામગ્રી એમણે પોતાની કૃતિઓમાં મનોરમ રીતે વણી લીધી છે.[૧] આવા એક પ્રકૃષ્ટ અભ્યાસીને હાથે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ રચાયો છે.

**રાસ એટલે ?**-સામાન્ય રીતે 'રાસ' શબ્દથી કોઇ કથા, વાર્તા કે ચરિત્રના નાયકના યશોગાનને લગતી રસિક પદ્યાત્મક કૃતિ એવો અર્થ કરાય છે અને સમજાય છે. પરંતુ અહીં તો આ 'રાસ' શબ્દ 'રસમય પદ્યરચના' એવા અર્થમાં વપરાયો છે. કિસ્સા, કહાની અને વાર્તાની એટલે કે કથાનુયોગની વિશેષતઃ રુચિ ધરાવનારને આ દ્રવ્યાનુયોગને લગતી કૃતિમાં આનંદ ઓછો આવે, પરંતુ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ સમજનાર અને એના અભ્યાસ માટે અભિરુચિ રાખનાર તો આ દ્રવ્ય-ગુણ-પર્યાય-રાસ વાંચી-વિચારી ખૂબ જ આનંદ મેળવે તેમ છે.

આ કોઇ સામાન્ય કૃતિ નથી. એની પાછળ શતમુખી પ્રતિભા છે. આનું મૂલ્ય બરાબર સમજાયાથી તો ગુજરાતી કૃતિને અંગે જે વિવરણ-બાલબોધ ગુજરાતીમાં યશોવિજય ગણિએ રચેલ છે, તેના અમુક ભાગનો ઉપયોગ કરી વિનીતસાગરના શિષ્ય ભોજસાગરે દ્રવ્યાનુયોગતર્કણા નામનો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો અને એને સંસ્કૃત સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યો. આ સંસ્કૃત ગ્રંથ ૧૫ અધ્યાયોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ રજૂ કરે છે. વિશેષમાં એમાં પ્રમાણ અને નયનું નિરૂપણ છે અને એ આગમો અને સમ્મઇપયરણ જેવાના આધારે યોજાયેલો છે. આ ગ્રંથ હિંદી અનુવાદ સહિત 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તરફથી વીર સંવત્ ૨૪૩૨ માં છપાયો છે. વિ. સં. ૧૭૮૫ થી ૧૮૦૯ ના ગાળામાં આ ગ્રંથ રચાયો છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ વિ.સં. ૧૭૧૧ માં રચાયો છે. એના ઉપરનો બાલાવબોધ ટબ્બો 'ऐन्द्रश्रेणिनतं नत्वा' થી શરૂ થાય છે. આ જોતાં એ સ્વોપજ્ઞ જણાય છે આ રાસનો આદિમ ભાગ તેમ જ અંતિમ ભાગ જૈન ગુર્જર કવિઓ (ભા. ૨, પૃ.૨૮-૩૦) માં અપાયેલ છે.

**પ્રકરણ રત્નાકર** (ભા.૧, પૃ.૩૩૭-૪૧૨) માં ઉપર્યુક્ત રાસ છપાયો છે. ગુર્જર સાહિત્ય સંગ્રહ (ભા.૨) માં આ રાસ ઉપર્યુક્ત ટબ્બા તેમજ રાસના છૂટા બોલ સહિત છપાયો છે તે પ્રશંસાપાત્ર પ્રયાસ છે તેમ છતાં પાલણપુરના ભંડારમાં વિ.સં. ૧૭૧૧ માં લખાયેલી અને કોઇ કોઇ સ્થળે કર્તાના હસ્તાક્ષરમાં લખાણવાળી હાથપોથી છે તો આને આધારે આ રાસ સ્વોપજ્ઞ બાલાવબોધ સહિત વિશિષ્ટ ટિપ્પણાદિ સહિત પ્રકાશિત થવો ઘટે. દ્રવ્યાનુયોગના અર્થીને તો આ ખાસ ઉપયોગી થશે.

---

૧. દા. ત. અધ્યાત્મસારમાં ગીતાનાં કેટલાક પદ્યો ગૂંથી લેવામાં આવ્યાં છે.

**જીવવિચાર સ્તવન**-સત્યવિજયના શિષ્ય વૃદ્ધિવિજયે વિ.સં. ૧૭૧૨ માં આ સ્તવન રચ્યું છે. એમાં નવ ઢાલ છે. એ 'પ્રકરણાદિ વિચારગર્ભિત શ્રી સ્તવન સંગ્રહ'માં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર તરફથી ઇ.સં. ૧૯૧૪માં છપાયું છે[૧]

**જીવવિચાર ભાષા**-પાર્શ્વચંદ્ર ગચ્છના હર્ષચંદ્રના ગુરુભાઇ નિહાલચંદ્રે આ કૃતિ 'મકસૂદાબાદ' માં વિ.સં. ૧૮૦૬ માં રચી છે. એમાં ૧૮૬ કડી છે. આ કૃતિનું નામ વિચારતાં એમાં જીવના ભેદ-પ્રભેદોની હકિકત હશે એમ લાગે છે. જો એમ જ હોય તો એ એક રીતે 'ઓંટોલોજિ' (Ontology) ની કૃતિ ગણાય.

**પુદ્ગલ-ગીતા**-ચિદાનંદે આ કૃતિ દ્વારા પુદ્ગલ સંબંધી એક જાણે નિબંધ ન લખ્યો હોય તેવી આ કૃતિ છે. આ સજ્જન-સન્મિત્ર[૨] (પૃ.૫૦૫-૫૧૩) માં છપાઇ છે. આમાં કોઇ કોઇ સ્થળે હિંદીની છાંટ છે.

[૩]**નવતત્ત્વ ભાષા** —આના કર્તા પણ ઉપર્યુક્ત નિહાલચંદ્ર છે. એમણે આ કૃતિ વિ.સ. ૧૮૦૭માં 'મકસૂદાબાદ' માં રચી છે.

[૪]**નવતત્ત્વવિચાર સ્તવન** —સત્યવિજયના શિષ્ય વૃદ્ધિવિજયે ઘોઘામાં વિ. સં. ૧૭૧૩ માં આ સ્તવન રચ્યું છે. આના પ્રારંભિક અને અંતિમ ભાગ જૈન ગુર્જર કવિઓ ( ભા. ૨, પૃ. ૧૫૧—૧૫૨ ) માં નોંધાયેલો છે.

**નવતત્ત્વનું સ્તવન** —જીવાદિ નવતત્ત્વનું સ્વરૂપ પર્યાપ્તિ વગેરે બાબત સહિત આમાં અપાયેલું છે. આની રચના દુહા અને ચોપાઈમાં છે. મણિવિજયના શિષ્ય ભાગ્યવિજયે વિ.સ. ૧૭૬૬માં પાટણમાં આ સ્તવન રચ્યું છે. એ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં છપાયું છે.

**નવતત્ત્વ સ્તવન** —ડુંગરવિજયના શિષ્ય વિવેકવિજયે ૧૮ ઢાલમાં આ સ્તવન વિ. સં. ૧૮૭૨ માં 'દમણ'માં રચ્યું છે. શરૂઆતના ચાર 'દુહા' અને 'કલસ' પૂરતો ભાગ જૈન ગુર્જર કવિઓ . ( ભા. ૩, ખં. ૧, ૨૮૫—૨૮૬ ) માં અપાયેલો છે.

**ચૌવીસ દંડકનું સ્તવન** —નામ, લેશ્યા ઇત્યાદિ ૨૯ દ્વાર ચોવીસ દંડકને અંગે આ સ્તવનમાં છ ઢાલમાં વિચારાયાં છે. આના કર્તા ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજય છે. એમણે આ સ્તવન મહાવીરસ્વામીની સ્તુતિરૂપે રચ્યું છે. આ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહ માં પ્રકાશિત થયેલું છે.

**ચૌવીસ દંડકનુ સ્તવન** — પાર્શ્વનાથની સ્તુતિરૂપે આ સ્તવન વિજયહર્ષના શિષ્ય ધર્મચંદ્રે 'જેસલમેર' માં વિ. સં. ૧૭૨૯ માં દિવાળીને[૫] દિવસે રચ્યું છે. આમાં ગતિ આગતિનું સ્વરૂપ આલેખાયું છે. આ સ્તવન પણ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં છપાવાયું છે.

---

૧. આ એની બીજી આવૃત્તિ છે. ૨. આ પહેલી આવૃત્તિના પૃષ્ઠ છે.

૩. જુઓ જૈન ગૂર્જર કવિઓ ( ભા. 3. ખંડ 2, પૃ. ૧૦૯૯), ૪. એજન પૃ. ૧૨૦૦.

૫. "દીપોત્સવી પર્વનું રહસ્ય" એ વિષયને અંગે વડોદરા રેડિઓ સ્ટેશનથી મેં વાર્તાલાપ ગઈ દિવાળીએ રજૂ કર્યો હતો. એ અહીંના સાપ્તાહિક નામે ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણના તા. ૧૯—૧૦—૫૧ ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

**ચતુર્દશગુણસ્થાન સ્તવન** —શાંતિનાથની સ્તુતિરૂપે મિથ્યાત્વ, સાસ્વાદન ઈત્યાદિ ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ આઠ ઢાલમાં વિધિપક્ષના કીર્તિરત્નસૂરિના શિષ્ય સૌભાગ્યરત્નસૂરિએ વર્ણવ્યું છે. આ પણ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં પ્રસિદ્ધ કરાયું છે.

**ગુણસ્થાનવિચાર સ્તવન** — 'બાહડમેરુ' ના મંડનરૂપ સુમતિનાથની સ્તુતિદ્વારા વાચક વિજયહર્ષના સાનિધ્યે મુનિ ધર્મસિંહે વિ.સ. ૧૭૨૯ માં આ સ્તવન રચ્યું છે. એમાં છ ઢાલ છે અને અંતે કળશ છે. એ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહ માં છપાવાયું છે.

**ગુણઠાણાવિચાર બત્રીસી** — આ સકલવિજયના શિષ્યના શિષ્ય માનવિજયે વિ. સં. ૧૭૩૪માં ત્રણ ઢાલમાં રચી છે અને એ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહ માં છપાવાઈ છે.

**આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય**[1] — મિત્રા, તારા ઈત્યાદિ આઠ દૃષ્ટિનું વિસ્તૃત વર્ણન ન્યાયાચાર્ય યશોવિજયગણિએ કર્યુ છે. આ સજ્ઝાય ગુર્જર સાહિત્યસંગ્રહ (ભાગ.૧) માં તેમજ અન્યત્ર છપાયેલી છે.

**કર્મપ્રકૃતિની સજ્ઝાય** —કર્મની ૧૫૮ પ્રકૃતિ બે ઢાલમાં મણિવિજયે વર્ણવી છે. એમાં કર્પૂરવિજયનું નામ છે. એ આ કર્તાના ગુરુ હોય એમ લાગે છે. આ સજ્ઝાય ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં પ્રકાશિત થયેલી છે.

**ચાર ધ્યાનની સજ્ઝાય** — આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એ ચાર ધ્યાનનું સ્વરૂપ નવ ઢાલમાં ભાવવિજયે વિ. સં. ૧૬૯૬ માં 'ખંભ' નગરમાં વર્ણવ્યું છે. આ સજ્ઝાય પણ ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં છપાવાઇ છે.

**જ્ઞાન, દર્શન ને ચારિત્રનો સંવાદ** — જ્ઞાનવાદી પ્રથમ પોતાનું મહત્ત્વ દર્શાવે છે, ત્યારબાદ સમ્યક્ત્વવાદી પોતાનો પક્ષ રજૂ કરે છે. અંતમાં ક્રિયાવાદી પોતાનો મહિમા વર્ણવે છે. આમ અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો પરસ્પર સંવાદ છે. આની રચના આઠ ઢાલમાં સૌભાગ્યસૂરિના શિષ્ય લક્ષ્મીસૂરિએ વિ. સં. ૧૮૨૭માં કરી છે. આ સંવાદપણું ઉપર્યુક્ત પ્રકરણાદિ સંગ્રહમાં છપાવાયો છે. વિશેષમાં સજ્જન સન્મિત્રની ઇ. સ. ૧૯૧૩ ની પ્રથમ આવૃત્તિ ( પૃ. ૩૧૭—૩૨૨ ) માં પણ આ સંવાદ છે. અહીં કર્તા તરીકે લક્ષ્મીસૂરિને બદલે 'વિજયલક્ષ્મીસૂરિ' એવુ નામ સંપાદકે રજૂ કર્યું છે.

**નિશ્ચય—વ્યવહાર—ગર્ભિત શાંતિજિન સ્તવન**—નિશ્ચય નયવાદી પોતાનું મંતવ્ય રજૂ કરે છે ત્યાર બાદ વ્યવહાર નયવાદી પણ તેમ કરે છે. આ બંનેના એકાંતિક કથનમાં ભૂલ બતાવી બેનો અનેકાંતદૃષ્ટિએ સમન્વય સાધવાનું કાર્ય શાંતિનાથની સ્તુતિરૂપે 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ છ ઢાલમાં કર્યું છે. આની રચના "યુગભુવનસંયમમાન" વર્ષમાં એટલે કે વિ. સં. ૧૭૩૪ માં કે ૧૭૩૨ માં કરાઇ છે. આ સ્તવન "ગુર્જરસાહિત્યસંગ્રહ" (ભા. ૧) માં છપાયેલું છે.

**નિશ્ચય વ્યવહારગર્ભિત સીમંધરસ્વામીસ્તવન**[2]—સીમંધરસ્વામીને વિજ્ઞપ્તિરૂપે રચાએલું આ સ્તવન નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ વર્ણવે છે. આ સ્તવન 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ ચાર ઢાલમાં રચ્યું છે. અને એ પણ ઉપર્યુક્ત ગુર્જરસાહિત્યસંગ્રહ (ભા. ૧) માં પ્રકાશિત થયેલું છે.

**નયરહસ્યગર્ભિત સવાસો ગાથાનું સ્તવન** — આ સ્તવન પણ સીમંધરસ્વામી ને વિજ્ઞપ્તિરૂપે છે. એના કર્તા પણ ન્યાયાચાર્ય યશોવિજયગણિ છે. એમાં અગિયાર ઢાલ છે. એના વિષય અનુક્રમે નીચે મુજબ છે:—

શુદ્ધ દેશનાનું સ્વરૂપ, આત્મસ્વરૂપનો પરિચય, આત્મ તત્ત્વનો વિચાર, શુદ્ધ નયનો વિચાર, વ્યવહારની સિદ્ધિ, મુક્તિનો માર્ગ, દ્રવ્ય ભાવ સ્તવ, જિનપૂજાથી નિર્જરા અને સાચી ભક્તિ યાને પ્રભુ પ્રત્યે પ્રેમ.

**નય વિચાર યાને સાત નયનો રાસ** —દાર્શનિક વિષયને અંગે રાસ રચવાની પહેલ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ કરી છે. એ અરસામાં માનવિજયે નૈગમાદિ સાત નયોને અંગે રાસ રચ્યો છે.

**નયચક્રરાસ** — વિ. સં. ૧૭૨૬ માં હેમરાજે આ રાસ રચ્યો છે.[૩]

**સમકિતના ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ** — આને **સમ્યક્ત્વચતુષ્પદી** પણ કહે છે. એમાં સમ્યક્ત્વનાં છ સ્થાનોનું નિરૂપણ છે. ન્યાયાચાર્ય યશોવિજયગણિને હાથે 'ઇદલપુર' ના ચોમાસા દરમ્યાન વિ. સં. ૧૭૩૩ માં થઇ છે. આના ઉપર ટબ્બો છે. આ મૂળ કૃતિના આદિમ અને અંતિમ ભાગ જૈન ગુર્જર કવિઓ ( ભા.૨, પૃ. ૩૪-૩૫) માં છે. સમગ્ર કૃતિ જૈન કથારત્નકોષ (ભા. ૫, પૃ. ૨૮૨—૩૧૯) માં છપાઇ છે. આ કૃતિ ગુર્જરસાહિત્યસંગ્રહ (ભા. ૧, પૃ. ૫૫૪—૫૭૧) માં પણ પ્રકાશિત થયેલી છે. એમાં અંતમાં સંસ્કૃતમાં લખાણ છે. આ ચોપાઇમાં આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરાયું છે અને બૌદ્ધ મતને માન્ય ક્ષણિકવાદનું નિરસન કરાયું છે. જીવ કર્તા તેમજ ભોક્તા છે. આ વાતનું અહીં પ્રતિપાદન છે. અનિર્વાણવાદ અને નિયતિવાદનું અહીં ખંડન કરાયું છે.

**સમ્યક્ત્વવિચારગર્ભિત મહાવીર જિન સ્તવન** — ઉત્તમસાગરના શિષ્ય ન્યાયસાગરે આ સ્તવન છ ઢાલમાં વિ. સં.૧૭૬૬ માં રચ્યું છે અને એ "શ્રી[૪] દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ" માં પૃ. ૪૯-૫૯માં છપાયું છે. આમાં સમ્યક્ત્વના બે, ત્રસ, પાંચ અને દસ પ્રકારોનું નિરૂપણ છે. ત્યારબાદ યથાપ્રવૃત્તિકરણ વગેરેનો વિચાર કરાયો છે. વિપાકોદય અને પ્રદેશોદય સંબંધી કેટલીક બાબત રજૂ કરાઈ છે.

**સંયમશ્રેણિનું સ્તવન** — ઉત્તમવિજયે આ સ્તવન સુરતમાં વિ. સં. ૧૭૯૯ માં ચાર ઢાલમાં રચ્યું છે અને એ ઉપર્યુક્ત શ્રી દંડકાદિસંગ્રહ માં છપાયું છે.

**અધ્યાત્મકલ્પદ્રુમચોપાઇ** — સહસ્રાવધાની મુનિસુંદરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમના અનુવાદરૂપે આ ચોપાઈ રંગવિલાસે વિ.સં. ૧૭૭૭ માં રચી છે.

---

૧. આ સજ્ઝાયની એક હાથપોથી વિ. સં. ૧૭૩૬માં લખાયેલી છે.

૨. એમને અંગેના સાહિત્ય માટે જૂઓ સીમંધરસ્વામી શોભાતરંગનો મારો "પરિચય" ( પૃ.૬૪-૬૮)

૩. વસ્તુતઃ આ ગુજરાતી પદ્યકૃતિ નથી પણ દિગંબર પંડિત દેવસેન કૃત નયચક્ર પર નિબંધ જેવી કૃતિ છે. તેની હસ્તપ્રત જોતાં આ માહિતી મળી છે. સં.

૪. આ સંગ્રહના પ્રકાશક માસ્તર ઉમેદચચંદ રાયચંદ છે અને એમણે આ સંગ્રહ ઇ. સ. ૧૯૨૦ માં છપાવ્યો છે.

(૪.૨)

# સપ્ત નયનું સંક્ષિપ્ત સ્વરૂપ

(નયકર્ણિકાનુસાર)

## લેખક : મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ

અનંત ધર્માત્મકવસ્તુ પૈકી કોઇ સદ્ અંશનો સ્વીકાર કરી ઇતર અંશોમાં ઉદાસીન રહેનાર નય કહેવાય છે. અર્થાત્ વસ્તુના અનેક ધર્મો માંહીથી અમુક (ગુણ) ધર્મનો જ મુખ્યપણે સ્વીકાર કરનાર અને બાકીના ધર્મોમાં મધ્યસ્થપણું રાખનાર નય કહેવાય છે. પરંતુ અમુક ધર્મનો જ સ્વીકાર કરી બાકીના સર્વ ધર્મોનો સર્વથા નિષેધ કરનાર તો નયાભાસ કહેવાય છે. યદ્યપિ ઉક્ત કારણથી નય પણ અનંત હોઇ શકે છે તો પણ સ્થૂલપણે સાત નયોમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયો મુખ્ય છે.

(૧) **નૈગમનય**-વસ્તુ માત્રને સામાન્ય રૂપે અને વિશેષ રૂપે એમ ઉભય રૂપે માન્ય કરે છે.

(૨) **સંગ્રહનય**-વસ્તુ માત્રને કેવળ સામાન્ય રૂપે જ માન્ય કરે છે.

(૩) **વ્યવહારનય**-વસ્તુ માત્રને વિશેષ રૂપે જ માન્ય રાખે છે.

(૪) **ઋજુસૂત્રનય**-અતીત અને અનાગત ભાવને નહિ સ્વીકારતાં કેવળ વર્તમાન ભાવને જ કબૂલ રાખે છે; અને નામ સ્થાપના દ્રવ્યને નહિ સ્વીકારતા કેવળ ભાવને જ માન્ય કરે છે.

(૫) **શબ્દનય**-કુંભ, કલશ અને ઘટાદિક પર્યાય શબ્દો વડે એક જ વાચ્ય પદાર્થને સ્વીકારે છે.

(૬) **સમભિરૂઢનય**-ભિન્ન ભિન્ન પર્યાય શબ્દો વડે ભિન્ન ભિન્ન વાચ્ય-પદાર્થને માને છે.

(૭) **એવંભૂતનય**-પોતાનું કાર્ય કરનાર વસ્તુનેજ વસ્તુગતે વસ્તુ માને છે.

ઉક્ત નયોનું કંઇક વિશેષ સ્પષ્ટીકરણ.

(૧) સામાન્ય તે જાતિ વિગેરે અને વિશેષ તે ભિન્ન ભિન્ન વ્યક્તિ એમ ઉભયને નૈગમનય માને છે. સામાન્ય ધર્મથી સેંકડો વ્યક્તિઓમાં એકતાબુદ્ધિ પેદા થાય છે. અને વિશિષ્ટ ધર્મથી દરેક વ્યક્તિ ભિન્ન ભિન્ન ઓળખી શકાય છે. મતલબ કે વિશેષ વિના સામાન્ય નથી અને સામાન્ય વિના વિશેષ નથી. એમ નૈગમનય માન્ય રાખે છે. એ નય અંશગ્રાહી હોવાથી એક દેશને પણ સંપૂર્ણ માની લે છે. જેમ કે દરેક સંસારી જીવના આઠ રૂચક પ્રદેશ નિર્મળ (સિદ્ધ ભગવાનની જેવા શુદ્ધ) હોવાથી નૈગમનય સંસારી જીવને પણ સિદ્ધ સમાન લેખે છે.

(૨) સામાન્ય સિવાય કોઈ વિશેષ આકાશ પુષ્પની જેમ નથી એવું સંગ્રહનયનું માનવું છે. તે એવી દલીલ કરે છે કે વનસ્પતિ વિના નિમ્બ, આંબાદિક કંઇ બીજું નથી અને આંગળી, નખ પ્રમુખ હાથથી ન્યારાં નથી, હાથમાં જ તે બધાંનો સમાવેશ થઈ જાય છે. સંગ્રહ નય સત્તા ગ્રાહી હોવાથી અને સર્વ જીવોની સત્તા

સિદ્ધ સમાન હોવાથી તે સર્વ સંસારી જીવોને પણ સિદ્ધ સમાન જ માને છે. કેમકે તે સર્વ જીવોમાં સમાનતા બુદ્ધિ જ રાખે છે.

(૩) વ્યવહારનય વિશેષથી જૂદું સામાન્ય સ્વીકારતો જ નથી. એવી દલીલ કરે છે કે કેરી, કેળાં વિગેરે વિશેષ સ્પષ્ટીકરણ કર્યા વિના સામાન્યતઃ વનસ્પતિ લેવાનું કોઇને કહ્યે છતે તે શું ગ્રહણ કરી શકશે? વળી મલમપટ્ટી વિગેરે લોક હિતકારી કાર્યોમાં વિશેષનો જ ખપ પડે છે, સામાન્યનો કંઇ તેવો ખપ પડતો નથી.

(૪) ઋજુસૂત્રનય વર્તમાનસમયગ્રાહી હોવાથી અતીત અનાગત ભાવને તજી કેવળ વર્તમાન પર્યાય વાળા પોતાના ભાવને જ વસ્તુપણે માન્ય રાખે છે, કેમકે એથી જ કાર્ય સિધ્ધ થાય છે, પણ અતીત અનાગત અને પરાયાભાવથી કંઇ કાર્ય સિદ્ધ થઈ શક્તું નથી. તેથી તે આકાશ પુષ્પની જેમ અસત્ છે. અને વર્તમાન સમયમાં વર્તતો પોતાનો ભાવ જ પ્રમાણ છે. એવી દલીલથીજ ઋજુસૂત્ર વિગેરે નયો નામ સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાને મૂકી કેવળ ભાવ નિક્ષેપાને જ સ્વીકારે છે.

(૫) શબ્દનય કુંભ, કલશ અને ઘટાદિક સર્વે પર્યાય શબ્દો એક ઘટ પદાર્થના જ વાચક હોવાથી શબ્દનય અનેક પર્યાયો વડે એક જ અર્થને માન્ય કરે છે. જાતિ, લિંગના વ્યત્યય (જુદાપણા)થી પણ તે અર્થનો વ્યત્યય સ્વીકારતો નથી જેમકે ઘટઃ, ઘટઃ, ઘટી ઘટી, પટઃ, પટં, પટી વિગેરે, તેમજ स्त्री, कलत्रं, दारा પ્રમુખ એવી દલીલથી જ શબ્દનય એક જ સાધ્ય દૃષ્ટિથી સધાતા અનેક સાધનોને તેમ જ શુદ્ધ સાધ્ય દૃષ્ટિ યુક્ત અનેક પ્રકારના સાધનોને સાધતા સર્વ સાધક જનોને સમાન લેખે છે. તેથી જ તે શુદ્ધભાવ યુક્ત પુરૂષ સ્ત્રી કે (કૃત્રિમ) નપુંસકને એક સરખી રીતે મોક્ષના અધિકારી માને છે. કેમકે લિંગ વિશેષથી તે અર્થનો વિપર્યય માનતો નથી. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય પણ સદ્ભાવનો જ સ્વીકાર કરે છે, તેથી શુદ્ધ ભાવ જ સર્વત્ર માન્ય થાય છે, કેમકે શુદ્ધ ભાવ યુક્ત મધ્યસ્થ જનો એક જ સાધ્યદૃષ્ટિથી મોક્ષ અનુકૂળ ગમે તે સાધન સાધે તેથી તેમનો અવશ્ય મોક્ષ થાય જ છે.

(૬) સમભિરૂઢ નય પર્યાયભેદથી અર્થાત્ કુંભ, કલશ, ઘટાદિક જુદા જુદા પર્યાયથી અર્થભેદ માને છે. એ નય કંઈક ન્યૂન અર્થને પણ સંપૂર્ણ માને છે તેથી તે કેવળજ્ઞાનીને પૂર્ણ સિદ્ધ સમાન જ માને છે. પર્યાયભેદે અર્થભેદ માનવામાં તે નય એવી દલીલ કરે છે કે જો ભિન્ન ભિન્ન પર્યાયથી અર્થ ભેદ માનવામાં ન આવે તો ઘટ, પટ થકી પણ અર્થ ભેદ થવો ન જોઇએ, સર્વત્ર આત્મત્વ સામાન્ય છતાં ભિન્ન ભિન્ન આત્મ વ્યક્તિઓની ગુણ સંપદાદિક પણ ભિન્ન ભિન્ન માનવી જોઇએ, એમ ઉપરની દલીલ પુરવાર કરે છે.

(૭) એવંભૂત નય એક જ પર્યાય શબ્દ વડે કહેવા લાયક વસ્તુ પણ જો પોતાનું કાર્ય કરતી સાક્ષાત્ દેખાય તો જ તેને એવંભૂત નય વસ્તુગતે વસ્તુ માને છે. જો નિજ અર્થક્રિયાને અણકરતી વસ્તુને વસ્તુગતે વસ્તુ માનવામાં આવે તો પછી પટ ને ઘટ માનવામાં શો વાંધો આવે ?

ઉપર બતાવેલા સાત નય પૈકી ઉપર ઉપરના નયો વિશુદ્ધ વિશુદ્ધતર છે. જો એક એક નયના શત શત ભેદ કરવામાં આવે તો સાત નયના સાતસો ભેદ થાય, અને સમભિરૂઢ તથા એવંભૂત નયનો શબ્દ નયમાં સમાવેશ કરવામાં આવે તો ૫૦૦ ભેદ થાય છે. વળી એ સર્વ નયોનો દ્રવ્યાસ્તિક નય અને પર્યાયાસ્તિક

નયમાં અંતર્ભાવ છઇ શકે છે. દ્રવ્યાસ્તિક નયમાં પ્રથમના ચાર નયોનો અને પર્યાયાસ્તિક નયમાં પછીના ત્રણ નયોનો સમાવેશ થઈ જાય છે.

પરસ્પર વિરૂદ્ધ અભિપ્રાયને ધારણ કરનાર ઉક્ત સર્વ નયો એકઠા મળીને સર્વજ્ઞ ભગવાનના સુંદર સમય (સિદ્ધાંત) ને અનુસરે છે. જેમ અપૂર્વ સૈન્ય રચનાદિક યુક્તિ વડે પરાજિત થયેલા વિપક્ષ વિદારક ભૂપાલો સાર્વભૌમ (ચક્રવર્તી)ના ચરણકમળને તેના પ્રબળ પુણ્યોદયથી આવીને સેવે છે અને સર્વ પ્રકારના વૈર વિરોધને દૂર કરી સમભાવને ધારણ કરે છે તેમ પૂર્વોક્ત નયો પણ સ્વસ્વવિરૂધ્ધ અભિપ્રાયને સાતિશય સર્વજ્ઞ પરમાત્માના પવિત્ર શાસનને તાબે થઇ દૂર કરે છે. તેથી યુક્તજ કહ્યું છે કે - સ્યાત્ પદથી વિશેષિત નહિ કરેલું સર્વ કંઇ પ્રમાણપણે નથી અને અપ્રમાણ પણ નથી; પરંતુ સ્યાત્પદવિશેષિત એવું સર્વ કંઇ પ્રમાણ જ છે. એ જ સર્વ નયનું જાણપણું સમજવું. સ્યાદ્વાદ સર્વત્ર જયવંત છે.

**હવે પ્રસંગોપાત સપ્તભંગીનું સ્વરૂપ સંક્ષેપથી સમજવા લાયક છે.**

(૧) સ્યાત્ અસ્તિ

(૨) સ્યાત્ નાસ્તિ

(૩) સ્યાત્ અસ્તિ નાસ્તિ

(૪) સ્યાત્ અવક્તવ્ય

(૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્ય

(૬) સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય

(૭) સ્યાત્ અસ્તિ નાસ્તિ યુગપત્ અવક્તવ્ય.

ઉક્ત સપ્તભંગીથી જીવ અજીવાદિક વસ્તુ માત્રનું યથાર્થ ભાન થઇ શકે છે.

(૧) **સ્યાત્ અસ્તિ**-સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુમાત્રમાં અસ્તિ ધર્મની પ્રતીતિ થાય છે. સ્યાત્ પદ અનેકાંત વાચક છે. તેથી અસ્તિ ધર્મની અત્ર મુખ્યપણે પ્રતીતિ થાય છે. તો પણ નાસ્તિ ધર્મનો નિષેધ થતો નથી, પરંતુ નાસ્તિ ધર્મની પણ ગૌણપણે પ્રતીતિ થાય જ છે.

(૨) **સ્યાત્ નાસ્તિ**-પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુ માત્રમાં નાસ્તિ ધર્મની પ્રતીતિ થાય છે. અર્થાત્ વસ્તુમાત્રમાં જેમ અસ્તિ(સત્ત્વ)ધર્મ રહે છે. તેમજ નાસ્તિધર્મ પણ રહે છે. તાત્પર્ય કે-વસ્તુમાત્રમાં નાસ્તિ ધર્મનું પણ અસ્તિત્વ રહેલું છે જો વસ્તુમાં નાસ્તિધર્મ અસ્તિરૂપે રહેતો ન હોય તો ઘટ-પટાદિક વ્યવહારનો જ લોપ થઇ જાય અર્થાત્ ઘટ અને પટમાં કંઇ તફાવત રહેવા પામે નહિ. ઘટમાં જેમ ઘટરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અસ્તિત્વ છે તેમ જ તેમાં પટરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું નાસ્તિત્વ પણ છે. ફક્ત સપ્તભંગીમાં નાસ્તિ (અસત્ત્વ) ધર્મની મુખ્યપણે પ્રતીતિ થાય છે. તેમજ અસ્તિ ધર્મની ગૌણપણે પ્રતીતિ થઇ શકે છે.

(૩) **સ્યાત્ અસ્તિ સ્યાત્ નાસ્તિ**-વસ્તુમાત્રમાં જેવો અસ્તિધર્મ રહે છે તેવો જ નાસ્તિધર્મ પણ રહે છે. એક જ ક્ષણમાં ઉભયધર્મનું અસ્તિત્વ હોવાથી ઉભય ધર્મની અત્ર એકી સાથે પ્રતીતિ થઈ શકે છે તેથી આવો વિકલ્પ સંભવ છે.

(૪) **સ્યાત્ અવક્તવ્ય**-અસ્તિધર્મ અને નાસ્તિધર્મ વસ્તુમાત્રમાં સાથે સાથે વિદ્યમાન છતાં તે ઉભય એક જ સમયમાં કહી શકાતા નથી. વળી અસ્તિધર્મ અનંતા છે તેમ જ નાસ્તિધર્મ પણ અનંતા છે તો તે એક જ સમયમાં સાથે શી રીતે કહી શકાય? માટે તે અવક્તવ્ય છે એવો વિકલ્પ પણ પ્રભવે છે.

(૫) **સ્યાત્ અસ્તિ અવક્તવ્ય**-અસ્તિધર્મ પણ અનંતા છે તેથી સર્વ અસ્તિધર્મ પણ એક જ સમયમાં અવક્તવ્ય છે. આ ભંગીમાં મુખ્યપણે અસ્તિ ધર્મસમેત અવક્તવ્યત્વની પ્રતીતિ થાય છે.

(૬) **સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય**-નાસ્તિધર્મ પણ અનંતા છે તેથી સર્વ નાસ્તિધર્મ પણ એક જ સમયમાં અવક્તવ્ય છે. આ ભંગીમાં મુખ્યપણે નાસ્તિધર્મ સમેત અવક્તવ્યત્વની પ્રતીતિ થાય છે.

(૭) **સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય**-અત્ર ભંગીમાં અસ્તિ નાસ્તિ ઉભય ધર્મ સમેત અવક્તવ્યત્વની પ્રતીતિ થાય છે. જેમ જીવાદિક વસ્તુના અસ્તિત્વ નાસ્તિત્વ આશ્રી સપ્તભંગી બતાવી તેમજ નિત્યત્વ અનિત્યત્વ ધર્મ આશ્રી પણ સપ્તભંગી પૂર્વાપર વિરોધ રહિત સમજી લેવી.

(૧) स्यान्नित्य एव जीवः (દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી)

(૨) स्यादनित्य एव जीवः (પર્યાયાર્થિક નયની અપેક્ષાથી)

(૩) स्यान्नित्य एव स्यादनित्य एव जीवः (ઉભય નયની અપેક્ષાથી)

(૪) स्यादवक्तव्य एव जीवः (નિત્ય અનિત્ય ધર્મોને યુગપત્ કહી નહી શકવાથી)

(૫) स्यान्नित्य अवक्तव्यः (નિત્ય અનંત ધર્મો પણ કહી નહી શકવાથી)

(૬) स्यादनित्य अवक्तव्यः (અનિત્ય અનંત ધર્મ પણ કહી નહિં શકવાથી)

(૭) स्यान्नित्य एव जीवः स्यादनित्यः स्यादवक्तव्यः (નિત્ય અને અનિત્ય અનંત ધર્મોને એકી સાથે કહી નહિં શકવાથી.)

હવે પ્રસંગોપાત ચાર નિક્ષેપાનું સ્વરૂપ લેશ માત્ર કહીએ છીએ.

(૧) **નામનિક્ષેપો**-ગુણની અપેક્ષા રાખ્યા વિના ગમે તે સચેત અચેત કે મિશ્ર વસ્તુનું જે નામ રાખવામાં આવે તે, જેમકે કિશોરચંદ, સુખલાલ, મહાદેવ પ્રમુખ.

(૨) **સ્થાપના નિક્ષેપો**-કોઇ પણ વસ્તુનું લખેલું આલેખેલું કે કલ્પના કરેલું રૂપ વિશેષ. સ્થાપના બે પ્રકારની છે. ૧) સદ્ભુત સ્થાપના ૨) અસદ્ભુત સ્થાપના. તે પણ અલ્પ કાળ માટે, તેમ જ કાયમ માટે એમ બે પ્રકારે હોઈ શકે છે. તે અનુક્રમે ઇત્વર કાલિક અને યાવત્કથિક કહેવાય છે.

(૩) **દ્રવ્ય નિક્ષેપો**-ભાવ હેતુક યાને વસ્તુ સ્વરૂપ નિમિત્ત ભૂત દ્રવ્ય નિક્ષેપો કહેવાય છે.

(૪) **ભાવ નિક્ષેપો** અમુક વસ્તુના સદ્ભૂત ગુણયુક્ત ભાવને ભાવ નિક્ષેપો કહે છે.

ઉક્ત ચાર નિક્ષેપા હરેક વસ્તુ ઉપર લાગુ પડે છે. તેમાં જેનો ભાવ સાચો છે તેના નામાદિક સમસ્ત નિક્ષેપા સફળ છે અને જે સદ્ભાવ શૂન્ય છે તેના શેષ નિક્ષેપા પણ અફળ છે. દાખલા તરીકે-અરિહંત, સિદ્ધ, ભગવાન, ભાવાચાર્ય, ઉપાધ્યાય તથા નિર્ગ્રંથ મુનિરાજ પ્રમુખના સર્વ નિક્ષેપા સફળ જ છે.

(૧) **નામ અરિહંત**-આદીશ્વરજી, અજીત, સંભવ, અભિનંદન, સુમતિનાથ પ્રમુખ. એ સર્વે નામ સાર્થક ગુણ નિષ્પન્ન હોવાથી જપનારને કલ્યાણકારી છે.

(૨) **સ્થાપના અરિહંત**-અરિહંત ભગવાનની પ્રતિમા યા પ્રતિબિંબ પ્રભુના સદ્ભુત અનંત ગુણની પ્રતીતિ કરાવવા સમર્થ હોવાથી તે અવશ્ય આરાધવા યોગ્ય છે. શાશ્વતી અર્હત-પ્રતિમાઓ રિષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ ચાર ભગવાનના નામે સ્વર્ગ-મૃત્યુ અને પાતાળમાં સદાકાળ વિદ્યમાન જ છે. ઉક્ત પ્રતિમાના અધિકાર મુજબ ભાવિક જનો ભગવંતની પ્રતિમા નિર્માણ કરે કરાવે તે અશાશ્વતી પ્રતિમા સર્વત્ર પ્રસિદ્ધ છે. તેમાં સદ્ભૂત ગુણનો આરોપ કરીને તેની સેવા ભક્તિ કરવામાં આવે તે સર્વ સફળ છે.

(૩) **દ્રવ્ય અરિહંત**-અરિહંત ભગવાનના અતીત, અનાગત અને વર્તમાન કાળના જીવદ્રવ્ય સમજવા.

(૪) **ભાવ અરિહંત**-સમવસરણમાં વિરાજમાન અષ્ટપ્રાતિહાર્યયુક્ત ભાવ અરિહંત છે. એવી જ રીતે સદ્ભૂત ગુણ યુક્ત સર્વ સિદ્ધ, આચાર્ય પ્રમુખ આશ્રી સમજવું

સ્થાવર તીર્થ ઉપર ચાર નિક્ષેપા આવી રીતે સમજવા.

(૧) **નામતીર્થ**-શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, પ્રમુખ નામ.

(૨) **સ્થાપનાતીર્થ**-તીર્થની રચના, ચિત્ર અથવા નકશો પ્રમુખ સ્થાપના તીર્થ સમજવા.

(૩) **દ્રવ્યતીર્થ**-તીર્થ સંબધી કોઇ પણ વસ્તુ યા વિભાગ.

(૪) **ભાવતીર્થ** સદ્ભૂત ગુણ યુક્ત સાક્ષાત્ શત્રુંજયાદિક તીર્થ પ્રમુખ.

અધ્યાત્મ ઉપર ચાર નિક્ષેપા નીચે મુજબ છે.

(૧) **નામ અધ્યાત્મ**-અધ્યાત્મ એવું નામ માત્ર.

(૨) **સ્થાપના અધ્યાત્મ**-અધ્યાત્મ એવા અક્ષર વાળું પદ(લખેલું અથવા કોરેલું)

(૩) **દ્રવ્ય અધ્યાત્મ**-ઉપયોગ શૂન્ય અધ્યાત્મ જ્ઞાન માત્ર.

(૪) **ભાવ અધ્યાત્મ**-મોહ મમત્વ રહિત કેવળ આત્માર્થીપણે આત્મશુદ્ધિને માટે ઉપયોગ સહિત શુદ્ધ કરણી કરવામાં આવે તે ભાવ અધ્યાત્મ કહેવાય છે.

અરિહંતાદિક પરમેષ્ઠિને ચારે નિક્ષેપાએ ઉપયોગ સહિત ધ્યાવતાં અનેક ભવસંચિત કર્મમલનો ક્ષય થઇ જાય છે. પરતું કુદેવ-કુગુરૂ પ્રમુખને ધ્યાવતા થકા તો ભવભ્રમણ માત્ર ફળ મળે છે એમ સમજી સદ્ભૂત ગુણશાળી અરિહંત પ્રમુખનું જ ભવ્યજનોએ પુષ્ટ આલંબન ગ્રહ્યા કરવું

પ્રસંગોપાત મંગલ શબ્દ ઉપર સંક્ષેપથી ચાર નિક્ષેપા કહીએ છીએ તે સુજ્ઞજનોએ લક્ષમાં રાખવા.

(૧) નામ મંગળ-મંગળ એવું કોઇનું નામ રાખ્યું હોય તે.

(૨) સ્થાપના મંગળ-મંગળ એવા લખેલા અથવા કોરેલા અક્ષર અથવા તો જેનું નામ મંગલ પાડ્યું છે તેની મૂર્તિ.

(૩) દ્રવ્ય મંગળ-ભંભા, ભેરી, દહિ, દુર્વા, ગોળ, શુલ શુકન પ્રમુખ અથવા ઉપયોગ રહિત મંગળ અર્થનો જાણકાર.

(૪) ભાવ મંગળ-ઉપયોગ સહિત મંગળ પદના જાણકાર અરિહંત, સિદ્ધ, આચાર્ય પ્રમુખ શુધ્ધ આત્મ વ્યક્તિઓ.

## પ્રમાણ

**પ્રત્યક્ષ પ્રમાણ**-સર્વ પ્રત્યક્ષ અને દેશ પ્રત્યક્ષ એમ બે પ્રકારનું છે. સર્વ પ્રત્યક્ષ સર્વજ્ઞ સર્વદર્શી એવા વીતરાગ પરમાત્માને જ હોઈ શકે છે. અને દેશ પ્રત્યક્ષ તો અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાનીને હોઇ શકે છે. અત્ર સ્વપરનો સ્પષ્ટ નિશ્ચય કરાવી આપનાર જ્ઞાન જ પ્રમાણ લેખવામાં આવ્યું છે. તેથી આત્માનું સંપૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ સર્વદર્શી જ જાણી દેખી શકે છે. બીજા સાતિશય જ્ઞાની પણ તેને દેશથી જાણી દેખી શકે છે. જેમ તે પોતાના આત્માને જાણે દેખે છે તેમ જ અન્ય આત્માને જાણે દેખે છે, તથા જડ પદાર્થને પણ જાણી દેખી શકે છે. અરૂપી એવા આત્માને તેમ જ આકાશ આદિક અરૂપી જડ પદાર્થોને અતીંદ્રિય જ્ઞાન દર્શન વડે જ યથાર્થ જાણી દેખી શકાય છે. તેથીજ તે અતીંદ્રિય જ્ઞાન જ પ્રત્યક્ષ પ્રમાણ હોઈ શકે છે. નૈયાયિક દર્શની ચક્ષુ ઇંદ્રિયને પ્રત્યક્ષ પ્રમાણ કહે છે તે મિથ્યા ઠરે છે. ચક્ષુ ઇંદ્રિયથી અરૂપી દ્રવ્યો જાણી કે દેખી શકાતા જ નથી તેથી તે અપ્રમાણ છે. ફક્ત જ્ઞાન જ સ્વપરનો સારી રીતે નિશ્ચય કરી શકે છે. તેથી તે જ પ્રમાણભૂત છે. જડ એવી ઇંદ્રિયથી અતીંદ્રિય આત્માનો નિશ્ચય શી રીતે થઇ શકે?

**પરોક્ષ પ્રમાણ**-જેથી વસ્તુ ધર્મનો અસ્પષ્ટ બોધ થાય તે પરોક્ષ પ્રમાણ છે. સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન, અને આગમ એમ પરોક્ષપ્રમાણ પાંચ પ્રકારનું છે.

(૧) સ્મરણ-સંસ્કારજન્ય બોધથી અનુભવેલી બાબતનું એ એવા પ્રકારનું જ્ઞાન થવું તે સ્મરણ કહેવાય છે. જેમકે એ તીર્થંકરનું બિંબ, એ શાંતિ, એ આનંદ ઇત્યાદિ.

(૨) પ્રત્યભિજ્ઞાન-અનુભવ તથા સ્મૃતિના યોગથી જે વસ્તુ વિષયક નિશ્ચય જ્ઞાન થાય તે પ્રત્યભિજ્ઞાન કહેવાય છે. યથા આ ગૌ એ તે જાતની જ છે. ગોસદૃશ જ ગવય છે. એ જ આ જિનદત્ત છે ઇત્યાદિ.

(૩) તર્ક-આ આ છતે જ હોય, એ અન્વય વ્યાપ્તિ અને અન્યથા એ ન જ હોય, એ વ્યતિરેક વ્યાપ્તિ સંબધીજ્ઞાનને ઊહ અથવા તર્ક કહે છે. જેમ કે જે કોઇ ધૂમાડો હોય છે તે વહ્નિ છતાં જ હોય છે વહિનના અભાવે ધૂમાડાનો પણ અભાવ જ હોય છે.

(૪) અનુમાન-સ્વાર્થ અનુમાન અને પરાર્થ અનુમાન એમ બે પ્રકારનું છે.

(૫) આગમ-સર્વથા રાગદ્વેષ રહિત સર્વજ્ઞ સર્વદર્શી અર્હત્ પ્રણીત અવિરૂદ્ધ વચનને શાસ્ત્રકાર આગમ પ્રમાણ કહે છે. સમ્યગ્દષ્ટિને તે સમપણે પરિણમે છે તેથી તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. મતિ નિર્મળ હોય તો શ્રુતજ્ઞાન નિર્મળ થાય છે. પુનઃ શ્રુતજ્ઞાનના યોગે મતિ વિશેષે નિર્મળ થતી જાય છે. પરંતુ તે પ્રત્યેક જ્ઞાન ઇંદ્રિય અને મન યોગે પ્રાપ્ય હોવાથી પરોક્ષ જ કહેવાય છે. સર્વજ્ઞ પ્રણીત આગમ દીપકની પેઠે જ્ઞાન-પ્રકાશ કરી અનાદિ અજ્ઞાન અંધકારને દૂર કરે છે. જીવાજીવાદિક પદાર્થ સાર્થને સમ્યગ્ રીતે જાણવા માટે તે પરમ ઉપકારી છે. તેથી પ્રમાદ પટલને તજી આત્માર્થી જનોએ અતિ આદરપૂર્વક આરાધવા યોગ્ય છે. અત્યારે જ્યારે સાતિશય જ્ઞાનનો વિરહ છે ત્યારે તે ભવ્ય જનોને પરમ આધારભૂત છે.

(૪.૩)

# સપ્ત નયાદિ અધિકાર

## પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ.

નયનો વિષય ઘણો જ ગહન હોવાથી એ ખાસ ગુરૂગમથી સમજવા યોગ્ય છે, અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવો જોઇએ. સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાથી તેમાંથી ઘણો આત્મિક બોધ તરી આવે છે. જ્યાં સુધી આત્મદ્રવ્યનું લક્ષણ, સામાન્ય વિશેષ સ્વભાવ વિગેરે સદ્દહવામાં ને જાણવામાં નથી આવેલું હોતું, ત્યાં સુધી પ્રાયઃ ઉચ્ચ ગુણઠાણું દૂર હોય છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રીમાન્ યશોવિજયજી મહારાજે કહ્યું છે કેઃ-

**જિહાં લગે આતમ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું, તિહાં લગે ગુણઠાણું ભલું, કિમ આવે તાણ્યું?**

**આતમતત્ત્વ વિચારીએ.**

ઉક્ત ગહન વિષયમાં મારી વિશેષ કાંઈ જ સમજ નથી, પરંતુ સ્થુલ બુદ્ધિથી સામાન્ય માત્ર ખ્યાલ છે. તેથી તેમાં કોઇ ભૂલ રહી જવા પામી હોય તો તે એ વિષયના જ્ઞાતા સુજ્ઞ વાંચકો સુધારી ગ્રહણ કરે.

**(૧) નૈગમ નય** - અંશ ગુણગ્રાહી જેમ સૂક્ષ્મ નિગોદીયા જીવમાં અક્ષરનાં અનંતમાં ભાગનું જ્ઞાન છતાં સિદ્ધ સમાન કહે છે. (આઠ રૂચકપ્રદેશ નિરાવરણ હોવાથી) વળી જે કાર્ય કરવાની ઇચ્છાને કર્યું કહે. સર્વ જીવોના આઠ રૂચકપ્રદેશ નિર્મળ સિદ્ધરૂપ છે, જે જાણી એક અંશે સિદ્ધ સમાન કહે છે. તેના ત્રણ ભેદ છે ૧) ભૂતાર્થ નૈગમ, ૨) ભાવિ નૈગમ ૩) વર્તમાન નૈગમ.

**૧) ભૂત નૈગમ**-આ સમજવાને ભૂતકાળમાં વર્તમાનનું એવી રીતે આરોપણ થાય છે કે-જેમ આજે દિવાળીને દિવસે શ્રી વીરપ્રભુ મોક્ષપદને પામ્યા.

**૨) ભવિષ્ય નૈગમ**- આ નય ભાવી વાતને ભૂતવત્ માને છે, જેમકે-શ્રી જિનેશ્વરદેવને સિદ્ધ કહી શકાય.

**૩) વર્તમાન નૈગમ**- વર્તમાનના આરોપણથી જેમ (કાંઇ રાંધેલું હોય તો પણ) એમ કહેવાય છે કે-રસોઈ રંધાય છે આમાં ભૂત ક્રિયાને ગ્રહણ કરીને ભૂતકાલિક વચનનો નાશ થાય છે બીજી રીતે કેવળી સિદ્ધ છે, તે ભાવિમાં વર્તમાનનું આરોપણ થયું. ભાવાર્થ એવો છે કે-વર્તમાન કાળમાં જિન અવસ્થા છે થોડા કાળ પછી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થવાના છે. જો કે વર્તમાન જિન અવસ્થામાં સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થઇ નથી, તો પણ આરોપથી કેવળી સિદ્ધ છે એમ કહી શકાય છે.

**(૨) સંગ્રહ નયઃ**-આ નય સત્તાગ્રાહી છે સર્વ જીવ સત્તાગુણે સરખા છે. બીજમાં જેમ વૃક્ષની સત્તા છે. માત્ર નામ લેવાથી સર્વ ગુણ-પર્યાય આવે. જેમ કોઇ લાડુ જમવાનું કહે, તે ભેગા દાલ, ભાત. શાક વિગેરેનો સમાવેશ થાય છે. તેના બે ભેદ-સામાન્ય અને વિશેષ.

**૧) સામાન્ય**-સઘળા દ્રવ્ય અવિરોધ સ્વભાવવાળા છે તે સામાન્ય સંગ્રહ. દૃષ્ટાંત-જેમ એક દ્રવ્યના સદ્ભાવમાં છએ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે

**૨) વિશેષ**-જ્યારે એમ કહેવાય કે-સર્વ જીવો અવિરોધી છે તથા સંસારી અને સિદ્ધના જીવો અનંત ચૈતન્ય લક્ષણયુક્ત હોય તે જીવ કહેવાય. એ જીવના પાંચસો ત્રેસઠ ભેદ થાય છે, છતાં સઘળા જીવો અવિરોધી છે, અર્થાત્ જીવને ધારણ કરવામાં કોઈ પણ જીવને વિરોધ નથી આવતો. આ પ્રમાણે છ દ્રવ્યમાંથી એક જીવદ્રવ્ય વિશેષનું ગ્રહણ કરવાથી બીજો ભેદ સિદ્ધ થાય છે.

સામાન્ય માત્રને ગ્રહણ કરવાવાળું જ્ઞાન તે સંગ્રહ કહેવાય છે એટલે જેમાં સંપૂર્ણ વિશેષનું રહિતપણું હોય તે સામાન્ય કહેવાય. એટલે પોતપોતાની જાતને ઇષ્ટ છે તે દ્વારા સંપૂર્ણ વિશેષોનું જે એક જ રૂપથી ગ્રહણ કરાય તે સંગ્રહ, તેના બે ભેદ છે. **૧) પરસંગ્રહ ૨) અપરસંગ્રહ** તેમાં જે સંપૂર્ણ વિશેષોથી ઉદાસીન રહીને માત્ર સત્તાને જ શુદ્ધ દ્રવ્ય માને, તે પરસંગ્રહ કહેવાય છે. જેમકે સંસાર સત્પણાને લીધે એક છે. સત્પણામાં વિશેષ નહિ હોવાથી. અથવા સત્તારૂપ જ્ઞાન તો સઘળા પદાર્થમાં છે જ એમ માનવાથી, જ્ઞાન સઘળા પદાર્થોમાં છે તેથી સર્વત્ર સત્તારૂપ એકત્વ છે અને સત્તારૂપ એકત્વથી સઘળા પદાર્થોનો સંગ્રહ થાય છે. તાત્પર્ય એવું છે કે-પરસંગ્રહમાં એક સત્ રૂપપણાને ગ્રહણ કરવાથી જગતના સંપૂર્ણ વિશ્વ સત્ સ્વરૂપથી એક કહેવાય છે.

**(૩) વ્યવહાર નય**-બાહ્ય ગુણગ્રાહી છે. જેમ જીવ અમર છતાં કોઈ કહે કે-અમુક જીવને મારવાથી હિંસા થાય છે, ઇત્યાદિ અહિંસા આચાર ક્રિયા મુખ્ય છે. સંગ્રહ નયના ભેદક વિષયને દર્શાવનાર વ્યવહાર નય કહેવાય છે. તેના બે ભેદ-૧) સામાન્ય સંગ્રહ નયનો ભેદક વ્યવહાર નય અને ૨) વિશેષ સંગ્રહનો ભેદક વ્યવહાર નય.

**૧) સામાન્ય**-કોઈ કહેશે કે-જીવ અને અજીવ બંને પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળાં છે, છતાં બંનેની દ્રવ્યસંજ્ઞા કેમ થઇ શકે? તેના જવાબમાં સમજવાનું કે-દ્રવ્યનો અર્થ એવો છે કે-જે અનેક પર્યાયમાં પ્રાપ્ત થઈ જાય તે દ્રવ્ય અને તે પ્રમાણે જીવ અને અજીવ બંને સાધારણ દ્રવ્ય પદથી ગ્રહણ કરાય છે. જેમકે-જીવના દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી વિગેરે પર્યાયો છે, તેમ અજીવના સુવર્ણ મૃત્તિકાદિ દ્રવ્ય. પણ ઘટ, કુંડળ, શરાવ આદિ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. જીવ અને અજીવ બંનેના પર્યાયોમાં દ્રવ્ય અનુગત છે, માટે દ્રવ્ય એવું પદ જીવ-અજીવ બંનેને માટે સામાન્ય સંગ્રહ છે. માટે પ્રથમ ભેદ સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર નય સમજવો.

**૨) વિશેષ**-આનું તાત્પર્ય એવું છે કે-જીવદ્રવ્યના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ પાડતાં સામાન્યમાં વિશેષ વ્યવહાર નય થાય છે. આમાં પણ સંસારી જીવને સામાન્ય માની તેના દેવ મનુષ્ય, તિર્યંચ વિગેરે વિશેષ ભેદ થઈ શકે. દેવને સામાન્ય ગણી વૈમાનિક વિગેરે ચારને વિશેષ વ્યવહાર કહેવાય. એવી રીતે ઉત્તરોત્તર વિવક્ષાને અનુસારે સામાન્ય વિશેષની ભાવના કરવી જોઈએ. આ વ્યવહાર નયનું પ્રયોજન એવું છે કે-સામાન્ય સંગ્રહથી વ્યવહાર ચાલી શકતો નથી, માટે "દ્રવ્ય લાવ" એમ કહેવાથી એવી આકાંક્ષા જરૂર થાય કે-કયું દ્રવ્ય? જીવ કે અજીવ? જીવમાં પણ સંસારી કે સિદ્ધ? સંસારીમાં મનુષ્ય, દેવ વિગેરે એમ ઉત્તરોત્તર પર્યાયો થઇ શકે. આ જ રીતે સર્વત્ર સામાન્યવિશેષભાવની વ્યવસ્થા સમજી લેવી.

**(૪) ઋજુસૂત્ર નયઃ-** આ નય હંમેશાં વર્તમાનકાળની વસ્તુને ગ્રહણ કરે છે. ભૂત અને ભવિષ્યકાળ કુટિલ હોવાથી તેનો ત્યાગ કરે છે. ઋજુ શબ્દનો અર્થ સરલ થાય છે, એટલે વર્તમાનકાળ ભાવી વસ્તુને તે માને છે. ભૂતકાળ નષ્ટ થયેલો છે અને ભવિષ્યકાળ ઉત્પન્ન થયેલો નથી. તેથી તે બંને અસત્ છે. જે તેવી અસત્ વસ્તુને માનવી તે કુટિલતા છે, માટે તેને માનતા નથી. આવી ઋજુસૂત્ર નયની મુખ્ય માન્યતા છે.

ઋજુસૂત્ર નયમાં સૂત્ર શબ્દનો અર્થ વ્યવહાર અથવા પ્રવૃત્તિ પણ થાય છે. એટલે ઋજુ-સરલ છે વ્યવહાર-પ્રવૃત્તિ જેમાં, તે ઋજુસૂત્ર નય કહેવાય છે. અથવા સૂત્ર શબ્દને ઠેકાણે શ્રુત એવો શબ્દ પણ હોઇ શકે છે. એટલે તેનો એવો અર્થ થાય છે કે-જેનું શ્રુત-જ્ઞાન સરલ હોય છે, તે ઋજુશ્રુત અર્થાત્ શેષ જ્ઞાનમાં મુખ્ય ઋજુશ્રુત કહેવાય છે. વળી તેવા પરોપકાર સાધન વડે શ્રુતજ્ઞાનને જ્ઞાન માને છે. કારણ-પરની વસ્તુથી પોતાનું કાર્ય સિદ્ધ થતું નથી. માટે જે પર વસ્તુ છે તે વસ્તુ ન સમજવી. વળી નરજાતિ, નારીજાતિ અને નપુંસકજાતિ એ જુદી જુદી જાતિવાળા અને એકવચન, દ્વિવચન અને બહુવચન એ ત્રણ વચનવાળા શબ્દોથી તે નય એક જ વસ્તુને જણાવે છે. જેમકે-તટ શબ્દની તટઃ, તટી, તટમ્-એ ત્રણે જાતિ અને ગુરુઃ, ગુરૂ, ગુરવઃ- એ ત્રણે વચનો-તે જાતિ અને વચનથી એક જ વસ્તુ છે એમ એ નય દર્શાવે છે. તેમ ઋજુસૂત્ર નય ઇંદ્ર વિગેરેના નામ, સ્થાપના વિગેરે નિક્ષેપ ભેદ છે, તેને જુદા જુદા માને છે અને જે નય આગળ કહેશે તે અતિ શુદ્ધ હોવાથી જાતિ અને વચનના ભેદથી વસ્તુના ભેદ માને છે. અને નામ, સ્થાપના અને દ્રવ્ય ત્રણ નિક્ષેપોને માનતા નથી. આ પ્રમાણે ઋજુસૂત્ર નયની પ્રરૂપણા છે.

વિશેષ જે નય વર્તમાન પરિણામ ગુણગ્રાહી છે. જેમ કોઈ જીવ ગૃહસ્થ છે પણ અંતરંગ મુનિપરિણામે વર્તે છે તેથી મુનિ કહે અને મુનિમાં ગૃહસ્થના ગુણ હોવાથી ગૃહસ્થ કહે તે (જે જેવો હોય તેવો બોલાવે.) એટલે કે-આ નય ભૂત-ભવિષ્યથી રહિત કેવળ વર્તમાનકાળનો જ સ્વીકાર કરે છે. તેમાં પોતાના આત્માના અનુકૂળ કાર્યના પ્રત્યયને માને છે, પણ પર પ્રત્યયને નહિ. તેના બે ભેદ-(૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર (૨) સ્થૂલ ઋજુસૂત્ર

**૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર-** એટલે તે સૂક્ષ્મ પર્યાયને માને છે કેમકે આ નયની અપેક્ષાએ સર્વ પર્યાય ક્ષણિક છે. ઉત્પાદ વ્યય અને ધ્રુવ દરેક પદાર્થમાં ક્ષણે ક્ષણે થાય છે. અને તેથી વર્તમાનકાળે જે પર્યાયની સ્થિતિ વર્તતી હોય તેને આ નય ગ્રહણ કરે છે. જે પર્યાય વર્તમાનકાળે વર્તતો હોય તે જ અનુકૂળ વર્તમાન પર્યાયને ગ્રહણ કરે તે સૂક્ષ્મ ઋજુસૂત્ર.

**૨) સ્થૂલ ઋજુસૂત્ર-**આનો અર્થ એવો છે કે-સ્થૂલપણે વર્તમાન મનુષ્યાદિ પર્યાયને માને છે, પણ અતીત અનાગત નારક, તિર્યંચ આદિ પર્યાયને માને નહિ. વ્યવહાર નય છે તે તો ત્રણે કાળના પર્યાયને ગ્રહણ કરે છે. તેથી કરીને સ્થૂલ ઋજુસૂત્ર નયની સાથે વ્યવહાર નયનો સંકર દોષ થાય છે એમ સમજવું નહિ. કેમકે-ભૂત-ભવિષ્યની કડાકૂટથી રહિત એવા સરલ વર્તમાન ક્ષણ સ્થાયી પર્યાય માત્ર સૂચિત કરવા રૂપ જે નયનો મુખ્ય અભિપ્રાય છે તેને જ ઋજુસૂત્ર કહે છે.

**(૫) શબ્દનય-** અર્થને ગૌણપણાથી અને શબ્દને મુખ્યપણાથી જે માનવામાં આવે તે શબ્દ નય કહેવાય

છે. આ નય વર્તમાન વસ્તુને ઋજુસૂત્રથી વિશેષ માને છે. પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસક-એ ત્રણ જાતિ ભિન્ન હોવાથી તેની વાચ્યતા તે નય ભિન્ન માને છે. વળી તે એકવચન, દ્વિવચન અને બહુવચન-એ વચનના ભેદને લઇને અભિધેય-અર્થમાં પણ ભેદ માને છે. આકાશ-પુષ્પની જેમ કાર્યસાધક ન હોવાથી. નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપને તે નય માનતો નથી. આ નય પાછળના નયથી શુદ્ધ હોવાને લઇને વિશેષપણે મનાય છે. સમાન લિંગ તથા વચનવાળા ઘણા શબ્દોનો એક જ અભિધેય-અર્થ શબ્દ નય માને છે. જેમ ઇંદ્રને શક્ર, પુરંદર વિગેરે નામથી કહે છે તે શબ્દ નય છે. જો શબ્દ નયની પ્રવૃત્તિ બરાબર લક્ષ્યમાં રાખી હોય તો માનવહૃદયમાંથી કેટલીક શંકા દૂર થઈ જાય છે, અને તેથી સિદ્ધાન્તનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાય છે.

**(૬) સમભિરૂઢ નય-** એક વસ્તુનું સંક્રમણ જ્યારે બીજી વસ્તુમાં થાય, ત્યારે તે વસ્તુ અવસ્તુ થઇ જાય છે, આ મત સમભિરૂઢ નયનો છે. આ નય એવું માને છે કે-વાચકના ભેદથી વાચ્ય-અર્થનો પણ ભેદ થાય છે. જેમકે ઇન્દ્ર એ શબ્દરૂપ વસ્તુનું સંક્રમણ શક્ર શબ્દમાં થાય, ત્યારે ઇન્દ્રવાચક શબ્દ જુદો થાય છે. એટલે ઇન્દ્ર શબ્દનો અર્થ ઐશ્વર્યવાળો (इन्दति ऐश्वर्यं प्राप्नोतीतीन्द्रः) શક્ર શબ્દનો અર્થ શક્તિવાળો (शक्नोतीति शक्रः) અને પુરંદર શબ્દનો અર્થ શત્રુના નગરને નાશ કરનારો થાય છે. તે બધા ઇન્દ્રવાચક છે, પણ તેના વાચ્ય-અર્થ જુદા જુદા હોવાથી તે જુદા જુદા છે, એમ સમભિરૂઢ નય માને છે. જો એ બધા શબ્દોનો એકાર્થ માને તો અતિપ્રસંગ દૂષણ આવે, અને દૂષણને લઇને ઘટ, कुंभ વિગેરે શબ્દોનો પણ એક અર્થ થવાનો પ્રસંગ આવે (ઘટનો અર્થ જુદો છે-કુંભનો અર્થ જુદો છે) અને જ્યારે તે પ્રસંગ ઘટે તો પછી ઇન્દ્ર શબ્દ અને શક્ર શબ્દનો એક જ અર્થ થાય અને તે એક અર્થ હોવાથી, ઇન્દ્ર ઐશ્વર્યને જણાવનાર શક્ર શબ્દનો શકન-શક્તિને જણાવનારા શબ્દમાં સંક્રમિત થવાથી તે બંને એકરૂપ થઇ જાય, તો તે શબ્દની ખૂબી ઉડી જાય છે, તેથી તેમ ન થવું જોઇએ. કારણ કે-ઇન્દ્ર શબ્દનો અર્થ ઐશ્વર્યવાચક છે, તે શક્તિ અર્થને જણાવનારા શક્ર શબ્દના અર્થનો પર્યાય થઇ શકે નહિ. જો એમ થાય તો સર્વ પર્યાયોની અંદર સંકર-(મિશ્રણ) પણાનો દોષ આવે અને તે દોષને જ અતિપ્રસંગ દૂષણ કહે છે.

**(૭) એવંભૂત નય-** એવંભૂત એ નયનો શબ્દાર્થ એવો છે કે- એવં એટલે એવી રીતે ભૂત એટલે પ્રાપ્ત હોવું તે એવંભૂત કહેવાય છે. અર્થાત્ एवं किं भूतं? એવી રીતે શું થયું? એમ દર્શાવવું તે એવંભૂત નય છે. આ નય તો જે વખતે જે ક્રિયા જે પરિણામને પામેલી હોય, તે પરિણામની સ્થિતિને માન્ય રાખે છે. જેમ કે-રાજા જ્યારે સિંહાસને બેઠો હોય, છત્ર ચામરે કરી સંયુક્ત હોય તેને રાજા કહે, પણ સામાન્ય મનુષ્યની સ્થિતિમાં હોય તેને રાજા કહે નહિ. સમભિરૂઢ અને એવંભૂત-એ બેમાં એવો ભેદ જણાય છે કે-સમભિરૂઢ તો રાજા શબ્દના અર્થથી તેને ગમે તે વખતે રાજા તરીકે ગ્રહણ કરે છે અને એવંભૂત નય તો રાજાપણાંના સાહિત્યરૂપ ક્રિયામાં જ્યારે પરિણત હોય ત્યારે રાજા કહે છે. પણ સ્નાન કરતો હોય અને કોઇ રાજાપણાંનું સાહિત્ય ન હોય ત્યારે રાજા કહે નહિ. મતલબ કે જેમાં ક્રિયાનું પ્રધાનપણું હોય તેને એવંભૂત નય માન્ય રાખે છે. અને જાતિ,ગુણ,સંજ્ઞા,દ્રવ્ય તથા ક્રિયા એમ પાંચે પ્રકારે જે શબ્દોની પ્રવૃત્તિ કહેલી છે તે તો વ્યવહાર નયથી જ છે પણ નિશ્ચય નયથી નથી, એવું આ નયનું માનવું છે. તાત્પર્ય એવું છે કે-શબ્દની તો ક્રિયા વાચકતાને અનુસાર પ્રવૃત્તિ હોવી જોઇએ, કારણ-ઇન્દ્ર ઐશ્વર્યયુક્ત હોય છે. છતાં જ્યારે ઐશ્વર્ય

અનુભવ કરતો હોય ત્યારે જ ઇન્દ્ર કહી શકાય. બીજી રીતે જેમ ઘટ ધાતુ છે, તેનો અર્થ ચેષ્ટા કરે તે ઘટ કહેવાય છે. જે ચેષ્ટા ન કરે તે ઘટ પદનો વાચ્ય-અર્થ નહિ. જે ઘટ એ પદનો વાચક શબ્દ ચેષ્ટા રહિત હોય તે ઘટ કહેવાય નહિ. અને ઘટનો વાચક શબ્દ પણ નહિ. આ પ્રમાણે માનવું તે સાતમો એવંભૂત નય કહેવાય છે.

પ્રથમના ત્રણ નય નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નય-એ દ્રવ્યાર્થિક નયના ભેદ છે અને ઋજુસૂત્ર, શબ્દ સમભિરૂઢ અને એવંભૂત-એ ચાર નય પર્યાયાર્થિક નયના ભેદ છે. જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના પણ ભેદ આગળ બતાવવામાં આવશે.

સાત નય જે કહ્યા, તેમાં નિશ્ચય અને વ્યવહાર એ બે મૂલ નય છે. એ સાત નયમાં જે પહેલાં છ નય છે તે વ્યવહારમાં છે, અને છેલ્લો એવંભૂત નય નિશ્ચય નયમાં આવે છે. એ છએ નયે જે કાર્ય છે તે અપવાદે કારણરૂપ છે અને સાતમે એવંભૂત નયે જે કાર્ય છે છે. ઉત્કૃષ્ટે-ઉત્સર્ગે નિશ્ચય કાર્યરૂપ છે. તેથી જ પહેલા છ નયને વ્યવહારમાં ગણ્યા છે અને સાતમો કાર્યરૂપ જે એવંભૂત નય તેને નિશ્ચયમાં ગણ્યો છે. આ સાતે નયમાં દ્રવ્ય નય અને ભાવ નય પણ લાગુ પડે છે.તે વિષે કેટલાક વિદ્વાનોનો જુદો જુદો મત છે, તથાપિ એકંદર રીતે તેમનો આશય એક જ છે.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી મહારાજ નૈગમ, સંગ્રહ વ્યવહાર અને ઋજુસૂત્ર-એ ચાર નયમાં નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપ દ્રવ્યાસ્તિકપણે રહેલા છે અને શબ્દાદિક ત્રણ નય પર્યાયાસ્તિકપણે ભાવ નિક્ષેપમાં રહેલા છે એમ કહે છે. અને શ્રીસિદ્ધસેનદિવાકરજી મહારાજ પ્રથમના નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયમાં દ્રવ્યાસ્તિકપણે ત્રણ નિક્ષેપા અને ઋજુસૂત્ર વિગેરે ચાર નયમાં પર્યાયાસ્તિકપણે ભાવ નિક્ષેપામાં રહેલા છે એમ કહે છે. આ પ્રમાણે તેમના જુદા જુદા મત છે, તથાપિ તેમનો આશય એક જ છે, અને બંને આચાર્ય મહારાજઓનું વચન પ્રમાણ છે તે આ રીતેઃ-

વસ્તુની ત્રણ અવસ્થા કહેવાય છે.૧-પ્રવૃત્તિ ૨-સંકલ્પ અને ૩-પરિણતિ. જે વસ્તુની અંદર યોગ વ્યાપારરૂપ ક્રિયા છે તે પ્રવૃત્તિ કહેવાય છે. ચેતનાના યોગ સાથે મનનો વિકલ્પ તે સંકલ્પ અને પરિણામ રૂપાંતર પામવું તે પરિણતિ કહેવાય છે. તેથી કોઇ આચાર્ય પ્રવૃત્તિધર્મ અને સંકલ્પધર્મ એ બંનેને ઔદયિક મિશ્રિતપણાને લઇને દ્રવ્ય નિક્ષેપો કહે છે. અને જે વસ્તુનો પરિણતિધર્મ છે તેને ભાવ નિક્ષેપો કહે છે. કોઇ આચાર્ય તો વિકલ્પ તે જીવની ચેતના માટે તેને ભાવ નયમાં ગવેષે છે અને પ્રવૃત્તિને વ્યવહાર નયમાં માને છે. સંકલ્પને ઋજુસૂત્ર નયમાં ગણે છે અને પરિણતિમાં એકવચન પર્યાયરૂપ તે શબ્દ નયમાં ગણે છે, વળી બીજા નયને માટે એમ પણ માને છે કે સંકલ્પ વચન પર્યાયરૂપ સમભિરૂઢ નય વચન તથા અર્થના પર્યાયરૂપ એવંભૂત નય અને તે ત્રણ શુદ્ધ નય ગણાય છે.

નિશ્ચય અને વ્યવહાર નય જે કહેવાય છે, તેમાં વ્યવહાર નયનાં ભેદ થઇ શકે છે, તે અશુદ્ધ વ્યવહાર અને શુદ્ધ વ્યવહાર.

**પહેલો ભેદ ઉદયભાવરૂપ વ્યવહાર નય**-આપણા શરીરમાં જે જીવ છે, તે જીવને રાગદ્વેષઅજ્ઞાનરૂપ

અશુદ્ધતા અનાદિકાળથી લાગી રહેલ છે. તે જીવ અશુદ્ધ વ્યવહાર નયે છે. અને અશુદ્ધતાની ચીકાશને લઇને જીવને પ્રકૃતિરૂપ સત્તાપણે કર્મરૂપ દલીયા રહેલાં છે તે જો કે સંગ્રહ નયને મતે છે તથાપિ વ્યવહારરૂપે જાણવાના છે. જે જીવે અતીતકાલે કર્મના દલીયા ગ્રહણ કરેલ હતા અને ભવિષ્યકાલે ભોગવવાના છે. અને વર્તમાનકાલે સત્તાએ રહી પ્રવર્તે છે વળી તે દલીયા સ્થિતિ પાકે વ્યવહાર નયે ઉદયરૂપભાવે અજ્ઞાનપણે ઉપયોગ વિના એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વિગેરે સંમૂચ્છિંમ જીવો ભોગવે છે. તે ઉદયભાવરૂપ વ્યવહાર નય કહેવાય છે તાત્પર્ય એવું છે કે-અશુદ્ધ વ્યવહાર નયમાં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નય પ્રવર્તે છે. ઋજુસૂત્ર નય તે ઉપયોગમાં વર્તે છે.

**બીજો ભેદ ઉપચરિત વ્યવહાર નય**-અશુદ્ધ વ્યવહારનો બીજો ભેદ ઉપચરિત વ્યવહાર નય જે જીવ આ સંસારના દરેક પદાર્થો, જેવા કે- ઘર, હાટ, મકાન, ભાઈ, પિતા, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ગ્રામ, ગરાસ, લક્ષ્મી વિગેરે કે જે પ્રત્યક્ષપણે તેનાથી જુદા છે, છતાં પોતે તેનો સ્વામીરૂપ કર્તા થઇ પ્રવર્તે છે, અને ઋજુસૂત્ર નયના ઉપયોગ સાથે વર્તે છે. તે ઉપચરિત વ્યવહાર નય કર્તા કહેવાય છે,અને તેની ચીકાશથી જીવ શુભ-અશુભ કર્મરૂપી દલીયા ગ્રહાણ કરે છે. તે ગ્રહણ કરવા તે રૂપ વ્યવહાર નય છે. અને કોઇ જીવ ચૈત્ય, ઉપાશ્રય, જ્ઞાનના ઉપકરણો વિગેરે સારા પદાર્થો કે જે તેનાથી ભિન્ન છે. છતાં જીવ તે ઉપર પોતાનું સ્વામીત્વ માને તે પણ ઉપચરિત વ્યવહાર નય છે. અને તે શુભ સાધનોની ચીકાશથી શુભ કર્મરૂપ દલીયા ગ્રહણ કરે છે. તે ગ્રહણ કરવારૂપ જ વ્યવહાર નય સમજવો. ઉપચરિત વ્યવહાર નયે કરી શુભાશુભરૂપ બે પ્રકારે દલિયાનુ ગ્રહણ કરી, તે દલીયા જીવે પોતાની પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે. તે સંગ્રહ નયના મતે છે, પણ તે વ્યવહારરૂપ ગણાય છે અને નૈગમ નયના મત પ્રમાણે જીવે ભૂતકાલે જે દલિયા ગ્રહણ કર્યાં હતાં અને આવતે ભવિષ્યકાળે ભોગવશે તથા વર્તમાનકાળે પ્રકૃતિરૂપ સત્તાપણે રહ્યા છે, તે નૈગમ નય જાણવો અને વ્યવહાર નયના મતે તે દલિયા સમ્યક્ત્વધારી જીવ ઉદયરૂપભાવે ઉદાસપણે ભિન્ન રહી ભોગવે છે, તેમાં ભોગવવારૂપ તે કોરો વ્યવહાર નય સમજવો અને જે મિથ્યાત્વી જીવ ઋજુસૂત્રના ઉપયોગ સાથે રહી માંહે મળી ભોગવે છે, તે બાધકરૂપ વ્યવહાર નય સમજવો. આ પ્રમાણે ઉપચરિત વ્યવહાર નયમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નય જાણી લેવા.

**ત્રીજો ભેદ અશુભ વ્યવહાર નય**- જે જીવ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, નિંદા, ઇર્ષા, ચાડી, મૃષા, અદત્ત, મૈથુન ઇત્યાદિક અનેક પ્રકારે વિવાહ વિગેરે વ્યાપાર વાણિજ્યરૂપ કરણી ઋજુસૂત્રના ઉપયોગ સહિત કરે, તે અશુભ વ્યવહાર કહેવાય છે. અને તેની ચીકાશે અશુભ કર્મરૂપ દલીયાનું ગ્રહણ કરવું તે ગ્રહવારૂપ વ્યવહાર નય જાણવો. પૂર્વની જેમ તેમાં પણ નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નય પ્રવર્તે છે.

**ચોથો ભેદ શુભ વ્યવહાર નય**- કોઈ જીવ દાન,શીલ,તપ,ભાવ,દયા,સેવા,ભક્તિ,પૂજા, અને પ્રભાવના વિગેરે શુભ કરણી ઋજુસૂત્ર નયના ઉપયોગ સહિત કરે, તે શુભ વ્યવહાર નય અને તેની ચીકાશે શુભ

કર્મરૂપ દલિયાનુ ગ્રહણ કરવું તે ગ્રહવારૂપ વ્યવહાર નય સમજવો. તે નયમાં નૈગમ, સંગ્રહ,વ્યવહાર અને ઋજુસૂત્ર-એ ચાર નય આવી શકે છે.

**પાંચમો ભેદ અનુપચરિત વ્યવહાર નય-** કોઇ જીવ ઋજુસૂત્ર નયના ઉપયોગે અજાણપણે શરીરાદિક દ્રવ્યકર્મરૂપ પરવસ્તુ કે જે પોતાથી પ્રત્યક્ષપણે જુદી છે, તેને જીવ અજ્ઞાને કરી પોતાની જાણે છે, અને પોતાના શરીરને વિષે જીવબુદ્ધિ રાખે છે, તે અનુપચરિત વ્યવહાર નયથી કર્તા છે એમ સમજવું. અને તે અનુપચરિત વ્યવહાર નયમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નય ઘટાવી શકાય છે.

આ પ્રમાણે અશુદ્ધ વ્યવહાર નયના મૂલ ભેદ એક અને તેના પાંચ ઉત્તરભેદ છે, અને તે દરેક પદાર્થમાં ઘટાવી વસ્તુરૂપ યથાર્થ રીતે ઓળખી શકાય છે.

**શુદ્ધ વ્યવહાર નય-** શબ્દ નયના મતે સમ્યક્ત્વભાવથી માંડીને છઠ્ઠા તથા સાતમા ગુણઠાણા પર્યંત સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સર્વ શુદ્ધ વ્યવહાર નયે વર્તે છે. તેમાં પાંચ નયની ઘટના થાય છે તે આ રીતે-

પહેલા નૈગમ નયના મતે આઠ રૂચક પ્રદેશ સદાકાલ સિદ્ધ સમાન નિર્મલા છે, બીજા સંગ્રહ નયને મતે સિદ્ધસમાન પોતાના આત્માની સત્તા અસંખ્યાત પ્રદેશરૂપ છે, ત્રીજા વ્યવહાર નયના મતે ઉપરથી ગુણઠાણા માફક પોતાની કરણી કરે છે, ચોથા ઋજુસૂત્ર નયના મતે સંસાર તરફ ઉદાસી વૈરાગ્યરૂપ પરિણામ વર્તે છે અને પાંચમા શબ્દ નયના મતે જીવ-અજીવરૂપ સ્વ-પરની વ્હેંચણ કરી જેવી હતી તેવી જ શુદ્ધ-નિર્મળ સ્વ-આત્માની પ્રતીતિ કરી છે. એવી રીતે સમ્યક્ત્વભાવથી માંડીને છઠ્ઠા-સાતમા ગુણઠાણા પર્યંત ઉપરથી વ્યવહારદષ્ટિએ જોતાં એક શબ્દ નય અને અંતરંગ નિશ્ચય દષ્ટિએ પાંચ નય જાણવા. એ શબ્દ નયને મતે શુદ્ધ વ્યવહારનું સ્વરૂપ કહેલું છે.

હવે સમભિરૂઢ નયને મતે આઠમા-નવમા ગુણઠાણાથી માંડીને તેરમા ચૌદમા ગુણઠાણા પર્યંત કેવળી ભગવાન તે શુદ્ધ વ્યવહાર નયે વર્તે છે. તેમાં છ નય ઘટાવી શકાય છે. જે ઘટાવાથી શુદ્ધ વ્યવહાર નયનું સ્વરૂપ સારી રીતે જાણી શકાય છે. તે આ રીતે-

પોતાના આત્મની સિદ્ધ સમાન સત્તા જે આગળ ઓળખી હતી તે શુદ્ધ નિર્મળપણે પ્રગટ કરી છે. એ સંગ્રહ નયનો મત છે.

આઠ રૂચક પ્રદેશ જે આગળ આવરણ રહિત હતા તે તેવા ને તેવા જ વર્તે છે, એ નૈગમ નયનો મત છે.

અંતરકરણીરૂપ સ્વરૂપમાં રમવારૂપ ક્રિયા કરે છે અને બાહ્ય કરણીરૂપ ક્રિયા પણ સાચવે છે, એ વ્યવહાર નયના મતે છે.

જે શુદ્ધ ઉપયોગમાં વર્તે છે, તે ઋજુસૂત્ર નયના મતે છે. ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ પ્રગટયો છે તે પણ પોતાની પાસે છે, તે શબ્દ નયના મતે છે.

શુક્લ ધ્યાનરૂપ શ્રેણિભાવના ત્રીજા પાયાની અંતરાલે રહી વર્તે છે, એ સમભિરૂઢ નયના મતે છે.

એ રીતે શ્રેણિભાવ પર્યંત કેવલી ભગવાનના સ્વરૂપમાં ઉપરથી વ્યવહારદષ્ટિએ તો એક સમભિરૂઢ નય કહેવાય છે, અને અંતરંગદષ્ટિએ જોતાં તો છ નય જાણી લેવા. આ પ્રમાણે સમભિરૂઢ નયને મતે શુદ્ધ વ્યવહારનું સ્વરૂપ કહેલું છે.

**શુદ્ધ નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ-** એવંભૂત નયને મતે અષ્ટકર્મનો ક્ષય કરી અષ્ટગુણસંપન્ન લોકને અંતે વિરાજમાન છે અને સાદિ અનંતમે ભાગે વર્તે છે, એવા સિદ્ધ પરમાત્મા તે શુદ્ધ નિશ્ચય નય સમજવા. તેની અંદર સાતે નયની પ્રાપ્તિ થાય છે તે આ રીતેઃ-

સિદ્ધ પરમાત્માને આઠ રૂચક પ્રદેશ જે ભૂતકાલે નિરાવરણ હતા, ભવિષ્યકાલે નિરાવરણ રહેશે અને વર્તમાનકાલે નિરાવરણ રહે છે, તે નૈગમ નયના મતે છે.

જે સિદ્ધ પરમાત્માએ પોતાના આત્માની સત્તા અંતરંગ શુદ્ધ નિર્મળપણે જેવી હતી જ નિરાવરણપણે પ્રગટ કરેલી છે, તે બીજા સંગ્રહ નયને મતે છે.

જે પલટણ[1] સ્વભાવે પ્રતિસમય નવા નવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાદ વ્યય થઈ રહ્યો છે, તે ત્રીજા વ્યવહાર નયને મતે છે.

જે સિદ્ધ પરમાત્મા પોતાના પારિણામિકભાવે રહી સામાન્ય વિશેષરૂપ ઉપયોગમાં સદાકાલ વર્તે છે, તે ચોથા ઋજુસૂત્ર નયના મતે છે.

જે આગળ જીવ-અજીવની વ્હેંચણ કરી ક્ષાયિક સમ્યકત્વરૂપ ગુણ પ્રગટયો છે, તે પણ પોતાની પાસે છે, તે પાંચમા શબ્દ નયને મતે છે.

જે અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી છે તે પણ પોતાની પાસે છે, તે છટ્ઠા સમભિરૂઢ નયને મતે છે.

સિદ્ધ પરમાત્મા અષ્ટકર્મનો ક્ષય થતાં અષ્ટ ગુણ પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન વર્તે છે, તે એવંભૂત નયનો મત છે.

એવી રીતે સિદ્ધના સ્વરૂપમાં અંતરંગ દષ્ટિએ જોતાં કાર્યરૂપ સાતે નય પ્રાપ્ત થઈ શકે છે અને ઉપરથી વ્યવહાર દષ્ટિએ જોતાં તો એક એવંભૂત નય આવી શકે છે.

એ સાતે નયની ઘટના કયા પદાર્થ ઉપર લગાડવી ઉત્તમ છે? અને તેમાંથી કઈ કઈ બાબત જાણવા યોગ્ય છે તે નીચે પ્રમાણેઃ-

પ્રથમ તો છ દ્રવ્યમાં સાતે નય લગાડવા જોઇએ. જેમ કે આકાશ પ્રદેશ છે, તેની અંદર સાતે નય પ્રવર્તે છે. આકાશ પ્રદેશ એક છતાં નૈગમ નયના મતે તે છ દ્રવ્યોથી મિશ્રિત છે. સંગ્રહ નયને મતે એક કાલદ્રવ્ય અપ્રદેશી છે, કારણ કે-સર્વ લોકમાં તેનો એક સમય વ્યાપી રહેલો છે. તેથી તે આકાશ પ્રદેશમાં કાલ જુદો નથી. માટે સંગ્રહ નયના મતે એક કાલ દ્રવ્ય વિના બાકીના પાંચ દ્રવ્યનો એક પ્રદેશ કહી શકાય છે. તથા

૧. પરિવર્તન

વ્યવહાર નયને મતે જે દ્રવ્ય જેમાં મુખ્ય દેખાય છે, તે દ્રવ્યનો એ પ્રદેશ કહેવાય છે. તથા ઋજુસૂત્ર નયને મતે જે સમયે જે દ્રવ્યનો ઉપયોગ આપી પૂછાય, તે સમયે તે પ્રદેશ તે દ્રવ્યનો કહેવાય છે. જેમ ધર્માસ્તિકાયનો ઉપયોગ આપી પૂછવામાં આવે, તો તે ધર્માસ્તિકાયનો પ્રદેશ કહેવાય છે અને જો અધર્માસ્તિકાયનો ઉપયોગ આપી પૂછીએ તો તે અધર્માસ્તિકાયનો પ્રદેશ કહેવાય છે એવી રીતે જે સમયે જે દ્રવ્યનો ઉપયોગ આપી પૂછવામાં આવે તે પ્રદેશ તે દ્રવ્યનો કહેવામાં આવે છે. વળી જે દ્રવ્યનું નામ લઈ પૂછવામાં આવે, તે પ્રદેશ તે દ્રવ્યનો કહેવાય એ શબ્દ નયના મતથી સમજવું. એક આકાશ પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહ્યો છે. તથા અધર્માસ્તિકાયનો પણ એક પ્રદેશ રહ્યો છે. તથા જીવ અનંતાના અનંતા પ્રદેશ રહ્યા છે અને પુદ્ગલ પરમાણુઓ પણ અનંતા રહ્યા છે. એ સમભિરૂઢ નયનો મત છે. અને જે સમયે જે પ્રદેશ જે દ્રવ્યનો ગણાય છે, એ એવંભૂત નયનો મત છે.

આ પ્રમાણે આકાશ પ્રદેશમાં છ દ્રવ્યનું સ્વરૂપ સાત નયથી જાણી શકાય છે અને તે જાણવાથી વસ્તુસ્વરૂપનો નિઃશંક બોધ પ્રાપ્ત થાય છે

હવે જેવી રીતે વસ્તુસ્વરૂપમાં ઘટાવ્યું તેવી રીતે લૌકિક વાર્તાના દષ્ટાતમાં ઘટાવે છે તે આ રીતેઃ-

કોઈ વિદ્વાને પૂછ્યું તમે ક્યાં રહો છો?

ઉ.-હું આ લોકમાં રહું છું.

પ્ર.-લોક તો ત્રણ છે, તેમાં ક્યા લોકમાં રહો છો?

ઉ.-હું તિર્ચ્છા લોકમાં રહું છું

પ્ર.-તે લોકમાં તો અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્ર છે, તેમાં તમે ક્યા દ્વીપમાં રહો છો?

ઉ.-હું જંબૂદ્વીપમાં રહું છું.

પ્ર.-જંબૂદ્વીપમાં ઘણા ક્ષેત્રો છે, તેમાં તમે ક્યા ક્ષેત્રમાં રહો છો?

ઉ.-હું ભરતક્ષેત્રમાં રહું છું.

પ્ર.-ભરતક્ષેત્રમાં બત્રીશ હજાર દેશ છે, તેમાં ક્યા દેશમાં વસો છો?

ઉ.-હું સૌરાષ્ટ્ર દેશમાં વસું છું.

પ્ર.-સૌરાષ્ટ્ર દેશમાં ઘણા શહેરો અને ગામો છે, તેમાં તમે ક્યા શહેરમાં કે ગામમાં વસો છો?

ઉ.-હું પાલીતાણા નગરીમાં રહું છું.

પ્ર.-તે નગરીમાં ઘણી શેરીઓ છે, તેમાં તમે કઈ શેરીમાં રહો છો?

ઉ.-હું ભાટ શેરીમાં રહું છું.

આ પ્રશ્નો અને ઉત્તરો આપ્યા તેમાં શુદ્ધ નૈગમ નય ઘટે છે.

હવે બીજું દષ્ટાંત-કોઈ આસ્તિક શ્રાવક હતો. તેને કોઈ ઉત્તમ પુરૂષે સંગ્રહ નયને મતે પૂછ્યું કે-તમે ક્યાં વસો છો?

ઉ. હું શરીરમાં વસું છું.

પછી તેણે વ્યવહાર નયે પૂછ્યું-તમે ક્યાં વસો છો?

ઉ.હું સંથારા-બિછાના ઉપર બેઠો છું.

પછી તેણે ઋજુસૂત્ર નયને મતે પૂછ્યું-તમે ક્યાં વસો છો?

તેણે કહ્યું-હું ઉપયોગમાં રહું છું.(અહીં જ્ઞાન-અજ્ઞાનનો ભેદ પાડવામાં આવતો નથી.)

પછી તેણે શબ્દ નયને મતે પૂછ્યું-તમે ક્યાં રહો છો?

તેણે કહ્યું-હું સ્વભાવમાં રહું છું.

પછી તેણે સમભિરૂઢથી પૂછ્યું - તમે ક્યાં રહો છો?

તેણે કહ્યું-હું ગુણમાં રહું છું.

પછી એવંભૂત નયને અનુસરી પૂછ્યું - તમે ક્યાં રહો છો ?

તેણે ઉત્તર આપ્યો કે-હું જ્ઞાન, દર્શન અને ચારિત્રરુપ ગુણમાં રહું છું.

આ પ્રમાણે એક જાતના પ્રશ્નમાં સાતે નય ઘટાવી શકાય છે.

હવે જીવ ( આત્મા ) ઉપર ઘટાવી સમજાવે છે.

જીવ ગુણ-પર્યાય સહિત છે. શરીરમાં જીવપણું માનવાથી બીજા પુદ્‌ગલ તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય સર્વે જીવમાં ગણાણા, તે નૈગમ નય સમજવો.

અસંખ્યાત પ્રદેશી જીવમાં આકાશ પ્રદેશ ટાળી બાકી સર્વ દ્રવ્ય ગણાણા, એ સંગ્રહ નયનો મત છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તથા બીજા પુદ્‌ગલો ટાળ્યા પણ પંચેન્દ્રિય મન લેશ્યાના પુદ્‌ગલ છે તે જીવમાં ગણ્યા તે વ્યવહાર નયનો મત છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - એ નયના મતથી એમ મનાય છે કે જે વિષયાદિક છે તેને તો ઈન્દ્રિયો ગ્રહે છે. તેથી તે જીવથી જુદાં છે છતાં તેને જીવની સાથે ગ્રહણ કરેલા છે.

જે ઉપયોગવંત છે તે જીવ છે. એટલે સર્વ ઈન્દ્રિયાદિકને જીવથી જુદા ટાળ્યા અને જ્ઞાન તથા અજ્ઞાનનો ભેદ જીવથી જુદો ટાળ્યો નહિ, એ ઋજુસૂત્ર નયનો મત છે.

નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ અને ભાવજીવ એ ચાર નિક્ષેપે જીવપણું છે. તેમાં ગુણી કે નિર્ગુણી એવો ભેદ ન ગણ્યો એ શબ્દ નયનો મત છે.

જે જ્ઞાનાદિ ગુણવંત તે જીવ એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ઇત્યાદિક સાધક સિદ્ધરૂપ પરિણામ તે જીવનું સ્વરૂપ છે, આ પ્રમાણે માનવું તે સમભિરૂઢ નયની પ્રવૃત્તિ છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર જે શુદ્ધ સત્તા માત્ર તે જીવ છે, એવી રીતે સિદ્ધઅવસ્થાના ગુણોનું ગ્રહણ કરવું તે એવંભૂત કહેવાય છે.

એ રીતે જીવની અંદર સાત નયની ઘટના થાય છે.

હવે ધર્મ ઉપર ઘટાવે છે.

આ જગતમાં સર્વે ધર્મને ચાહે છે અને તેથી સર્વ ધર્મને તેઓ ધર્મને નામે બોલાવે છે, એ નૈગમ નયનો મત છે.

જે અનાચારને છોડી કુલાચારને ધર્મ માને - એટલે જે વડીલોએ આચરેલો તે ધર્મ માને, તે સંગ્રહ નયનો મત છે.

જે સુખનું કારણ તે ધર્મ કહેવાય-એટલે પુણ્યરૂપ કરણી તે ધર્મ, એ વ્યવહાર નયનો મત છે.

ઉપયોગ સહિત ઉદાસભાવે વૈરાગ્યરૂપ પરિણામ તે ધર્મ-એટલે જે યથાપ્રવૃત્તિકરણરૂપ પરિણામ પ્રમુખને ધર્મ કરી માને છે અને તે તો પહેલે ગુણઠાણે મિથ્યાત્વીને પણ થાય, એ પ્રમાણે ઋજુસૂત્ર નયનો મત છે.

જે અંતરંગ સત્તાગતના ભાસનરૂપ સમ્યક્ત્વ તે ધર્મ છે. એટલે જે સમ્યક્ત્વ છે તે ધર્મનું મૂળ છે એમ જાણવું તે શબ્દ નયનો મત છે.

જીવ-અજીવરૂપ નવતત્ત્વ, ષટ્દ્રવ્ય, નય, નિક્ષેપા, પ્રમાણ, ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહાર, દ્રવ્ય, ભાવનું સ્વરૂપ જાણી જીવસત્તાનું ધ્યાન કરવું અને અજીવસત્તાનો ત્યાગ કરવો અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ શુદ્ધ નિશ્ચય નયના પરિણામ તે ધર્મ જાણે, તે સમભિરૂઢ નયનો મત છે. એ નયના મતવાળો સિદ્ધરૂપ પરિણામ તે ધર્મપણે કરી માને છે.

શુદ્ધ શુક્લધ્યાન, રૂપાતીત પરિણામ, ક્ષપકશ્રેણી-એ કર્મક્ષયના જે કારણો છે તેને સાધન ધર્મ તરીકે જાણે અને જીવનો મૂલ સ્વભાવ મોક્ષરૂપ કાર્ય નિષ્પન્ન-સિદ્ધિમાં રહે તે ધર્મ માનવો તે એવંભૂત નયનો મત છે.

એ પ્રમાણે ધર્મની અંદર સાતે નયની ઘટના થાય છે.

ઉપર કહેલા સાત નય જો અવધારણ-નિશ્ચય સહિત હોય તો તે દુર્નય કહેવાય છે. અને જો તે અવધારણ રહિત હોય તે સુનય કહેવાય છે. જ્યારે સર્વ સુનય મળે છે, ત્યારે સ્યાદ્વાદ-જૈનમત પ્રતિપાદિત થાય છે.

જૈન સિદ્ધાંત અને જૈનમત સમજવાને માટે ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યનું સ્વરૂપ અને સાત નય જાણવા જોઈએ જ્યાં સુધી સાત નયનું સ્વરૂપ સમજવામાં આવે નહિ, ત્યાં સુધી તત્ત્વનું સ્વરૂપ સમજવામાં આવતું નથી. છ દ્રવ્ય, જીવ, અજીવ વિગેરે સર્વ પદાર્થો અને તેની ઘટના નયની રીતિથી જ સમજાય છે.

પ્રથમ આત્માને માટે થોડું જાણવું જોઇએ આપણા સર્વજ્ઞ પરમાત્માએ આત્માને ત્રણ પ્રકારે જણાવ્યો છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

જે જીવ મિથ્યાત્વના ઉદયથી શરીર, સ્ત્રી, ધન, પુત્ર, પુત્રી વિગેરે પરિવારમાં તથા પોતાના ગૃહ, વૈભવ,

નગર, દેશ, મિત્ર વિગેરે ઇષ્ટ વસ્તુઓમાં રાગબુદ્ધિ અને શત્રુ વિગેરે અનિષ્ટ વસ્તુઓમાં દ્વેષબુદ્ધિ ધારણ કરે છે, તે બહિરાત્મા કહેવાય છે. તેને વિદ્વાનો ભવાભિનન્દી પણ કહે છે, કારણ કે-તે જીવ બાહ્ય વસ્તુને તત્ત્વ સમજે છે અને ભોગવિલાસમાં આનંદ માને છે. બાહેરની વસ્તુઓ ઉપર પોતાના જીવનનો ઉપયોગ કરનાર જીવ બહિરાત્મા કહેવાય છે.

જે જીવ ચોથાથી બારમે ગુણસ્થાને રહી અંતર્દષ્ટિવાળો હોય, તે અંતરાત્મા કહેવાય છે. તેવા જીવને તત્ત્વ ઉપર શ્રદ્ધા હોય છે. તે કર્મના બંધના હેતુઓને સારી રીતે જાણે છે. તે લાભ તથા હાનિને સમાન રીતે જાણે છે, સુખ-દુઃખમાં સરખી રીતે વર્તે છે, હર્ષ-શોક ધારણ કરતાં નથી અને સદા પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરે છે. એ અંતરાત્મા જીવ ઉત્તમ મનોવૃત્તિને લઈ સમજે છે કે-જ્યારે કર્મ ઉદય આવે ત્યારે જીવ પોતે જ પોતાની મેળે ભોગવે છે, તેને કોઈ પણ સહાય કરી શકતું નથી. જ્યારે તેને કોઈ પણ દ્રવ્યની હાનિ-નુકશાની થાય છે, ત્યારે તે અંતરાત્મા જીવ પોતાના મનમાં એવો વિચાર કરે છે કે- 'જે દ્રવ્યાદિ વસ્તુ નષ્ટ થઈ છે તે પર વસ્તુ છે. તેની સાથે મારે કાંઇ પણ સંબંધ નથી. મારો સંબંધ તો આત્મપ્રદેશમાં ભાવ સંબંધે કરી સમેત છે. તે સંબંધ જ્ઞાન લક્ષણવાળો છે. તે મારો સંબંધ કદી પણ નષ્ટ થવાનો નથી.' આ પ્રમાણે વિચાર કરનાર અંતરાત્માને દ્રવ્યાદિકની હાનિ થવાથી કાંઇ શોક થતો નથી. કદી કોઇ દ્રવ્યાદિકનો લાભ પ્રાપ્ત થાય, તો તે સુજ્ઞ જીવ પોતાના હૃદયમાં વિચારે છે કે - 'આ પૌદ્ગલિક વસ્તુની સાથે મારો સંબંધ થયો, તેથી મારે તે ઉપર ખુશી થવાનું શું છે?' આ પ્રમાણે મનન કરનારો માનવ આત્મા તેથી તે ઉપર રાગ ધારણ કરતો નથી. આવા પ્રકારના જે જીવો તે અંતરાત્મા કહેવાય છે.

પોતાના શુદ્ધ સ્વભાવને પ્રતિબંધ કરનારા કર્મરૂપી શત્રુઓને હણી, નિરૂપમય કેવળજ્ઞાનાદિ સંપત્તિ પ્રાપ્ત કરી જે જગતના સર્વ પદાર્થોને કરામલવત્ જાણે છે અને અવલોકે છે, તે તેરમા તથા ચૌદમા ગુણસ્થાને રહેનારો જીવ પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેવાથી સિદ્ધાત્મા અથવા પરમાત્મા કહેવાય છે.

આ ત્રણ પ્રકારના આત્માને વિષે જે પહેલો બહિરાત્મા કહ્યો તે ભવાભિનન્દી હોવાથી અધમ ગણાય છે, તેથી તેને ઉચ્ચ સ્થિતિ મેળવવાને માટે અંતરાત્મા થવાની જરૂર છે. તે અંતરાત્માની પદવી પ્રાપ્ત કરવાને તેણે જીવ-અજીવ વિગેરે નવતત્ત્વો અને દેવ, ગુરૂ, ધર્મ-એ ત્રણ તત્ત્વો તથા છ દ્રવ્ય તત્ત્વો એનું જ્ઞાન મેળવવું જોઈએ.

જૈનશાસ્ત્રમાં જીવાસ્તિકાય આદિ છ દ્રવ્ય તત્ત્વ કહેવાય છે. તેમાં પ્રથમ દ્રવ્યનું લક્ષણ શું? એમ સમજવાથી દ્રવ્ય-ગુણ-પર્યાય સારી રીતે જાણવામાં આવે છે. દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ સમજાય એથી છ દ્રવ્ય તત્ત્વો સહેલાઈથી સમજી શકાય છે.

**દ્રવ્ય-** આ જગતમાં દ્રવ્યનું લક્ષણ સત્ કહેવાય છે. જે સત્ છે તે દ્રવ્ય છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' ઉત્પત્તિ, વિનાશ, ધ્રુવતા-એ ત્રણથી જે યુક્ત હોય તે સત્ કહેવાય છે.અર્થાત્, જે વસ્તુ ઉત્પન્ન થાય, સ્થિર થાય અને નષ્ટ થાય તે સત્ કહેવાય છે. જે દ્રવ્ય ગુણ અને પર્યાયનું સ્થાનક છે, અને જે અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળને વિષે એક જ સ્વરૂપમાં રહે પરંતુ પર્યાયમાં જેમ ફેરફાર થાય છે, તેમ તે પોતે

પોતાનો સ્વસ્વભાવ મૂકી પરભાવપણું અંગીકાર ન કરે તેવા પ્રકારના દ્રવ્યને નિજજાતિદ્રવ્ય એટલે સ્વસ્વભાવરૂપ દ્રવ્ય કહેવાય છે. જેવી રીતે જ્ઞાનાદિક ગુણપર્યાયનું ભાજન જીવદ્રવ્ય ગણાય, રૂપાદિક ગુણપર્યાયનું સ્થાન પુદ્ગલદ્રવ્ય ગણાય, ઘટાદિ ગુણપર્યાયનું ભાજન માટી દ્રવ્ય ગણાય.

**પર્યાય-** દ્રવ્યને માટે પર્યાયને લઈને બે પ્રકાર દર્શાવ્યા છે. એક અગુરૂલઘુ દ્રવ્ય, બીજું ગુરૂલઘુ દ્રવ્ય. તેમાં જે સ્થિર હોય તે અગુરૂલઘુ કહેવાય છે. દાખલા તરીકે સિદ્ધક્ષેત્ર. સિદ્ધક્ષેત્ર કદી પણ ચલાયમાન થતું નથી તેથી તે અગુરૂલઘુ કહેવાય છે. જે વસ્તુ તિર્છી ગતિ કરનાર કે ચલિત હોય તે ગુરૂલઘુ કહેવાય છે. તેના દાખલા તરીકે-પવન. તે અગુરૂલઘુ દ્રવ્યનો જે વિકાર તે સ્વભાવ પર્યાય અને સ્વભાવ પર્યાયથી જે ઉલટો તે વિભાવ પર્યાય કહેવાય છે. દ્રવ્યની ક્રમિક એક પછી એક એમ પ્રગટ થનાર અવસ્થાઓને પર્યાય કહે છે. જેમ મનુષ્યાદિ અવસ્થાઓ અનુક્રમે એક પછી એક ઉત્પન્ન થાય છે, પણ તેમાંના એક પણ અવસ્થા સ્થાયી રહેતી નથી જેમકે-મનુષ્યપણું અમુક કાળપર્યંત હોય છે, ત્યાર પછી તિર્યંચપણું થાય, પછી દેવપણું પ્રાપ્ત થાય, તથા મનુષ્યપણામાં બાલ્ય, યૌવન અને વૃદ્ધત્વાદિ અવસ્થાઓ, પુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ પર્યાયો છે. આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના જીવ અને પુદ્ગલ સાથે જીવ અને પુદ્ગલની ક્રિયા અનુકૂલ જે સહાય તે તેના પર્યાય છે. એમ એક માણસ જ્યાં બેઠો હોય ત્યાં આકાશ અને અધર્માસ્તિકાય સંયોગ રૂપે રહે તેથી તે સંયોગાકાશ અને સંયોગિક અધર્માસ્તિકાય કહેવાય છે. હવે જ્યારે તે માણસ ત્યાંથી અન્યત્ર જાય, ત્યારે આકાશાસ્તિકાય અને અધર્માસ્તિકાય વિભાગરૂપે રહે છે ઈત્યાદિ.

પર્યાયો સંખ્યાથી, લક્ષણથી, પ્રદેશવિભાગથી એમ ત્રણ પ્રકારે છે અને ઉપચારથી નવ પ્રકારે છે. લક્ષણથી ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણ પ્રકારે છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પરસ્પર કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન છે. પર્યાયના બે પ્રકાર છે-વિભાવ પર્યાય અને સ્વભાવ પર્યાય. અન્ય દ્રવ્યના સંયોગથી જે પર્યાય પ્રગટ થાય છે, તે 'વિભાવ પર્યાય' કહેવાય છે. અને દ્રવ્યના સંયોગ વિના સ્વાભાવિક જે થાય તે 'સ્વભાવ પર્યાય.' જેમકે મુક્ત આત્માને પ્રતિ સમય શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપનો અનુભવ થવો, અથવા એક પરમાણુમાં એકગુણ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનંતગુણ વર્ણાદિનો ફેરફાર થવો, તે બધા સ્વભાવ પર્યાય કહેવાય છે.

**ગુણ-** દ્રવ્યના સ્વાભાવિક ધર્મને ધારણ કરે, તે ગુણ અને ક્રમભાવી ધર્મ તે પર્યાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ પ્રકારે ભિન્ન છે તથા લક્ષણાદિકથી અભિન્ન છે. જીવ દ્રવ્યનો ઉપયોગ ગુણ છે, પુદ્ગલ દ્રવ્યનો ગ્રહણ ગુણ છે, ધર્માસ્તિકાયનો ગતિહેતુ ગુણ છે, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુ ગુણ છે, આકાશાસ્તિકાયનો અવકાશ આપવાનો ગુણ છે તેમ જ કાળનો પરાવર્તન ગુણ છે.

અગુરૂલઘુ ગુણની સ્પષ્ટતા 'જૈનધર્મપ્રકાશ' માં વાંચવામાં આવેલી, તે આ નીચે પ્રમાણે પાઠકોની જાણ ખાતર મૂકી છે.

સિદ્ધના જીવોને ગોત્રકર્મના ક્ષયથી અગુરૂલઘુ ગુણ પ્રગટે છે. તે ગુણના અર્થમાં કેટલાક સુજ્ઞ પણ અરૂપીના અગુરૂલઘુ ગુણ (પર્યાય) તરફ ખેંચાઈ જાય છે. પણ તે ગુણનો અર્થ આત્મપ્રબોધ ગ્રંથમાં પરમાત્મ પ્રકાશમાં નીચે પ્રમાણે છેઃ-

"ઉચ્ચ ગોત્રના ઉદયથી જીવ ઉચ્ચ કહેવાય છે અને નીચ ગોત્રના ઉદયથી જીવ નીચ-હલકા ગણાય છે. તે બંને પ્રકારનું ગોત્રકર્મ સર્વથા ક્ષય થવાથી અગુરૂલઘુ ગુણ પ્રગટે છે. જેથી સિદ્ધના જીવો ઉચ્ચ કે નીચ કહેવાતા નથી, સર્વ સિદ્ધોમાં સમાનભાવ હોય છે. પુદ્‌ગલના ૨૨ પ્રકારના પરિણામમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ૨૦ પ્રકાર ઉપરાંત વાયુ તિર્ચ્છો વહે છે. તેને ગુરૂલઘુ પરિણામવાળો અને સિદ્ધશિલા તથા જ્યોતિષીના વિમાન વિગેરેને અગુરૂલઘુ પરિણામવાળા સમવાયાંગ સૂત્રમાં કહ્યા છે."

આત્મદ્રવ્યના ગુણ(લક્ષણ) તથા સ્વભાવ એ વસ્તુ પ્રથમ જાણવી જોઈએ. તે લક્ષણ બે પ્રકારના છે.

આત્માને વિષે સામાન્ય લક્ષણ ૮ છે અને વિશેષ લક્ષણ ૬ છે, અને સર્વ દ્રવ્ય આશ્રીને કહેતાં સામાન્ય લક્ષણ ૧૦ છે અને વિશેષ લક્ષણ ૧૬ છે.

**એમાં પ્રથમ દ્રવ્યના સામાન્ય લક્ષણ ૧૦:-** અસ્તિત્વ-૧, વસ્તુત્વ-૨, દ્રવ્યત્વ-૩, પ્રમેયત્વ-૪, અગુરૂલઘુત્વ-૫, પ્રદેશત્વ-૬, ચેતનત્વ-૭, અચેનત્વ-૮, મૂર્તત્વ-૯, અને અમૂર્તત્વ-૧૦. એ દશ દ્રવ્યના સામાન્ય લક્ષણ-ગુણ કહેવાય છે. આ સર્વ દ્રવ્ય આશ્રીને કહ્યું.

હવે તે દ્રવ્યના દશ સામાન્ય ગુણોના સંક્ષેપથી અર્થ:-

જે દ્રવ્યનું સત્ રૂપપણું નિત્યત્વાદી ઉત્તર સામાન્ય અને વિશેષ સ્વભાવનું આધારભૂત છે. જે થકી લોકમાં સદ્‌ભૂતપણાનો વ્યવહાર થાય છે, તે 'અસ્તિત્વ' નામે પ્રથમ ગુણ.

દ્રવ્યનું સામાન્ય અને વિશેષરૂપપણું-જાતિવ્યક્તિરૂપપણું, એ 'વસ્તુત્વ' નામે બીજો ગુણ.

દ્રવ્યના સ્વરૂપમાં જે સત્ લક્ષણ કહ્યું, તે 'દ્રવ્યત્વ' નામે ત્રીજો ગુણ.

પ્રમાણ વડે જે માપી શકાય-જાણી શકાય, તે 'પ્રમેયત્વ' નામે ચોથો ગુણ.

પ્રત્યેક સમયે દ્રવ્યમાં છ ગુણની વૃદ્ધિ-હાનિ થયા કરે તે 'અગુરૂલઘુત્વ' નામે પાંચમો ગુણ, આ ગુણ સૂક્ષ્મ હોવાથી કહી શકાય તેવો નથી, જે માત્ર આગમપ્રમાણથી જ ગ્રાહ્ય છે.

જે ક્ષેત્રપણે જેટલા અવિભાગી પરમાણુ-પુદ્‌ગલો હોય, તે 'પ્રદેશત્વ' નામે દ્રવ્યનો છઠ્ઠો ગુણ.

જેનાથી વસ્તુનો અનુભવ થાય(આત્માનો અનુભવરૂપ ગુણ), તે 'ચેતનત્વ' નામે સાતમો ગુણ છે.

વસ્તુમાં જ્ઞાનનું રહિતપણું(અજીવ માત્રનો ગુણ), તે 'અચેતનત્વ' નામે આઠમો ગુણ.

જે વસ્તુમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ હોય, તે 'મૂર્તત્વ' નામે નવમો ગુણ.

જે દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ ન હોય, તે 'અમૂર્તત્વ' નામે દશમો ગુણ.

**હવે દ્રવ્યના વિશેષ લક્ષણ (ગુણ) ૧૬:-**૧ જ્ઞાન, ૨-દર્શન, ૩-ચારિત્ર, ૪-વીર્ય, ૫-વર્ણ, ૬-ગંધ, ૭-રસ, ૮-સ્પર્શ, ૯-ગતિહેતુત્વ, ૧૦-સ્થિતિહેતુત્વ, ૧૧-અવગાહનહેતુત્વ, ૧૨-વર્તનાહેતુત્વ, ૧૩-ચેતનત્વ, ૧૪-અચેનત્વ, ૧૫-મૂર્તત્વ, ૧૬-અમૂર્તત્વ. એ સોળ દ્રવ્યના વિશેષ ગુણો કહેવાય છે.

જીવના-જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ચેતનત્વ અને અમૂર્તત્વ-એ છ ગુણ જીવના છે.

પુદ્ગલના- વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અચેતનત્વ અને મૂર્તત્વ-એ છ ગુણ પુદ્ગલના છે.

ધર્માસ્તિકાયના- ગતિહેતુત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ ગુણ.

અધર્માસ્તિકાયના- સ્થિતિહેતુત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ ગુણ.

આકાશાસ્તિકાયના- અવગાહનહેતુત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ ગુણ.

કાળદ્રવ્યના- વર્તનાહેતુત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ ગુણ.

એ સોળ ગુણમાં સ્વજાતિની અપેક્ષાએ ચેતનત્વ, અચેતનત્વ મૂર્તત્વ અને અમૂર્તત્વ એ ચાર ગુણો સામાન્ય ગુણ અને પરજાતિની અપેક્ષાએ વિશેષ ગુણ થાય છે. (પરસ્પર ગ્રહણ કરવાથી).

હવે જીવાદિ દ્રવ્યના સામાન્ય અને વિશેષ સ્વભાવ એકવીશ પ્રકારે કહેલા છે તે કહે છેઃ-

જીવાદિ દ્રવ્યના બધા મળીને એકવીશ સ્વભાવ છે. તેમાં અગીયાર સામાન્ય સ્વભાવ અને દશ વિશેષ સ્વભાવ તે આ પ્રમાણે-

**સામાન્ય સ્વભાવ અગીયાર**- ૧-અસ્તિ સ્વભાવ, ૨-નાસ્તિ સ્વભાવ, ૩-નિત્ય સ્વભાવ, ૪-અનિત્ય સ્વભાવ, ૫-એક સ્વભાવ ૬-અનેક સ્વભાવ, ૭-ભેદ સ્વભાવ, ૮-અભેદ સ્વભાવ, ૯-ભવ્ય સ્વભાવ, ૧૦-અભવ્ય સ્વભાવ, ૧૧-પરમ સ્વભાવ. એ અગીયાર સામાન્ય સ્વભાવ કહેવાય છે.

**વિશેષ સ્વભાવ દશ**-૧-ચેતન સ્વભાવ, ૨-અચેતન સ્વભાવ, ૩-મૂર્ત સ્વભાવ, ૪-અમૂર્ત સ્વભાવ, ૫-એક પ્રદેશ સ્વભાવ, ૬-અનેક પ્રદેશ સ્વભાવ, ૭-વિભાવ સ્વભાવ, ૮-શુદ્ધ સ્વભાવ, ૯-અશુદ્ધ સ્વભાવ ૧૦-ઉપચરિત સ્વભાવ. એ દશ દ્રવ્યના વિશેષ સ્વભાવ છે.

આ એકવીશમાંથી ૧-અનેક પ્રદેશ સ્વભાવ, ૨-મૂર્ત સ્વભાવ, ૩-ચેતન સ્વભાવ, ૪-વિભાવ સ્વભાવ, ૫-શુદ્ધ સ્વભાવ, ૬-અશુદ્ધ સ્વભાવ એ છ સ્વભાવ કાઢીએ ત્યારે-

કાલ દ્રવ્યને વિષે પંદર સ્વભાવ રહે છે તે આ પ્રમાણે- ૧-અસ્તિ સ્વભાવ, ૨-નાસ્તિ સ્વભાવ, ૩-નિત્ય સ્વભાવ, ૪-અનિત્ય સ્વભાવ, ૫-એક સ્વભાવ, ૬-અનેક સ્વભાવ, ૭-ભેદ સ્વભાવ, ૮-અભેદ સ્વભાવ, ૯-ભવ્ય સ્વભાવ, ૧૦-અભવ્ય સ્વભાવ, ૧૧-પરમ(પરિણામિક) સ્વભાવ, ૧૨-અચેતન સ્વભાવ, ૧૩-અમૂર્ત સ્વભાવ, ૧૪-એક પ્રદેશ સ્વભાવ, અને ૧૫-ઉપચરિત સ્વભાવ એ પંદર 'કાલ દ્રવ્ય' ના સ્વભાવ જાણવા.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં ઉપરના પંદર સ્વભાવમાં એક 'અનેક સ્વભાવ' વધારવાથી સોળ સ્વભાવ જાણવા.

હવે તે દ્રવ્યના સ્વભાવ તેમાં પ્રથમ અગીયાર સામાન્ય સ્વભાવના અર્થ કહે છેઃ-

પોતાના સ્વભાવ-લાભથી કદાપિ દૂર ન રહેવું, તે દ્રવ્યનો 'અસ્તિ સ્વભાવ' કહેવાય છે.

જે પરરૂપપણે ન થાય, તે દ્રવ્યનો 'નાસ્તિ સ્વભાવ' કહેવાય છે.

દ્રવ્યની અંદર પોતપોતાના ક્રમભાવી નાના પ્રકારના પર્યાય શ્યામતા, રક્તત્વાદિક જે ભેદક કહેવાય

છે, તે ભેદક છતાં પણ દ્રવ્ય તેનું તે જ રહે. એટલે પૂર્વે અનુભવ કરેલું જ્ઞાન જેનાથી થાય, તે દ્રવ્યનો 'નિત્ય સ્વભાવ' કહેવાય છે.

જે દ્રવ્યના પર્યાયમાં પરિણામ-રૂપાંતર થાય અર્થાત્ જેના રૂપમાં ઉત્પાદ-વ્યય રહેલા છે, તે દ્રવ્યનો 'અનિત્ય સ્વભાવ' છે.

સહભાવી સ્વભાવના જે એક રૂપને લઇને આધાર થાય, તે દ્રવ્યનો એક સ્વભાવ કહેવાય છે. જેમ રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો એક આધાર ઘડો છે, તેવી રીતે એક દ્રવ્યની અંદર વિવિધ પ્રકારના ધર્મનો આધાર, તે દ્રવ્યનો 'એક સ્વભાવ' કહેવાય છે.

એકમાં અનેક સ્વભાવ જોવામાં આવે, તે દ્રવ્યનો 'અનેક સ્વભાવ' કહેવાય છે. જેમ માટી એક દ્રવ્ય છે. પણ તેની અંદર બીજા અનેક દ્રવ્યનો પ્રવાહ રહેલો હોય છે, તેથી તે દ્રવ્ય અનેક સ્વભાવી ગણાય છે.

આકાશ એક દ્રવ્ય છે, પણ તેની અંદર ઘટાકાશ વિગેરે ભેદ જોવામાં આવે છે. એક ગુણ અને બીજો ગુણી, એક પર્યાય અને બીજો પર્યાયી વિગેરે સંજ્ઞા અને સંખ્યા વિગેરે લક્ષણાદિકના ભેદ એક દ્રવ્યમાં પાડી શકાય છે, તેથી તે દ્રવ્યનો 'ભેદ સ્વભાવ' કહેવાય છે.

એ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન, ગુણ, ગુણી વિગેરેનો એક સ્વભાવ હોવાથી, અભેદવૃત્તિએ દ્રવ્યનો 'અભેદ સ્વભાવ' પણ કહેવાય છે.

એક જ દ્રવ્ય અનેક કાર્ય-કારણની શક્તિવાળું હોય, તે ભવિષ્ય કાળમાં પર સ્વરૂપાકાર થઈ શકે છે, તેથી દ્રવ્યનો તે 'ભવ્ય સ્વભાવ' છે.

જે ત્રણે કાળ પર સ્વરૂપમાં મળે તો પણ પર સ્વરૂપાકાર ન થાય, તે દ્રવ્યનો 'અભવ્ય સ્વભાવ' છે.

જે જે પરિણામિક ભાવ મુખ્ય હોય, તે દ્રવ્યનો 'પરમભાવ સ્વભાવ' છે. જે મકે- 'જ્ઞાન સ્વરૂપ આત્મા'.

આ પ્રમાણે દ્રવ્યના અગીયાર સ્વભાવ જાણવા યોગ્ય છે. આ તેના સંક્ષિપ્ત અર્થ કહેલા છે. વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ અન્ય ગ્રંથોમાં જોઈ લેવું.

હવે દ્રવ્યના દશ વિશેષ સ્વભાવ સંક્ષેપથી કહે છેઃ-

જે ચેતનપણાનો વ્યવહાર પ્રવર્તે છે. તે દ્રવ્યનો 'ચેતન સ્વભાવ' છે, અને તેનાથી ઉલટી રીતે જે પ્રવર્તે તે દ્રવ્યનો 'અચેતન સ્વભાવ' છે.

જે દ્રવ્ય રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ વિગેરેને ધારણ કરે, તે તેનો 'મૂર્ત સ્વભાવ' છે. તેથી જે ઉલટો તે 'અમૂર્ત સ્વભાવ' છે.

એકત્વ પરિણતિ અને અખંડ આકારના સંનિવેશનું જે ભાજનપણું તે 'એકપ્રદેશ સ્વભાવ' છે. વળી જે ભિન્ન પ્રદેશની કલ્પનાએ કરીને અનેક પ્રદેશ વ્યવહારનું યોગ્યપણું હોય, તે દ્રવ્યનો 'અનેક સ્વભાવ' છે.

દ્રવ્ય પોતાના સ્વભાવથી જુદી રીતે વર્તે છે, તેથી તેનો 'વિભાવ સ્વભાવ' છે.

દ્રવ્ય કેવળ શુદ્ધ અને ઉપાધિભાવ રહિત અંતર્ભાવ પરિણમન પણ હોઈ શકે છે, તે તેનો 'શુદ્ધ

સ્વભાવ' છે. વળી તેનાથી વિપરીત એટલે ઉપાધિજનિત બહિર્ભાવ પરિણમનપણું પણ હોય છે, તેથી તે તેનો 'અશુદ્ધ સ્વભાવ' છે.

દ્રવ્યના નિયમિત સ્વભાવનો બીજા સ્થાનમાં ઉપચાર કરવામાં આવે છે, તેથી તેનો ઉપચરિત સ્વભાવ કહેવાય છે. આ પ્રમાણે દ્રવ્યના વિશેષ સ્વભાવ છે.

દ્રવ્યનો વિશેષ ઉપચારિત સ્વભાવ કહ્યો, તેમાં જે ઉપચરિત એટલે ઉપચાર કહેવાય છે, તે ઉપચરિત સ્વભાવ બે પ્રકારે છે. એક કર્મજન્ય અને બીજો સ્વાભાવિક. પુદ્‌ગલના સંબંધને લઇને જીવની અંદર જે મૂર્તપણું કહેવું, પણ જીવ તો અમૂર્ત છે અને પુદ્‌ગલ તે તો મૂર્ત છે, સંબંધે આવીને મળ્યું છે તથાપિ જૂઠ જ છે. તે પુદ્‌ગલનો ચેતનને વિષે ઉપચાર કરીને ચેતનને મૂર્તિમાન માનવો, તે 'કર્મજનિત' ઉપચાર છે. અને સહજ-સ્વાભાવિક જે ઉપચાર તે નિર્મળ સિદ્ધનો જીવ છે. જેમ સિદ્ધને અનંતું જ્ઞાન કહેવું તે સિદ્ધાત્માને કાંઈ જુદું નથી. સ્વભાવે જ્ઞાન અને આત્મા એક જ છે. અહીં આ ભેદ કરીને જ્ઞાન જુદું દેખાડ્યું તે ઉપચાર થયો. એ સહજ-સ્વાભાવિક ઉપચરિત થયું, ત્યાં તે સિદ્ધને વિષે કર્મઉપાધિ તો છે જ નહિ, માટે એ સ્વાભાવિક જ ભેદ થયો જેથી ઉપચાર જાણવો.

ઉપર કહેલા દ્રવ્યના સામાન્ય અને વિશેષ સ્વભાવો ન માને, તો તેના મતમાં ઘણા દૂષણ આવે છે તે નીચે પ્રમાણે-

જો એકાંતે અસ્તિ સ્વભાવ માને અને નાસ્તિ સ્વભાવ ન માને, તો સર્વ પદાર્થમાં સંકર (મિશ્રણ) વિગેરે દૂષણો લાગે છે.

કારણ કે-તેમ માનવાથી સર્વ દ્રવ્યની જુદી જુદી નિયત સ્વરૂપાવસ્થા નહીં થાય અને તેથી જગત્ એકરૂપ થઈ જાય છે. અને જેથી એ વાત સર્વ શાસ્ત્ર તથા વ્યવહારની વિરૂદ્ધ બને છે. તેથી બીજા પદાર્થની અપેક્ષાએ દ્રવ્યાનો નાસ્તિ સ્વભાવ પણ માનવો જોઇએ તેમ જો એકાંતે દ્રવ્યનો નાસ્તિ સ્વભાવ માને તો જગત્ બધું શૂન્ય થઈ જાય, તેથી એમ પણ ન માનવું જોઈએ.

જો એકાંત દ્રવ્યને નિત્ય માને તો અર્થક્રિયાકારિત્વનો અભાવ થઈ જાય, જેથી દ્રવ્ય પરંપરા વગર નાશ પામી જાય. જો એકાંત અનિત્ય માને, તો પણ દ્રવ્યનો નિરન્વય થશે.

જો એકાંત એક સ્વભાવ માને, તો વિશેષનો અભાવ હોવાથી અનેક સ્વભાવ વિના મૂળ સત્તારૂપ સામાન્યનો પણ અભાવ થઇ જાય કારણ કે-વિશેષ વિના સામાન્ય અને સામાન્ય વિના વિશેષ ગધેડાના શીંગડાની જેમ અસત્ થઈ જાય. જો દ્રવ્યને એકાંતે અનેક રૂપ માને તો દ્રવ્યનો અભાવ થશે. નિરાધાર હોવાથી તેમજ આધાર-આધેયના અભાવથી દ્રવ્યનો અભાવ થવો જોઈએ.

જો દ્રવ્યને એકાંત ભેદ માને તો વિશેષના આધાર વિના ગુણપર્યાયનો બોધ ન થાય, કારણ કે-આધાર આધેયના અભેદ વિના બીજો સંબંધ ઘટી શકે નહિ. તેથી દ્રવ્યની અંદર રહેલ અર્થ અને ક્રિયાના અભાવથી દ્રવ્યનો અભાવ થઈ જાય, જો એકાંત અભેદ માને તો સર્વ પદાર્થ એક રૂપ થઈ જાય, તેથી આ દ્રવ્ય છે, આ

દ્રવ્યનો ગુણ છે અને આ દ્રવ્યનો પર્યાય છે, એવા વ્યવહારમાં વિરોધ આવી જાય; અને તે વિરોધને લઈ ને દ્રવ્યનો પણ અભાવ થઈ જાય.

જો દ્રવ્યને એકાંતે ભવ્ય સ્વભાવી માનવામાં આવે, તો સર્વ દ્રવ્ય પરિણામી થઈ બીજા દ્રવ્યના રૂપને પ્રાપ્ત કરે, અને તેમ કરવાથી સંકર વિગેરે દૂષણો દ્રવ્યને લાગુ પડી જાય. જો દ્રવ્યને એકાંત અભવ્ય સ્વભાવી માને, તો સર્વથા શૂન્યપણાનો પ્રસંગ આવે.

જો દ્રવ્યને પરમ સ્વભાવી ન માને, તો દ્રવ્યની અંદર પ્રસિદ્ધ રૂપ શી રીતે આપી શકાય? કારણ કે-અનંત ધર્માત્મક વસ્તુને એક ધર્મથી કહેવી તેનું નામ પરમભાવ સ્વભાવ કહેવાય છે, તેની અંદર બાધ આવી જાય.

જો દ્રવ્યને એકાંત ચૈતન્ય સ્વભાવ માને તો સર્વ વસ્તુ ચૈતન્યરૂપ થઈ જાય, અને તેમ થવાથી ધ્યાન અને ધ્યેય, જ્ઞાન અને જ્ઞેય, ગુરૂ અને શિષ્ય વિગેરે મર્યાદાનો ભંગ થાય. એમ થવાથી સર્વ શાસ્ત્રીય વ્યવહાર બંધ પડી જાય. જો દ્રવ્યનો એકાંત અચેતન સ્વભાવ માને, તો સર્વ ચૈતન્ય ધર્મનો ઉચ્છેદ થઈ જાય.

જો દ્રવ્યને એકાંત મૂર્ત સ્વભાવી માને, તો આત્માને મુક્તિની સાથે વ્યાપ્તિ જ ન થાય. જો એકાંત અમૂર્ત સ્વભાવ માને, તો આત્મા કદી પણ સંસારી થાય જ નહીં.

જો દ્રવ્યને એકાંત એક પ્રદેશ સ્વભાવી માને, તો અખંડ પરિપૂર્ણ આત્મા અનેક કાર્યનો કર્તા નહીં થઈ શકે. જેમ માટીનો ઘડો અવયવવાળો છે, તે ઘડાના અવયવ કંપે છે, પણ પોતે અવયવી ઘડો કંપતો નથી. તો 'ચાલે છે' એ પ્રયોગ શી રીતે સિદ્ધ થાય? જેમ એક પ્રદેશમાં થતા કંપનો પરંપરાએ સંબંધ છે, તેમ એક દેશમાં થતા કંપના અભાવનો પણ પરંપરાએ સંબંધ છે, માટે દેશથી ચાલે છે, અને દેશથી ચાલતો નથી એમ અસ્ખલિત વ્યવહારમાં અનેક પ્રદેશ માનવા જોઈએ. જો દ્રવ્યનો અનેક પ્રદેશ સ્વભાવ ન માને, તો આકાશ વિગેરે પરમાણુનો સંયોગ શી રીતે ઘટી શકે ? કેમ કે-પરમાણુ તો આકાશ દ્રવ્યના એક પ્રદેશને અવગાહે તે વારે આકાશ અવગાહ્યો કેમ કહેવાય? દેશથી તે એકવર્તી છે. જેમ 'ઇંદ્રનું કુંડલ' જો કે કુંડલ તો ઇંદ્રના કાનનું છે, પણ કાન એ ઇંદ્રનો એક દેશ છે, તેથી તેને લઇને તે ઇંદ્રનું કુંડલ કહેવાય છે. તેવી રીતે પરમાણુવૃત્તિ આકાશની સાથે દેશથી માને, તો આકાશાદિકને પ્રદેશ ઈચ્છતા નથી તો પણ માનવા જોઇએ. બંને ન માને તો પરમાણુવૃત્તિ રહિત થઈ જાય, તેથી દ્રવ્યને અનેક પ્રદેશ સ્વભાવી માનવું યોગ્ય છે. જો દ્રવ્યને એકાંતે અનેક પ્રદેશ સ્વભાવી માને, તો તેને અર્થ તથા ક્રિયાના કરનારપણાનો અભાવ અને સ્વ સ્વભાવની શૂન્યતાનો પ્રસંગ આવે.

જો દ્રવ્યને એકાંતે વિભાવ સ્વભાવ માને તો મોક્ષનો જ અભાવ થઈ જાય. રાગ-દ્વેષની પરિણતિ તે જ ચેતનનો વિભાવ સ્વભાવ છે.

જો એકાંત શુદ્ધ સ્વભાવ માને તો આત્માને કર્મનો લેપ લાગે જ નહિ, અને જ્યારે એમ થાય તો પછી સંસારની વિચિત્રતાનો અભાવ થઈ જાય. જો એકાંત અશુદ્ધ સ્વભાવ માને તો કદી પણ આત્મા શુદ્ધ જ થાય નહીં.

જો એકાંતે દ્રવ્યને ઉપચરિત સ્વભાવી માને, તો આત્મા કદી પણ જ્ઞાતા થાય નહીં. સ્વ-પરની વિવક્ષા કેમ થાય? પર અપેક્ષાએ આત્મા માની આત્મા તે પણ ન કહેવાય અને એકાંતે અનુપચરિત સ્વભાવ માને, તો આત્મા સ્વ-પર વ્યવસાયી જ્ઞાનવાળો થઈ શકે જ નહીં, કારણ કે-જ્ઞાન પોતાના વિષયમાં અનુપચરિત છે, પરંતુ પરના વિષયમાં પરની અપેક્ષાએ જણાતા પરથી નિરૂપણ થયેલા સંબંધપણાને લઈને ઉપચરિત છે.

આ પ્રમાણે સ્યાદ્વાદમતની પદ્ધતિ પ્રમાણે દ્રવ્યના સર્વ સ્વભાવ માનવા જોઈએ, દ્રવ્યના બધા સ્વભાવો દ્રવ્યને લાગુ પડે છે. એકાંતે કોઈ એક જ સ્વભાવ દ્રવ્યને લાગુ પડતો નથી અને તેથી આર્હત ધર્મનો સ્યાદ્વાદમત સર્વ પ્રકારે વિજયી થાય છે. સ્યાદ્વાદ સિદ્ધાંતનું સ્વરૂપ નયની સાથે મિશ્ર કર્યા વગર સમજાય તેવું નથી. વિવિધ પ્રકારના સ્વભાવવાળા દ્રવ્યને પ્રમાણથી જાણવાને માટે સ્યાત્ અને નય-એ બંનેને મિશ્ર કરવા જોઈએ. તેથી સ્વદ્રવ્યની અપેક્ષાએ અસ્તિરૂપ અને પરદ્રવ્યની અપેક્ષાએ નાસ્તિરૂપ ઈત્યાદિ જે દ્રવ્યની સિદ્ધિ છે, તે સારી રીતે સમજવામાં આવી શકે છે.

વસ્તુને તેના વિવિધ પ્રકારના સ્વભાવોમાંથી નિવૃત્ત કરી એક સ્વભાવમાં લાવે તે 'નય' કહેવાય છે. અથવા પ્રમાણથી સંગ્રહ કરેલા અર્થનો જે એક અંશ તે 'નય' કહેવાય છે. નયચક્રમાં એમ લખે છે કે-એક વસ્તુ અનંત ધર્મવાળી છે, તેમાંથી એક ધર્મની મુખ્યતા કરવાનું જે જ્ઞાન તે નય કહેવાય છે. દાખલા તરીકે જીવ વિગેરે જે એક દ્રવ્ય છે તે અનંત ધર્માત્મક છે, એટલે તેમાં ઘણા ધર્મો રહેલા છે. તેમાંથી એક ધર્મનું ગ્રહણ કરવું અને તેની અંદર રહેલા બાકીના ધર્મનો નિષેધ ન કરવો, તેમ તેમનું ગ્રહણ પણ ન કરવું અર્થાત્ તે દ્રવ્યના અનંત ધર્મમાંથી એક ધર્મને મુખ્ય કરવો તે 'નય' કહેવાય છે. જો તે દ્રવ્યના એક અંશને માની બાકીના અંશોનો નિષેધ કરે, તો તે 'નયાભાસ' કહેવાય છે. એ નયાભાસ જૈનમત સિવાય બીજા મતમાં આવે છે.

જેટલા વચનના માર્ગો છે તેટલા નયના વચનો છે, અને જેટલા નયના વચન છે તેટલા એકાંત માનવાથી અન્ય મતો છે, તેથી સર્વ નયનું સવિસ્તર સ્વરૂપ કહી શકાય તેમ નથી. ઉપર જે નયના લક્ષણો કહ્યા છે, તે નય મુખ્ય રીતે-૧.દ્રવ્યાર્થિક નય અને ૨-પર્યાયાર્થિક નય એમ બે પ્રકારે છે. તેમ વળી તે નિશ્ચય નય અને વ્યવહાર નય-એવા બે પ્રકારે પણ ગણેલા છે. તે દ્રવ્યાર્થિક નય, પર્યાયાર્થિક નય, નિશ્ચય નય અને વ્યવહાર નય-એ સર્વ નયના મૂળ ભેદ છે. તેમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ નિશ્ચય નયના સાધન-હેતુ છે એમ સમજવું. જેની અંદર ઉપર કહેલ દ્રવ્ય પ્રયોજનરૂપે હોય, તે 'દ્રવ્યાર્થિક નય' કહેવાય છે એટલે દ્રવ્ય છે અર્થ-પ્રયોજન જેનું, તે દ્રવ્યાર્થિક કહેવાય છે

## દ્રવ્યાર્થિક નયના દશ ભેદ.

૧-કર્મ ઉપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય, ૨-ઉત્પાદવ્યયગૌણત્વેન સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક, ૩-ભેદકલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક, ૪-કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક, ૫-ઉત્પાદવ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક, ૬-ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક, ૭-અન્વય દ્રવ્યાર્થિક, ૮-સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક, ૯-પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક, ૧૦-પરમભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક.

(૧) **કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક** :-નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ-એ ચારે ગતિ સંસાર કહેવાય છે, અને તેમાં જે જીવોનું ગમનાગમન થાય તે સંસારી જીવ કહેવાય છે. એ સંસારી જીવ શુદ્ધ નિશ્ચય નયથી આઠ રૂચક પ્રદેશપ્રમાણ નિર્મળ છે. અને તેથી સર્વ સંસારી પ્રાણી માત્રને સિદ્ધ સમાન ગણીએ, એટલે તેનો સહજ ભાવ જે શુદ્ધાત્મ સ્વરૂપ તેને આગળ કરીએ અને તેમના ભવપર્યાય એટલે સંસારિક ભાવ છે તેને ગણીએ નહિ અર્થાત્ તેની વિવક્ષા ન કરીએ, તે 'કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય' કહેવાય છે, એ ઉપરથી એમ સમજવાનું છે કે-ચૌદ ગુણસ્થાનક અને ચૌદ માર્ગણાની અપેક્ષા સંસારી જીવમાં અશુદ્ધ નયની વિવક્ષા થાય છે. પણ માત્ર ભાવનું જ ગ્રહણ થાય તે આત્મા શુદ્ધ નયની વિવક્ષાથી સિદ્ધ સમાન જ છે.

(૨) **ઉત્પાદવ્યય ગૌણત્વે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક** :- 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' એવું તત્ત્વાર્થનું વચન છે. એટલે જે પદાર્થની ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા છે તે પદાર્થ સત્ છે. દ્રવ્યાર્થિક નયના આ બીજા ભેદમાં ઉત્પાદ અને વ્યયની ગૌણતા અને સત્તાની એટલે નિત્યપણાની મુખ્યતા બતાવી. અને જ્યારે ઉત્પાદ વ્યયને ગૌણ મનાય ત્યાં સત્તા માત્ર માન્ય રહે છે, અને તેથી આ નયથી દ્રવ્યના નિત્ય સ્વરૂપનું ગ્રહણ થાય છે. અને જે નિત્ય છે. તે ત્રણે કાળમાં નિશ્ચય સ્વરૂપે રહે છે. જો કે દરેક દ્રવ્યના પર્યાય ક્ષણે ક્ષણે પરિણામી એટલે રૂપાંતરને પામનારા છે. તથાપિ જીવ તથા પુદ્ગલાદિ દ્રવ્યની સત્તા કદી પણ ચલાયમાન થતી નથી. આ પ્રમાણે દ્રવ્યના નિત્યપણાને લીધે દ્રવ્યની ઉત્પત્તિ અને નાશનું ગૌણપણું કરી તેની સત્તાને મુખ્ય મનાવે, તે બીજો 'ઉત્પાદ-વ્યય-ગૌણત્વેન સત્તા ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નય' કહેવાય છે.

(૩) **ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક** :-જેમાં ભેદની કલ્પના નથી. જેવી રીતે જીવદ્રવ્ય તથા પુદ્ગલાદિ દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાયથી અભિન્ન છે, તેવી રીતે જેમાં ભેદકલ્પના નથી તે ત્રીજો ભેદ કહ્યો છે. જો કે દ્રવ્યનો ગુણપર્યાયથી ભેદ જણાય છે, તો પણ ભેદનું અર્પણ નહિ કરતાં માત્ર અભેદનું જ ગ્રહણ કરીએ તો આ ત્રીજો ભેદ સિદ્ધ થાય છે. તેથી જે દ્રવ્ય છે તે જ ગુણ અને તે જ પર્યાય છે, કારણ કે-તદાત્મકપણું છે. જેમ એક મોટા વસ્ત્રને ફાડીને તેમાંથી જ નાનું વસ્ત્ર કાઢ્યું હોય, તો તે નાનું વસ્ત્ર મોટા વસ્ત્રનો પર્યાય હોવાથી તેમાં જ સમાઈ શકે છે. તેવી જ રીતે જેટલા ગુણ અને પર્યાય છે તે સઘળા તદાત્મકપણાથી દ્રવ્યરૂપ જ છે. ભેદ અને અભેદ આ સ્થળે વિવક્ષાને અનુસારે જાણવા જોઈએ. અર્થાત્ જ્યારે દ્રવ્યપણાની વિવક્ષા કરવામાં આવે ત્યારે દ્રવ્યપણાથી ગુણપર્યાય અભિન્ન જ છે, અને જ્યારે પર્યાયરૂપથી વિવક્ષા કરીએ ત્યારે દ્રવ્યથી ગુણપર્યાય ભિન્ન છે.

(૪) **કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક** :-જ્યારે આત્મા કર્મને ગ્રહણ કરે છે, ત્યારે તે કર્મોપાધિ સહિત કહેવાય છે, અને કર્મના સંયોગથી આત્મિક દ્રવ્યની અશુદ્ધતા તે આ ચોથો ભેદ કહ્યો છે. આનું લક્ષણ એવું છે કે-આત્મા કર્મભાવમય થાય છે એટલે કર્મની પ્રકૃતિ આત્મપ્રદેશ સાથે એકત્ર થાય છે, ત્યારે આત્મા તાદૃશરૂપ અર્થાત્ કર્મસ્વરૂપ દેખાય છે. ક્રોધની કર્મપ્રકૃતિ ઉદયથી આત્મા ક્રોધી કહેવાય છે, માનકર્મના ઉદયથી જીવ માની કહેવાય છે. જેમ લોઢાનો ગોળો અગ્નિમાં મૂકી રાતો બનાવ્યો હોય તે કાળે તે ગોળાને અગ્નિરૂપ જાણવો. આત્મા સ્વભાવે શુદ્ધ છે. ક્રોધમોહાદિ ઉદયથી તે જ્યારે ક્રોધમય કે મોહમય

બની જાય છે, તે સમયે આત્માને તે રૂપ જાણવો એ આ નયથી સિદ્ધ થાય છે. આવા જ કારણસર આત્મિક દ્રવ્યના આઠ કર્મની ઉપાધિથી આઠ ભેદ કહ્યા છે.

(૫) **ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક** :-એક જ સમયમાં દ્રવ્યનો ઉત્પાદ વ્યય અને ધ્રુવ થાય છે. કોઈ કહેશે કે એક જ વખતે તે ત્રણે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યસ્વરૂપ એક જ પદાર્થમાં કેવી રીતે થઈ શકે? તો તેનો જવાબ એવો છે કે-જેમ સોનાના કડાની ઉત્પત્તિનો જે સમય છે તે સોનાના બાજુબંધને નાશ કરવાનો પણ સમય છે, પણ એ બંને પૂર્વાપર પર્યાયમાં સુવર્ણ તે ધ્રુવ (નિત્ય) સ્વરૂપથી વિદ્યમાન છે. વળી ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યરૂપ માનવાથી પ્રમાણવચન થાય છે, પણ નયવચન ન થાય એમ માનવું એ પણ ખોટું છે. કેમકે-મુખ્ય અને ગૌણભાવને ગ્રહણ કરીને આ લક્ષણોનું ગ્રહણ થવાથી સૌ પોતપોતાના અર્થગ્રહણમાં મુખ્ય નય છે પણ પર અર્થમાં નથી.

(૬) **ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક** :- જે દ્રવ્ય ભેદભાવની કલ્પનાને ગ્રહણ કરે છે, અર્થાત્ આ નયમાં ભેદકલ્પનાની અપેક્ષા રહે છે, 'आत्मनः गुणः' એટલે આત્માના શુદ્ધ ગુણો. આ સ્થળે આત્મા અને તેના ગુણોને જુદા દર્શાવ્યા. જેમકે 'भिक्षोः पात्रम्' એટલે ભિક્ષુનું વાસણ. હવે વાસણ અને ભિક્ષુ જેમ જુદા કીધા, તેમ આત્મા અને તેના ગુણોને છટ્ઠી વિભક્તિથી જુદા પાડ્યા, તે ભેદભાવની કલ્પના કહેવાય. હવે ખરૂં જોતાં ભિક્ષુ અને પાત્રનો જેવો ભેદ છે તેવા ભેદ આત્માનો અને તેના જ્ઞાનાદિક ગુણોનો નથી, અર્થાત્ ગુણ ગુણીનો ભેદ છે નહિ, તો પણ ભેદની કલ્પનાની અપેક્ષાવડે અશુદ્ધ દ્રવ્યાર્થિક નયના મત પ્રમાણે એમ કહી શકાય છે.

(૭) **અન્વય દ્રવ્યાર્થિક** :-દરેક દ્રવ્યનો અન્વય તેના ગુણપર્યાયને વિષે હોય છે, એટલે દ્રવ્ય એક ગુણપર્યાય સ્વભાવી હોય છે. જેમકે ઘટ દ્રવ્ય છે તેનો રૂપાદિક ગુણ અને કંબુગ્રીવાદિ પર્યાયમાં અન્વય છે, કારણ કે ગુણપર્યાયના રહેવાથી ઘટ આદિ દ્રવ્ય અવશ્ય રહે છે અને તે અન્વય કહેવાય છે. જેના રહેવાથી જેની ઉત્પત્તિ થાય તે તેનો અન્વય છે. જેમ કે-દંડ સત્તામાં ઘટની ઉત્પત્તિ છે. એટલે દંડ હોય તો ઘટની ઉત્પત્તિ થાય છે, માટે આ અન્વય કહેવાય છે. દ્રવ્ય સ્વરૂપનો સંપૂર્ણ રીતે ગુણપર્યાયમાં અન્વય છે. તેથી કરીને જ્યારે દ્રવ્ય સ્વરૂપ જણાય છે, ત્યારે તેના સર્વ ગુણપર્યાય જાણેલા કહેવાય છે. માટે એક સ્વભાવના અન્વયથી સાતમો ભેદ સમજવો.

(૮) **સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક**:--પોતપોતાના દ્રવ્ય આદિને ગ્રહણ કરવાવાળો આઠમો દ્રવ્યાર્થિક નયનો ભેદ છે. આદિ શબ્દથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ-એ ચારેનું ગ્રહણ થાય છે, ઘટ આદિ પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ તથા સ્વભાવથી સત્ રૂપપણે જ દેખાય છે. સ્વદ્રવ્યથી ઘટ મૃત્તિકાનો બનેલો છે, સ્વક્ષેત્રથી પાટલીપુરનો છે, સ્વકાળથી અમુક ઋતુનો છે અને સ્વભાવથી ઘટ શ્યામ કે રક્ત છે. આ પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ-એ ચારેમાં ઘટ દ્રવ્યની સત્તા સિદ્ધ થાય તે પ્રમાણ છે-સિદ્ધ છે. માટે 'સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય' નામનો આઠમો ભેદ જાણવો.

(૯) **પરદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક**:-આ નવમો ભેદ આઠમા ભેદથી ઉલટો છે, એટલે 'પરદ્રવ્યાદિ

ગ્રાહક' નામનો છે. જેમ સ્વ દ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક નયથી ઘડો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વ ભાવની અપેક્ષાએ સત્ છે, તેમ તે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ અસત્ છે જેમકે ઘટની અપેક્ષાથી પટ દ્રવ્ય પર છે. માટે પરદ્રવ્યથી ઘટ અસત્ છે, ભરતક્ષેત્રની ઘટ મથુરા-પાટલીપુર જ્યાં બનતો હોય તેનાથી બીજા ગામનો કહેવો તે ક્ષેત્રથી અસત્ છે, ઘટ જો વસંતઋતુમાં બન્યો હોય તો ગ્રીષ્મઋતુથી એ અસત્ છે, અને ભાવથી શ્યામ, રક્તાદિપણાથી અસત્ છે. માટે પરદ્રવ્યાદિકથી દ્રવ્ય અસત્ અર્થમાં જણાય છે. આ પ્રમાણે જે માનવું તે નવમો 'પરદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય' જાણવો.

